'તેમ કહેવાનું કારણ એ છે કે તેથી જુદા પ્રકારનાં (વિરુદ્ધ) નિમિત્તો તે દશામાં કોઈને હોઈ શકે નહિ;...' સર્વજ્ઞ સિવાય, સર્વજ્ઞના સાધક ગુરુ સિવાય કે સર્વજ્ઞ ને વીતરાગતા સિદ્ધ કરનારા શાસ્ત્ર સિવાય અન્યના દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એને હોઈ શકે નહિ. અલ્પજ્ઞ અજ્ઞાનીના કહેલા તત્ત્વો, અજ્ઞાનીની શ્રદ્ધા કે અજ્ઞાનીના કહેલા

શાસ્ત્રો (એની શ્રદ્ધા એને ન હોય). એટલે કે શુભભાવ વ્યવહાર રત્નત્રયનો ભાવ વ્યવહાર હોય છે તોપણ તે ખરું કારણ નથી. સત્યાર્થ કારણ નથી, ઉપચાર કારણ છે, અશુદ્ધ કારણ છે, ગૌણ કારણ છે. મુખ્ય કારણ તો આ નિશ્ચય છે.

એક ન્યાય તો ઇ છે. જેમ જ્ઞાનમાં સિદ્ધ કર્યું એમ આત્મા શુદ્ધ સ્વરૂપ છે. જ્ઞાન અને આનંદ બે જ ગુણની પ્રધાનતા આત્મામાં છે. આત્મા પોતે જ આનંદરૂપ છે. જેમ પહેલો જ્ઞાનરૂપ સર્વજ્ઞસ્વભાવ સિદ્ધ કર્યો. સમજાણું ? એમ આત્મા આનંદરૂપ છે તેથી આત્માના આશ્રયે સુખ પ્રગટ થઈ શકે. આનંદરૂપ છે એને આશ્રયે આનંદ પ્રગટ થાય. રાગ ને પુણ્ય ને નિમિત્ત કંઈ આનંદરૂપ નથી, પોતાના આનંદરૂપ નથી. પુણ્ય-પાપનો વિકલ્પ કે નિમિત્ત કે સંઘયણ કે દેવ-ગુરુ-શાસ્ત્ર, અહીં આનંદ છે એ આનંદ એમાં નથી. માટે આ આનંદ જે આત્મામાં છે એના આશ્રયે જ આત્માને આનંદ પ્રગટ થઈ શકે. બરાબર છે ? જ્યાં આનંદ છે ત્યાં આનંદની નજર નાખ્યે આનંદ પ્રગટ થાય.

જેમ જ્ઞાન–સર્વજ્ઞપણું જ્યાં છે ત્યાં એકાકાર થાય તો સર્વજ્ઞની પ્રતીત, જ્ઞાન અને રમણતા થાય. તો સર્વજ્ઞ કાર્યરૂપે પરિણમે. એમ આત્મા પોતે જ આનંદરૂપ છે તેથી આત્માના આશ્રયે સુખ થાય 'પણ કોઈ નિમિત્ત કે વ્યવહારના આશ્રયે સુખ પ્રગટ થઈ શકે નહિ.' કેમ ? કે, રાગમાં કે નિમિત્તમાં આ આનંદ નથી. આ આત્માનો આનંદ ન્યાં નથી. સમજાણું કાંઈ ? (આજે) નોમને રવિવાર છે.

કહે છે કે, આત્મા જેમ સર્વજ્ઞસ્વભાવી છે તો એને આશ્રયે જ્ઞાનની સાચી પ્રતીતિ થઈ અને સર્વજ્ઞપણું પ્રગટે. રાગમાં કાંઈ સર્વજ્ઞપણું નથી, તેમ નિમિત્તમાં સંઘયણમાં સર્વજ્ઞપણું નથી કે જેને આશ્રયે એ પ્રગટે. એમ આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ છે. એ અતીન્દ્રિય આનંદને અવલંબે અતીન્દ્રિય આનંદ, શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રના કારણો પ્રગટે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આનંદનો જ અંશ છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

વસ્તુ છે એ તો અતીન્દ્રિય આનંદ સુખરૂપ છે. સુખરૂપ આનંદરૂપ (છે) તો એને આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એ સુખરૂપ હોય. સુખરૂપ હોય એ પૂર્ણ સુખને સાધનારી પર્યાય છે. આનંદરૂપ આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એ પર્યાયને અપૂર્ણ

આનંદ છે, વસ્તુ પૂર્ણ આનંદ છે, પર્યાય અપૂર્ણ આનંદ છે. એને પૂર્ણ આનંદનું કારણ થાય. એ આનંદના આશ્રય વિના પુણ્ય-પાપનો વિકલ્પ, વ્યવહાર ને નિમિત્તમાં કાંઈ આનંદ નથી કે એને આશ્રયે પ્રગટે. આ આનંદને આશ્રયે અંશ પ્રગટ થાય છે. સમજાણું ? શુભરાગ છે, વ્યવહાર જે છે, વ્યવહારુ જ્ઞાન, વ્યવહારુ શ્રદ્ધા, વ્યવહારુ રાગમાં કાંઈ આનંદ નથી. અંશે આનંદ નથી. પૂર્ણ આનંદ તો નથી, અંશે પણ નથી. પૂર્ણાનંદ ભગવાનઆત્મા છે એને આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્ર અંશે આનંદ પ્રગટ થાય. રાગ અને નિમિત્તમાં અંશ પણ નથી. પૂર્ણ નથી અને અંશ પણ નથી તો એને આશ્રયે કોઈ દિ' સુખ પ્રગટે નહિ એટલે એને આશ્રયે મોક્ષમાર્ગ હોય નહિ. એટલે પૂર્ણ આનંદરૂપી મોક્ષનું કારણ અંશ રાગ અને નિમિત્ત હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ? ભાઈ ! કેટલા બધા બોલ આમાં અંદર સમજાય એવા છે, હોં ! લખેલું છે એના અર્થ થાય છે આ તો.

સત્ય સિદ્ધાંત શું સિદ્ધ કરવો છે ? કે, ભગવાનઆત્મા એકલો આનંદનો જ ગાંગડો છે. આત્મા એટલે અતીન્દ્રિય ગુણ સંપન્ન. એક એક ગુણથી લ્યો તો આખા ગુણરૂપી વસ્તુ છે. જેમ પહેલું જ્ઞાનથી લીધું તો જ્ઞાયક લઈ લીધો. હવે આનંદથી લેતા આનંદમૂર્તિ છે. વીર્યથી (લઈએ તો) વીર્યગુણની મૂર્તિ છે. શાંતિ કહો તો ચારિત્રની મૂર્તિ છે. વસ્તુ.. વસ્તુ એક અખંડ. આનંદસ્વરૂપ ભગવાનઆત્મામાં અંતર એકાગ્ર થાય તો આનંદનો અંશ પ્રગટે. એ આનંદનો અંશ પ્રગટે એનું નામ જ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર કહેવામાં આવે છે અને એ પૂર્ણ થાય ત્યારે એને મોક્ષ કહેવામાં આવે છે. પર્યાયનો પૂર્ણ, પર્યાયમાં પૂર્ણ (મોક્ષ થાય છે). વસ્તુ તો પૂર્ણ છે, પર્યાયમાં પૂર્ણ જ્ઞાન, દર્શન, આનંદ અને સુખ આદિ (પ્રગટે છે). સમજાણું કાંઈ ?

એ સુખની દશાનો અંશ, અંશીના અવલંબન વિના ન હોય. તો એ અંશી તો આખો આનંદરૂપ છે. આ રાગ ને નિમિત્ત કાંઈ એનો અંશી નથી કે એમાંથી આનંદ પ્રગટે કે એમાંથી મોક્ષનો માર્ગ આવે કે એનાથી મોક્ષ થાય, એમાંથી મોક્ષમાર્ગ, એનાથી મોક્ષ થાય એમ છે નહિ. સમજાણું કાંઈ ? હળવે હળવે તો કહેવાય છે. એને વિચારમાં વખત રહે એવું થોડું થોડું (કહેવાય છે). એ તો એક એક ગુણ કોઈપણ લ્યો ને (બધામાં કહેવાય). મુખ્ય તો જ્ઞાન અને સુખથી જ બધે ઠેકાણે આત્માનું વર્ણન કર્યું

(છે). માંગલિક કર્યું ત્યાં (એમ કહ્યું), ચિદાનંદાય નમઃ. સમજાય છે ? કારણ કે મુખ્ય વસ્તુ જ્ઞાન અને આનંદ છે. જ્ઞાનપ્રધાન વસ્તુ છે અને આનંદ જગતને જોઈએ છે. એમાં વીર્ય, શ્રદ્ધા, શક્તિની પૂર્ણતા એ બધું એમાં આવી જાય છે. બીજી રીતે કહીએ તો, શ્રદ્ધાથી કહીએ તો શ્રદ્ધા નામનો ગુણ આખો આત્મામાં વ્યાપેલો છે. શ્રદ્ધાસ્વરૂપ જ આત્મા છે, લ્યો ! શું કીધું ?

જેમ આ જ્ઞાન ને આનંદ કીધું, એમ આત્મા એકલો શ્રદ્ધાનો પિંડલો છે. સમ્યગ્દર્શન પર્યાય નહિ. શ્રદ્ધાસ્વરૂપ આખો આત્મા છે. એ શ્રદ્ધાસ્વરૂપ આખો આત્મા, એને આશ્રયે સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટે. એ રાગ અને પુણ્યમાં શ્રદ્ધા છે ? શ્રદ્ધાનો ગુણ છે કે એને આશ્રયે શ્રદ્ધા પ્રગટે ? અને એ પૂર્ણાનંદ શ્રદ્ધા જે અહીં પ્રગટી, આખા શ્રદ્ધા (ગુણમાંથી) સમ્યક્ શ્રદ્ધા પ્રગટી એ પૂર્ણ અવગાઢ (સમ્યક્ત્વ) જે કેવળજ્ઞાનમાં પ્રગટે એ આનાથી પ્રગટે. રાગમાંથી પ્રગટે ? સમજાણું ? ભાઈ ! પલાખાં પણ આકરા છે.

મુમુક્ષુ :– આનંદ તો ક્યાંય અમને પ્રભુ ગોત્યો જડતો નથી.

ઉત્તર :– પણ દુઃખ તો ગોત્યું જડે છે કે નહિ ? આ દુઃખ જણાય છે તે કૃત્રિમ (છે) એની પાછળ છે એ આનંદ, એમ કહે છે, લ્યો ! શું (કીધું) ? દુઃખ છે કે નહિ ? દુઃખ શરીરનું નહિ, હોં ! એમાં પાછા રાડ પાડશો નહિ. એ શરીરમાં ઠીક નથી એવી માન્યતા તે દુઃખ છે કે નહિ ? એ દુઃખ છે તે કૃત્રિમ છે. દુઃખ વિકાર ત્રિકાળ ન હોઈ શકે. દુઃખ એ કૃત્રિમ છે, વિકાર છે, અનિત્ય છે, અધ્રુવ છે. એ વિકારની પાછળ ત્રિકાળ રહે છે તેને ધ્રુવ અને આનંદ કહેવામાં આવે છે. લ્યો ! આહા..હા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ આ વિકૃત થયું એ કોઈ ચીજ અવિકૃત છે એનું વિકૃત હોય કે અવિકૃત નથી એનું વિકૃત હોય ? આ લાકડાને દુઃખ હોય ? કહો, આમાં દુઃખ હોય ? કેમ (ન હોય) ? કે, અંદર આનંદ નથી. આનંદ હોય ત્યાં આનંદની ઊલટી દશા– અ-આનંદ એટલે કે દુઃખ હોય. સમજાણું કાંઈ ? ભાઈ ! સમજાય છે કે નહિ આમાં ? આને દુઃખ છે ? કોને દુઃખ છે ? આત્માની પર્યાયમાં દુઃખ છે. દુઃખ એ વિકૃતપણું બતાવે છે, આકુળતા બતાવે છે. એ દુઃખ એકરૂપ રહેતું નથી એટલે કે એ અનિત્યતા

બતાવે છે. એકરૂપ રહેતું નથી એટલે. એ અનિત્યતા અને આકુળતા કૃત્રિમ છે તો એ કોઈ આનંદ ત્રિકાળ છે એની ઊલટી અવસ્થા છે. એ જ આનંદનો સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ ? ભાઈ ! લોજીકથી–ન્યાયથી તો આ છે.

મુમુક્ષુ :– દુઃખ આનંદને સિદ્ધ કરે છે.

ઉત્તર :– સિદ્ધ કરે છે. હા, દુઃખનો ખ્યાલ આવે તો આનંદ બીજો છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ ? આનંદનું જ્ઞાન થાય ત્યારે દુઃખનું જ્ઞાન વ્યવહારે કહેવામાં આવે. એમ કહે છે.

આ તો શ્રદ્ધા લીધો એમ દરેક ગુણની એવી શૈલી છે. ભગવાનઆત્મા શાંતરસનો પિંડ ચારિત્ર છે. શાંત.. શાંત.. અકષાયસ્વરૂપ છે. અકષાયનો પિંડલો પ્રભુ આત્મા છે. એને આશ્રયે અકષાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય. અકષાય એટલે શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય. પણ એ અકષાય ચારિત્રનો આધાર આ અકષાય દ્રવ્ય હોય, વિકલ્પ એને આધાર હોય ? રાગમાં અકષાયપણું છે. જે રાગ પોતે વર્તમાન કષાય હોય અને પછી અકષાય કાર્યનું કારણ થાય ? સમજાણું કાંઈ આમાં ? આ તો નિશ્ચય અને વ્યવહાર બેના કારણ-કાર્યની વાત આવી છે. આહા..!

કહે છે કે, આત્મા સુખ (સ્વરૂપ છે). એ પ્રમાણે બધું લઈ લેવું, હોં ! શાંતિ, શ્રદ્ધા... સમજાય છે ? વીર્ય. વીર્યની મૂર્તિ પ્રભુ છે. એકલા બળની મૂર્તિ છે. શક્તિનું આખું બળ. એ બળને આશ્રયે બળવાળું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સમ્યક્ પ્રગટે. હેં ?

મુમુક્ષુ :– ભીંત હલાવી દ્યે.

ઉત્તર :– ભીંત હલાવે ? ભીંત હલાવતો હશે ? તો એ બળ કહેવાય ? હેં ?

અહીં તો વિકલ્પમાં પણ બળ નથી એમ સિદ્ધ કરવું છે. બીજાને હલાવવાની વાત પણ ક્યાં છે ? ખરું બળ વિકલ્પમાં નથી. બળવંત.. બળવંત... આ શું કહેવાય છે ? શું કહેવાય પેલા છોડનું નામ ? કહેતા હતા ને ? પેલો છોડ નહોતો 'પ્રવચન મંડપ'માં ? એ છોડનું નામ કહેતા, બળ. નામ શું ? એકલું બળ જ ? બીજો શબ્દ નહિ. એવું કહેતા હતા કે, આ બળનું ઝાડ છે. પણ બીજું વિશેષ નામ હતું. ઇ બળનું ઝાડ કહેવાય, આને બળ કહેવાય.

મુમુક્ષુ :– બળબીજ.

ઉત્તર :– હા, બળના બીજ થાય ઇ. ઇ ન્યાં હતું. એમ આ બળનો બીજ તો આ આત્મા છે, વીર્યનો પિંડ આખો. એકલી વીર્યની કાસળી ભગવાન છે. એ વીર્યની મૂર્તિ, વીર્ય–બળ જે આત્માનું છે એને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું વીર્ય પ્રગટ થાય. પુણ્યના રાગમાં બળ છે તે એને આશ્રયે પ્રગટ થાય ? અને એ રાગમાં બળ છે કે રાગને આશ્રયે મોક્ષ થાય ? પૂર્ણ વીર્ય. મોક્ષ એટલે પૂર્ણ વીર્ય. પૂર્ણ વીર્ય આ રાગને આશ્રયે થતા હશે ? પૂર્ણ વીર્યના આશ્રયે થયેલું વીર્ય તે પૂર્ણ વીર્યનું કારણ થાય. સમજાણું કાંઈ ? પછી પાંચમો બોલ લે છે, લ્યો ! મોક્ષમાર્ગ તો એક છે. એની વ્યાખ્યા વિશેષ આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## વીર સંવત ૨૪૯૨, મહા સુદ ૧૦, સોમવાર
## તા. ૩૧--૧--૧૯૬૬, ગાથા ૧, ૨ પ્રવચન નંબર–૧૩

ત્રીજી ઢાળ, એની પહેલી ગાથા. એનો ભાવાર્થ ચાલે છે. પાંચમો ભાગ છે. આવ્યું ને ?

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરન શિવમગ, સો દ્વિવિધ વિચારો;
જો સત્યારથરૂપ સો નિશ્ચય, કારણ સો વ્યવહારો.

એની વ્યાખ્યા ચાલે છે. એમાં બે પ્રકાર કહ્યા છે એનો હેતુ જરી સિદ્ધ કરે છે. છે તો બે પ્રકારે કથન, પણ યથાર્થમાં એક છે એમ કહેવું છે. લખાણમાં બે છે અને તમે એક સિદ્ધ કરો છો ? સમજાણું ? લખાણમાં બે છે. 'મગ, સો દ્વિવિધ વિચારો; જો સત્યારથરૂપ સો નિશ્ચય, કારણ સો વ્યવહારો.'

મુમુક્ષુ :– વિચારવાનું ફળ.

ઉત્તર :– ઇ તો બેયને વિચારવાનું કીધું છે. વિચારનું ફળ નહિ. ઇ તો બેયને વિચારવાનું કહ્યું છે. એટલે એમ કે, બે છે ને તમે વળી આમાં એક કેમ કહો છો ? એ તો જરીક સ્પષ્ટ કરવા માટે (કહ્યું છે). છે તો બે. કથન માટે એને નીચલો પેરેગ્રાફ લાગુ પડશે. છઠ્ઠો, છગડો છે ઇ. સમજાણું ? એની સાથે મળતું જોઈએ ને ?

'મોક્ષમાર્ગ તો એક જ છે.' ઇ કથન શું કરવા છે ? અહીં ગાથામાં બે (કહ્યું) છે. બે (એટલે) નિશ્ચય તે સત્ય છે અને વ્યવહાર તે ઉપચાર છે. એ અપેક્ષાએ એને નિશ્ચય તે સત્ય એક છે એમ કહેવું છે. નહિતર ઉપચાર બીજો નિમિત્ત તરીકે, વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. 'મોક્ષમાર્ગ તો એક જ છે. તે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપે છે.' ત્રણની–દર્શન-જ્ઞાન અને ચારિત્રની એકતા તે મોક્ષમાર્ગ એક છે. એનું કથન, એકને સિદ્ધ કરવાનું કથન 'પ્રવચનસાર' ગાથા–૮૨ અને ૧૯૯માં કહ્યું છે. સમજાણું કાંઈ ? ૮૨માં એમ કહ્યું કે, મોક્ષમાર્ગ તો એક જ છે. પણ અહીં

જે કહ્યું છે એના કથનના બે પ્રકાર વર્ણવ્યા છે. સમજાણું કાંઈ ?

'પ્રવચનસાર' ૮૨ ગાથામાં મોક્ષમાર્ગ એક જ છે, અન્ય બીજો કોઈ નથી. છતાં અહીંયાં બે કહ્યાં છે (તેનું કારણ) એનું કથન કરવું છે. યથાર્થ મોક્ષમાર્ગ તો આત્માના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (પ્રગટ થાય) તે જ મોક્ષમાર્ગ છે. પણ તેની સાથે સહચરરૂપ ઉપચારરૂપ નિમિત્ત કહેવું હોય, એનું જ્ઞાન કરાવવા બે પ્રકારે ગાથામાં મોક્ષમાર્ગ કહ્યો છે. 'પ્રવચનસાર' ૧૯૯માં પણ મોક્ષમાર્ગ તો એક જ છે, એમ કહ્યું છે. પણ બીજો જે અહીં કહ્યો છે એ નિમિત્તને સહચર જણાવવા માટે કહ્યો છે. એટલે કેટલાકને એમ (થાય છે) કે, આમાં બે કહ્યો (છે) અને તમે એક સ્થાપો છો. આ તો ગાથાથી વિરુદ્ધ છે.

હવે એને માટે અહીં જરી મોક્ષમાર્ગની (વાત લખી છે). 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ૩૧૫ (પાને) તો એ અધિકાર છે કે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર – આત્માની સમ્યક્ નિશ્ચય શ્રદ્ધા, એનું જ્ઞાન અને ચારિત્ર એ ત્રણની એકતા તે એક મોક્ષમાર્ગ છે. એ ત્રણ મોક્ષમાર્ગ નથી. નિશ્ચય-વ્યવહારની વાત ત્યાં નથી. સમજાણું કાંઈ ?

આત્મા... એ અહીંયાં બીજી ગાથામાં ખુલાસો કહેશે. આત્માનું જે નિશ્ચય સ્વરૂપ શુદ્ધ આનંદ જ્ઞાયકમૂર્તિ, એની અંતરમાં સ્વરૂપની નિર્વિકલ્પ પ્રતીતિ દર્શન (થાય) એને નિશ્ચય સમકિત કહ્યું છે. એનું જ્ઞાન અને એની વાત કહેશે. સ્થિરતા–ચારિત્ર (કહેશે). પણ જોડે વ્યવહાર હોય છે એનું કથન પણ આમાં પણ કહ્યું છે અને 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પણ કહ્યું છે. દર્શન-જ્ઞાન અને ચારિત્ર એવા ત્રણ માર્ગ નથી એમ ૩૧૫ (પાને) સિદ્ધ કરવું છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ થઈને એક મોક્ષમાર્ગ છે, એમ. સમજાય છે કાંઈ ?

'હવે મોક્ષમાર્ગ તો કાંઈ બે નથી...' હવે અહીં બે કહ્યો છે એની સામે બે નથી એમ સિદ્ધ કરવું છે એટલે લોકોને જરીક વિરોધ લાગે. 'પણ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારથી છે.' એનું કથન બે પ્રકારે છે. સમજાય છે કાંઈ ? 'જ્યાં સાચા મોક્ષમાર્ગને મોક્ષમાર્ગ નિરૂપણ કર્યો છે...' ઇ 'ટોડરમલજી'ની શૈલી છે. 'તે નિશ્ચય મોક્ષમાર્ગ છે;...' જે આત્મામાં અનુભવની દૃષ્ટિ થઈને સમ્યગ્દર્શન થયું અને આત્માનું જ્ઞાન થયું તે

તો નિશ્ચય મોક્ષમાર્ગ છે. 'તથા જ્યાં જે મોક્ષમાર્ગ તો નથી પરંતુ મોક્ષમાર્ગનું નિમિત્ત છે...' એ અહીં આમાં જોડે સિદ્ધ કર્યું છે. 'વા સહચારી છે...' એટલે સાથે છે, સાથે. આત્માના આશ્રયે મોક્ષમાર્ગ – નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એની સાથે નવ તત્ત્વની શ્રદ્ધાનો ભેદવાળો વ્યવહાર હોય છે એથી એને સહચારી મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર વ્યવહાર હોય છે.

'ત્યાં તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહીએ તે વ્યવહાર મોક્ષમાર્ગ છે;...' એ અહીં આમાં–પહેલી ગાથામાં સિદ્ધ કર્યો છે. સમજાણું ? 'મગ, સો દ્વિવિધ વિચારો;' માર્ગ છે એ પ્રકારે જાણવો. એ જાણવામાં સત્યાર્થ યથાર્થ છે. કારણ જોડે સહચર ગણીને, નિમિત્ત ગણીને વ્યવહાર મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. મોક્ષમાર્ગ તો નથી પણ નિમિત્ત સહચારી (દેખીને) એને ઉપચાર કહીએ તે વ્યવહાર મોક્ષમાર્ગ (છે). એ અહીં પહેલી ગાથામાં સિદ્ધ કર્યો છે. સમજાય છે ને ? ભાઈ ! સાથે હોય છે એથી એ વાત પહેલી ગાથામાં સિદ્ધ કરી.

'કારણ કે નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર એવું જ લક્ષણ છે...' એ 'ટોડરમલજી'ની વ્યાખ્યા છે કે, નિશ્ચય અને વ્યવહારનું લક્ષણ સર્વત્ર એવું છે કે, એમ. 'સાચું નિરૂપણ તે નિશ્ચય...' સત્ય માર્ગ જે હોય, સાચો હોય, યથાર્થ હોય, વાસ્તવિક હોય, અંદર આ જે સત્યાર્થ કહ્યો છે ઇ, તે નિશ્ચય 'ઉપચાર નિરૂપણ તે વ્યવહાર.' એટલે જે વ્યવહાર કીધો છે–'કારણ સો વ્યવહારો.' એને ઉપચારથી કીધું છે. એમ અહીંયાં સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ ? નિશ્ચય અને વ્યવહારના વાંધા બહુ.

સાચું કથન છે કે, આત્માથી જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એ સાચું કથન છે એટલે નિશ્ચય છે અને જોડે ઉપચારરૂપે સહચર હોય છે એને વ્યવહાર કહીએ. 'માટે નિરૂપણની અપેક્ષાએ બે પ્રકારે મોક્ષમાર્ગ જાણવો.' એમ અહીં જે પહેલી ગાથામાં કહ્યું ને ? ઇ કથનની પદ્ધતિની રીતે નિશ્ચય સાથે સહચર ઉપચારથી વ્યવહાર હોય છે એથી એને મોક્ષમાર્ગ કહ્યો છે. 'પણ એક નિશ્ચય મોક્ષમાર્ગ છે તથા એક વ્યવહાર મોક્ષમાર્ગ...' ભાષા જોઈ ? એક નિશ્ચય મોક્ષમાર્ગ છે અને એક વળી બીજો વ્યવહાર મોક્ષમાર્ગ છે. એક મોક્ષમાર્ગ નિશ્ચય અને એક મોક્ષમાર્ગ વ્યવહાર એમ એક ઉપર વજન છે. એમ નથી. મોક્ષમાર્ગ તો એક છે પણ એની સાથે વ્યવહાર છે એને નિમિત્ત

ગણીને ઉપચારથી કહ્યું છે. એટલે એક નિશ્ચય મોક્ષમાર્ગ અને એક વ્યવહાર મોક્ષમાર્ગ એમ બે નથી. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– બે થઈને એક છે.

ઉત્તર :– ના, ના. બે થઈને એક (નથી). એક જ મોક્ષમાર્ગ છે. પણ જોડે સહચર અનુકૂળ વ્યવહાર દેખીને નિશ્ચય મોક્ષમાર્ગની સાથે એવો સહચર છે તેથી તેનું કથન સાથે કર્યું છે, બાકી એ મોક્ષમાર્ગ છે નહિ. પણ એને સહચર દેખીને કર્યું છે. એથી એને બે પ્રકારનો મોક્ષમાર્ગ 'કથન'ની અપેક્ષાએ છે. સમજાણું કાંઈ ? પણ એક નિશ્ચય મોક્ષમાર્ગ અને આ એક વ્યવહાર મોક્ષમાર્ગ, એમ ભાષા છે, બે મોક્ષમાર્ગ (છે) એમ નહિ. એક આ અને એક આ, એમ નહિ. પણ એક આ નિશ્ચય તે સાચો અને એક આ, એક આ બીજો એક ઉપચારથી સહચર દેખીને કહ્યો છે. એને બે થઈને મોક્ષમાર્ગ છે એમ છે નહિ. ભારે વાત આકરી. 'ટોડરમલજી'નું લખાણ કેટલું છે !

એક નિશ્ચય મોક્ષમાર્ગ અને એક વ્યવહાર મોક્ષમાર્ગ. પહેલો વ્યવહાર એક અને પછી નિશ્ચય એક હોય એમ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ ? પહેલો એક વ્યવહાર મોક્ષમાર્ગ હોય, બીજા નિશ્ચયની અપેક્ષા વિનાનો, ભાઈ ! અને પછી બીજો એક નિશ્ચય હોય, વર્તમાન વ્યવહારની અપેક્ષા વિનાનો હોય, એમ નથી. એમ છે. આ એક એક (કહેવાની) શૈલી મૂકી છે એનો હેતુ એ છે. એક નિશ્ચય મોક્ષમાર્ગ અને એક વ્યવહાર મોક્ષમાર્ગ એમ બે નથી. સમજાણું કાંઈ ? બે હોય તો એક વ્યવહાર મોક્ષમાર્ગ હોય ત્યાં નિશ્ચય હોય નહિ, તો અપેક્ષા વિનાનો થઈ ગયો (પરંતુ) એમ નથી. અને એકલો નિશ્ચય હોય ત્યાં વ્યવહાર ન હોય, એમ નથી.

અહીં તો મોક્ષમાર્ગ આત્માને આશ્રયે જે નિશ્ચય મોક્ષમાર્ગ છે એ એક જ સાચો છે પણ કથનમાં બીજો સહચર સાથે રહેલો છે, સાથે રહેલો છે, નિમિત્તરૂપે રહેલો છે માટે તેને વ્યવહાર કહેવામાં આવે છે. એકલો વ્યવહાર હેઠે એક મોક્ષમાર્ગ (અને) ઉપલો એકલો નિશ્ચય મોક્ષમાર્ગ એમ વસ્તુનું સ્વરૂપ છે નહિ. સમજાણું કાંઈ ? 'માનવા મિથ્યા છે.' એક નિશ્ચય મોક્ષમાર્ગ અને એક વ્યવહાર મોક્ષમાર્ગ છે એટલે ? એક સાથે વિનાના, બે માં એક એક જુદો છે, એક એક જુદો કરીને મોક્ષમાર્ગ છે એમ નથી. સમજાણું કાંઈ આમાં ?

એમ કહે છે કે, જો ભાઈ ! આમાં પરદ્રવ્યથી ભિન્ન કહેશે. એ સામાન્યની વ્યાખ્યા કરશે. સામાન્ય-વિશેષ બે પ્રકાર છે. આત્મા પોતાના સ્વરૂપને શુદ્ધ પવિત્ર છે એમ સ્વઆશ્રયે સમ્યગ્દર્શન, સ્વનું જ્ઞાન અને સ્વની સ્થિરતા (કરે) એવો એક માર્ગ છે એ જ નિશ્ચય અને યથાર્થ છે પણ સાથે, સાથે એને અનુકૂળરૂપે નિમિત્ત એવું હોય છે કે જે સર્વજ્ઞે કહેલા છ દ્રવ્ય અથવા સર્વજ્ઞની શ્રદ્ધા કે સર્વજ્ઞને (સાધનારા) ગુરુ-સાધક જીવની શ્રદ્ધા કે નવ તત્ત્વની શ્રદ્ધા કે પંચ મહાવ્રત એવો એક વિકલ્પ જોડે નિમિત્તરૂપે સાથે હોય છે માટે તેને કથનમાં બે પ્રકારે કહ્યું છે. પણ એક વ્યવહાર છે નિશ્ચય વિનાનો અને એક નિશ્ચય છે વ્યવહાર વિનાનો, એમ મોક્ષમાર્ગની કથનની પદ્ધતિ છે જ નહિ. એમ છે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– બે થઈને એક કહેવામાં શું વાંધો છે ?

ઉત્તર :– બે થઈને એક નહિ. નિશ્ચય એક જ છે. બીજો તો સહચર આવું દેખીને, અનુકૂળ નિમિત્ત દેખીને સહચરમાં સાથે કીધો છે. કીધો છે, છે નહિ. છે નહિ એને કહેવું એનું નામ વ્યવહાર છે. છે તો આ એક જ છે, બે થઈને એક એમ નહિ. અરે...! ઠીક છે, તર્ક તો થાય ને ! સમજાણું કાંઈ ?

આત્મા શુદ્ધ અખંડ જ્ઞાનમૂર્તિ અનંત ગુણનો પિંડ એનું એકરૂપ (છે) એવી અંતર નિશ્ચય નિર્વિકલ્પ પ્રતીતિ અનુભવ થઈને (થઈ) તે એક જ સમ્યગ્દર્શન છે અને આત્માનું જે જ્ઞાન એ એક જ જ્ઞાન છે, એમાં સ્થિરતા તે એક જ ચારિત્ર છે, એ ત્રણ થઈને એક છે. ત્રણ થઈને ત્રણ માર્ગ નથી. એ ત્રણ થઈને એક માર્ગ છે. હવે એક માર્ગ છે છતાં જોડે એવા વિકલ્પની વ્યવહારે અનુકૂળતા (દેખીને), કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની શ્રદ્ધાનો અભાવ, અવ્રતાદિનો અભાવ કે એના પ્રમાણમાં રાગની મંદતાનો જે વ્યવહાર શ્રદ્ધા, વ્યવહાર જ્ઞાન અને વ્યવહાર ચારિત્ર (હોય) એવા નિમિત્તને જોડે ગણીને, જોડે ગણીને, સાથે ગણીને એને કથનમાં બીજો મોક્ષમાર્ગ, વ્યવહાર છે, બીજો એટલે બીજો એમ કહ્યું છે, છે નહિ. સમજાણું કાંઈ ? એટલે એમાં બે થઈને એક એમ પણ નહિ અને આગળ-પાછળ એક એમ પણ નહિ. ભાઈ !

મુમુક્ષુ :– માર્ગ નથી પણ માર્ગ ... લાયકાત..

ઉત્તર :– લાયકાત એટલે ઉપચાર થવાને માટે નિમિત્ત છે ને ? નિમિત્તમાં યોગ્યતા એવી છે. નિમિત્તમાં એવી યોગ્યતા છે કે એમાં કથન આવે કે, આ મોક્ષમાર્ગ વ્યવહાર છે. છે નહિ એને કહેવું એનું નામ વ્યવહાર છે. અને છે એને જાણવો એનું નામ નિશ્ચય છે. એમ અહીં છે. ત્યારે છે નહિ ને કેમ કહ્યું ? કે, એવા નિમિત્તની સહચરતા દેવ-ગુરુ-શાસ્ત્રની, નવ તત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ કે શાસ્ત્રનું જ્ઞાન કે પંચ મહાવ્રતાદિના પરિણામ (સ્વરૂપ) એવું જ નિમિત્ત એને હોય, બીજું હોય નહિ. એવું વ્યવહારથી અનુકૂળ ગણીને વ્યવહાર મોક્ષમાર્ગનો આરોપ એમાં આપ્યો છે, વસ્તુ છે નહિ. બંધમાર્ગ છે એને મોક્ષમાર્ગ કહેવો એનું નામ વ્યવહાર છે. આહા..હા..!

એટલે બે થઈને એક એમ નહિ, બે જુદા જુદા એમ નહિ. ફક્ત સાથે આ નિશ્ચય છે. આવી એક નિમિત્તની વ્યવહારે અનુકૂળતા (છે). નિશ્ચયે તો પ્રતિકૂળ છે. સમજાણું કાંઈ ? વસ્તુનો સ્વભાવ પોતાને આશ્રયે થયેલું દર્શન-જ્ઞાન-ચારિત્ર એક જ સત્ય છે. ત્રણ થઈને, હોં ! ત્રણ થઈને એક. પણ જોડે એક એવા વિકલ્પની એમાં યોગ્યતા હોય છે કે જેમાં નિમિત્તપણાનો, વ્યવહારનો આરોપ દઈ શકાય. એ મોક્ષમાર્ગ છે નહિ, એ તો બંધમાર્ગ છે. એટલે નથી તેને કહેવું અને સાથે છે એને આમ આરોપ દેવો એનું નામ વ્યવહાર મોક્ષમાર્ગ કથનમાં આવે છે. વસ્તુમાં એમ છે નહિ.

'પંચાધ્યાયી'કારે તો એમ લીધું છે, ભાઈ ! વ્યવહાર ખબર છે ? વચનાત્મક કહેવું તે વ્યવહાર, એમ એણે લીધું છે. લ્યો, વળી આ આવ્યું. 'પંચાધ્યાયી'માં તો એમ કહ્યું છે કે, વચનાત્મક કહેવું એ વ્યવહાર છે. વસ્તુમાં એ નથી. વાણી દ્વારા કહેવું કે આવો આમ છે, આમ છે. એ વચનાત્મકને એણે વ્યવહારનય કહ્યો છે. સમજાણું ? નિમિત્તમાં એવો રાગાદિ છે એ વાણીથી એમ કહેવું કે, આ એક વ્યવહાર (છે). વસ્તુમાં એમ નથી. છે ને ? વ્યવહારનયની વ્યાખ્યા એવી કરી છે. ખબર છે કે નહિ ? પહેલા ઘણીવાર કહેવાણું છે. એ વચનાત્મકને જ વ્યવહાર કહે છે. એટલે ? વચનાત્મક એટલે ? પેલું કથન, નિરૂપણ આવે છે ને ? એમાં એને વ્યવહાર આવે છે, આ રાગ, આ વિકલ્પ, આ શાસ્ત્રજ્ઞાન એને વ્યવહાર કહે છે. વસ્તુસ્થિતિ છે નહિ. એમાં વ્યવહારનયની વ્યાખ્યા જ એ કરી છે. આમાં પણ નથી કરી ? આપણે ક્યાં આવ્યું હતું ? 'કળશ ટીકા'. 'કળશ ટીકા'માં આવ્યું હતું, વચનાત્મક. ભાઈ !

આવ્યું હતું. 'કળશ ટીકા'માં ક્યાંક આવ્યું છે. કથન, એમ નહિ. એ વ્યવહાર વચનાત્મક છે, એમ (આવ્યું) છે. એ છે, આવ્યું હતું, ત્યારે કહ્યું હતું. બધું કાંઈ યાદ છે, ક્યા ઠેકાણે છે ? 'કળશ ટીકા'માં ક્યાં હશે ? વચનાત્મક. ત્યાં આવ્યું હતું, તે દિ' કહ્યું હતું. આવ્યું, જુઓ ! પાંચમો કળશ છે. કહ્યું હતું. જુઓ ! ભાઈ !

'व्यवहरणनयः यद्यपि हस्तावलम्बः स्यात्' એની વ્યાખ્યા કરી. વ્યવહારનય એટલે 'જેટલું કથન.' એ તે દિ' કહ્યું હતું. આ 'પંચાધ્યાયી'ની શૈલી છે, આ 'રાજમલ્લ' કરનારા પોતે છે ને ? 'પંચાધ્યાયી'માં એમ (જ લે છે), વ્યવહાર એટલે વચનથી કહેવું ઇ. જુઓ ! અહીં આપણે આવ્યું છે. ચિહ્ન પણ કર્યું છે. સમજાણું ? 'તેનું વિવરણ–જીવવસ્તુ નિર્વિકલ્પ છે. તે તો જ્ઞાનગોચર છે. તે જ જીવવસ્તુને કહેવા માગે, ત્યારે એમ જ કહેવામાં આવે છે કે જેના ગુણ દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જીવ. જો કોઈ બહુ સાધિક (–અધિક બુદ્ધિમાન) હોય તોપણ આમ જ કહેવું પડે. આટલું કહેવાનું નામ વ્યવહાર છે.' આટલું કહેવાનું નામ વ્યવહાર છે. જુઓ ! બીજી વાર આવ્યું. ત્યારે કહ્યું હતું, તે દિ' વ્યાખ્યા થઈ હતી. યાદ છે ? વખત નહિ હોય અને યાદ પણ ન રહે, તમે જ આ બધું કર્યું છે. બધા પાઠ તો તમે સરખા કર્યા છે. શબ્દ, ભાષા સરખા કર્યા છે.

'અહીં કોઈ આશંકા કરશે કે વસ્તુ નિર્વિકલ્પ છે, તેમાં વિકલ્પ ઉપજાવવો અયુક્ત છે. ત્યાં સમાધાન આમ છે કે વ્યવહારનય હસ્તાવલમ્બ છે. જેવી રીતે કોઈ નીચે પડ્યો હોય તો હાથ પકડીને (તેને) ઊંચો લે છે તેવી જ રીતે ગુણ-ગુણીરૂપ ભેદકથન જ્ઞાન ઊપજવાનું એક અંગ છે.' જોયું ? એ રીતે આખી વ્યાખ્યા કરી છે. અને 'પંચાધ્યાયી'માં પણ વચનાત્મક છે (એમ લીધું છે). આની અને એની શૈલી એક જ છે. સમજાણું કાંઈ ?

અહીંયાં તો ભગવાનઆત્મા મહાન પદાર્થ, અનંત શાંતરસ, આનંદકંદ પ્રભુ (છે) બસ ! એની અંતર્મુખની દૃષ્ટિ સ્વને આશ્રયે (થવી), એનું જ્ઞાન, ચારિત્ર મોક્ષમાર્ગ તો એક જ છે. પણ જોડે આવું નિમિત્ત હોય છે એને વ્યવહાર કહેવામાં (આવે છે). કથનની પદ્ધતિ એવી છે એમ કહે છે. સમજાય છે કાંઈ ? વાણીનો વિલાસ જ એવો છે કે એને આ રીતે કહે છે. વસ્તુ તો આ છે ઇ છે. અંદર નિર્વિકલ્પ દૃષ્ટિ (થઈ)

તે. નિર્વિકલ્પ જ્ઞાન, શાંતિ.

મુમુક્ષુ :– ... વાચ્ય નથી.

ઉત્તર :– ઇ વાચ્ય નથી એટલે નિમિત્ત છે, પણ એ બધું કથનમાત્ર છે, વસ્તુ સ્વરૂપ નહિ. નિમિત્ત છે એ આ વસ્તુ નથી, એમ કહે છે. જે આ મોક્ષમાર્ગ કહેવાય છે એ નથી. આ વસ્તુ છે તે એ નથી. આ છે (એટલે કે) સહચર છે તે એ (નિશ્ચય) નથી, એમ. સમજાણું કાંઈ ? ભાઈ ! આ તો એવી વાત છે ને કે, અંતરની વાતના બે પ્રકાર કથન કેમ કર્યા ? તો એક તો વચન દ્વારા એનું કથન કર્યું. ભેદ પાડીને કહેવું છે તો કહે છે, આ શ્રદ્ધા, દેવ-ગુરુની, નવ તત્ત્વની શ્રદ્ધાને સમકિત કહ્યું. સમજાય છે ? ખરેખર એ સમકિત ક્યાં છે ? ઇ તો રાગ છે. સમજાણું ? સમકિત તો આ એક જ છે, નિર્વિકલ્પ પ્રતીતિ જ્ઞાનમાં થવી એ એક સમકિત છે. પેલો તો રાગ છે. રાગને સમકિત કહેવું ? પણ કહે છે કે, નિમિત્તની શ્રદ્ધાની પર્યાય નથી (એમ) હોવા છતાં નિમિત્તની એવી શ્રદ્ધાનું જ્ઞાન એને હોય છે એથી એને વ્યવહાર સમકિતનો આરોપ આપવામાં આવે છે. એ કથનમાત્ર છે, એ (ખરેખર) વસ્તુ નથી. ભારે વાત, ભાઈ ! કહો, ભાઈ ! સમજાણું કે નહિ ? ક્યાં આવ્યું ? હેઠે.

એ એક એકમાં ખૂબી છે. પહેલો એકલો વ્યવહાર અને પછી એકલો નિશ્ચય કે પહેલો એકલો નિશ્ચય અને પછી એકલો વ્યવહાર, એમ નહિ. પહેલો એકલો વ્યવહાર અને પછી નિશ્ચય, એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ ? ચોથે, પાંચમે, છઠ્ઠે એકલો વ્યવહાર મોક્ષમાર્ગ અને પછી સાતમેથી એકલો નિશ્ચય (છે) એમ નથી. સાથે ને સાથેના વ્યવહારને આરોપ કરીને નિમિત્ત જાણીને કથન કર્યું છે. એવી નિરૂપણની પદ્ધતિ છે. આહા..હા...! સમજાણું કે નહિ ? એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'નો (આધાર આપ્યો છે). ગુજરાતી ૨૫૩-૨૫૪ પાનું. હવે બીજી ગાથા. સમજમાં આવ્યું કે નહિ ? ભાઈ ! લ્યો, ભાઈ ! વાત સાચી.

એને સમજવું જોઈએ ને ? એમ ખચેડમચેડીને કરે એમ નહિ, વસ્તુ જેમ છે એમ એને ખ્યાલમાં લેવી જોઈએ ને ! કથનની કઈ પદ્ધતિ છે અને સ્વરૂપ જે રીતે છે એને સમજી લે. બે પ્રકાર, બીજો પડ્યો છે ખરો, પણ એ તો કથનની નિરૂપણ કથનપદ્ધતિની અપેક્ષાએ કહ્યું છે. વસ્તુસ્વરૂપની અપેક્ષાએ નથી. સ્વરૂપમાં (ઠરવું) તે

ચારિત્ર એ બરાબર છે, વિકલ્પ ઊઠે એને ચારિત્ર કહેવું ? એ તો અસ્થિરતા છે, પંચ મહાવ્રતના (વિકલ્પ) તો અસ્થિરતા છે, લ્યો ! પણ એ વખતે મુનિની દશામાં એવા જ રાગની મંદતાવાળા અહિંસા આદિનો વિકલ્પ એને વ્યવહારે નિમિત્તની અનુકૂળતા વ્યવહાર ચારિત્ર છે એમ કહેવામાં આવ્યું છે. છે નહિ. આહા..હા..! એમ ભગવાનઆત્માનું આત્મજ્ઞાન, ચૈતન્યનું જ્ઞાન તે જ જ્ઞાન છે. પણ તેના વિકલ્પમાં શાસ્ત્રનું જ્ઞાન, સર્વજ્ઞે કહેલું જ્ઞાન, છ દ્રવ્ય આદિનું જ્ઞાન જે વિકલ્પરૂપે છે તેને નિમિત્તરૂપે એક સમયની પર્યાયની એવી તાકાત છે એ ગણીને વિકલ્પાત્મક જ્ઞાનને આરોપથી કહ્યું કે, એ વ્યવહારજ્ઞાન છે. એ વ્યવહાર જ્ઞાન છે જ નહિ, એ જ્ઞાન જ નથી. આહા..હા...! ભાઈ ! આહા..! સમજાય છે કે નહિ ? ધીમે ધીમે સમજવું, આમાં કાંઈ એકદમ નથી ચાલતું.

---

## નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું સ્વરૂપ

પરદ્રવ્યનતૈં ભિન્ન આપમેં રુચિ, સમ્યક્ત્વ ભલા હૈ;<br>
આપરૂપકો જાનપનોં સો, સમ્યગ્જ્ઞાન કલા હૈ.<br>
આપરૂપમેં લીન રહે થિર, સમ્યક્ચારિત સોઇ;<br>
અબ વ્યવહાર મોક્ષમગ સુનિયે, હેતુ નિયતકો હોઇ. ૨.

અન્વયાર્થ :- (આપમેં) આત્મામાં (પરદ્રવ્યનતૈં) પર-વસ્તુઓથી (ભિન્ન) ભિન્નપણાની (રુચિ) શ્રદ્ધા કરવી તે (ભલા) નિશ્ચય (સમ્યક્ત્વ) સમ્યગ્દર્શન (હૈ) છે; (આપરૂપકો) આત્માના સ્વરૂપને (પરદ્રવ્યનતૈં ભિન્ન) પરથી જુદું (જાનપનોં) જાણવું (સો) તે (સમ્યગ્જ્ઞાન) નિશ્ચય સમ્યગ્જ્ઞાન (કલા) પ્રકાશ (હૈ) છે. (પરદ્રવ્યનતૈં ભિન્ન) પરદ્રવ્યોથી ભિન્ન એવા (આપરૂપમેં) આત્મસ્વરૂપમાં (થિર) સ્થિરતાપૂર્વક (લીન રહે) લીન થવું તે (સમ્યક્ચારિત) નિશ્ચય સમ્યક્ચારિત્ર (સોઇ) છે. (અબ) હવે (વ્યવહાર મોક્ષમાર્ગનું (હેતુ) નિમિત્તકારણ (હોઇ) છે.

ભાવાર્થઃ- પર પદાર્થોથી ત્રિકાળ જુદા એવા નિજ આત્માનો અટલ વિશ્વાસ કરવો તે નિશ્ચય સમ્યગ્દર્શન કહેવાય છે. આત્માને પર વસ્તુઓથી જુદો જાણવો (જ્ઞાન કરવું) તે નિશ્ચય

સમ્યગ્જ્ઞાન કહેવાય છે. તથા પરદ્રવ્યોનું આલંબન છોડીને આત્મસ્વરૂપમાં એકાગ્રતાથી મગ્ન થવું તે નિશ્ચય સમ્યક્ચારિત્ર (યથાર્થ આચરણ) કહેવાય છે. હવે આગળ વ્યવહારમોક્ષમાર્ગનું કથન કહેવામાં આવે છે. કેમકે નિશ્ચયમોક્ષમાર્ગ હોય ત્યારે વ્યવહારમોક્ષમાર્ગ નિમિત્તમાં કેવો હોય તે જાણવું જોઇએ.

---

હવે બીજી ગાથા. (પહેલા) જે સત્યાર્થ કહ્યું હતું ને ? 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરન શિવમગ, જો સત્યારથરૂપ સો નિશ્ચય' એમ લઈ લેવું. 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરન શિવમગ, જો સત્યારથરૂપ સો નિશ્ચય'. પહેલા પદનો હવે બીજી ગાથામાં ખુલાસો કરે છે.

**પરદ્રવ્યનતૈં ભિન્ન આપમેં રુચિ, સમ્યક્ત્વ ભલા હૈ;**
**આપરૂપકો જાનપનોં સો, સમ્યગ્જ્ઞાન કલા હૈ.**
**આપરૂપકો લીન રહે થિર, સમ્યક્ચારિત સોઇ;**
**અબ વ્યવહાર મોક્ષમગ સુનિયે, હેતુ નિયતકો હોઇ. ૨.**

'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં એવો જરી અર્થ કર્યો છે, આ ૨૨મી ગાથા છે ને ? લ્યો, ઇ નીકળી. જુઓ ! પાઠ છે ને ? ભાઈ ! આપણે ૨૨નો આધાર આપ્યો છે ને ? આમાં ક્યાંક પાછળ કહ્યું છે ને ? 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' ગાથા–૨૨. મારે તો અહીં બીજી શૈલી કહેવી છે. કહે છે કે, 'તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શનનું લક્ષણ છે. તે તત્ત્વાર્થશ્રદ્ધા બે પ્રકારે છે. એક સામાન્યરૂપ, એક વિશેષરૂપ. જે પરભાવોથી ભિન્ન...' અહીંયાં આ શબ્દ પડ્યો છે ને ? 'પોતાના ચૈતન્ય-સ્વરૂપને પોતારૂપે શ્રદ્ધે છે તે સામાન્ય તત્ત્વાર્થ શ્રદ્ધાન કહીએ.' અહીં કહ્યું ને ? 'પરદ્રવ્યનતૈં ભિન્ન આપમેં રુચિ, સમ્યક્ત્વ ભલા હૈ;' એની વ્યાખ્યા અહીં પોતે (કરે છે).

जीवाजीवादीनां तत्त्वार्थानां सदैव कर्त्तव्यम्।
श्रद्धानं विपरीताभिनिवेशंविविक्तमात्मरूपं तत्।।२२।।

એ સમ્યગ્દર્શન આત્મરૂપ સ્વરૂપ છે, એ કંઈ વિકલ્પ અને રાગ નથી. તત્ત્વાર્થ સમ્યગ્દર્શન. આત્મજ્ઞાન સહિતની પ્રતીત એ આત્મસ્વરૂપ છે. હવે અહીં કહે છે, પરદ્રવ્યથી ભિન્ન સામાન્યરૂપ તો એક છે. પરદ્રવ્યથી ભિન્ન એક સામાન્યરૂપ છે.

'આ શ્રદ્ધાન તો નારકી, તિર્યંચાદિ, સર્વ સમ્યગ્દૃષ્ટિ જીવોને હોય છે.' આ સમાન્ય. સમજાણું ? 'અને જીવ-અજીવાદિ સાત તત્ત્વોના વિશેષણો (ભેદો) જાણી શ્રદ્ધાન કરે તે વિશેષ તત્ત્વાર્થશ્રદ્ધાન કહીએ. આ શ્રદ્ધાન મનુષ્ય, દેવાદિ વિશેષ બુદ્ધિવાન જીવોને હોય છે. પરંતુ રાજમાર્ગ (–મુખ્યમાર્ગ) ની અપેક્ષાએ સાત તત્ત્વોને જાણવા તે સમ્યક્ત્વનું–સમ્યક્શ્રદ્ધાનનું કારણ છે.' આ માટે કહ્યું હતું, લ્યો ! સમજાણું કાંઈ ? એમાં બે પ્રકાર 'ટોડરમલજી'એ પોતે જ ઉતાર્યા. તત્ત્વાર્થશ્રદ્ધાનની સામાન્યપણે વ્યાખ્યા કરી. સામાન્યબુદ્ધિ થોડી હોય એને 'પરદ્રવ્યનતૈં ભિન્ન આપમેં રુચિ, સમ્યક્ત્વ ભલા હૈ;' અને વિશેષપણે બુદ્ધિવાળા હોય એ વિશેષ જાણીને અંદર તત્ત્વની શ્રદ્ધા કરે.

'(આપમેં) આત્મામાં પરવસ્તુઓથી ભિન્નપણાની...' સમજાણું ? આમાં બધું છે. ક્યાં ગયા ? ભાઈ ગયા ? એની પાસે એક ચોપડી હતી ને ? છે ને ? જુઓ ! અંદર. આ સમ્યગ્દર્શનમાં આ બધું લખ્યું છે. શું લખ્યું છે ? કોણે કર્યું છે ? ભાઈ ! તમે શું સમજ્યા ? આ પરદ્રવ્યમાં છ દ્રવ્ય નાખ્યા છે ? ગૃહસ્થાશ્રમમાં બેઠો હોય એ બરાબર છે. ગૃહસ્થાશ્રમમાં રહ્યો (હોય) આ બધું હોય છતાં પરદ્રવ્યથી ભિન્ન છે, એમ. એવી શૈલી કરી છે ને ? બરાબર છે, ઠીક છે. આ ચિત્ર છે ને ? એક કોર વાજું ને એક કોર મકાન ને એક કોર આ બધી ઘરવખરી એવું બધું લાગે છે. ચિત્ર.. ચિત્ર (છે). કહે છે, બધું ભલે હોય, બાયડી, છોકરા, કુટુંબ, ઘરવખરો સમજ્યા ને ? જુઓ ! અહીં બધું ચિત્રમાં નાખ્યું છે.




'પરદ્રવ્યનતૈં ભિન્ન...' પરદ્રવ્ય એટલે બધી ચીજો, ઘરવખરો, બાયડી, છોકરા, મકાન સમજાય છે ને ? છતાં આત્મા અંદર બેઠો હોય (તેણે) 'આત્મામાં પરવસ્તુઓથી

ભિન્નપણાની શ્રદ્ધા કરવી...' તે ગૃહસ્થાશ્રમમાં પણ આ સમ્યગ્દર્શન આ રીતે પ્રગટ થઈ શકે છે. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– પરદ્રવ્યમાં પડ્યો હોવા છતાં ?

ઉત્તર :– પડ્યો નથી. પરદ્રવ્ય અહીં હોય છતાં. એમ એમાં પડ્યો નથી. પડ્યો છે તો આત્મામાં. પરદ્રવ્યના સંબંધમાં રહ્યો છતાં. પરદ્રવ્યમાં રહ્યો નથી. પરદ્રવ્યમાં તો કોઈ રહ્યું જ નથી. ભાઈ ! આ તો ભઈ ઝીણી વાત છે. પરદ્રવ્ય જોડે હોય છે છતાં આત્મામાં પરવસ્તુઓથી ભિન્નપણાની શ્રદ્ધા કરવી. એવી ચીજ એ ક્ષેત્રે બધું ભેગું દેખાય છતાં એનાથી ભિન્ન આત્મા અખંડ જ્ઞાન ચૈતન્યમૂર્તિ છે એવા જ્ઞાનનું જ્ઞાન કરીને પ્રતીત કરવી એનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ ?

'આત્મામાં (પરદ્રવ્યનતૈં) પરવસ્તુઓથી...' એવું અનુમાન લાગે છે. કારણ કે આ બધી એવી શૈલી લાગે છે. ભાઈએ કહ્યું એમ લાગે છે. એવું લાગે છે, નહિ ? આ બધા દ્રવ્ય રાખ્યા છે ને ? આ બધો ઘરવખરો છે, આ વાજું છે, આ મકાન છે, ઢીકણું છે, તિજોરી છે, વાસણ છે. લ્યો, એ ઠીક કર્યું છે. આ બધા વાસણ છે ને ? કળશા, ફળશા ને... ચિપીયા ને બધા ઘરમાં પડ્યા છે. આત્મા પરદ્રવ્યનતૈં ભિન્ન. ભગવાનઆત્મા એ બધી ચીજથી તદ્દન જુદો છે. જ્ઞાનમૂર્તિ આનંદસ્વરૂપ છે એમ પરદ્રવ્યથી ભિન્નપણાની શ્રદ્ધા (કરવી). શ્રદ્ધા એટલે આત્માની નિર્વિકલ્પ શ્રદ્ધા, હોં ! 'તે નિશ્ચય સમ્યગ્દર્શન છે;...' જુઓ ! ભલાની વ્યાખ્યા કરી. પેલું સત્યાર્થ કહ્યું હતું ને ? સત્યાર્થ કહ્યું હતું ને ? ક્યાં ? પહેલી કડીમાં. સત્યાર્થ સમ્યગ્દર્શન, સત્યાર્થ સમ્યગ્જ્ઞાન, સત્યાર્થ ચારિત્ર એમ ત્રણે છે ને ? એ અહીં 'ભલા' શબ્દમાં સત્યાર્થ મેળવી દીધો, ભાઈ ! સમજાણું કાંઈ ? એ જ નિશ્ચય છે ને એ જ ભલું છે અને એ જ યથાર્થ છે.

'આત્મામાં પરવસ્તુઓથી ભિન્નપણાની શ્રદ્ધા (કરવી)...' પોતે રાગથી, શરીરથી, કર્મથી, પરથી ભિન્ન છે એનો અર્થ થઈ ગયો કે, પરથી લક્ષ છોડી સ્વવિષયમાં આવ્યો એટલે એ રાગથી પણ ભિન્ન થઈ ગયો. આમ જે પરદ્રવ્ય શરીર, વાણી, કર્મ, આ બધું હતું એનાથી આમ લક્ષ ફેરવ્યું એટલે એની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર ગઈ.

દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થઈ એનું નામ નિશ્ચય, સત્યાર્થ, ભલું સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં ? આ તો સાદી વાત છે. સૌના હાથમાં (પુસ્તક) છે કે નહિ ? આ તો સાદી હિન્દી ભાષામાં પુસ્તકો કેટલા છપાઈ ગયા છે !

ભગવાનઆત્મા..! 'આપમેં...' (કહ્યું તો) આત્મા કોણ એનું એને પહેલું જ્ઞાન હોવું જોઈએ ને ? આત્મા એટલે પરદ્રવ્યથી જુદી ચીજ. પર બધા કર્મ, શરીર, વાણી, આ બધા જે છે, આ નહિ, આ અસ્તિત્વમાં જે પર્યાયબુદ્ધિથી આમ છે, પર્યાય–અવસ્થાબુદ્ધિથી એની લંબાણમાં આ બધું છે એમ જે હતું એ, આ નહિ, આમ ગયો. જ્ઞાયક ચૈતન્યમૂર્તિ, આપ એટલે જ્ઞાયક ચૈતન્યમૂર્તિ, એની અંતર દૃષ્ટિ થતાં, પેલો રાગ અને વિકલ્પ પણ (બહાર રહી ગયો). આમથી આમ લક્ષ જતાં રાગ ને વિકલ્પ પણ એની પ્રતીતમાં ન રહ્યો, આત્મા રહી ગયો. સમજાણું કાંઈ ?

'(આપમેં) આત્મામાં પરવસ્તુઓથી ભિન્નપણાની શ્રદ્ધા...' એટલે કર્મ, શરીરથી ભિન્ન. એનાથી જુદો આમ જ્યાં જાય (તો) એના પેટામાં તળેટીમાં વિકલ્પો પણ લક્ષમાં ન રહ્યા. સમજાણું કાંઈ ? આ આત્મા પરદ્રવ્યથી ભિન્ન (છે). આ ભિન્ન ચીજમાં અસ્તિત્વ માન્યું હતું કે આ. એમ છતાં એ પરદ્રવ્યથી છૂટો અને વિકલ્પથી પણ છૂટું એવું આત્મતત્ત્વ એની અંદર પ્રતીત–શ્રદ્ધા, જ્ઞાન, ભાન થઈને થવી એનું નામ નિશ્ચય, ભલું, સાચું, શુદ્ધ, વ્યાજબી, મુખ્ય સમ્યગ્દર્શન છે. કહો, સમજાણું કાંઈ ? સત્યાર્થમાં જેટલા શબ્દ વાપર્યા હતા (ઇ કહ્યા). આ એક એકની એ રીતે વાત આવે. 'ભલા' શબ્દ કીધો છે ને ? જુઓ ! પેલામાં કળા કહેશે. જ્ઞાન છે ને ? (એને) કળા (કહેશે). ભાષા પણ બહુ સરખી ગોઠવાઈ ગઈ છે. આ હિન્દી તમને અત્યાર સુધી વાંચતા આવડ્યું નહિ. તમારી ભાષા છે આ, અમારી તો હિન્દી ભાષા પણ નથી.

'પરદ્રવ્યનતૈં ભિન્ન...' આ..હા..! કેટલી વાત લીધી, જુઓને! આમથી ભિન્ન સ્વદ્રવ્ય. એનો અર્થ આમ ગુલાંટ ખાય છે. પરદ્રવ્યથી જુદો તો સ્વદ્રવ્ય, બસ ! એમ જ આવ્યું. આપ–પોતાનું સ્વરૂપ અખંડ જ્ઞાયકમૂર્તિ. **'ण वि होदि अप्पमत्तो'** છે ને ? **'जाणगो दु जो भावो'** આ જ્ઞાયક રહી ગયો. એકલો આત્મા શુદ્ધ એકરૂપ, એની અંતર પ્રતીતિ થવી–શ્રદ્ધા થવી, એનો અંતર વિશ્વાસ (આવવો કે) આ વસ્તુ છે એમ વિશ્વાસ (આવવો), આગળ અર્થમાં જરી કહેશે. ક્યાંક છે, વિશ્વાસ. સમજાણું ? એટલે

કહે છે, એવો વિશ્વાસ (આવવો જોઈએ). દૃષ્ટિમાં (આત્મા) આવ્યો હોય એનો વિશ્વાસ હોય ને ? વસ્તુની ખબર ન હોય એનો વિશ્વાસ શું હોય ? સસલાના શિંગડાનો વિશ્વાસ કરજો. પણ જોયા નથી, છે નહિ (વિશ્વાસ શું કરવો) ? આ વસ્તુ જ્ઞાયક ચૈતન્ય એકલો જ્ઞાનનો પુંજ વસ્તુ, એનો અંતરમાં વિશ્વાસ (આવે કે) આ જ આત્મા (છે), એવી પ્રતીતિ, એવો ભરોસો, એવો વિશ્વાસ, એવું સ્વઆશ્રિત દર્શન (થાય) તે સમ્યગ્દર્શન સાચું છે. સાચું કહો કે ભલું કહો કે શુદ્ધ સમ્યગ્દર્શન એ છે. એ શુદ્ધ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ ? એ સમ્યગ્દર્શન મુખ્ય છે. વ્યવહાર સમ્યગ્દર્શન તો વિકલ્પ ગૌણ, અશુદ્ધ, ઉપચારથી કહે છે. સમજાણું કાંઈ ?

'પરદ્રવ્યનતૈં ભિન્ન...' આત્માના સ્વરૂપને પરદ્રવ્યથી ભિન્ન. એનો અર્થ થઈ ગયો ને ? 'પરદ્રવ્યનતૈં ભિન્ન આપમેં રુચિ, (સમ્યક્ત્વ) ભલા હૈ.' હવે 'પરદ્રવ્યનતૈં આપરૂપકો જાનપનોં સો, (ભલા હૈ), સમ્યગ્જ્ઞાનકલા હૈ.' સમજાણું કાંઈ ? '(આપરૂપકો) આત્માના સ્વરૂપને પરથી જુદું...' શાસ્ત્રજ્ઞાન વિકલ્પ (છે), એ નહિ. 'આત્માના સ્વરૂપને...' '(આપરૂપકો)...' છે ને ? પેલામાં આપમેં કહ્યું હતું, આમાં આપરૂપ જ્ઞાન છે. આત્માના સ્વરૂપને પરદ્રવ્યથી ભિન્ન, પરથી જુદું જાણવું. આત્મા પરના જ્ઞાન, શ્રદ્ધા, વિકલ્પ કે પરથી તદ્દન ભિન્ન (છે). એ તો પરદ્રવ્યથી ભિન્ન જ્ઞાન થયું તો આત્માનું જ્ઞાન થયું. એનું વ્યવહારું જ્ઞાન એના લક્ષમાં રહ્યું નહિ. સમજાણું કાંઈ ?




'આત્માના સ્વરૂપને પરથી જુદું જાણવું તે નિશ્ચય સમ્યગ્જ્ઞાન...' છે. તે સમ્યગ્જ્ઞાન સાચું છે, ભલું છે, શુદ્ધ છે, મુખ્ય સમ્યગ્જ્ઞાન તે છે. સમજાણું કાંઈ ? 'તે નિશ્ચય સમ્યગ્જ્ઞાન પ્રકાશ છે.' તે કળા છે. કારણ કે કેવળજ્ઞાનને પ્રગટ કરવાની આ એક કળા છે. કેવળજ્ઞાનની પ્રગટ કરવાની આ આત્મજ્ઞાન તે એક કળા છે. કળા કીધી છે ને ? કળા કરે છે, એમ 'સમયસાર'માં આવે છે ને ? ક્રિડા કરે છે. એ વાંચ્યું

છે, ભાષા બધી શાસ્ત્રની વાપરી છે. સમજાણું ?

ભગવાનઆત્મા એકલો જ્ઞાનનો પિંડ પ્રભુ, એને પરદ્રવ્યથી લક્ષ છોડીને જેવી સ્વની શ્રદ્ધા થઈ એવું જ પરદ્રવ્યથી લક્ષ છૂટીને જે શ્રદ્ધા થઈ એમાં એનું જ્ઞાન થયું આ આત્મા શુદ્ધ ચૈતન્ય છે, એના સ્વરૂપનું જ્ઞાન થયું. સમજાણું ? '(આપરૂપકો)...' ચૈતન્ય જ્ઞાયક સ્વરૂપ પૂર્ણ આનંદ સ્વરૂપ, એનું પરદ્રવ્યથી જુદું પડેલું એકલા આત્માનું જ્ઞાન તે નિશ્ચય જ્ઞાન છે, તે સાચું જ્ઞાન છે, એ ભલું જ્ઞાન છે, એને શુદ્ધ જ્ઞાનની કળા કહેવામાં આવે છે. એ શુદ્ધ જ્ઞાનની કળા એને કહેવામાં આવે છે. ભાઈ ! કહો, સમજાય છે કે નહિ ? આ તો સાથે પુસ્તક છે, લીધું છે કે નહિ ? ભાઈ ! પુસ્તક ઘણા પડ્યા છે, થઈ રહ્યા ? અહીં તો ઘણા પુસ્તક છે, પહેલેથી ધ્યાન રાખવું જોઈએ ને. આ પુસ્તક ઘણા પડ્યા છે. ન્યાં તો ચોપડામાં ધ્યાન રાખે... આ તો કેટલી પડી છે, જુઓને! હજી પડી લાગે છે, નહિ ? હજી ઘણી પડી છે. કહો, સમજાણું આમાં ? આ તો શબ્દે શબ્દનો અર્થ અંદર સમજવા જેવો છે. આ કાંઈ સાધારણ વાત નથી. શાસ્ત્ર જેવો જ અર્થ કર્યો છે. શાસ્ત્રને બરાબર ધ્યાન રાખીને (સમજવું જોઈએ).

ભગવાનઆત્માનું બીજજ્ઞાન પ્રગટવું. ચૈતન્યસ્વરૂપનું પરદ્રવ્યથી લક્ષ છોડીને જેવી પોતાના આત્મામાં શ્રદ્ધા-સમ્યગ્દર્શન હતું એવું જ આત્મસ્વરૂપનું જ્ઞાન, એના સ્વરૂપનું જ્ઞાન, આત્મસ્વરૂપનું જ્ઞાન (થવું) તે જ જ્ઞાન સમ્યક્ છે, તે જ જ્ઞાન શુદ્ધ છે, તે જ જ્ઞાન મુખ્ય છે અને એ તે જ જ્ઞાન કેવળજ્ઞાનને પ્રગટ કરવાની કળા છે. કહો, સમજાણું આમાં ? બીજા શાસ્ત્ર આદિનું વ્યવહારુ જ્ઞાન એ કેવળજ્ઞાનને પ્રગટ કરવાની કળા છે જ નહિ, એમ કહે છે. આહા..હા..! એ..ઇ...!

મુમુક્ષુ :-

ઉત્તર :- એ તો એક કહેવા માટે નિમિત્ત સહચર એવું દેખીને એને જ્ઞાન છે એમ કહેશે. એ ખરી કળા નથી, એ સમ્યગ્જ્ઞાન ખરું નથી, એ શુદ્ધ જ્ઞાન નથી. આહા..હા..!

મુમુક્ષુ :- સમ્યગ્જ્ઞાનને દીવો બતાવ્યો છે.

ઉત્તર :- હા, એ આમાં બતાવ્યું છે. સાચી વાત છે. આમાં બતાવ્યું છે ને ?

આમાં બતાવ્યું છે, જુઓ જોઈ. આ દર્શનમાં બતાવ્યું, અહીં દીવો બતાવ્યો છે. મનની પાંખડી ફરી જાય છે. આમ કળા, જ્ઞાનનો દીવડો કર્યો છે, જુઓ ! એ જ્ઞાનસ્વરૂપ, એનું જ્ઞાન. પરદ્રવ્યથી ભિન્ન, એનું જ્ઞાન. આ તો પહેલી સામાન્ય વ્યાખ્યા છે ને. પછી બધું વિશેષપણે બતાવશે. સામાન્ય રીતે કેટલાક જીવને, નારકી આદિને આવું હોય છે. વિશેષ બુદ્ધિવાળાને વિસ્તારથી હોય છે. સમજાણું ? 'તે નિશ્ચય સમ્યગ્જ્ઞાન (કલા)...' (કળાનો) અર્થ પ્રકાશ છે. લ્યો !

'આપરૂપમેં લીન રહે થિર, સમ્યક્ચારિત સોઈ;' 'સોઈ' તે ચારિત્ર છે. 'આત્મસ્વરૂપમાં...' જુઓ ! અહીં ચારિત્ર છે ને ? સ્થિર બિંબ થઈ ગયો છે. ચારિત્રનો દાખલો આપ્યો છે ને ? લીન.. લીન. વિકલ્પનો ગોટાળો નીકળી ગયો. '(આપરૂપમેં) આત્મસ્વરૂપમાં સ્થિરતાપૂર્વક...' એટલે સ્થિર '(લીન રહે)...' સ્થિર–લીન રહે, એમ. સ્થિર–લીન રહે. જોયું ! આ ચારિત્ર. પંચ મહાવ્રતના વિકલ્પ એ ચારિત્ર નથી, એ સમ્યક્ચારિત્ર નથી, ભલું ચારિત્ર નથી, શુદ્ધ ચારિત્ર નથી. એ તો ગૌણરૂપે નિમિત્ત એવું હોય છે એમ ગણીને ચારિત્ર સહચર તરીકે કહેવામાં કથનમાં આવ્યું છે. આહા..હા...! હવે આવી વાત કેટલી ચોખ્ખી પડી છે એના અર્થ પણ સમજતા નથી. એમ વાત છે ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– વિષયમાં.. એમાં છે. એ વસ્તુ એમાં હોય પણ હોય ઇ આવે ને કે નહિ ? શું આવે ? હીરો બતાવવો હોય તો એને શી રીતે બતાવવો ? હીરાની જે કિંમત તો એની આંખ બરાબર થાય ત્યારે સમજે કે નહિ ? હીરાના પાસાના પ્રકાશ હોય. એ પ્રકાશમાં પ્રકાશના પાસા ઝટ જુદા પડે નહિ. એ પાસે પાસો જોવે (એને માટે) એને સૂક્ષ્મ દૃષ્ટિ જોઈશે કે નહિ ? નહિતર એક પ્રકાશમાં બીજો પ્રકાશ જોયા વિના સરખેસરખું લાગે. એમ આત્મા એકલો ભગવાન જ્ઞાનની મૂર્તિ, એનું અંતરમાં જ્ઞાન (થાય), સ્થિરતા (થાય). સ્થિર અને લીન એમ કહ્યું છે ને ? સ્થિર–લીન. સ્થિર એવો થયો કે લીન થઈ ગયો, વિકલ્પરહિત (થઈ ગયો). પરદ્રવ્યથી લક્ષ છોડી જેવી શ્રદ્ધા થઈ હતી, જ્ઞાન થયું હતું એટલે વ્યવહારનો વિકલ્પ પણ ન રહ્યો. આમ લીન થઈ ગયો એટલે નિશ્ચય થયું. આ થયું એની સાથે વિકલ્પ કેવો (હોય) એનું વ્યવહારનું

જ્ઞાન પછી કરાવશે. સમજાણું કાંઈ ?

'(સમ્યક્ચારિત) નિશ્ચય સમ્યક્ચારિત્ર (સોઈ) છે.' એમ કહે (છે). સો. સોઈ એટલે તે સમ્યક્ચારિત્ર છે. પહેલાં 'ભલું' (શબ્દ) વાપર્યો હતો, બીજામાં (શબ્દ) વાપર્યો હતો 'કળા', આમાં (શબ્દ) વાપર્યો 'તે જ'. એમ. ભગવાનઆત્મા એકલો જ્ઞાનનો રસ, એની શ્રદ્ધા-જ્ઞાન સહિત અંદરની લીનતા (થાય) એ ચારિત્ર ભલુ છે, એ ચારિત્ર શુદ્ધ છે, એ ચારિત્ર મુખ્ય છે, એ ચારિત્રને નિશ્ચય ચારિત્ર કહેવામાં આવે છે. સાચું ચારિત્ર ઇ છે. સત્યાર્થ કીધું હતું ને ? સમ્યગ્દર્શન પણ સાચું, સમ્યગ્જ્ઞાન પણ સાચું અને ચારિત્ર પણ સાચું. આ ત્રણે સાચા. સમજાણું કાંઈ ? આ 'છ ઢાળા' તો કેટલી વેંચાઈ ગઈ ! એને ખબર હશે. અહીં પહેલા છપાઈ ગઈ છે ને ? ૧૪,૦૦૦ હિન્દી. ગુજરાતી ? (ખબર) નહિ હોય. આપણા તરફથી છપાણી ? કહો, કેટલા હજાર ? આમાં કંઈ સંસ્કૃત, વ્યાકરણની જરૂર પડે એવું નથી.

હવે કહે છે, નિશ્ચય ચારિત્ર તે છે. એ ભલું છે. 'હવે...' જુઓ ! ભાષા છે ને ? 'વ્યવહાર મોક્ષમાર્ગ સાંભળો...' જુઓ ! નિશ્ચય લઈને વ્યવહાર લીધો છે, ભાઈ ! એ..ઇ..! વસ્તુસ્થિતિ આ છે. હવે એમાં જરી સહચરરૂપે, વિકલ્પરૂપે, શુભઉપયોગરૂપે ભાવ હોય છે એને આ નિશ્ચય હોય તો પેલા વ્યવહાર કહેવાય. હવે કીધું છે ને ? 'હવે વ્યવહાર મોક્ષમાર્ગ સાંભળો...' સમજાય છે કાંઈ ? હવે એટલે આવું હોય ત્યાં. અંદર બીજો એક વિકલ્પનો ભાગ, વ્યવહારે અનુકૂળ. નિશ્ચય સમકિતદર્શનને વ્યવહાર અનુકૂળ દર્શન. નિશ્ચય જ્ઞાનને વ્યવહાર શાસ્ત્રનો વિકલ્પ નિમિત્ત અનુકૂળ. વ્યવહારે અનુકુળ, હોં ! કારણ કે નિશ્ચય તો આ છે. એને વળી નિશ્ચય આ ક્યાંથી આવે ? સમજાણું ? એને વ્યવહારે અનુકૂળ. પંચ મહાવ્રત આદિ.

'અબ વ્યવહાર મોક્ષમગ સુનિયે, હેતુ નિયતકો હોઈ.' અહીં વાંધા (પડે). એ નિયતનું નિમિત્ત છે. નિશ્ચય જ્યાં આવું હોય ત્યાં આવો હેતુ, વ્યવહાર કારણરૂપે નિમિત્તરૂપે હેતુરૂપે હોય છે. સમજાણું કાંઈ ? જેમ ગતિ કરતા જીવને કે પુદ્‌ગલને ધર્માસ્તિકાયનો નિમિત્તરૂપે હેતુ છે. છે કે નહિ ? અથવા પરિણમનના વખતમાં જડ, ચૈતન્ય આદિ પરિણમે તેને કાળદ્રવ્ય નિમિત્ત હેતુ છે. નિમિત્ત તરીકે હેતુ છે, હેતુ છે. એ પરચીજ છે. આ કરે ત્યારે (તેને) હેતુ કહેવાય છે. સમજાણું કાંઈ ? શાસ્ત્રમાં

નિમિત્તને ધર્માસ્તિકાયવત્ લીધું છે તો વ્યવહાર પણ નિમિત્ત જ છે.

એ આપણે ૪૭ બોલમાં આવે છે. ૪૭ ઉપાદાન-નિમિત્તના (દોહામાં). નહિતર પણ વચ્ચે પંચ મહાવ્રત આવે છે ને ? આવે છે ને એમાં ? એ નિમિત્ત કીધું છે. ન્યાં એ નિમિત્ત કીધું છે. એની દલીલ કરે છે, નિમિત્ત દલીલ કરે છે. પંચ મહાવ્રત છે ને ? તમે અમને ક્યાંથી છોડી દેશો ? ભલે હો, પણ એને છોડીને સ્થિર થાય ત્યારે ખરું ચારિત્ર છે. સમજાય છે કાંઈ ? ૪૭ દોહામાં 'ભૈયા ભગવતીદાસે' એ જ લીધું. એ લોકોના પહેલાના પંડિતોએ પણ એવી સંધિથી વાત કરી છે ને ! દિગંબર પંડિતો, સંતોની તો વાત શું કરવી !! એ લોકોએ પણ પરંપરાએ જેવું સત્ય છે એ રીતે જાળવીને વાત કરી છે. ન્યાં એમ કહ્યું છે, પંચ મહાવ્રત હોય ને ? અરે..! ધ્યાન હોય ને ? નિમિત્ત તો ત્યાં સુધી નાખ્યું છે. ધ્યાન એટલે હું આમ કરું એવો વિકલ્પ. (એ) હોય ને ? 'છોડ ધ્યાન કી ધારણા, મોડ રીતિ...' અહીં આવી જા, કહે છે. એ નિમિત્ત છે. હો, તે શું છે ? તેને છોડીને અહીં જાય ત્યારે સ્થિર થાય. નિશ્ચય મોક્ષમાર્ગનો હેતુ. આટલા ન્યાય આપ્યા, સમજાણું ? એનું નિમિત્ત, કારણ હોય છે, હોય છે. એમ કીધું છે. સમજ્યા ને ? 'સોઈ'ની સાથે 'હોઈ' કરાવ્યું. હોય છે વ્યવહાર, છે ખરો. વ્યવહાર છે ખરો પણ વ્યવહારને ઉપચાર તરીકે કહેવામાં આવે છે.

ભાવાર્થ :– 'પર પદાર્થોથી ત્રિકાળ જુદા એવા નિજ આત્માનો અટલ વિશ્વાસ કરવો તે...' લ્યો. અટલ વિશ્વાસ નામ ટળે નહિ એવી જાત, નિશ્ચય સમ્યગ્દર્શન, પોતાની જાતનું દર્શન છે. એ કાંઈ વિકલ્પનું નથી કે ટળી જાય. આ તો એવું ને એવું રહે. એ નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ્યું એ એમ ને એમ સિદ્ધમાં પણ રહે, એમ. સમજાય છે કાંઈ ? વ્યવહાર સમકિત રહેતું નથી, એ તો વિકલ્પ છે, એ ક્યાં વાસ્તવિક ચીજ હતી ? શ્રદ્ધા કીધી છે ને ? 'આપમેં રુચિ' રુચિ એટલે વિશ્વાસ તે એવો પ્રગટ્યો, આ ચૈતન્યમૂર્તિ જ્ઞાનસ્વરૂપ (છે) એ વિશ્વાસની, રુચિની પર્યાય સિદ્ધમાં પણ રહી ગઈ. સમજાણું કાંઈ ? એની ચારિત્ર પર્યાય કેવળજ્ઞાનમાં રહી ગઈ. આહા..હા...! 'તે નિશ્ચય સમ્યગ્દર્શન કહેવાય છે.' લ્યો !

'આત્માને પર વસ્તુઓથી જુદો જાણવો (જ્ઞાન કરવું) તે નિશ્ચય સમ્યગ્જ્ઞાન કહેવાય છે. તથા પરદ્રવ્યોનું આલંબન છોડી...' લક્ષ છોડી, આશ્રય છોડી 'આત્મસ્વરૂપમાં

એકાગ્રતાથી મગ્ન થવું...' એકાગ્રતા એટલે એક જ આત્માને લક્ષ કરીને (લીન થવું) 'તે નિશ્ચય સમ્યક્ચારિત્ર...' એટલે સાચું આચરણ. એ આચરણ સાચું છે. સ્વભાવમાં ઠરવું એ આચરણ સાચું છે. ભલું આચરણ એ છે. લ્યો, (અજ્ઞાનીઓ) આચરણ.. આચરણ કરે છે કે નહિ ? વિકલ્પ છે એ આચરણ નથી. જોડે એવું નિમિત્ત દેખીને કથનની અપેક્ષાએ (લીધું છે). વ્યવહારથી અનુકૂળ. નિમિત્ત એટલે અનુકૂળ. અનુકૂળ એટલે વ્યવહારે અનુકૂળ. નિશ્ચય અનુકૂળ તો નિશ્ચય અનુકૂળ પોતાની પર્યાય છે. ધર્માસ્તિકાયને વ્યવહારે અનુકૂળ કહ્યું છે કે નહિ ? એ નિમિત્ત છે. કે નિશ્ચયથી (કહ્યું છે) ? નિશ્ચયથી તો પોતાની પર્યાય અનુકૂળ છે. આમ ગતિ, સ્થિતિમાં પરિણમે છે. એની પેઠે–જેમ ધર્માસ્તિકાય નિમિત્ત છે, વ્યવહારે અનુકૂળ છે, બીજી ચીજ છે. એને ગતિમાં એવું જ નિમિત્ત, યોગ્યતા હોય છે. અધર્માસ્તિકાયને નિમિત્ત ન હોય. ગતિ થતાં અધર્માસ્તિકાયને નિમિત્ત હોય ? એટલે અનુકૂળ નિમિત્ત કહેવામાં આવે છે. એમ આવી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર હોય ત્યાં આગળ આવો જે વ્યવહાર (હોય તેને અનુકૂળ કહેવાય છે).

'પરદ્રવ્યોનું આલંબન છોડીને આત્મસ્વરૂપમાં એકાગ્રતાથી મગ્ન થવું તે નિશ્ચય સમ્યક્ચારિત્ર (યથાર્થ આચરણ) કહેવાય છે.' એવા આચરણની સાથે આગળ જે નિમિત્ત હવે કહે છે... 'હવે આગળ વ્યવહાર મોક્ષમાર્ગનું કથન...' એટલે જોડે આવું નિમિત્ત છે. અહીં પરિણમન સહજ ચાલે છે ત્યારે આવો વ્યવહાર હોય છે. ધર્માસ્તિકાયના નિમિત્તવત્. ભગવાન 'પૂજ્યપાદસ્વામી'એ ૩૫મી ગાથામાં કહ્યું કે, નિમિત્ત કેવું ? કે, ધર્માસ્તિકાયવત્ લઈ લેવું. આ પણ નિમિત્ત છે. એમ કહેતા જ પહેલા-પછી એમાં નથી. એમ કહેતા જ એ યથાર્થ વસ્તુ નથી. આમ છે. સમજાણું કાંઈ ? વસ્તુની શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતા થતાં જોડે આવો એક વ્યવહાર એના કાળે એ જ કાળે સહચરરૂપે સાથે આવું એક નિમિત્ત હોય છે એને વ્યવહાર મોક્ષમાર્ગનો આરોપ કહેવામાં આવે છે. છે નહિ એને કહેવું એનું નામ વ્યવહાર. સમજાણું કાંઈ ?

'હવે આગળ વ્યવહારમોક્ષમાર્ગનું કથન કહેવામાં આવે છે. કેમકે નિશ્ચય મોક્ષમાર્ગ હોય...' જ્યાં સ્વભાવ ચૈતન્ય ભગવાનની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા હોય 'ત્યારે વ્યવહારમોક્ષમાર્ગ નિમિત્તમાં કેવો હોય...' એટલે નિમિત્તપણે કેવો હોય. સમજાણું ?

વ્યવહાર મોક્ષમાર્ગ નિમિત્તપણે, સહચરપણે ત્યાં કેવો હોય 'તે જાણવું જોઈએ.' તે જાણવું જોઈએ. જાણવું તો જોઈએ ને ? કહે છે. સમજાણું ? વ્યવહાર મોક્ષમાર્ગ સાંભળો. સાંભળો (કહ્યું તો) એને સમજવો તો જોઈએ ને ? 'હેતુ નિયતકો હોઈ.' ત્યારે એક નિમિત્ત જોડે છે. ઉપચારરૂપ મોક્ષમાર્ગ વ્યવહાર છે એને એણે બરાબર જાણવો જોઈએ. સમજાણું કાંઈ ? હવે એ વ્યવહાર સમ્યક્ત્વ એટલે સમ્યગ્દર્શનનું સ્વરૂપ કહે છે. વ્યવહાર સમ્યગ્દર્શનમાં શેની શ્રદ્ધા હોય ? એ વ્યવહાર સમ્યગ્દર્શન છે તો વિકલ્પ, શુભઉપયોગ (છે), એ કંઈ સમ્યગ્દર્શન નથી. પણ એમાં ભેદરૂપ જે નવ તત્ત્વ છે.. એમાં અંતરઆત્મા (આદિ) બધું લેશે, હોં ! બધી ચીજો જેમ છે તેમ એની શ્રદ્ધામાં વ્યવહારમાં આવવી જોઈએ. સમજાણું કાંઈ ? એ માટે એનું સ્વરૂપ ત્રીજી ગાથામાં કહેશે, લ્યો..! (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

❊

### વ્યવહાર સમ્યક્ત્વ (સમ્યગ્દર્શન)નું સ્વરૂપ

**જીવ અજીવ તત્ત્વ અરુ આસ્રવ, બંધ રુ સંવર જાનો;**
**નિર્જર મોક્ષ કહે જિન તિનકો, જ્યોં કા ત્યોં સરધાનો.**
**હૈ સોઇ સમક્તિ વ્યવહારી, અબ ઇન રૂપ બખાનો;**
**તિનકો સુન સામાન્ય વિશેષૈં, દિઢ પ્રતીત ઉર આનો. ૩.**

અન્વયાર્થ :– (જિન) જિનેન્દ્રદેવે (જીવ) જીવ, (અજીવ) અજીવ, (આસ્રવ) આસ્રવ, (બંધ) બંધ, (સંવર) સંવર, (નિર્જર) નિર્જરા (અરુ) અને (મોક્ષ) મોક્ષ (તત્ત્વ) એ સાત તત્ત્વો (કહે) કહ્યાં છે; (તિનકો) તે બધાને (જ્યોં ત્યોં) જેમ કહ્યાં છે તેમ યથાર્થ (ત્યોં સરધાનો) શ્રદ્ધા કરો. (સોઇ) એવી રીતે શ્રદ્ધા કરવી તે (વ્યવહારી સમક્તિ) વ્યવહારથી સમ્યગ્દર્શન (હૈ) છે. (અબ) હવે (ઇન રૂપ) એ સાત તત્ત્વોનું (બખાનો) વર્ણન કરું છું. (તિનકો) તેને (સામાન્ય વિશેષૈં) સંક્ષેપથી અને વિસ્તારથી (સુન) સાંભળીને (ઉર) મનમાં-ચિત્તમાં (દિઢ) અટલ (પ્રતીત) શ્રદ્ધા (આનો) કરવી જોઇએ.

ભાવાર્થ :– ૧. નિશ્ચયસમ્યગ્દર્શન હોય ત્યારે તેની સાથે વ્યવહારસમ્યગ્દર્શન કેવું હોય તેનું અહીં વર્ણન છે. જેને નિશ્ચયસમ્યગ્દર્શન ન હોય તેને વ્યવહારસમ્યગ્દર્શન પણ હોઇ શકે નહિ, નિશ્ચય શ્રદ્ધાસહિત સાત તત્ત્વની વિકલ્પ-રાગ સહિતની શ્રદ્ધાને વ્યવહારસમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

૨. તત્ત્વાર્થ સૂત્રમાં 'तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शनम्' કહ્યું છે, તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. (જુઓ, મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૪૭૭, પુરુષાર્થસિદ્ધ્યુપાય ગા. ૨૨) અહીં જે સાત તત્ત્વની શ્રદ્ધા કહી છે તે ભેદરૂપ છે-રાગસહિત છે; તેથી તે વ્યવહારસમ્યગ્દર્શન છે. નિશ્ચયમોક્ષમાર્ગમાં કેવું નિમિત્ત હોય તે બતાવવા અહીં ત્રીજી ગાથા કહી છે. પણ તેનો એવો અર્થ નથી કે નિશ્ચયસમક્તિ વિના કોઇને પણ વ્યવહારસમક્તિ હોઇ શકે.

## વીર સંવત ૨૪૯૨, મહા સુદ ૧૧, મંગળવાર
## તા. ૧-૨-૧૯૬૬, ગાથા ૩, ૪ પ્રવચન નંબર–૧૪

'છ ઢાળા' ચાલે છે. આ એની ત્રીજી ઢાળ છે, એની ત્રીજી ગાથા. ત્રીજી ઢાળની ત્રીજી ગાથા છે. વ્યવહાર સમ્યક્ત્વ અથવા વ્યવહાર સમ્યગ્દર્શનનું સ્વરૂપ.

**જીવ અજીવ તત્ત્વ અરુ આસ્રવ, બંધ રુ સંવર જાનો;**
**નિર્જર મોક્ષ કહે જિન તિનકો, જ્યોં કા ત્યોં સરધાનો.**
**હૈ સોઇ સમક્તિ વ્યવહારી, અબ ઇન રૂપ બખાનો;**
**તિનકો સુન સામાન્ય વિશેષૈં, દિઢ પ્રતીત ઉર આનો. ૩.**

શું કહે છે ? બીજી ગાથામાં કહી ગયા છે. 'પરદ્રવ્યતૈં ભિન્ન આપમેં રુચિ, સમ્યક્ત્વ ભલા હૈ;' પહેલો આ આત્મા શરીર, કર્મથી અને પુણ્ય-પાપ આદિ રાગથી જુદું તત્ત્વ છે એમ અંતરમાં સમ્યગ્દર્શનમાં અંતર પ્રતીત કરવી એનું નામ નિશ્ચય–સાચું સમ્યગ્દર્શન છે. ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે. જેને આ ભાન નથી એને કોઈ જાતનો ધર્મ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ?

પરદ્રવ્યથી ભિન્ન આત્મરુચિ. આ શરીર, કર્મ, જડ આ બધું માટી–ધૂળ અજીવ, કર્મ પણ અજીવ એનાથી આત્મા જુદો (છે) અને અંદર પુણ્ય-પાપ, શુભ-અશુભ ભાવ થાય, દયા-દાનના કે કામ-ક્રોધના શુભાશુભ ભાવથી પણ આત્મા જુદો છે. એ જ્ઞાનાનંદ શુદ્ધ આત્મા પરમાનંદની મૂર્તિ આત્મા છે એની અંતરમાં સ્વભાવ સન્મુખની સમ્યક્શ્રદ્ધાની પ્રતીતિ (થાય) એનું નામ સાચું સમકિત (છે), એનું નામ ચોથા ગુણસ્થાનની ઉત્પત્તિ (છે). સમજાય છે કાંઈ ? એવું સાચું સમ્યગ્દર્શન અંદરથી ઉત્પન્ન થાય અને ઉત્પન્ન કરે એને જોડે વ્યવહાર સમકિત કેવું હોય એની આ વ્યાખ્યા ચાલે છે.

વ્યવહાર એટલે શુભભાવ. નિશ્ચય સમકિત એટલે શુદ્ધ પરિણતિરૂપ શ્રદ્ધા. આત્મા અખંડ જ્ઞાનાનંદ સ્વરૂપ (છે) એની શુદ્ધ ચૈતન્યની અંતર્મુખની રાગ વિના શુદ્ધ

સ્વભાવ(નો) અનુભવ થઈને પ્રતીતિ-શ્રદ્ધા (થવી), આત્મા આનંદમૂર્તિ જ્ઞાયક છું એવી અંતરમાં અનુભવમાં ભાનમાં પ્રતીતિ (થવી) એનું નામ સાચું સમ્યગ્દર્શન, એનું નામ સાચી શ્રદ્ધા, એનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન (છે). ત્યારથી ધર્મની શરૂઆત થાય છે. એવા સમ્યગ્દૃષ્ટિ ધર્મી ગૃહસ્થાશ્રમમાં હો કે મુનિ ત્યાગી હો, આવા સમ્યગ્દર્શન પછી એની સાથે વ્યવહાર સમ્યગ્દર્શનનો શુભરાગ, શુભઉપયોગ, એ જાતનો વ્યવહારુ જ્ઞાનનો ઉપયોગ (હોય) એને વ્યવહાર શ્રદ્ધા, પુણ્યબંધનું કારણ, એને વ્યવહાર સમકિત કહે છે. નિશ્ચય સમકિત એ સંવર અને નિર્જરાનું કારણ છે. સમજાણું કાંઈ ?

એ હવે અહીંયાં નવ તત્ત્વની વાત કરે છે. જેને આત્માની અંતર શુદ્ધ સ્વભાવનું ભાન થઈને સમ્યગ્દર્શન અંદર અનુભવમાં પ્રતીત થાય, આ આત્મા જ્ઞાનનો કંદ છે, પવિત્ર આનંદકંદ છે, જેવા પરમાત્મા થયા એવી દશા-બધી શક્તિઓ મારા આત્મામાં પડી છે, એવું આત્માનું અંતર્મુખમાં સ્વ શુદ્ધ સન્મુખની અંતર પ્રતીતિની સાથે જે વ્યવહાર નવ તત્ત્વની શ્રદ્ધાનો રાગ હોય એને વ્યવહાર સમ્યગ્દર્શન કહે છે. પણ આવું નિશ્ચય સમ્યગ્દર્શન હોય તો. કહો, ભાઈ ! એ કહે છે, જુઓ !

અન્વયાર્થ :- 'જિનેન્દ્રદેવે...' પહેલો શબ્દ છે. જિનેન્દ્રદેવ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકર ત્રિલોકનાથ ભગવાનને એક સમયમાં, સેકંડના અસંખ્ય ભાગમાં-એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન હતું. એ ભગવાને નવ તત્ત્વ જોયા. છ દ્રવ્યના પેટામાં નવ તત્ત્વ જોયા. એ નવ તત્ત્વ જિનેન્દ્રદેવે કહેલા એવા - આત્માના નિશ્ચય સાચા સમ્યગ્દર્શનની ભૂમિકામાં વીતરાગે કહેલા એવા - નવ તત્ત્વની એને શ્રદ્ધા હોય તો તે શુભભાવને વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. પુણ્યબંધનું કારણ (છે), નિશ્ચય સમ્યગ્દર્શન સંવર, નિર્જરાનું કારણ (છે).

એમાં જિનેન્દ્રદેવે 'જીવ,...' કહ્યા. ભગવાને જીવ કહ્યો. એ જીવના ત્રણ પ્રકાર આગળ પાડશે. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. એવું બહિરાત્માનું સ્વરૂપ- જે પુણ્ય-પાપ ને શરીરને આત્મા માને, એવા બહિરાત્માને એની વ્યવહાર શ્રદ્ધામાં એ રીતે માનવું જોઈએ. સમજાણું કાંઈ ? એ વ્યવહાર શ્રદ્ધા, હોં ! નિશ્ચય શ્રદ્ધામાં આત્મા અખંડ જ્ઞાયકમૂર્તિ (છે), એની અંતરમાં અનુભવમાં ભાનમાં પ્રતીતિ (થવી), સ્વભાવની શુદ્ધતાના શ્રદ્ધા-જ્ઞાન (થવા) એ શ્રદ્ધાનના નામ સંવર અને નિર્જરા છે.

એની સાથે જીવના પ્રકાર–બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા (પડે છે). એ ભગવાને કહેલા એવા બહિરાત્મા કે જે કોઈ શરીર, દેહની ક્રિયા કે અંતરમાં પુણ્યનો શુભભાવ એ મારા છે એમ માને છે, એ મૂઢ (છે). આગળ તત્ત્વમૂઢા કહેશે. એ તત્ત્વનો અજાણ મૂઢ જીવ છે એને સમ્યગ્દષ્ટિ જીવ શુભરાગમાં વ્યવહાર સમકિતમાં એને બહિરાત્મા તરીકે માને છે. સમજાણું કાંઈ ?

જે જીવ પરદ્રવ્યથી ભિન્ન આત્માની રુચિ (કરી), એવું સમ્યગ્દર્શનનું ભાન છે, પુણ્ય-પાપના શુભ-અશુભભાવ ઊઠે એ પણ બંધનું કારણ (છે), એ આત્મા નહિ. શરીર પર, જડની ક્રિયા પર છે. એવું શરીરથી ભિન્ન અને પરદ્રવ્યથી ભિન્ન આત્માનું જેને દર્શન થયું છે એવા સમ્યગ્દષ્ટિ અંતરાત્મા (છે), એના ભેદ લેશે. જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ. એ જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ અંતરાત્મા ચોથેથી બારમા ગુણસ્થાન સુધી એ રાગ અને પુણ્યથી ભિન્ન આત્માની અનુભવદૃષ્ટિ છે, એવા અંતરાત્માને અંતરાત્મા તરીકે વ્યવહાર સમકિતી માને. સમજાણું કાંઈ ? એ માનવું એ શુભભાવ છે.

આત્માની અંતર અનુભવ, પ્રતીતિ (થયા) એ નિશ્ચયભાવ, શુદ્ધભાવ છે. એવા શુદ્ધભાવની ભૂમિકામાં આવા અંતરાત્માને અંતરાત્મા તરીકે બરાબર માનવો. એ આત્માથી પરવસ્તુ છે ને ? એને અંતરાત્મા, બરાબર અંતરાત્મા છે, રાગરહિત આત્માને જાણનાર-માનનાર છે, એવા અંતરાત્માને અંતરાત્મા તરીકે માનવો એ વ્યવહાર સમકિતનું લક્ષણ છે. સમજાણું કાંઈ ?

પરમાત્મા અરિહંતદેવ સર્વજ્ઞદેવ શરીરસહિત ત્રિકાળ જ્ઞાન (સહિત બિરાજે છે). શરીરસહિત ત્રિકાળ જ્ઞાન અને સિદ્ધ ભગવાન શરીરરહિત ત્રિકાળ જ્ઞાન. સિદ્ધ ભગવાન. એવા પરમાત્માને ત્રિકાળ જ્ઞાન હોય છે અને ત્રિકાળ જ્ઞાની ત્રણકાળ ત્રણલોકના દ્રવ્ય-ગુણ-પર્યાય બરાબર જાણે (છે). એવી રીતે પરમાત્માના જ્ઞાનને, પરમાત્માને જે બરાબર માને એને વ્યવહાર સમકિતનો શુભભાવ કહેવામાં આવે છે. આરે.. આરે...! સમજાણું કે નહિ આમાં ?

એવા અનંત કેવળજ્ઞાન આદિ પર્યાય અને મહા સમકિત આદિની અનંતી પર્યાય, આવી શાંતિની પર્યાય એવી આખી પર્યાયનો પિંડ એવો આ આત્મા (છે). એવો આત્મા તદ્દન ધ્રુવ શુદ્ધ અખંડ જ્ઞાયક, જેમાં એવા અનંતા પરમાત્મા પડ્યા (છે), જેમાં

એવી અનંતી ચારિત્રની પર્યાય પડી છે, એ આત્માની રાગથી ભિન્ન કરીને અનુભવ, પ્રતીત (થાય) એને નિશ્ચય સમકિત કહ્યું. અને આવા પરમાત્મા જે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણે, કેવળીપ્રભુ; એવા કેવળજ્ઞાન વડે ત્રણકાળની પર્યાય જેમ (થાય તેમ જાણે), એ રીતે જે કેવળીને માને, એને નિશ્ચય સમ્યગ્દર્શન હોય તો એવા કેવળીને માનનારને વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. એ..ઇ...! ઘાંચીના બળદની જેમ ફરીને ફર્યા. (આ ભાઈ) કાલે આવ્યા ને ? એમ કહે, ફરી ફરીને પાછું જગ્યા તો એની એ નીકળી. આહા..હા..! જુઓને ! આ એક વ્યાખ્યા આણે કેટલી સરસ કરી છે ! સમજાણું કાંઈ ?

ભગવાનઆત્માને કેમ નિશ્ચય સમકિત કહ્યું ? કે, એમાં તો એવા અનંતા પરમાત્મા, અનંતા અનંતા અંતરાત્મા અને અનંતી યથાખ્યાત ચારિત્રની પર્યાયો અને અનંતી ક્ષાયિક સમકિતીની પર્યાયો એવી અનંતી અનંતી અંદર આત્મામાં પડી છે. એવો આખો એક આત્મા (છે). સમજાણું કાંઈ ? એવો એકરૂપ આત્મા, આખું તત્ત્વ ભગવાન નિર્વિકલ્પ આનંદસ્વરૂપ, એની અંતરમાં સ્વભાવ સન્મુખની પ્રતીતિમાં તો ઘણું આવી ગયું. એવો શુદ્ધ આત્મા, એની શ્રદ્ધા–સમ્યગ્દર્શન સ્વભાવ સન્મુખ થઈને (થાય) એ નિશ્ચય, એ સાચું (છે). એની સાથે આવા પરમાત્મા, અંતરાત્મા, બહિરાત્માને જેમ છે તેમ માનવા એનું નામ વ્યવહાર સમકિતનો શુભઉપયોગ, રાગ કહેવાય છે. આહા..હા...! સમજાણું કે નહિ ?

અજીવતત્ત્વ એ આગળ લેશે. ભગવાને આત્મા સિવાય પાંચ દ્રવ્ય અજીવ જોયા છે. આ આત્મા જીવ, એ સિવાય એક ધર્માસ્તિકાય છે, એક અધર્માસ્તિકાય છે, એક આકાશ છે, એક કાળ છે અને પુદ્ગલ પરમાણુ છે. એવા પાંચ અજીવને અજીવ તરીકે શ્રદ્ધે. ભાઈ ! આમાં તો ધ્યાન રાખે તો સમજાય એવું છે. નથી સમજાય એવું નથી. પણ વેપારમાંથી થોડી રુચિ ખસે તો આ સમજાય એવું છે. ઇ કાલે કહેતા હતા, બહુ ધ્યાન રાખવું (પડે છે), પકડાતું નથી. એને રુચિ છે, પ્રેમથી સાંભળે છે. ઇ તો એનો પરિચય કર્યો ત્યારે. સંસારની કેમ સરખી રુચિ લાગી ગઈ છે ?

જુઓ ! 'અજીવ,...' આ વ્યાખ્યા તો ઘણી (સહેલી છે). અજીવ એટલે પરમાણુઓ, અનંતા પુદ્ગલો છે, શરીર, કર્મ આદિ, એ બધા અનંતા પુદ્ગલો જે છે એના દ્રવ્ય,

ગુણ અને પર્યાય સ્વતંત્ર એ રીતે છે એ રીતે અજીવને માને. જેમ ભગવાને જોયું એવા અજીવને (એમ માને). સમજાણું કાંઈ ? ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ એ ચાર અરૂપી (દ્રવ્ય) છે. આ શરીર, વાણી બધું પુદ્ગલ (છે). એ અજીવને અજીવના દ્રવ્ય એટલે વસ્તુ, એના ગુણ એટલે શક્તિ અને પર્યાય એટલે વર્તમાન હાલત, એ બધું અજીવ છે. એને લઈને એનામાં એનું છે. એવા અજીવને અજીવ તરીકે પરમાણુથી માંડી સ્કંધ સુધી, કર્મથી માંડીને શરીરના બંધન સુધી, ક્રિયા સુધી જે અજીવતત્ત્વ છે એને એ રીતે અજીવને માને ત્યારે નિશ્ચય સમ્યગ્દર્શન સહિત અજીવતત્ત્વની શ્રદ્ધાને વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. ભાઈ ! આહા..હા...! હવે એ કોણ અજીવ અને શું અજીવની પર્યાય ? સર્વજ્ઞ શું અને સર્વજ્ઞની પર્યાય શું ? એ બધું તો વ્યવહાર સમકિતના વિષયમાં આવી જાય છે. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :–

ઉત્તર :– જાણ્યો નથી. એને વ્યવહાર પણ નથી. સ્વ આખું તત્ત્વ જ્ઞાનમૂર્તિ ને શુદ્ધ ચૈતન્યપ્રભુ આત્મા (છે), એની અંતરમાં સન્મુખની પ્રતીતના ભાન વિના, પર સન્મુખના વિષયનો વ્યવહાર એને યથાર્થ હોઈ શકે જ નહિ. શું કીધું સમજાણું આમાં ? સ્વવિષય આત્મા પૂર્ણાનંદ પ્રભુ, અનંત અનંત ગુણનો પિંડ આત્મા, એવો સ્વઆત્માનો અંતર વિષય, એને ધ્યેય બનાવીને અંદર અનુભવ થઈને પ્રતીત કરવી એનું નામ નિશ્ચય સ્વવિષયની પ્રતીત થઈ. ત્યારે એને હજી પરવિષયની પ્રતીત (થાય છે). પાંચ દ્રવ્યની (પ્રતીત) કરવી અથવા જીવના અંતરાત્મા, પરમાત્મા કે જે બીજા જીવો છે તેની તે પ્રકારે પ્રતીત કરવી ત્યારે બાહ્ય વિષયવાળી વ્યવહાર સમકિત–શ્રદ્ધા થાય છે. કહો, સમજાય છે કે નહિ આમાં ? અજીવતત્ત્વ. એ બધું વર્ણન આગળ કરશે, હોં ! એમાં આમ આવી જાય છે.

'આસ્રવ,...' તત્ત્વ. જુઓ, છે ને ? એ શુભાશુભ પરિણામ છે, શુભ-અશુભભાવ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ તે શુભ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ તે પાપ છે. એ બેય આસ્રવ એટલે મલિનભાવ છે. એ નવા કર્મના કારણ છે. એવા આસ્રવને આસ્રવ તરીકે માનવા. એ બધો ભેદ છે ને ? એને વ્યવહાર શ્રદ્ધાનો વિષય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? આ નવે ચીજ ભેદથી છે કે નહિ ? એકરૂપ

અખંડ જ્ઞાયકમૂર્તિ, અંતર સ્વવિષયની શ્રદ્ધા (થવી) એને નિશ્ચય સમ્યક્ત્વ (કહે છે). એને આવો વ્યવહાર હોય છે. સમજાણું કાંઈ ? (એ) આસ્રવ (થયો).

'બંધ,...' એ બંધન.. બંધન. કર્મનું બંધન છે ને ? બેય એકરૂપે છે. શુભ-અશુભ કાંઈ ભેદ નથી. બંધ છે. બંધને બંધ તરીકે બરાબર જાણવો જોઈએ. શુભ તે ઠીક, અશુભ (તે અઠીક) એ નહિ. બંધને બંધ તરીકે જાણવો. એ નિશ્ચય સમ્યગ્દર્શન સહિતનો નવ તત્ત્વના વિષયવાળો બંધનો ભાવ, તેને વ્યવહાર સમ્યગ્દર્શનનો વિષય કહેવાય છે. સમજાણું કાંઈ ?

'સંવર,...' આત્મામાં એ પુણ્ય-પાપના રાગથી અટકીને શુદ્ધ આત્મામાં સમ્યગ્દર્શન સહિત શુદ્ધતાની પર્યાયનું પ્રગટ થવું, એને સંવર કહે છે. એ સંવર તત્ત્વના ભેદને બરાબર માનવા, જાણવા એનું નામ હજી વ્યવહાર સમ્યગ્દર્શનનો વિષય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? એની પણ ખબર ન મળે અને આની પણ ખબર ન મળે ને ચાલો કરો ધર્મ ! ભાઈ ! કોને કહેવું સંવર ? સામાયિક ને પોષા કર્યા. શેના સામાયિક, પોષા પણ ? હજી સમ્યગ્દર્શન કોને કહે એની ખબર ન મળે અને સામાયિક ને પોષો આવ્યો ક્યાંથી ? સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે કે, સાચા સામાયિક અને પોષા કરનારા જીવોને એ રીતે માનવા એને વ્યવહાર સમકિતનો વિષય છે. આહા..હા...! અને ખોટા માનનારા હોય એને બહિરાત્મા તરીકે માનવા એ પણ વ્યવહાર સમકિતનો વિષય છે. ભાઈ ! વિષય શું હશે વળી પાછું ? એ વ્યવહાર સમકિતનું એ લક્ષ (છે). એનું લક્ષ બહાર (છે) અને નિશ્ચય સમકિતનું અંદર લક્ષ છે, અંદર. આ બહાર (લક્ષ છે). બેય(માં) ભેદ છે. અંતર્મુખની દૃષ્ટિ અને બહિર્મુખની દૃષ્ટિ આ વ્યવહાર હોય છે. સમજાણું કાંઈ ?

આ તો હજી વીતરાગમાર્ગની પહેલી ભૂમિકાની વાત ચાલે છે. જૈન પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકર, જેણે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક પરમેશ્વરે જોયા. એમણે કહેલા નવ તત્ત્વ. સમજાય છે ? અને એમણે જાણેલો, જોયેલો આ આત્મા. આ આત્મા, હોં ! એવો એને અંતરમાં પ્રતીતમાં, શ્રદ્ધા-જ્ઞાનમાં આવે ત્યારે એને સમ્યગ્દર્શન સાચું (કહેવાય). અને એની પર્યાયમાં શુભ વિકલ્પમાં નવ તત્ત્વ એટલે સંવરના સાધનારા જીવો સંવરરૂપે કેવા હોય એને સંવર એવું માનવું. સમજાય છે ?

અને પોતામાં પણ સંવરની પર્યાયના ભેદો, શુદ્ધતાના અંશો કેવા હોય એને એ રીતે માનવા એ વ્યવહાર સમ્યક્ત્વનો ભેદ છે. આહા..હા...!

મુમુક્ષુ :– ..

ઉત્તર :– પર્યાય છે ને ? ભેદ છે કે નહિ ? અભેદ તો અંતર એકરૂપ થઈ ગયું. કહો, સમજાણું કાંઈ ?

સંવર જાણવો. છે ને ? જુઓ ! એને બરાબર જાણવો, કહે છે. ત્યારે એને વ્યવહાર સમકિત કહેવાય, નિશ્ચય સમ્યગ્દર્શન હોય તો. નિશ્ચય વિના એકલો વ્યવહાર હોય તો એને વ્યવહાર કહેતા નથી. એકડા વિનાના મીંડાં (છે).

'નિર્જરા...' આત્મામાં શુદ્ધિની વૃદ્ધિ થવી, શુભ-અશુભ પરિણામ રહિત શુદ્ધ ચૈતન્યમૂર્તિના ભાનમાં નિર્જરા–શુદ્ધિની વૃદ્ધિ થવી (તે નિર્જરા તત્ત્વ છે). એવા બીજા જીવોની વૃદ્ધિ અને પોતાની (વૃદ્ધિ થવી). એવા નિર્જરાના તત્ત્વને તે રીતે ભેદથી બરાબર જાણવું, માનવું એનું નામ સમ્યક્ત્વ–વ્યવહાર સમકિત કહેવાય, જે પુણ્યબંધનું કારણ (છે). પોતાના સ્વભાવની અંતર શ્રદ્ધા અભેદથી થઈ એ સંવર, નિર્જરાનું સ્વરૂપ (છે), પણ એને ભેદ પાડીને, સંવર-નિર્જરાને ભેદથી શ્રદ્ધવા, અભેદને છોડીને ભેદથી શ્રદ્ધવા એને વ્યવહાર સમ્યગ્દર્શનનો વિષય કહે છે. સમજાણું કાંઈ ?

'મોક્ષ...' મોક્ષ. ભગવાન અરિહંતને સદેહે મુક્તિ થઈ. દેહસહિત ચાર કર્મનો નાશ થઈ અને કેવળજ્ઞાન પામ્યા છે. એ ભગવાન અત્યારે અરિહંત પદે બિરાજે છે. 'સીમંધર' ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં (છે). અને દેહરહિત ભગવાન મોક્ષ પધાર્યા એ સિદ્ધ. એ ચોવીશ તીર્થંકરો આદિ દેહરહિત થઈ ગયા, એ સિદ્ધમાં છે. અશરીરી છે. આને શરીર (છે). એવા ભગવાનને કેવળજ્ઞાન સહિત, કેવળજ્ઞાન સહિત અને ત્રણકાળ ત્રણલોકના જ્ઞાન (સહિત), સર્વથા મુક્ત છે, ચાર કર્મોથી (રહિત) છે એવા મોક્ષને મોક્ષ તરીકે શ્રદ્ધવું એને નિશ્ચય સમ્યગ્દર્શન સહિતનો, વ્યવહાર સમકિતનો વિષય વ્યવહાર સમકિત કહે છે. સમજાણું કાંઈ ? છે કે નહિ ચોપડી ? મહેમાનોને આપી છે કે નહિ ? રાખો તો ખરા. આ લાડવા કરતાં આ કાંઈક બીજી ચીજ છે. આ ભગવાન શું કહે છે ? ઘરમાં તો કોઈ દિ' નવરાશ પણ ન હોય. સમજાણું કાંઈ ?

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. તીર્થંકર કેવળી, એના મુખમાં આ વાત આવી છે. એ વાત સંતોએ ઝીલીને, જાણીને અનુભવી છે. એ અહીં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? આહા..હા...! 'કહે તિનકો...' જુઓ ! છેલ્લો શબ્દ આવ્યો ને ? એવા સાત (તત્ત્વને), એટલે આસ્રવમાં પુણ્ય-પાપ આવી ગયા. આસ્રવ છે ને, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભ પરિણામરૂપી પુણ્યઆસ્રવ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, રળવું, કમાવું, ક્રોધ, માન, માયા એ પાપઆસ્રવ છે. આસ્રવમાં એ બે ભાગ આવી ગયા. એમાં પુણ્યને પુણ્ય તરીકે અને પાપને પાપ તરીકે જે 'કહે જિન,' વીતરાગે કહ્યા. જૈન પરમેશ્વર ત્રિલોકનાથે કહ્યા. 'તિનકો જ્યોં કા ત્યોં સરધાનો.' છે ને ? 'તે બધાને (જ્યોં કા ત્યોં) જેમ કહ્યા છે તેમ...' જેમ કહ્યા છે તેમ, વજન ત્યાં છે.

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે (કહી) એ વાત અન્યમતમાં હોઈ શકે નહિ. પરમેશ્વર કેવળજ્ઞાની તીર્થંકરદેવના જ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોક જણાણા એમાં એમણે જે નવ તત્ત્વ જોયા એ રીતે જે માને. '(જ્યોં કા ત્યોં)' જ્યોં કા ત્યોં (એટલે) જેમ છે તેમ. જ્યોં કા એટલે જેમ છે, ત્યોં એટલે તેમ. 'યથાર્થ શ્રદ્ધા કરો.' સમજાણું કાંઈ ? ભાઈ ! આ બધા 'મુંબઈ'ના અહીં ત્રણ મોટા છે. અમારે મોટા પંડિત અને તમે બે નાના પંડિત. અત્યારે છે ને ? કહો, સમજાણું આમાં ? આહા..હા..!

'એવી રીતે શ્રદ્ધા કરવી તે વ્યવહારથી સમ્યગ્દર્શન છે.' છે અંદર ? વ્યવહારથી એટલે પરાશ્રિત શ્રદ્ધાનું નામ વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. એવા નવ તત્ત્વના ભેદરૂપ શ્રદ્ધા તે પરાશ્રિત શ્રદ્ધા છે. તેથી એને વ્યવહાર સમ્યગ્દર્શન, શુભ પરિણામ, શુભ વિકલ્પ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? કહો, ભાઈ ! હાથમાં (પુસ્તક) રાખ્યું છે કે નહિ ? એનો અર્થ પાછો સમજવો.

મુમુક્ષુ :– અગમનિગમની વાતો છે.

ઉત્તર :– લ્યો, અગમનિગમની, ઠીક ! આ અત્યાર સુધી મોટા ઢસરડા ખોટા ઢસડ્યા છે ને ? આ બીજી ચીજ છે, એમ કહે છે. આત્મા મજૂરી કરીને એમ ને એમ હેરાન થઈ ગયા.

કહે છે, 'હૈ સોઈ સમકિત વ્યવહારી,...' છે ને ? 'હવે (ઇન રૂપ) એ સાત તત્ત્વોનું...'

સામાન્ય-વિશેષે સંક્ષેપથી (કહું છું). સમજાણું ? સામાન્ય-વિશેષ (એટલે) કોઈ ટુંકામાં અને કોઈ થોડા વિશેષથી. 'વિસ્તારથી સાંભળીને...' સાંભળીને. એમ કહે છે, સાંભળો. 'સાંભળીને મનમાં–ચિત્તમાં અટલ (પ્રતીત) શ્રદ્ધા કરવી જોઈએ.' અટલ શ્રદ્ધા કરવી જોઈએ. વ્યવહાર શ્રદ્ધા પણ એવી અટલ, હોં ! ચળે નહિ એવી. એટલે કે ફેરફારવાળી નહિ. એમ. ટળે તો પછી ચાલ્યું જાય.

મુમુક્ષુ :– આ સાંભળ્યા વિના?

ઉત્તર :– એને ક્યાં ભાન છે ? ભાન થવાને કાળે એને સાંભળવું હોય છે, એમ કહે છે. સાંભળીને થાય એનો અર્થ એને સમજે ત્યારે એને સાંભળવું હોય છે. એમ છે. ભાઈ !

વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમેશ્વરે... આમ તો સવાર-સાંજ બોલે, કેવલિપણ્ણત્તો ધમ્મો શરણં. બોલે છે ને માંગલિકમાં ? ગડિયા બોલે ગડિયા. અર્થની કાંઈ ખબર ન મળે. અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં, કેવલિ પણ્ણત્તો ધમ્મો મંગલં. કોને કહેવું કેવળી ? ને કોને કહેવો પણ્ણત્તો ? અને કોને કહેવો ધર્મ ? ત્રણેના અર્થ જ (જુદા). નવરાશ ન મળે ને પણ. પાપ આડે આખી જિંદગી મજૂરી કરી કરીને મરી ગયો એમ ને એમ. ધર્મની ઓળખાણમાં પણ ધર્મને નામે મજૂરી કરી. આ ભાઈ કહે છે ને ? એ ડોસા તો વૃદ્ધ થઈ ગયા. ૮૪ વર્ષ (થયા છે). શેઠિયા ઘાંચીના (ઢોરની) જેમ અત્યાર સુધી આમ ને આમ ગયા. આંખેથી પાટા ખોલ્યા તો એની એ ઘાણી ને એનો એ ઘાંચી.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– આજે સવારમાં એણે પહેલું ઇ જ કીધું કે, અમે તો એને એ જગ્યાએ (છીએ) અમે કાંઈ આઘું ચાલ્યા નથી. કહો, સમજાણું કાંઈ ? લ્યો, ન્યાં સંઘના શેઠ છે, 'વડાલ'ના. 'વડાલ' ને? કરી કરીને આટલું કર્યું. આ કર્યું ને આ કર્યું, સામાયિક કરી ને પોષા કર્યા ને પડિકમણા કર્યા. શેની સામાયિક ? શેના પોષા ? શેના પડિકમણા ? હજી સામાયિક, પોષા કોને કહેવા એનું તો ભાન ન મળે. આત્મા શું છે ? શેમાં ઠરવું જોઈએ ? શેમાં ઠરવું જોઈએ, શેમાં લીન થવું ? એ ચીજ શું છે ? એ ચીજના ભાન વિના ઠરવું એવી સામાયિક આવી ક્યાંથી ?

મુમુક્ષુ :– હોય ને?

ઉત્તર :– હો, પણ ગોળ હોવો જોઈએ ને ? ગોળ હોય તો ? ગોળને નામે છાણા ખાય તો શું થાય ? એમ ભગવાનઆત્મા જે નિર્વિકલ્પ શ્રદ્ધામાં આ આત્મા પૂર્ણાનંદ એમ પ્રતીતમાં આવ્યા વિના આમાં ઠરવું, આમાં ઠર્યે મને શાંતિ મળે અને આમાં ઠર્યે મને મુક્તિ મળે, એ ચીજની પ્રતીત, ઓળખાણ વિના શેમાં ઠરે ઇ ? એ તો અનાદિથી પુણ્ય ને વિકલ્પમાં ઠરે છે. એમ ને એમ વિકલ્પ ઉઠાવે એમાં (ઠરે છે). એ તો સંસાર છે, આસ્રવ છે, બંધ છે. સમજાણું કાંઈ ?

'દૃઢ પ્રતીત ઉર આનો.' એની શ્રદ્ધા વ્યવહારથી બરાબર કરજે. હવે એનો અર્થ કરે છે, જુઓ ! આપણે ઉપર આવી ગયું છે. ભાવાર્થ :– '૧. નિશ્ચય સમ્યગ્દર્શન હોય ત્યારે તેની સાથે વ્યવહાર સમ્યગ્દર્શન કેવું હોય તેનું અહીં વર્ણન છે.' નિશ્ચય એટલે આત્મા શુદ્ધ પવિત્રની અંતર સમ્યક્ દૃષ્ટિ પ્રગટી હોય, એની સાથે વ્યવહારનો વિકલ્પ, શુભરાગ વ્યવહાર સમકિત કેવું હોય એનું આમાં વર્ણન છે.

'જેને નિશ્ચય સમ્યગ્દર્શન ન હોય...' ભગવાનઆત્મા પવિત્ર પુણ્ય-પાપના રાગ રહિત અખંડાનંદ જ્ઞાનાનંદ સ્વરૂપની અંતર ઓળખાણ, અનુભવ ને પ્રતીત નથી 'તેને વ્યવહાર સમ્યગ્દર્શન પણ હોઈ શકે નહિ.' 'પણ' એટલે નિશ્ચય તો નથી પણ વ્યવહાર પણ નથી. નિશ્ચય દર્શન વિના, આત્માના અંતર ભાન વિના એ વ્યવહારનો પરવિષયનો વિકલ્પ ઉપચારે પણ એને લાગુ પડતો નથી. સમજાણું કાંઈ ?

'નિશ્ચય શ્રદ્ધાસહિત...' જુઓ ! આત્મા એક નિર્વિકલ્પ વીતરાગ પિંડ પ્રભુ આત્મા છે એવી અંતર દૃષ્ટિ થયે 'સાત તત્ત્વની વિકલ્પ–રાગ સહિતની શ્રદ્ધા...' આ નવ કહો કે સાત કહો. આસ્રવના બે ભેદ. એની વિકલ્પ નામ ભેદવાળી શ્રદ્ધા, ભેદની શ્રદ્ધાને 'વ્યવહાર સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.' કહો, સમજાણું કાંઈ ? વ્યવહાર સમ્યગ્દર્શન એટલે સમ્યગ્દર્શન નહિ. પણ પેલો શુભ વિકલ્પ અને એ જાતનું વ્યવહારુ જ્ઞાન છે માટે વ્યવહાર સમ્યગ્દર્શન કહે છે. વ્યવહાર સમ્યગ્દર્શન એટલે સમ્યગ્દર્શન નહિ. નિશ્ચય એટલે યથાર્થ સમ્યગ્દર્શન. વ્યવહાર સમ્યગ્દર્શન (એ) સમ્યગ્દર્શન નહિ. પણ એને એ પ્રકારની શ્રદ્ધામાં, વ્યવહાર શ્રદ્ધાના ક્ષયોપશમના ભાવમાં અને વિકલ્પમાં એવી શ્રદ્ધા હોય છે એથી એને વ્યવહાર સમ્યગ્દર્શનનો આરોપ આપવામાં આવે

છે. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– વ્યવહાર સમ્યગ્દર્શન શ્રદ્ધાગુણનો પર્યાય નથી ?

ઉત્તર :– શ્રદ્ધાગુણનો પર્યાય નથી. ના, એ તો રાગ છે. શું કીધું આ ? 'વિકલ્પ–રાગસહિતની શ્રદ્ધા...' એ શ્રદ્ધાગુણની પર્યાય નથી. નિશ્ચય સમ્યગ્દર્શન એ આત્માના શ્રદ્ધાગુણની નિર્મળ પર્યાય છે. વ્યવહાર સમકિત તો રાગ છે, એ ક્યાં શ્રદ્ધાગુણની પર્યાય છે ? શ્રદ્ધાગુણની પર્યાય શું ? આ બધું કોઈ દિ' સાંભળ્યું ન હોય અને ગામડાવાળાને તો (એમ થાય) શું કહે છે આ ? ગામડાવાળા શું અને શહેર(વાળા પણ શું) ? તત્ત્વના ભાન વિના એમ ને એમ મજૂરી હાંકે રાખે. એક તો સંસારની મજૂરી કરે આખો દિ'.

મુમુક્ષુ :– ત્યાં તો લાભ થાય છે.

ઉત્તર :– શેનો ? ધૂળનો ? શેનો લાભ થાય છે ? પૈસા તો એના ઘરે રહ્યા. પૈસા ક્યાં એની પાસે ગરી ગયા છે ? લાભ એની પાસે મમતાનો થાય. ભાઈ ! પાંચ-દસ લાખ, વીસ લાખ પૈસા તો એની પાસે જડમાં રહી ગયા. આનો લાભ શો ? મને આવ્યા એવી મમતા એની પાસે આવી. એને શું લાભ થયો ?

મુમુક્ષુ :– અમારી કોઈ વાત તો રાખો ?

ઉત્તર :– એકેય વાત સાચી નથી, સાચી શેની રાખે ? એકેય વાત સાચી હોય તો સાચી રાખે ને ! કેમ હશે ? કહો, સમજાણું ? પૈસા.. પૈસા.. શું પૈસા ? બે કરોડ ને ત્રણ કરોડ ને ધૂળ કરોડ. એની પાસે શું આવ્યું હશે ? એ..ઇ...! તમારા ભત્રીજા પાસે શું આવ્યું હશે ? આ તો કહે છે, આકુળતા આવી. લ્યો ! (આપણે ત્યાં એક મુમુક્ષુ આવે છે ને ?) બાવીસ-બાવીસ માળના હજીરા કરે છે ને ? હજીરા એટલે ? મકાન.. મકાન. બાવીસ-બાવીસ માળના. ધૂળમાંય નથી ન્યાં હવે. એના કરતા તો આપણા આના મામાનો દીકરો મોટો. ચાલીસ કરોડ. 'ગોવા.. ગોવા'! 'પાણાસણા'ના ને ? શું કહેવાય ? 'પાણેસણા'. 'પાંદડા' નહિ. 'પાંદડા' તો અહીં એક ગામ છે. અમારે 'ઉમરાળા'થી 'ગારિયાધાર' જતા ત્યારે રસ્તામાં 'પાંદડા' આવતું. એ આવે છે, ખબર છે. આ તો નાની ઉંમરમાં ગયેલા ને ! દસ વર્ષ, બાર વર્ષની

ઉંમરે ‘ઉમરાળા’થી સાંજથી સવાર જતા. ‘પાણેસણા’ આના મામાના દીકરા, સગા મામાના દીકરા.

મુમુક્ષુ :– એટલું તો પુણ્ય છે ને !

ઉત્તર :– આકુળતાના ઢગલા છે. ધૂળમાંય ન્યાં પૈસા કામ કરતા નથી. રૂપિયા છે એ અજીવતત્ત્વ છે. એ મારા, એ માન્યું એ મિથ્યાત્વ તત્ત્વ છે અને એની આકુળતા એ આસ્રવતત્ત્વ છે. આહા..હા...! કહો, શું કહેવું છે ? પૈસા અજીવતત્ત્વ છે કે જીવ ? એ અજીવતત્ત્વ ભિન્ન છે. જીવ માને કે, મારા છે. એ એના નથી અને મારા માને તો ઇ મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :– અજીવ પણ જીવને ઉપયોગી છે ને ?

ઉત્તર :– ધૂળમાંય ઉપયોગી (નથી). શું કામ આવે છે ? જીવ એનું કામ કરી શકે છે ? એ આત્માને કામ આવે છે ? રાગ કરવામાં નિમિત્ત થાય છે. રાગ એટલે આકુળતા કરવામાં નિમિત્ત થયા. એ તો આકુળતા–દુઃખમાં નિમિત્ત થયા. આહા..હા..! ભગવાનના ગજ જુદી જાતના છે, ભાઈ ! તીર્થંકરો કેવળીઓના માપ–ગજ અજ્ઞાની કરતા જુદી જાતના (છે). એ દુનિયાની સાથે મેળ ખાય નહિ. એ પૈસા મારા એવી માન્યતા (મિથ્યાત્વ છે). એ પૈસા આત્માના છે ? જીવનું અજીવ કોઈ દિ' થાય ? જીવનું કોઈ દિ' અજીવ થાય ? એટલે કે અજીવ એનું થાય ? એમ. એ અજીવ મારા માન્યા એ તો મિથ્યાદૃષ્ટિ છે, મૂઢ છે. પરવસ્તુ મારી માને. અહીંયાં કીધું ને ? પરદ્રવ્યથી ભિન્ન પોતાની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે.

સમ્યગ્દૃષ્ટિ એક રજકણને પણ પોતાનો માનતો નથી. ભલે રાજપાટમાં દેખાય. મારું મારી પાસે. અનંત ગુણની શુદ્ધતા ભરી એ મારી ચીજ છે. પુણ્ય-પાપના ભાવ ઊઠે એ મારી ચીજ નહિ, તો આ વળી ધૂળ મારી ક્યાંથી આવી ? સમજાણું કાંઈ ? ‘પરદ્રવ્યતૈં ભિન્ન’, પહેલું આવી ગયું ને ? આ સાત તત્ત્વમાં પણ આવી ગયું. અજીવતત્ત્વ ન આવ્યું ? અજીવતત્ત્વ એના રજકણ, સ્કંધો (છે). એ વ્યવહાર શ્રદ્ધા થઈ. એનાથી રહિત એકલા આત્માની શ્રદ્ધા કરી ત્યારે આવી શ્રદ્ધાને વ્યવહાર કહે છે. આહા..હા..! બહુ સારું ગોઠવ્યું છે. ગાગરમાં સાગર ભરી દીધો છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના, ના. આ પહેલાનું છે. એ તો કો'ક શબ્દફેર છે. આમાં છે, જુઓ ! આ જૂનું છે, જૂનું. જૂનું છે એમાં છે, ક્યાં ગયું જૂનું ? લ્યો, આ. આ રહ્યું, આ જૂનું જુઓ. એમાં જ ઇ છે. સમજાણું ? એ તો એને આપણે સુધાર્યું છે. જુઓ ! અહીં લખ્યું છે. 'જિનેન્દ્ર ભગવાને જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ સાત તત્ત્વ કેવા છે તેનું જેમ છે તેમ અટલ શ્રદ્ધાન કરવું તે વ્યવહાર સમ્યગ્દર્શન કહેવાય છે. હવે પછી એ સાતે તત્ત્વોના સ્વરૂપનું સામાન્ય અને વિશેષરૂપે વર્ણન કરશે.' રૂપ છે ને અંદરમાં ? 'અબ ઇન રૂપ બખાનો.' એમ. એના ઉપર વજન છે. અહીં જુઓને. છે ત્રીજામાં ? 'અબ ઇન રૂપ બખાનો.' એ શબ્દ છે. એનું રૂપ એટલે સ્વરૂપ. એમ શબ્દ છે ને ત્રીજી લીટીમાં ? 'અબ ઇન રૂપ બખાનો.' એનું સાતનું સ્વરૂપ હવે કહેશું, એમ. સાત તત્ત્વ ભિન્ન ભિન્ન કેવા છે એને બરાબર શ્રદ્ધે. આત્મદર્શન સહિત હોય તો એને વ્યવહાર સમકિત કહેવાય. એના સ્વરૂપને હવે કહીશું. એ શબ્દ પાઠમાં જ છે. સમજાણું ?

આમાં પણ સાત તત્ત્વનું ચિત્ર લીધું છે, હોં ! જુઓ ! આ ચિત્ર છે, જુઓ ! આમ અંદર બરાબર શ્રદ્ધે છે. આમ આંખ રાખીને જોતો હોય નહિ ! ચિત્રમાં સાત તત્ત્વ જેવા છે એવા બાહ્ય જ્ઞાનથી, બહિર્લક્ષી જ્ઞાનથી એને બરાબર જોવે છે કે, આવા છે.




આપણે અહીંથી આ વધારે નાખ્યું છે. '૨. તત્ત્વાર્થ સૂત્રમાં 'तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शनम्' કહ્યું છે,...' 'કુંદકુંદાચાર્યદેવ'ના શિષ્ય 'ઉમાસ્વામી'એ એક 'તત્ત્વાર્થ સૂત્ર' બનાવ્યું છે. પરંપરા ભગવાનથી આવેલા તત્ત્વોને થોડા શબ્દોમાં સંકેલીને ટૂંકું બનાવ્યું

છે. એમાં આ 'तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शनम्' કહ્યું છે. 'તે નિશ્ચય સમ્યગ્દર્શન છે.' 'અહીં જે સાત તત્ત્વની શ્રદ્ધા કહી છે...' એ વ્યવહાર છે. કેમકે ભેદરૂપ છે અને તત્ત્વાર્થ શ્રદ્ધાન જે 'તત્ત્વાર્થ સૂત્ર'માં કહ્યું છે એ નિશ્ચય છે. નહિતર મેળ તો બેય છે, આ પણ તત્ત્વાર્થ છે અને આ પણ તત્ત્વાર્થ છે. સમજાણું કાંઈ ?

આ સાત તત્ત્વની શ્રદ્ધા એ વ્યવહાર છે અને 'ઉમાસ્વામી'એ તત્ત્વાર્થ શ્રદ્ધાન કહ્યું એ આત્માના જ્ઞાન, ભાન સહિતની આસ્રવ, બંધ, સંવરનો એમાં અભાવ છે એવી શ્રદ્ધા સહિત, એમાં અભેદ એક આત્માની શ્રદ્ધાની એ બધું એક વચનમાં સમાઈ જાય છે. સમજાય છે ? એ નિશ્ચય સમ્યગ્દર્શન છે. અને આ સાતને વ્યવહાર સમ્યગ્દર્શન કહે છે. તેથી અહીં જરી ખુલાસો કર્યો છે.

'જુઓ મોક્ષમાર્ગ પ્રકાશક, પૃષ્ઠ-૪૭૭...' એ હિન્દીની વાત છે. 'પુરુષાર્થસિદ્ધ ઉપાય ગાથા. ૨૨.' તત્ત્વાર્થ શ્રદ્ધાન નિજરૂપ છે, ઇ. સમજાણું ? છે એમાં ? આમાં છે ઇ. 'जीवाजीवादीनां तत्त्वार्थानां सदैव कर्त्तव्यम्।' એ 'પુરુષાર્થસિદ્ધ ઉપાય'ની ૨૨ મી (ગાથા). 'श्रद्धानं विपरीताभिनिवेशविविक्तमात्मरूपं तत्' (અર્થાત્) વિપરીત અભિનિવેશથી રહિત. વિપરીત ઊંધા અભિપ્રાયથી રહિત. 'જીવ, અજીવાદિ તત્ત્વાર્થોનું...' 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'ની ૨૨મી ગાથા છે ઇ બોલાય છે. (એ શ્રદ્ધાન) સદાકાળ કરવા યોગ્ય છે. 'તે શ્રદ્ધાન જ આત્માનું સ્વરૂપ છે.' સમજાણું ? 'आत्मरूपं'. કારણ કે દર્શનમોહરૂપ ઉપાધિ દૂર થતાં પ્રગટ થાય છે માટે આત્માનો સ્વભાવ છે. ચતુર્થ આદિ ગુણસ્થાનમાં પ્રગટ થાય છે. ચોથે ગુણસ્થાનથી આત્માનો અનુભવ, દૃષ્ટિ પ્રગટ થાય છે. પછી સિદ્ધ અવસ્થામાં પણ સદાકાળ તેને સદ્ભાવ રહે છે. તેથી કહ્યું કે, 'सदैव कर्त्तव्यम्'. સિદ્ધમાં પણ (રહે છે). એ 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'ની ૨૨મી ગાથા અને 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ૪૭૭ પાને હિન્દીમાં છે. શું કહ્યું આ ?

આ આત્માની સમ્યગ્દર્શન-નિશ્ચય શ્રદ્ધા તત્ત્વાર્થ શ્રદ્ધાન શાસ્ત્રમાં કીધું છે. એ તત્ત્વાર્થ શ્રદ્ધાન નિશ્ચય છે. આત્માની અભેદની શ્રદ્ધા સહિત. અને આ જે સાત તત્ત્વની શ્રદ્ધા (કહી છે) એ વ્યવહાર શ્રદ્ધાનો વિકલ્પ રાગ છે એને અહીંયાં તત્ત્વાર્થ શ્રદ્ધાન કહેવામાં આવે છે. 'અહીં જે સાત તત્ત્વની શ્રદ્ધા કહી છે તે ભેદરૂપ છે...' પહેલા (જે) તત્ત્વાર્થ (કહ્યું) એ અભેદ એકવચનરૂપ હતું. આ 'ભેદરૂપ છે-રાગસહિત છે;

તેથી તે વ્યવહારસમ્યગ્દર્શન છે.' વ્યવહાર નામ શુભરાગરૂપ, જે શ્રદ્ધાની પર્યાય નથી છતાં તેને સમ્યગ્દર્શનની પર્યાય કહેવી એનું નામ વ્યવહાર કહેવાય છે. પર્યાય શુંને આ બધી ભાષા કેવી ?

જૈનદર્શનના તો પહેલા એકડા છે. દ્રવ્ય કોને કહીએ ? કે, ત્રિકાળી વસ્તુને દ્રવ્ય કહીએ. એમાં શક્તિ અને ગુણ હોય એને ગુણ કહીએ. એની વર્તમાન હાલતને, દશાને પર્યાય કહીએ. એવા છ દ્રવ્ય ભગવાને જોયા (એ) દરેકમાં દ્રવ્ય, ગુણ અને પર્યાય હોય છે. એને એના દ્રવ્ય-ગુણ-પર્યાયથી એનું જેવું તત્ત્વ છે તે રીતે શ્રદ્ધવું એને વ્યવહાર સમ્યગ્દર્શનનો વિષય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

'નિશ્ચય સમ્યગ્દર્શનમાં કેવું નિમિત્ત હોય...' નિશ્ચય સમ્યગ્દર્શનમાં કે નિશ્ચય મોક્ષમાર્ગમાં, સમજ્યા ? નિશ્ચય સમ્યગ્દર્શન વખતે વ્યવહાર સમ્યગ્દર્શન કેવું હોય અથવા નિશ્ચય મોક્ષમાર્ગ – સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણની એકતામાં વ્યવહાર મોક્ષમાર્ગનું સમ્યગ્દર્શન કેવું હોય ? સમજાય છે ? 'ત્રીજી ગાથા કહી છે.' તે માટે આ ત્રીજી ગાથા સમ્યગ્દર્શનની છે. 'તેનો અર્થ એવો નથી કે નિશ્ચયસમકિત વિના કોઈને પણ વ્યવહારસમકિત હોઈ શકે.' આ સાતની શ્રદ્ધા હોય માટે વ્યવહાર સમકિત છે અને નિશ્ચય છે નહિ, એમ હોઈ શકે નહિ. એકડો હોય તો મીંડાને દસમાં ગણાય. એકડા વિનાના મીંડાને મીંડું ગણાય નહિ. ગણતરીમાં ન (આવે). એમ આત્માનો અંતર અનુભવમાં સમ્યક્ નિશ્ચય હોય તો એકડો (થયો). તો વ્યવહાર સમકિતના તત્ત્વાર્થ શ્રદ્ધાનને નિમિત્તરૂપે વ્યવહાર કહેવામાં આવે. છે તો એ મીંડું, હોં ! સમ્યગ્દર્શન નથી.

---

### જીવના ભેદ, બહિરાત્મા અને ઉત્તમ અંતરાત્માનું લક્ષણ

બહિરાતમ, અંતર-આતમ, પરમાતમ જીવ ત્રિધા હૈં;
દેહ-જીવકો એક ગિને બહિરાતમ તત્ત્વમુધા હૈં.
ઉત્તમ મધ્યમ જઘન ત્રિવિધકે અન્તર-આતમ જ્ઞાની;
દ્વિવિધ સંગ બિન શુધ-ઉપયોગી, મુનિ ઉત્તમ નિજધ્યાની. ૪.

અન્વયાર્થ :– (બહિરાતમ) બહિરાત્મા, (અન્તરઆતમ) અન્તરાત્મા [અને] (પરમાતમ) પરમાત્મા [એ પ્રકારે] (જીવ) જીવ (ત્રિધા) ત્રણ પ્રકારના (હૈ) છે, [તેમાં] (દેહ-જીવકો) શરીર અને આત્માને (એક ગિને) એક માને છે તે (બહિરાતમ) બહિરાત્મા છે [અને તે બહિરાત્મા] (તત્ત્વમુધા) સાચાં તત્ત્વોનો અજાણ અર્થાત્ મિથ્યાદૃષ્ટિ (હૈ) છે. (જ્ઞાની) આત્માને પરવસ્તુઓથી જુદો જાણી યથાર્થ નિશ્ચય કરવાવાળો (અન્તર-આતમ) અન્તરાત્મા [કહેવાય છે, તે] (ઉત્તમ) ઉત્તમ (મધ્યમ) મધ્યમ અને (જઘન) જઘન્ય એમ (ત્રિવિધકે) ત્રણ પ્રકારના છે, [તેમાં] (દ્વિવિધ) અંતરંગ અને બહિરંગ એ બે પ્રકારના (સંગવિન) પરિગ્રહ રહિત (શુધ-ઉપયોગી) શુદ્ધ-ઉપયોગી (નિજધ્યાની) આત્મધ્યાની (મુનિ) દિગમ્બર મુનિ (ઉત્તમ) ઉત્તમ અન્તરાત્મા છે.

ભાવાર્થ :– જીવ (આત્મા) ત્રણ પ્રકારના છે - (૧) બહિરાત્મા, (૨) અન્તરાત્મા, (૩) પરમાત્મા. તેમાં શરીરને અને આત્માને એક માને તેને બહિરાત્મા કહે છે, તેને અવિવેકી અથવા મિથ્યાદૃષ્ટિ પણ કહે છે. જે શરીર અને આત્માને પોતાના ભેદવિજ્ઞાનથી જુદા જુદા માને છે તે અંતરાત્મા અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ છે. અંતરાત્માના ત્રણ ભેદ છેઃ ઉત્તમ-મધ્યમ-જઘન્ય. તેમાં અતરંગ અને બહિરંગ એ બન્ને પ્રકારના પરિગ્રહથી રહિત સાતમાથી બારમા ગુણસ્થાનમાં વર્તતા શુદ્ધ-ઉપયોગી અને આત્મધ્યાની દિગમ્બર મુનિ ઉત્તમ અંતરાત્મા છે.

---

હવે 'જીવના ભેદ, બહિરાત્મા અને ઉત્તમ અંતરાત્માનું લક્ષણ.' લ્યો ! આ એને વ્યવહાર સમ્યગ્દર્શનમાં શ્રદ્ધવું જોઈએ, ઓળખાણ કરીને બરાબર માનવું જોઈએ.

બહિરાતમ, અંતર-આતમ, પરમાતમ જીવ ત્રિધા હૈં;
દેહ-જીવકો એક ગિને બહિરાતમ તત્ત્વમુધા હૈં.
ઉત્તમ મધ્યમ જઘન ત્રિવિધકે અન્તર-આતમ જ્ઞાની;
દ્વિવિધ સંગ બિન શુધ-ઉપયોગી, મુનિ ઉત્તમ નિજધ્યાની. ૪.

શું કહે છે ? ભગવાનઆત્મા, જેણે સમ્યગ્દર્શનમાં આખો આત્મા પૂર્ણાનંદને

ઝીલ્યો. હું પરમસ્વરૂપે પરમાત્મસ્વરૂપે, હું પરમ સ્વરૂપે પૂર્ણાનંદ છું. એમ જેણે સમ્યક્શ્રદ્ધા–દર્શનમાં ઝીલીને પ્રતીત કરી એને વ્યવહાર શ્રદ્ધામાં જીવના ભેદો જેવા છે (તેમ શ્રદ્ધ્યા). અહીં પેલા બીજા ભેદો ન ગણ્યા, ભાઈ ! ફક્ત અહીં બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા ગણ્યા, જુઓ ! મુદ્દાની રકમ ગણી. નહિતર તો જીવના બીજા ભેદો ઘણા છે. સ્થાવર ન ત્રસ ને ફલાણું.. ફલાણું. પણ આ તો કહે છે, ઇ પ્રયોજનભૂત નથી. અહીં પ્રયોજનભૂતની વાત લેવી છે, ભાઈ ! સાત તત્ત્વોમાં પ્રયોજનભૂતની વાત અહીંયાં લેવી છે. વ્યવહાર પણ એનો પ્રયોજનભૂત વ્યવહાર. સમજાણું કાંઈ ? હેં ?

મુમુક્ષુ :– ... કામ નથી ?

ઉત્તર :– એનું અહીં કામ નથી.

કહે છે, પોતાના આત્માની શુદ્ધ સ્વભાવ સન્મુખની અંતર પ્રતીતિ, નિશ્ચય શ્રદ્ધા થઈ ત્યારે એને જીવના ભેદોની આવી શ્રદ્ધાનો શુભરાગ હોય છે. તે જાતનો જ્ઞાનનો ક્ષયોપશમ હોય છે, એવો એક પર સન્મુખનો વિકલ્પ હોય છે.

'બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા (એ પ્રકારે) જીવ ત્રણ પ્રકારના છે,...' એમ એ માને. હવે ત્રણ કેવો હોય એ માને ? '(દેહ–જીવકો) શરીર અને આત્માને (એક ગિને)...' શરીરની ક્રિયા થાય એ આત્મા કરે છે અથવા શરીર છે તો આત્મા છે, શરીર છે તો આત્મા છે એમ શરીરને જ આત્મા માને. આ વાણી છે તો આત્મા છે, એમ વાણીને આત્મા માને. બધા જડને (આત્મા માને). કર્મ છે તો આત્મા છે, એ જડને આત્મા માને. બહિર–જીવ સ્વભાવ સિવાય બહિર્ભાવ પુણ્ય-પાપ, શરીર, કર્મ બધો બહિર્ભાવ છે. સમજાણું કાંઈ ? એ એનો અંતર્ભાવ નથી. જીવનો અંતર્ભાવ તો જ્ઞાનાનંદ શુદ્ધ સ્વભાવ છે. બહિર્ભાવ પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના શુભ પરિણામ કે હિંસા, જૂઠના અશુભ (પરિણામ) કે કર્મ, શરીર અજીવ એ બધો બહિર્ભાવ છે. એ બહિર્ભાવને પોતાના માને, એ મારા જીવના છે એમ માને એને બહિરાત્મ જીવ મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે. એટલે શું કહ્યું ? સમ્યગ્દૃષ્ટિને બીજા જીવો શરીર ને કર્મ મારા, પુણ્ય-પાપ મારા એમ માનનારા હોય એને વ્યવહાર સમકિતના વિષયમાં એ બહિરાત્મા છે એમ એણે માનવું જોઈએ. સમજાણું કાંઈ ? હેં ?

મુમુક્ષુ :– બહુ ચોખવટ થઈ ગઈ.

ઉત્તર :– બહુ ચોખવટ થઈ ગઈ, કહે છે. એની માટે તો આ બધું માંડ્યું છે. (બધા લેવાનું) કહેતા હતા એટલે પછી એક ફેરી લેવું હતું. લઈએ, ચાલો ! નવું નવું કાંઈક લેવું ને ! કહો, સમજાય છે કે નહિ ? આ વાંચ્યું હતું ? પહેલા આખું વાંચ્યું હતું ? આ વાંચ્યું હતું કે નહિ ? ઘરે નથી ? છે તો ખરું, કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :– હળવે હળવે....

ઉત્તર :– આ હળવે હળવે તો ચાલે છે. જુઓને!

બહિરાત્મા–બહિર્ આત્મા. એમ શબ્દ પડ્યો છે. જીવના ત્રણ પ્રકારમાં પ્રયોજનભૂત તત્ત્વના પ્રકારમાં એક બહિરાત્મા (છે). આત્મા તો ખરો, પણ એ આત્મા પુણ્ય ને પાપના પરિણામને, વિકારને પોતાના માને (છે), એનાથી પોતાને લાભ માને., દેહની ક્રિયાને, બહારના પૈસા–ધનથી પોતાને લાભ માને એવા જીવને બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ તત્ત્વમૂઢા એટલે તત્ત્વનો મૂઢ જીવ છે એને બહિરાત્મા જાણવો જોઈએ. સમ્યગ્દૃષ્ટિએ વ્યવહાર સમકિતમાં, વ્યવહારુ જ્ઞાનમાં એને બહિરાત્મા તરીકે માનવો જોઈએ. કહો, આ કોઈ કહે છે, આપણે પરનું શું કામ ? ભાઈ ! અહીં પરની વાત નથી. એ..ઇ..! બીજાઓ આત્માના ત્રણ પ્રકારમાં શેમાં છે એવી માન્યતા વ્યવહાર સમકિતના વિષયમાં આવે છે. ભાઈ ! જુઓને! કેવું ગોઠવ્યું છે !

શરીર અને આત્મા એક માનનારા એટલે કે શરીર, એની ક્રિયા, આ શરીરની ક્રિયા, આ વાણીની ક્રિયા એ આત્માની છે, આત્મા છે તો શરીર ચાલે છે, આત્મા છે તો વાણી બોલાય છે એમ માનનારા એ જડને જ આત્મા માને છે, દેહને જ આત્મા માને છે. જે બહિર્મુખ વિકાર છે એને જ આત્મસ્વભાવ માને છે. આત્મ-ભાવ. દેહને આત્મા માને અને પુણ્ય-પાપને આત્મભાવ માને. એટલે આત્માને - આત્મભાવને પરથી પોતાને માને છે. સમજાણું કાંઈ ? એવા જીવોને ભગવાને મિથ્યાદૃષ્ટિ કહ્યા છે. એ જૈનમાં હોય કે અન્યમાં હો. વાડાની સાથે અહીંયાં સંબંધ નથી. ભાઈ ! આ ક્યાં વાડાની વાત છે ? આ તો ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ(નું કહેલું છે). માટે ન કહ્યું ? 'કહે જિન તિનકો,' ભગવાને આવા કહ્યા છે. એવા જીવ

ભગવાને બહિરાત્મામાં કહ્યા છે.

જે જીવ શરીરની ક્રિયા મારાથી થાય, શરીરનો આત્મા, શરીર છે તો હું છું, શરીર સાધન હોય તો ધર્મ થાય, શરીર નિરોગ હોય તો લાભ થાય, શરીર રોગવાળું હોય તો આત્માને નુકસાન થાય એમ માનનારા બધા શરીરને જ આત્મા માનનારા છે. ભાઈ ! શરીર સારું હોય તો પરની દયા પળાય, લ્યો ! ધૂળેય નહિ, સાંભળને હવે. શરીર તો માટી જડ છે, આ તો ધૂળ છે, અજીવ છે. આ અજીવતત્ત્વ છે. અજીવના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે અજીવ છે. દ્રવ્ય એટલે રજકણ, ગુણ એટલે એના રંગ, ગંધ, રસ, સ્પર્શ અને અવસ્થા (એટલે) આ અવસ્થા દેખાય ઇ. ત્રણે અજીવ છે. એ અજીવની કોઈપણ શકિત ને પર્યાય મારી છે અથવા મારાથી થાય છે અથવા મારા અસ્તિત્વને આ છે અથવા એના અસ્તિત્વને લઈને હું છું, (એમ માનનારા બહિરાત્મા છે). 'તન ઉપજત' એકમાં આવ્યું છે ને ? ભાઈ ! દેહ ઉપજ્યો એટલે હું ઉપજ્યો, દેહ મરી ગયો તો હું મરી ગયો. એવા દેહના, અજીવના તત્ત્વને જીવ માનનારા બહિરાત્મ જીવ છે, મિથ્યાદષ્ટિ છે. એમ સમ્યગ્દષ્ટિ જીવે વ્યવહાર સમકિતમાં આવા બહિરાત્માને બહિરાત્મ તરીકે શ્રદ્ધવો જોઈએ. આહા..હા..!

મુમુક્ષુ :– ..

ઉત્તર :– તમે કે દિ' વાંચ્યું છે ? હમણાં જ હજી થોડા નવરા થયા. થોડા કીધું. હજી તો આને મદદ કરવી, ઓલાને કરવી (કહે છે). ભાઈઓને મદદ કરવી, પેલા કરવી, હોંશિયાર માણસ હોય તો કામમાં જ્યાં-ત્યાં દોરી જવા. 'પોરબંદર'માં પહોંચી જાય કે નહિ ? કાકા ચાલો, પાંજરાપોળમાં ! એ પાંજરાપોળના અધિપતિ કહેવાય. આ તો ગયા કાળની અપેક્ષાએ વાત છે. આહા..હા..!

એ બહિરાત્મા કેવા છે ? કે, '(તત્ત્વમૂધા) સાચાં તત્ત્વોનો અજાણ અર્થાત્ મિથ્યાદષ્ટિ છે.' મૂઢા નામ મૂરખ છે. એ તત્ત્વનો મૂરખ છે. જીવને જીવ નથી માનતો, પુણ્ય-પાપના પુણ્ય-પાપને આસ્રવ નથી માનતો, શરીરને અજીવ નથી માનતો. એ બધા તત્ત્વમાં મૂરખ છે. એવા તત્ત્વમાં મૂરખ જીવને બહિરાત્મા તરીકે સમકિતી વ્યવહાર સમકિતમાં એને માને છે. કહો, સમજાણું કાંઈ ?

હવે આત્મજ્ઞાની છે ને ? છેલ્લો શબ્દ છે ને ? 'ઉત્તમ મધ્યમ જઘન ત્રિવિધકે

અન્તર-આતમ જ્ઞાની;' ત્યાંથી ઉપાડ્યું છે. આત્મજ્ઞાની જીવ એટલે 'આત્માને પરવસ્તુઓથી જુદો જાણી યથાર્થ નિશ્ચય કરવાવાળો...' એટલે પહેલું આવ્યું હતું, ઇ. પરદ્રવ્યથી ભિન્ન આત્મરુચિ ભલી છે. આવ્યું હતું ને ? આત્માનું જ્ઞાન છે કે, શરીર, વાણી હું નહિ, પુણ્ય-પાપનો રાગ થાય એ પણ હું નહિ, એ તો વિકાર છે. આત્માનું જ્ઞાન–આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ (છે) એનું ભાન (છે) એવા આત્મજ્ઞાની. પરથી જુદો જાણીને 'નિશ્ચય કરવાવાળો અંતરાત્મા...' એ અંતરાત્મા કહેવાય, જુઓ ! અંતર સ્વરૂપ જેવું અંદર છે એને માનનારો તે અંતરાત્મા. પુણ્ય-પાપ, વિકાર, શરીર આદિ બહિર્ છે એને આત્મા માનનારો બહિરાત્મા (છે). સમ્યગ્દષ્ટિએ એવાને બહિરાત્મા તરીકે જાણવો. અને પુણ્ય-પાપ, દેહરહિત આત્મા છે (એમ માનનારો) આત્મજ્ઞાની (છે). એ આત્મજ્ઞાની જીવે વ્યવહાર શ્રદ્ધામાં એને આત્મજ્ઞાની તરીકે, અંતરાત્મા તરીકે માનવો. સમજાણું કાંઈ ? પરને માટે અહીં વાત નથી. એની પોતાની આત્માની ઓળખાણમાં આવી ચીજ વ્યવહારમાં આવે છે. સમજાણું કાંઈ ? કોઈ કહે કે, અમારે પરનું શું કામ ? પરની વાત ક્યાં છે અહીંયાં ? પોતાના નિશ્ચય શ્રદ્ધામાં વ્યવહાર શ્રદ્ધાના ભાવમાં જે આત્માની દશા છે એની વિપરીત ન મનાઈ જાય, છે તેવી માનવી એને માટે વ્યવહાર સમકિત કહેવામાં આવ્યું છે. પોતા માટે છે, પરને માટે અહીં ક્યાં વાત છે ? સમજાણું કાંઈ ?

એ અંતરાત્મા આત્મજ્ઞાનીના ત્રણ પ્રકાર છે. 'ઉત્તમ, મધ્યમ અને જઘન્ય એમ ત્રણ પ્રકારના છે.' એ ત્રણ પ્રકારમાં 'અંતરંગ અને બહિરંગ એ બે પ્રકારના પરિગ્રહ રહિત (શુદ્ધ ઉપયોગી) શુદ્ધ-ઉપયોગી (નિજધ્યાની) આત્મધ્યાની (મુનિ) દિગંબર મુનિ ઉત્તમ અંતરાત્મા છે.' એમ સમ્યગ્દષ્ટિએ વ્યવહાર સમકિતમાં આવા મુનિને ઉત્તમ આત્મા–અંતરાત્મા માનવો. કેવો ? એને બાહ્ય અને અંતરંગ પરિગ્રહનો ત્યાગ હોય. બહારમાં એક વસ્ત્રનો તાણો ન હોય. અંતર ત્રણ કષાયનો અભાવ હોય, એવા સંગ વિનાનો. અંતર રાગનો સંગ નહિ, બહારમાં પરિગ્રહનો, વસ્ત્ર-પાત્રનો સંગ નહિ. પરિગ્રહ એક શુદ્ધઉપયોગી, શુદ્ધ પરિણામી, શુદ્ધ ઉપયોગવાળો. એ શુદ્ધઉપયોગને શુદ્ધ પરિણામ પણ કહ્યા છે, ભાઈ ! એ બપોરે કહીશું. આમાં ગાથા આવે છે ને ? એમાં શુદ્ધઉપયોગ ને શુદ્ધ પરિણામ છેલ્લે લઈ લીધું છે. શુદ્ધ પરિણામ, એ તો શુદ્ધ

પરિણામ જ છે. સમજાણું કાંઈ ?

શુદ્ધઉપયોગી નામ જેના શુદ્ધ પરિણામ છે. પુણ્ય-પાપ વિનાના શુદ્ધ પરિણામ ને શુદ્ધ ઉપયોગ છે. બાહ્ય ત્યાગ છે, અભ્યંતર રાગનો ત્યાગ છે. અંદર આત્માના વેપારમાં પેલો ત્યાગ કહ્યો. હવે અહીં અસ્તિથી શું છે ? કે, આત્મા શુદ્ધ સ્વભાવની રમણતાવાળો જીવ છે તે નિજધ્યાની–આત્માના ધ્યાનમાં આત્માને ધ્યેયમાં લઈને ધ્યાન કરે છે. વિકલ્પ આદિનું નહિ, પરનું નહિ. એવા આત્મધ્યાની મુનિ - દિગંબર મુનિ હોય છે. બાહ્યમાં દિગંબર હોય, અભ્યંતરમાં ત્રણ કષાયનો અભાવ હોય. એવા આત્માને ઉત્તમ અંતરાત્મા સમ્યગ્દષ્ટિ જીવે નિશ્ચય સમ્યગ્દર્શનની ભૂમિકામાં વ્યવહાર સમકિતના વિષયમાં આવાને ઉત્તમ અંતરાત્મા ઓળખીને માનવો જોઈએ. સમજાણું કાંઈ ? એ વ્યવહાર સમ્યગ્દર્શનના વિષયમાં એક અંતરાત્મા કહ્યો. વિશેષની વ્યાખ્યા કરશે..

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ !)

## વીર સંવત ૨૪૯૨, મહા સુદ ૧૨, બુધવાર
## તા. ૨-૨-૧૯૬૬, ગાથા ૪, ૫. પ્રવચન નંબર–૧૫

'દૌલતરામજી' કૃત ('છ ઢાળા'ની ત્રીજી ઢાળની) ચોથી ગાથાનો ભાવાર્થ છે. અધિકાર શું ચાલે છે ? કે, આ આત્મા શરીર અને પુણ્ય-પાપના રાગથી ભિન્ન (છે), એવા આત્માની શ્રદ્ધા–નિશ્ચય સમ્યગ્દર્શન થાય એને આ વ્યવહાર સમ્યગ્દર્શનનો નવ તત્ત્વના ભેદવાળો વિષય એને શ્રદ્ધામાં હોય છે. પુણ્ય-પાપના શુભ-અશુભભાવથી અને કર્મ, શરીરથી રહિત નિશ્ચય આત્માનું ભાન થાય. પરદ્રવ્યથી ભિન્ન એમાં એ બધું આવી ગયું. આત્મા શુદ્ધ નિર્વિકલ્પ આનંદની અંતર દૃષ્ટિ અનુભવની થાય એને નિશ્ચય સમ્યગ્દર્શન–સાચું સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એને આ સાત તત્ત્વના ભેદવાળી શ્રદ્ધા (હોય છે) એને વ્યવહાર સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આ વ્યવહાર સમ્યગ્દર્શનની વ્યાખ્યા ચાલે છે.

ભાવાર્થ :– 'જીવ (આત્મા) ત્રણ પ્રકારના છે. (૧) બહિરાત્મા, (૨) અંતરાત્મા, (૩) પરમાત્મા.' આ વ્યવહાર સમકિતના વિષયની વાત ચાલે છે. વ્યવહાર સમકિતમાં બહિરાત્મા કેવો હોય એને બરાબર જાણવો જોઈએ. શરીર અને રાગને પોતાનું સ્વરૂપ માને તે બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે, તેને તે રીતે જાણવો જોઈએ. પછી આગળ કહેશે, એવું બહિરાત્મ સ્વરૂપ જાણી, અને જાણીને હેય કરવું જોઈએ. સમજાય છે કાંઈ ? જે કોઈ શરીરની ક્રિયાને આત્મા માને, રાગ દયા, દાન, વ્રતાદિના શુભાશુભભાવને આત્મા માને એણે જડને, વિકારીને જ આત્મા માન્યો છે. એ બહિરાત્મબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ છે. એ મિથ્યાદૃષ્ટિના ભાવને જાણીને તજવા. એમ આગળ આવશે. એને જાણીને બહિરાત્મભાવ છોડવો.

અંતરાત્મા અને પરમાત્મા. જેમ આ શરીર અને આત્માને એક માને તે બહિરાત્મા (છે). 'તેને અવિવેકી અથવા મિથ્યાદૃષ્ટિ પણ કહે છે.' તત્ત્વમૂઢ કહ્યું હતું ને ? જેને આત્મા આનંદ સ્વરૂપ જ્ઞાન (છે), રાગાદિ દુઃખરૂપ, શરીરાદિ પરરૂપ (છે) એવું જેને

અંતરમાં ભાન નથી અને પરને પોતાનું સ્વરૂપ માને છે તેને બહિરાત્મા કહે છે.

'શરીર અને આત્માને પોતાના ભેદવિજ્ઞાનથી જુદા જુદા માને...' પોતાનો આત્મસ્વભઆવ શુદ્ધ પરમ આનંદ છે, પુણ્ય-પાપના ભાવ વિકાર છે, કર્મ, શરીર એ અજીવ જડ છે. એમ જડથી, વિકારથી આત્માને જુદો અનુભવે, જુદા જાણે એને અંતરાત્મા સમ્યગ્દષ્ટિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? એ 'અંતરાત્માના ત્રણ ભેદ છે;...' એ અંતરાત્માના ત્રણ પ્રકાર છે. 'ઉત્તમ-મધ્યમ-જઘન્ય. તેમાં અંતરંગ અને બહિરંગ એ બન્ને પ્રકારના પરિગ્રહ રહિત...' તદ્દન દિગંબર હોય. જેને બાહ્ય વસ્ત્રાદિનો કંઈપણ પરિગ્રહ ન હોય, અભ્યંતર પરિગ્રહ પણ હોય નહિ. અહીં સાતમા ગુણસ્થાનથી વાત છે. શુદ્ધઉપયોગ લીધા છે ને ?

મુનિ સાતમે ગુણસ્થાને છે એને અહીંયાં ઉત્તમ અંતરાત્મામાં ગણવામાં આવ્યા છે. સમજાણું કાંઈ ? અને જે મુનિ છઠ્ઠે ગુણસ્થાને આત્મધ્યાની-જ્ઞાની હોય પણ હજી શુભઉપયોગવાળો હોય, એને મધ્યમ અંતરાત્મા કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ ? એમ નિશ્ચય સમ્યગ્દષ્ટિએ વ્યવહાર સમ્યગ્દર્શનમાં આવા તત્ત્વોને બરાબર જાણવા જોઈએ. સમજાણું કાંઈ ? હેં ?

મુમુક્ષુ :– વ્યવહાર તત્ત્વો એકલા જાણવા ...?

ઉત્તર :– એકલો વ્યવહાર મીડાં કહેવાય. નિશ્ચય આત્મા અંતરાત્મા શુદ્ધ સ્વરૂપ નિર્વિકલ્પ રાગ વિના, એના અંતર નિશ્ચય સમ્યગ્દર્શન વિના એને વ્યવહાર સમ્યગ્દર્શન હોઈ શકે નહિ. (એમ કહે છે કે), વ્યવહાર સમ્યગ્દષ્ટિને જઘન્ય કહેવાય કે નહિ ?

આત્મા અંતર નિરાકુળ આનંદસ્વરૂપની સત્તાનો સ્વભાવ એટલે કે કર્મ, શરીર તે અજીવ છે તેનાથી જુદો અને પુણ્ય-પાપના ભાવ આસ્રવભાવ છે એનાથી સ્વભાવ જુદો (છે). અજીવથી જીવતત્ત્વ જુદું અને વિકારીભાવથી એનો શુદ્ધ સ્વભાવ જુદો (છે). એમ અંતરાત્મામાં અંતર દૃષ્ટિ, નિર્વિકલ્પ અનુભવજ્ઞાનમાં થયા વિના એને નિશ્ચય સમ્યગ્દર્શન, સાચું સમ્યગ્દર્શન હોય નહિ. સમજાણું કાંઈ ? અને સાચા સમ્યગ્દર્શન વિના એને વ્યવહાર સમ્યગ્દર્શન હોઈ શકે નહિ. સાચામાં (–નિશ્ચય સમ્યગ્દર્શન સહિત) વ્યવહાર સમ્યગ્દર્શનવાળો અંતરાત્માને (અર્થાત્) બાહ્ય(અંતર) પરિગ્રહ રહિત શુદ્ધઉપયોગી જીવ છે એને ઉત્તમ અંતરાત્મા (માને છે). વ્યવહાર સમકિતી નિશ્ચય સમ્યગ્દષ્ટિ સહિત

આવાને-શુદ્ધઉપયોગી જીવને ઉત્તમ અંતરાત્મા માને છે. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોને ? વ્યવહાર હોય નહિ પછી પ્રશ્ન ક્યાં ? જઘન્ય, મધ્યમ વ્યવહારની વાત જ નથી.

અહીં તો આત્માના શુદ્ધ ભાનપૂર્વકના ત્રણ પ્રકાર છે. વ્યવહાર સમકિતવાળો એમ માને. વ્યવહાર સમકિત (સહિત) નિશ્ચય સમકિત તો છે. વ્યવહારમાં માને છે તો શું વાંધો છે ? એમ ઇ કહે છે. પણ વ્યવહારમાં માને શું ? પરનું. પરના સ્વરૂપને વ્યવહારમાં માને શું ? કે, જેને શુદ્ધઉપયોગરૂપી આત્મધ્યાન, જ્ઞાન વર્તે છે એને એ મધ્યમ અંતરાત્મા તરીકે વ્યવહારે પરદ્રવ્ય છે એટલે એને માને. સમજાણું કાંઈ ?

'અંતરંગ અને બહિરંગ એ બન્ને પ્રકારના પરિગ્રહથી રહિત...' અંતર આત્મામાં ત્રણ કષાયનો અભાવ અને આત્માનું ધ્યાન, આનંદ જેને પ્રગટ્યા છે. બહારમાં વસ્ત્રનો તાણો, ધાગો પણ નથી. એવા 'સાતમાથી બારમા ગુણસ્થાનમાં વર્તતા શુદ્ધ-ઉપયોગી અને...' આત્મધ્યાનમાં મસ્ત છે, અતીન્દ્રિય આનંદના અનુભવમાં (મસ્ત છે) એવા 'દિગંબર મુનિ ઉત્તમ અંતરાત્મા છે.' સમજાય છે કાંઈ ? એમ સમ્યગ્દષ્ટિ નિશ્ચય સમ્યગ્દષ્ટિ જીવ વ્યવહાર સમકિતમાં આવા ભેદને આ પ્રકારે માને અને જાણે છે, એમ કહે છે. આહા..હા..! સ્પષ્ટ જ છે. ભાઈ !

સમ્યગ્દષ્ટિ જીવ(ને) પોતાના આત્માનું શુદ્ધપણાનું ભાન અનુભવની દૃષ્ટિમાં વર્તે છે. એવા નિશ્ચય સમ્યગ્દષ્ટિ જીવ વ્યવહાર સમકિતમાં એટલે શુભ વિકલ્પમાં, એ જાતના ક્ષયોપશમ જ્ઞાનમાં (એમ જાણે છે). સમજાણું કાંઈ ? અંતરાત્માને એમ એ માને (છે) કે, જે આત્મધ્યાન-જ્ઞાનમાં આનંદસ્વરૂપમાં લીન છે. બાહ્ય દિગંબર દશા છે, અંતરમાં આનંદમાં શુદ્ધમાં લીન થઈ ગયા છે. એને વ્યવહાર સમકિતની શ્રદ્ધામાં ઉત્તમ અંતરાત્મા તરીકે સ્વીકારે. ત્યાંથી માંડીને બારમા ગુણસ્થાન સુધી ઉત્તમ અંતરાત્મા છે એમ વ્યવહાર સમકિતમાં નિશ્ચય સમ્યગ્દષ્ટિ સ્વીકારે. કહો, આ તમે ત્યાં વાંચ્યું છે કે નહિ ? આ તો સ્પષ્ટ વાત છે, હોં ! બહુ સ્પષ્ટ કરી છે. શુદ્ધઉપયોગમાં રમનાર દિગંબર મુનિ હોય. અંતર શુદ્ધઉપયોગ આનંદકંદમાં રમનાર હોય, લીન હોય. તે સાતમાથી બારમા (ગુણસ્થાન) સુધી. એને ઉત્તમ અંતરાત્મા કહેવામાં આવે છે.

મધ્યમ અને જઘન્ય અંતરાત્મા તથા સકલ પરમાત્મા

મધ્યમ અન્તર-આતમ હૈં જે, દેશવ્રતી અનગારી;
જઘન કહે અવિરત સમદૃષ્ટિ, તીનોં શિવમગચારી.
સકલ નિકલ પરમાતમ દ્વૈવિધ, તિનમેં ઘાતિ નિવારી;
શ્રી અરિહન્ત સકલ પરમાતમ, લોકાલોક નિહારી. ૫.

અન્વયાર્થ :– (અનગારી) છઠ્ઠા ગુણસ્થાન વખતે અંતરંગ અને બહિરંગ પરિગ્રહ રહિત યથાજાતરૂપધર ભાવલિંગી મુનિ તથા (દેશવ્રતી) બે કષાયના અભાવ સહિત એવા પંચમ ગુણસ્થાનવર્તી સમ્યગ્દૃષ્ટિ શ્રાવક (મધ્યમ) મધ્યમ (અંતર-આતમ) અંતરાત્મા (હૈં) છે અને (અવિરત) વ્રત રહિત (સમદૃષ્ટિ) સમ્યગ્દૃષ્ટિ જીવ (જઘન) જઘન્ય અંતરાત્મા (કહે) કહેવાય છે. (તીનોં) એ ત્રણે (શિવમગચારી) મોક્ષમાર્ગ પર ચાલવાવાળા છે. (સકલ નિકલ) સકલ અને નિકલના ભેદથી (પરમાતમ) પરમાત્મા (દ્વૈવિધ) બે પ્રકારના છે, (તિનમેં) તેમાં (ઘાતિ) ચાર ઘાતિકર્મોને (નિવારી) નાશ કરવાવાળાં (લોકાલોક) લોક અને અલોકને (નિહારી) જાણવા-દેખવાવાળા (શ્રી અરિહંત) અરિહંત પરમેષ્ઠી (સકલ) શરીરસહિત (પરમાતમ) પરમાત્મા છે.

ભાવાર્થ :– ૧. જે નિશ્ચયસમ્યગ્દર્શનાદિ સહિત છે, ત્રણ કષાયરહિત, શુદ્ધોપયોગરૂપ મુનિધર્મને અંગીકાર કરી અંતરંગમાં તો એ શુદ્ધોપયોગવડે પોતે પોતાને અનુભવે છે, કોઇ ને ઇષ્ટ-અનિષ્ટ માની રાગ-દ્વેષ કરતા નથી, હિંસાદિરૂપ અશુભોપયોગનું તો અસ્તિત્વ જ જેને રહ્યું નથી એવી અંતરંગદશા સહિત બાહ્ય દિગમ્બર સૌમ્યમુદ્રાધારી થયા છે, અને છઠ્ઠા પ્રમત્તસંયત ગુણસ્થાનકના કાળે ૨૮ મૂળગુણને અખંડિત પાળે છે, તેઓ તથા જે અનંતાનુબંધી તથા અપ્રત્યાખ્યાનીય બે કષાયના અભાવ સહિત સમ્યગ્દૃષ્ટિ શ્રાવક છે તે મધ્યમ અંતરાત્મા છે. અર્થાત્ છઠ્ઠા અને પાંચમા ગુણસ્થાનવર્તી જીવ મધ્યમ અંતરાત્મા છે. *

૨. સમ્યગ્દર્શન વિના કદી ધર્મની શરૂઆત થતી નથી, જેને નિશ્ચયસમ્યગ્દર્શન નથી તે જીવ બહિરાત્મા છે.

૩. પરમાત્મા બે પ્રકારે છે : [1] સકલ અને [2] નિકલ. (૧) શ્રી અરિહંત પરમાત્મા સકલ (શરીર સહિત) પરમાત્મા છે, (૨) સિદ્ધ પરમાત્મા તે નિકલ (અશરીરી) પરમાત્મા છે. તેઓ બન્ને સર્વજ્ઞ હોવાથી લોક અને અલોક સહિત સર્વ પદાર્થોનું ત્રિકાળવર્તી સંપૂર્ણ સ્વરૂપ એક સમયમાં યુગપત્ (એકસાથે) જાણનારા-દેખનારા સર્વના જ્ઞાતા-દૃષ્ટા છે. તે ઉપરથી નક્કી થાય છે કે જેમ સર્વજ્ઞનું જ્ઞાન વ્યવસ્થિત છે તેમ તેમના જ્ઞાનના જ્ઞેયો સર્વ દ્રવ્યો-છએ દ્રવ્યોની ત્રણ કાળની કમબદ્ધ પર્યાયો નિશ્ચત-વ્યવસ્થિત છે, અને કોઇ પર્યાય આડીઅવળી થતી નથી એમ સમ્યગ્દષ્ટિ જીવ માને છે, તથા એવી માન્યતા (નિર્ણય) જેને ન હોય તેને સ્વપર પદાર્થનો નિશ્ચય ન હોવાથી શુભાશુભ વિકાર અને પરદ્રવ્ય સાથે કર્તાબુદ્ધિ, એકતાબુદ્ધિ હોય જ છે તેથી તે જીવ બહિરાત્મા જ હોય છે.

---

હવે 'મધ્યમ અને જઘન્ય અંતરાત્મા તથા સકલ પરમાત્મા.'

મધ્યમ અન્તર-આતમ હૈં જે, દેશવ્રતી અનગારી;
જઘન કહે અવિરત સમદૃષ્ટિ, તીનોં શિવમગચારી.
સકલ નિકલ પરમાતમ દ્વૈવિધ, તિનમેં ઘાતિ નિવારી;
શ્રી અરિહન્ત સકલ પરમાતમ, લોકાલોક નિહારી. ૫.

'(અનગારી) છઠ્ઠા ગુણસ્થાન વખતે અંતરંગ અને બહિરંગ પરિગ્રહ રહિત...' સાચા મુનિ કેવા હોય કે અભ્યંતરમાં તો આનંદાદિનો અનુભવ ત્રણ કષાય રહિત થયો હોય અને બહારમાં 'યથાજાતરૂપધર...' જેવો માતાએ (જન્મ આપ્યો) એવો નગ્ન

---

* सावयगुणहि जुत्ता, पमत्तविरदा य मज्झिमा होंति ।
श्रावकगुणैस्तु युक्ता: प्रमत्तविरताश्च मध्यमा: भवन्ति ।
અર્થ :– શ્રાવકના ગુણોથી યુકત અને પ્રમત્તવિરત મુનિ મધ્યમ અન્તરાત્મા છે. [સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા ૧૯૬]

૧. સ=સહિત, કલ=શરીર, સકલ એટલે શરીર સહિત.
૨. નિ=રહિત, કલ=શરીર, નિકલ એટલે શરીર રહિત.

દિગંબર લિંગ. અંતરમાં ત્રણ કષાયના અભાવનો આનંદસહિતનો અનુભવ. એવા ભાવલિંગી મુનિ મધ્યમ અંતરાત્મા છે. એવા ભાવલિંગી મુનિ મધ્યમ (અંતરાત્મા છે). ઉત્તમ (અંતરાત્મા) સાતમેથી ગણ્યા. આ છઠ્ઠાને અને પાંચમાનો મધ્યમવર્તી કહે છે. ચોથાને જઘન્ય કહેશે. સમજાય છે કાંઈ ? એટલે ચોથેથી બારમા સુધી અંતરાત્મા હોય. એના ત્રણ ભાગ પાડ્યા. સાતમેથી બાર સુધી ઉત્તમ, છઠ્ઠું અને પાંચમું મધ્યમ, ચોથું ગુણસ્થાન જઘન્ય. છે તો ત્રણે મોક્ષના માર્ગી–શિવમગચારી. આત્મજ્ઞાની જીવ બીજાને સમ્યગ્દષ્ટિ ચોથા (ગુણસ્થાનવાળાને) જઘન્ય અંતરાત્મા તરીકે વ્યવહાર સમકિતમાં એને જાણે.




આત્મજ્ઞાની જીવ મુનિને ભાવલિંગી સંતને, ત્રણ કષાયના અભાવનો આનંદ, શાંતિ પ્રગટ્યા (છે), બહારમાં નગ્ન લિંગ છે પણ છે શુભઉપયોગી. શુભવિકલ્પ છે એથી તેને નિશ્ચય આત્મજ્ઞાની મધ્યમ અંતરાત્મા તરીકે વ્યવહાર સમકિતમાં સ્વીકારે છે. સમજાણું કાંઈ ? બહુ ઝીણું. આમાં કેટલા પલાખા યાદ રાખવા ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– બધું એક છે ને ? અંતરાત્મા છે ને ? શુદ્ધઉપયોગમાં છે ને બધા ? સમજાણું ?

'તથા બે કષાયના અભાવ સહિત...' શ્રાવક. સાચા શ્રાવક કેવા હોય ? આત્માના

અનુભવ સહિત જેને બીજા બે કષાયનો અભાવ હોય. એવા બે કષાયના અભાવ એટલે અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાની, એનો અભાવ (હોય). એને શ્રાવક કહેવાય. 'એવા પંચમ ગુણસ્થાનવર્તી સમ્યગ્દૃષ્ટિ શ્રાવક (મધ્યમ) અંતરાત્મા છે...' નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ જીવ બીજા પાંચમા ગુણસ્થાનવાળા શ્રાવક, બે કષાયના અભાવવાળા, આત્માની શાંતિ જેને પ્રગટી છે અને બાર વ્રતના વિકલ્પાદિ હોય છે એવા શ્રાવકને મધ્યમ અંતરાત્મા તરીકે વ્યવહાર સમકિતમાં જાણે અને માને છે. કહો, ભાઈ ! તમે ત્રણે જણા અહીં હાજર છો ને ! કહો, સમજાણું આમાં ? આ તો નિશ્ચય સહિત વ્યવહારમાં આમ માને તો વ્યવહાર કહેવાય. અને સામાનો તે વ્યવહાર આવો માને. સામાની આવી દશા હોય. સાતમાથી બારમા ગુણસ્થાન સુધીનાને ઉત્તમ અંતરાત્મા માને, છઠ્ઠાવાળાને શુભઉપયોગમાં હોય અને અંતરમાં ત્રણ કષાયનો અભાવ છે. આનંદ શુદ્ધ નિશ્ચય સમ્યગ્દર્શન સહિત છે. એને પણ વ્યવહાર સમકિતમાં વિકલ્પાદિ હોય છે. એવા જીવને નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ વ્યવહાર સમકિતમાં મધ્યમ અંતરાત્મા તરીકે સ્વીકારે છે. સમજાણું કાંઈ ? થોડામાં બહુ ભર્યું છે, હોં ! 'દૌલતરામ.. દૌલતરામ'! ગૃહસ્થ હતા, દિગંબર ગૃહસ્થ. ગાગરમાં સાગર 'છ ઢાળા'. ગાગરમાં સાગર ભરી દીધી છે. પહેલાના શ્રાવકો પણ આવા હતા. ઊંચા શ્રાવક, ઊંચા ધર્માત્મા, ભાનવાળા હતા, હોં ! આહા..હા...! શું કહે છે ?

'અને વ્રત રહિત સમ્યગ્દૃષ્ટિ જીવ...' જેને વ્રત જરીયે નથી, પણ સમ્યગ્દર્શન નિશ્ચય છે. એવા અવિરતી સમ્યગ્દૃષ્ટિને નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ, નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ એટલે કે ચોથાવાળો, પાંચમાવાળો અને છઠ્ઠાવાળો, ભાઈ ! લ્યો, વળી આની કોરથી ભેદવાળો પાડવો જોઈએ ને ? ચોથા ગુણસ્થાનવાળો નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ, પાંચમાવાળો નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ કે છઠ્ઠાવાળો સમ્યગ્દૃષ્ટિ. સાતમાવાળો શુદ્ધઉપયોગમાં છે. એવા નિશ્ચય ચોથું, પાંચમા અને છઠ્ઠે (વર્તતા) નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ જીવ, જે ચોથા, પાંચમા, છઠ્ઠાવાળો હોય એ વ્યવહારમાં અવિરતી સમ્યગ્દૃષ્ટિ વ્રતરહિત જે સમ્યગ્દૃષ્ટિ છે એને જઘન્ય અંતરાત્મા તરીકે વ્યવહાર સમકિતમાં સ્વીકારે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિ હોય, જેને મધ્યમ અંતરાત્મા કહ્યા, એ મુનિ પોતાના આનંદના શુદ્ધભાવમાં ત્રણ કષાય રહિત વર્તે છે, એવા જીવો બીજા મુનિને શુદ્ધઉપયોગી

સાતમેથી બાર સુધીનાને ઉત્તમ અંતરાત્મા (તરીકે) સ્વીકારે. છઠ્ઠા ગુણસ્થાનવાળા બીજા મુનિ હોય, આત્મધ્યાની-જ્ઞાની (હોય) પણ શુભઉપયોગમાં વર્તમાનમાં વર્તતા હોય, એને મધ્યમ અંતરાત્મા સ્વીકારે અને સમકિતી વ્રતરહિત હોય એને એ મુનિપણ જઘન્ય અંતરાત્મા (તરીકે) સ્વીકારે. વ્યવહાર સમ્યગ્દર્શનમાં (આમ સ્વીકારે છે). સમજાણું કે નહિ આમાં ? આ રાત્રે પૂછે તો આવડશે કે નહિ ? બરાબર આવડશે, કહે છે. કહો, સમજાણું આમાં ?

'એ ત્રણે મોક્ષમાર્ગ પર ચાલવાવાળા છે.' સમ્યગ્દષ્ટિ ચોથા ગુણસ્થાનમાં વ્રતરહિત હો, વ્રત ન હોય, પચખાણ ન હોય પણ નિશ્ચય સમ્યગ્દર્શન છે એ અવિરતી સમ્યગ્દષ્ટિ શિવ–મોક્ષમાર્ગમાં છે. જુઓ ! પોતે શિવમાર્ગમાં છે, મોક્ષમાર્ગ પર ચાલે છે, ભલે હજી ચારિત્ર નથી છતાં મોક્ષમાર્ગમાં ચાલે (છે), ઇ મોક્ષમાર્ગે છે. અને રાગને પુણ્યને પોતાના માને, દેહાદિને પોતાના માને એ મિથ્યાદષ્ટિ છે એ બંધમાર્ગમાં ચાલે છે. એમ સમ્યગ્દષ્ટિ બીજાને બહિરાત્માને બંધમાર્ગે ચાલનારને તે રીતે બહિરાત્મા (તરીકે) સ્વીકાર કરે છે. સમજાણું કાંઈ ? ખુલાસો ઘણો કર્યો છે.

પરદ્રવ્યથી ભિન્ન કહ્યું હતું કે નહિ ? એ.. દેવાનુપ્રિયા ! એમાં કહ્યું હતું ને ? પછી આ નવની વાત કરી છે કે નહિ ? એની સાથે આ મેળથી એમણે કહ્યું છે કે નહિ ? એ તો આપણે જરી વિસ્તાર કરીએ (છીએ). ભાઈ ! જુઓ !

આ આત્મા પુણ્ય-પાપના શુભ-અશુભ રાગરહિત, દેહરહિત એવી આત્માની નિશ્ચય સમ્યક્દષ્ટિ જીવ પણ મોક્ષમાર્ગે છે. અને ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને કોઈ મુનિ થઈને બેસે, પણ બાહ્ય શરીરની ક્રિયા મારી છે અને દયા, દાનના પરિણામ મને લાભદાયક છે (એમ માને છે) એ બહિરાત્મા છે. એ મોક્ષમાર્ગમાં નથી, એ બંધમાર્ગમાં છે. 'રત્નકરંડ શ્રાવકાચાર'માં કહ્યું છે ને ઇ ? 'इहत्थो मोक्खमगो' ત્યાં પણ એમ કીધું, ભાઈ ! આવ્યું, ઠીક ! ગૃહસ્થી પણ મોક્ષમાર્ગમાં છે. લ્યો, આની સાથે મેળવ્યું. 'રત્નકરંડ શ્રાવકાચાર'નો શબ્દ વાપર્યો લાગે છે. છે ને ? 'સમંતભદ્રાચાર્ય'. ગૃહસ્થ પણ આત્મદૃષ્ટિ સહિત... આમાં ખૂબી તો એ લેશે કે, સમ્યગ્દષ્ટિએ શું કરવું ? કે, બહિરાત્માને જાણીને તજવા. તજવા એટલે શ્રદ્ધામાંથી છોડવા. એ વ્યાખ્યા લેશે. બહારથી છોડવા-બોડવાની વ્યાખ્યા નથી. સમજાણું કાંઈ ?

જે જીવો પુણ્ય-પાપના ભાવથી ધર્મ માને, કારણ કે સ્વભાવ શુદ્ધ છે એને અશુદ્ધથી (ધર્મ) માન્યો. અને જડને મારું દ્રવ્ય માને. એટલે દ્રવ્ય અને ભાવ બેયની ભૂલ છે. એવો જે મિથ્યાદૃષ્ટિ જીવ બહિરાત્મા બાહ્ય ત્યાગમાં વર્તતો હોય. સમજાય છે ? અને પંચ મહાવ્રતના વિકલ્પ કદાચિત્ વર્તતા હોય પણ એ બહિરાત્મા છે, મિથ્યાદૃષ્ટિ છે. બંધમાર્ગમાં વર્તે છે. સમ્યગ્દૃષ્ટિ એને એમ માને છે.

સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં વ્રતરહિત હોય, બાહ્ય ત્યાગ ન હોય, અંદર આસક્તિનો ત્રણ કષાયનો ભાવ હોય છતાં સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનવાળો, પાંચમાવાળો, છઠ્ઠાવાળો વ્યવહાર સમકિતમાં એને મોક્ષમાર્ગી છે એમ સ્વીકારે છે. સમજાણું કાંઈ ?

ચોથા ગુણસ્થાનવાળો શિવમાર્ગી વ્યવહાર સમકિતમાં એ બહિરાત્માને બંધમાર્ગી સ્વીકારે છે. અને સમ્યગ્દૃષ્ટિ જીવને મોક્ષમાર્ગે છે એમ વ્યવહાર સમકિતમાં (સ્વીકારે છે). કેમકે પરદ્રવ્ય છે ને ? અને પાંચમા ગુણસ્થાનવાળા ધર્માત્મા બે કષાયના અભાવવાળાને મધ્યમ અંતરાત્મા તરીકે, મોક્ષમાર્ગ તરીકે સમકિતી એને સ્વીકારે. છઠ્ઠા ગુણસ્થાનવાળા ભાવલિંગી મુનિ, આત્મશ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ પ્રગટી છે પણ અત્યારે શુભઉપયોગ છે, એવા મુનિ સામા ગૃહસ્થશ્રમમાં રહેલા, બે કષાયના અભાવવાળા શ્રાવકને મધ્યમ અંતરાત્મા તરીકે વ્યવહાર સમકિતમાં એને સ્વીકારે છે. અને ગૃહસ્થાશ્રમમાં અવિરત સમ્યગ્દૃષ્ટિ હોય એ પણ મોક્ષમાર્ગી છે એમ છઠ્ઠા ગુણસ્થાનવાળા શુભઉપયોગમાં વ્યવહાર સમકિતમાં એ પણ મોક્ષમાર્ગી છે એમ (સ્વીકારે છે). છઠ્ઠાવાળા ચોથાવાળાને વ્યવહારથી વ્યવહાર સમકિતના વિષયમાં એ નિશ્ચય મોક્ષમાર્ગે છે એમ સ્વીકારે છે. સમજાણું કાંઈ ? પુસ્તક લીધું છે કે નહિ ?

બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એ વ્યવહાર સમ્યગ્દર્શનનો વિષય છે. કોને ? અંતરાત્માને. અહીં પરમાત્માની વાત નથી, બહિરાત્માની વાત નથી. અંતરાત્મા સમ્યગ્દૃષ્ટિ પછી ચોથું, પાંચમું, છઠ્ઠું (હોય) સાતમે શુદ્ધઉપયોગ (છે એવા), અંતરાત્માને શુદ્ધ સમ્યગ્દર્શનની પ્રતીત અને અનુભવવાળાને (અર્થાત્) ચોથા, પાંચમા, છઠ્ઠા (ગુણસ્થાનવાળાને) બીજા જીવો રાગને, પુણ્યને ધર્મ માનનારા એવા બહિરાત્માને સમ્યગ્દૃષ્ટિ અંતરાત્મા, બહિરાત્મા તરીકે વ્યવહાર સમકિતમાં સ્વીકારે છે. અને ચોથા

ગુણસ્થાનવાળા વ્રતરહિત હોય, અવિરતી હોય તો એ અંતરાત્મા ચોથા, પાંચમાં, છઠ્ઠાવાળા એને મોક્ષમાર્ગમાં–શિવમાર્ગે ચાલે છે એમ વ્યવહાર સમકિતમાં એ સ્વીકારે છે. સમજાણું કાંઈ ? વાત એની ચાલે છે કે નહિ ? ભેદની વાત ચાલે છે.

અભેદમાં તો આત્માની દૃષ્ટિ, અનુભવ થઈ નિશ્ચય તે અંતરાત્મા (છે). એને પછી કોઈને ત્રણ કષાય રહ્યા હોય, કોઈને બે રહ્યા હોય કોઈને એક રહ્યો હોય ણ છે એ અંતરાત્મા. એ અંતરાત્મા સામા જીવતત્ત્વના ત્રણ પ્રકાર (સ્વીકારે છે). એ વ્યવહારમાં જીવતત્ત્વની શ્રદ્ધા કરે છે ને ? શેની કરે છે ? અંતરાત્મા નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ જીવ, એના વ્યવહારમાં જીવના ત્રણ પ્રકારનો સ્વીકાર કરે છે. અહીં પ્રયોજનભૂતની જ વાત છે. બીજા ફલાણા ભેદ ને ફલાણા ભેદની વાત અહીં નથી.

સમ્યગ્દૃષ્ટિ જીવ નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ અંતરાત્મા, પછી ચોથા, પાંચમા, છટ્ઠે ગમે તે હોય, સામે જીવના પર્યાયના ત્રણ પ્રકાર (સ્વીકારે છે). દ્રવ્ય તો દ્રવ્ય છે, પણ એની પર્યાયમાં એક બહિરાત્મા પુણ્યને, વિકલ્પને, દેહની ક્રિયાને પોતાની માને (છે) એને જીવના એક બહિરાત્મા ભાગ તરીકે સ્વીકારે છે. અહીં જીવતત્ત્વની વાત ચાલે છે કે નહિ ? સમજાણું કાંઈ ? અને એ અંતરાત્મા બીજો જે જીવ છે, જે નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ છે અને અંદર વ્રતરહિત છે, વ્રતરહિત છે એને નિશ્ચય અંતરાત્મા વ્યવહાર સમકિતમાં એને મધ્યમ અંતરાત્મા તરીકે બીજા શ્રાવકને સ્વીકારે છે. એ જીવનો એક ભેદ સ્વીકારે છે. જીવના આવા ત્રણ ભેદમાં આ રીતે સ્વીકારે છે. બહિરાત્માને બહિરાત્મા તરીકે, જઘન્ય અવિરતી સમ્યગ્દૃષ્ટિને શિવમાર્ગી તરીકે–જઘન્ય અંતરાત્મા તરીકે, શ્રાવકને મધ્યમ અંતરાત્મા તરીકે, શિવમાર્ગી તરીકે વ્યવહાર સમકિતમાં સ્વીકારે છે. અને છઠ્ઠા ગુણસ્થાનવાળો કે પાંચમા, ચોથાવાળો અંતરાત્મા સામા જીવને છઠ્ઠા ગુણસ્થાનમાં હોય એને મધ્યમ અંતરાત્મા તરીકે જીવના ત્રણ ભેદમાંથી આ ભેદવાળો સ્વીકારે છે. આહા..હા...! સમજાણું ?

મુમુક્ષુ :– બહિરાત્માને સ્વીકારવું ?

ઉત્તર :– કીધું ને, બહિરાત્માને સ્વીકારે. રાગ-દ્વેષને મારા માને છે એ સ્વીકાર. એને સ્વીકાર કરવો કે નહિ ? નિશ્ચય નથી ત્યાં વ્યવહાર ક્યાંથી આવ્યો ? એ માટે તો આ સ્પષ્ટીકરણ ચાલે છે. કહો, સમજાણું આમાં ? આહા..હા..! મૂળ જ્ઞાનના જ

આખા વાંધા ઉઠ્યા. તત્ત્વનું જ્ઞાન.

**અહીં** તો **'દૌલતરામજી'** 'છ ઢાળા'માં **એમ** કહે છે કે, **જીવના** ત્રણ **પ્રકારના** ભેદ (છે). બહિરાત્મા, અંતરાત્મા (અને પરમાત્મા). અંતરાત્માના (બે) ભેદ–મધ્યમ અને ઉત્કૃષ્ટ. એ મધ્યમમાં છઠ્ઠા (ગુણસ્થાનવાળા) સુધી લીધા. અને ઉત્કૃષ્ટમાં સાતમાથી તે બારમા (સુધી). એ બધા ભેદો લીધા. જીવની પર્યાયના આ ભેદોને સમ્યગ્દષ્ટિ અંતરાત્મા વ્યવહાર સમકિતમાં આ રીતે સ્વીકારે છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

'એ ત્રણે મોક્ષમાર્ગ પર ચાલવાવાળા છે.' એમ સ્વીકારે છે. છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિ પોતાના આત્મદર્શનના ભાન સહિત શુભઉપયોગ હોય તો એના વ્યવહાર સમકિતમાં ચોથા ગુણસ્થાનવાળા વ્રતરહિતને પણ મોક્ષમાર્ગમાં છે એમ સ્વીકારે છે. આહા..હા...! પોતે મોક્ષમાર્ગમાં છે (અને) એને મોક્ષમાર્ગમાં સ્વીકારે, એને પણ મોક્ષમાર્ગમાં સ્વીકારે. ભલે એની હદમાં, તારતમ્યતામાં ફેર છે. સમજાણું કાંઈ ? ભાઈ ! આ 'પરમાત્મ પ્રકાશ'માં નવ તત્ત્વ, છ દ્રવ્યની વ્યાખ્યા વ્યવહાર મોક્ષમાર્ગમાં આવી હતી. સમજાણું આમાં ?

દિગંબર ગૃહસ્થ હો કે દિગંબર મુનિ હો, એણે તો પરંપરા સનાતન વીતરાગમાર્ગ જેવો હતો એવો જ ઊભો રાખ્યો છે, ફેરફાર કાંઈ નહિ. અનાદિનો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ, એ દિગંબર શ્રાવક હો કે દિગંબર મુનિ હો, એણે એ જ માર્ગ ઊભો રાખ્યો છે, ફેરફાર જરીયે થવા દીધો નથી. વર્તમાનમાં મોટા ગોટા છે.

આ..હા..! ત્રણે શિવમગચારી–મોક્ષના માર્ગ (ઉપર) ચાલનારા છે. આહા..હા...! છઠ્ઠા ગુણસ્થાનવાળો અંતરાત્મા ચોથા ગુણસ્થાનવાળા અંતરાત્માને–સમ્યગ્દષ્ટિને મોક્ષમાર્ગમાં ચાલનારો સ્વીકારે છે. સમજાણું ? એમ પાંચમા ગુણસ્થાનવાળા શ્રાવક અંતરાત્મા ચોથા ગુણસ્થાનવાળાને મોક્ષમાર્ગી તરીકે સ્વીકારે છે. ભલે તારતમ્યતામાં ફેર (છે) પણ એને સ્વીકારે છે. આહા..હા...! સમજાણું ? ચોથા ગુણસ્થાનવાળો અંતરાત્મા છઠ્ઠાવાળાને મધ્યમ અંતરાત્મા તરીકે જીવની પર્યાયના ભેદમાં આવો જીવનો પર્યાય આનો છે એમ એ સ્વીકારે છે. સમજાણું કાંઈ ? સમજાય છે કે નહિ ? આવે છે ? સારુ.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– વધારે તો ભગવાન કરી શકે. આપણને કેટલું આવડે ? આપણને કાંઈ આવડે છે ? આપણામાં જેટલું હોય તે પ્રમાણે થાય. એનો વિસ્તાર તો અપાર છે. વસ્તુની શક્તિ અપાર.. અપાર.. અપાર.. (છે). આહા..હા...!

હવે ત્રીજો ભેદ–સકલનિકલ. કોનો ? જીવતત્ત્વનો. અંતરાત્માનો થઈ ગયો. જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ. સમજાણું ? હવે ત્રીજો જીવનો એક ભેદ. એક બહિરાત્મા, એક અંતરાત્મા અને પરમાત્મા એ જીવની પર્યાયના ભેદ છે. એમ વ્યવહાર સમ્યગ્દષ્ટિ જીવ એના વિષયમાં ત્રીજા સકલ પરમાત્મા અને નિકલ પરમાત્માને પરરૂપે કેવા સ્વીકારે છે એની વ્યાખ્યા છે. સમજાણું ?

'(સકલ નિકલ) સકલ અને નિકલના ભેદથી પરમાત્મા બે પ્રકારના છે, તેમાં ચાર ઘાતિકર્મોને નાશ કરવાવાળા લોક અને અલોકને જાણવા-દેખવાવાળા અરિહંત પરમેષ્ઠી શરીરસહિત પરમાત્મા છે.' લ્યો ! શું કહે છે ? નિશ્ચય સમ્યગ્દષ્ટિ જીવ અંતરાત્મા ચોથા, પાંચમા, છઠ્ઠા ગુણસ્થાનવાળા અંતરાત્મા નિશ્ચય ભાનવાળા વ્યવહાર સમકિતમાં જીવની એક બહિરાત્મપર્યાય, એક અંતરાત્મપર્યાય, એક પરમાત્મપર્યાય (સ્વીકારે છે). આ પર્યાયની વાત ચાલે છે કે નહિ ? એ પોતાના વ્યવહાર સમકિતના વિષયમાં પરમાત્માની પર્યાય એવી સ્વીકારે છે કે, એક પરમાત્મા શરીરસહિત છે, ચાર ઘાતિકર્મનો નાશ થયો છે, કેવળજ્ઞાન વડે લોકાલોકને જાણે છે. છે ને ? ઘાતિકર્મને નાશ કર્યા છે. થયા છે એને નિમિત્તથી કથન કર્યું છે. લોક-અલોકને (જાણે-દેખે છે). એ ઘાતિકર્મોથી પહેલી વાત કરી. ચાર કર્મોનો નાશ થયો છે, લોકાલોકને જાણવાની શક્તિની વ્યક્તતા પ્રગટ થઈ છે એ અરિહંત પરમેષ્ઠી શરીરસહિત (છે). કલ એટલે શરીર. કલ એટલે શરીરસહિત પરમાત્મા છે. એને નિશ્ચય સમ્યગ્દષ્ટિ જીવ અંતરાત્મા વ્યવહાર સમકિતમાં આને પરમાત્મા સ્વીકારે છે. બીજાને એ પરમાત્મા સ્વીકારતો નથી. સમજાણું કાંઈ ? આહા..હા..!

લોકાલોકને એક સમયમાં જાણે. એક સેકંડના અસંખ્ય ભાગમાં પરમેશ્વર અરિહંત પ્રભુ લોક અને અલોકને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જેમ છે તેમ જાણે. એને અંતરાત્મા સમ્યગ્દષ્ટી જીવ વ્યવહાર સમકિતમાં સકલ પરમાત્મા આવા હોય એમ

એની પ્રતીત વ્યવહાર સમકિતમાં હોય છે. એનું જ્ઞાન આવું વર્તે છે. આહા..હા...! કહો, ભાઈ ! કેટલા દિ'નું કહેતા હતા ને કે, આ વાંચો.. વાંચો. એ બહુ વંચાણું. 'પરમાત્મ પ્રકાશ'માં ઘણું ચાલ્યું. સમજાણું આમાં ?

ભાવાર્થ :– '૧. જે નિશ્ચય સમ્યગ્દર્શન સહિત છે,...' પાંચમી ગાથાનો ભાવાર્થ છે ને ? નિશ્ચય એટલે આત્માનું શુદ્ધ દર્શન, શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ચારિત્ર સહિત છે. 'ત્રણ કષાય રહિત...' છે. આ શુદ્ધોપયોગની મુનિની વ્યાખ્યા કરે છે. સમજાણું ? જેને નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર–આત્માની શ્રદ્ધા, આત્માનું જ્ઞાન અને આત્માનું ચારિત્ર (પ્રગટ થયું છે). ત્રણ કષાયરહિત છે. આવું હોય એને ત્રણ કષાયરહિત હોય. એમ (કહે છે). 'શુદ્ધોપયોગરૂપ મુનિધર્મને અંગીકાર...' કર્યો છે. શુદ્ધઉપયોગરૂપ મુનિધર્મ છે. પંચ મહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણ આદિ વિકલ્પ તો આસ્રવતત્ત્વ છે. 'શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર...' કર્યો છે. 'અંતરંગમાં તો એ શુદ્ધોપયોગ વડે પોતે પોતાને અનુભવે છે,...' સમજાણું કાંઈ ?

'કોઈને ઇષ્ટ-અનિષ્ટ માની રાગ-દ્વેષ કરતા નથી,...' આ ઠીક છે કે અઠીક છે એવું માનીને રાગ-દ્વેષ કરતા નથી. સમજાણું કાંઈ ? નિશ્ચય સહિત છે, હોં ! મુનિધર્મ અંગીકાર કર્યો છે છતાં વર્તમાનમાં છઠ્ઠા ગુણસ્થાને વર્તે છે, એમ કહે છે. પણ શુદ્ધઉપયોગ અંગીકાર કર્યો છે, એમ કહ્યું ને ? અંગીકાર કર્યો અને વર્તે છે આ. એમ. ધર્મ તો શુદ્ધઉપયોગ જ અંગીકાર કર્યો હતો.

હવે (કહે છે), 'હિંસાદિરૂપ અશુભોપયોગનું તો અસ્તિત્વ જ જેને રહ્યું નથી...' ભાઈ ! શુદ્ધોપયોગ અંગીકાર કર્યો હતો અને વળી અહીં પાછું છઠ્ઠું ગુણસ્થાન લેવું છે. પહેલું મુનિપણું અંગીકાર કરે ત્યારે શુદ્ધઉપયોગ (હોય). પંચ મહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણ તો વિકલ્પ, રાગ છે. શુદ્ધઉપયોગ અંગીકાર કરે, પણ જ્યારે એમાં ઠરી શકતો નથી તે ગુણસ્થાનની અત્યારે વાત કરે છે. એને હિંસાદિ જૂઠું, ચોરી, વિષયભોગ (એવા) અશુભોપયોગનું તો હોવાપણું જ જેને રહ્યું નથી. 'એવી અંતરંગદશા સહિત...' અંતરંગદશા સહિત 'બાહ્ય દિગંબર સૌમ્યમુદ્રાધારી થયા છે,...' બહારમાં દિગંબર નગ્ન, વસ્ત્રનો ધાગો નહિ. કેવા ? સૌમ્યમુદ્રા. શાંત.. શાંત.. શાંત.. શાંત.. ઉપશમરસના ઢાળે ઢળી ગયા છે.

'છઠ્ઠા પ્રમત્તસંયત ગુણસ્થાનકના કાળે ૨૮ મૂળગુણને અખંડિત પાળે છે,...' સમજાણું કાંઈ ? અઠ્યાવીસ મૂળગુણ જે મુનિના છે, વસ્ત્રરહિતપણું, ઊભા ઊભા આહાર લેવો, એક ઠેકાણે આહાર કરવો, એને માટે ચોકા કરેલા આહાર લેવો નહિ, એને માટે બનાવેલો આહાર લે નહિ. એવો એને અઠ્યાવીસ મૂળગુણનો ચોખ્ખો વ્યવહાર હોય છે. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય છે. એની સાથે આવો વ્યવહાર ચોખ્ખો હોય છે.

'તેઓ તથા જે અનંતાનુબંધી તથા અપ્રત્યાખ્યાનીય બે કષાયના અભાવ સહિત સમ્યગ્દૃષ્ટિ શ્રાવક છે...' અહીં મધ્યમની વાત છે ને ? સમજાણું કાંઈ ? 'તે મધ્યમ અંતરાત્મા છે.' છઠ્ઠા અને પાંચમાવાળા. 'અર્થાત્ છઠ્ઠા અને પાંચમા ગુણસ્થાનવર્તી જીવ મધ્યમ અંતરાત્મા છે.' સમજાણું ? એ 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'નો આધાર આપ્યો છે. એવા મધ્યમ અંતરાત્માને જેવી એની સ્થિતિ છે તે રીતે અંતરાત્મા સમ્યગ્દૃષ્ટિ વ્યવહાર સમકિતમાં સ્વીકાર કરે છે. ઓહો..હો...! 'દૌલતરામજી'એ 'છ ઢાળા' હિન્દીમાં બનાવ્યું છે. પણ કેટલું ભર્યું છે એમાં ! પહેલાના પંડિતો તો બહુ (વિચક્ષણ હતા). જે પરંપરાની રીત, માર્ગ હતો એને જ પોતે કહ્યો છે. હેં ?

મુમુક્ષુ :- .. અર્થ જુદા કરી નાખ્યા.

ઉત્તર :- અર્થ જુદા કરી નાખ્યા. વાત ફેરવી નાખી, શું થાય ? સર્વજ્ઞ રહ્યા નહિ, દેવોની હાજરી નહિ, ચાર જ્ઞાન આદિ પૂરું જ્ઞાન વિશેષ પ્રગટ થવાની લાયકાત નહિ. ફેરફાર થઈ ગયો, પણ યથાર્થ છે એ તો યથાર્થ રહેશે. એમાં કંઈ ફેરફાર થાશે નહિ. એમાં કાંઈ ફેરફાર થાય ?

'૨. સમ્યગ્દર્શન વિના કદી ધર્મની શરૂઆત થતી નથી,...' આત્માના શુદ્ધ સ્વભાવના અનુભવની દૃષ્ટિ, સમ્યગ્દર્શન વિના ધર્મની કંઈ શરૂઆત હોતી નથી. એ સમ્યગ્દર્શન ન હોય ત્યાં દયા, દાન, વ્રતના ગમે એટલા પરિણામ હોય તો એ બધા બંધના ભાવમાં, મોક્ષમાર્ગમાં એ છે નહિ. સમજાણું કાંઈ ? 'જેને નિશ્ચય સમ્યગ્દર્શન નથી તે જીવ બહિરાત્મા છે.' તે તો પુણ્ય અને પાપને પોતાના માને છે. જે વિભાવ છે તેને સ્વભાવ માને છે અને જડની ક્રિયા છે તે આત્મદ્રવ્યની છે એમ માને છે. સમજાણું કાંઈ ? એવા બહિરાત્મા છે એને બહિરાત્મા તરીકે સમ્યગ્દૃષ્ટિ

સ્વીકારે.

'પરમાત્મા બે પ્રકારે છે : સકલ અને નિકલ. (૧) શ્રી અરિહંત પરમાત્મા સકલ (શરીર સહિત)...' કલ એટલે શરીર. 'પરમાત્મા છે.' જુઓ ! અંતરાત્મા સમ્યગ્દૃષ્ટિ પરમાત્મા શરીરસહિત હોય છે એને વ્યવહાર સમકિતમાં સ્વીકારે છે. ત્યારે શરીરસહિત પરમાત્મા અત્યારે ક્યાંક છે કે નહિ ? પાંચમા આરાના સમ્યગ્દૃષ્ટિ અંતરાત્મા જીવ શરીરસહિત પરમાત્માને વ્યવહાર સમકિતમાં પરમાત્માને જીવની પર્યાય ઉત્કૃષ્ટ પરિણમી છે એવા વ્યવહાર સમકિતમાં સ્વીકારે છે. ત્યારે શરીરસહિત પરમાત્માને અંતરાત્મા સ્વીકારે છે તો શરીરસહિત પરમાત્મા ક્યાંક છે કે નહિ ? સમજાણું કાંઈ ? મહાવિદેહ ક્ષેત્રમાં કેવળી ભગવાન 'સીમંધર' પ્રભુ બિરાજે છે એ સકલ પરમાત્મા–શરીરસહિત પરમાત્મા (છે). એમ અંતરાત્મા સમ્યગ્દૃષ્ટિ જીવ વ્યવહાર સમકિતમાં સકલ–શરીરસહિત પરમાત્મા બિરાજે છે (એમ સ્વીકારે છે). કારણ કે શરીરસહિત છે એ મુક્તિમાં નથી. શરીરસહિત છે તો મુક્તિમાં નથી, તો ક્યાંક હોય કે નહિ ? એટલે મહાવિદેહમાં છે એમ સમકિતી છે સ્વીકારે છે. સમજાણું કાંઈ ? આહા..હા...! આ એકવાર મધ્યસ્થ થઈને વાંચે તો એને ખબર પડે. આ 'છ ઢાળા' વાંચીને ઘણી છાપી હશે.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– હવે અહીં સાંભળવા આવ્યા ને ! મુખ્ય તો આ લાભનું કારણ છે, ઇ તો ઠીક હવે. કહો, સમજાણું આમાં ?

'અરિહંત પરમાત્મા સકલ (શરીર સહિત) પરમાત્મા છે,...' એ છે એમ આની ઉપર વજન આવ્યું ને ? એ છે એને સમ્યગ્દૃષ્ટિ જીવ વ્યવહાર સમકિતમાં શરીરસહિત પરમાત્મા કોઈ ક્ષેત્રમાં છે એને એ પોતે વર્તમાનમાં પણ માને છે. કહો, બરાબર છે કે નહિ ?

હવે '(૨) સિદ્ધ પરમાત્મા...' ઇ હજી આવ્યું નથી પણ એનો ખુલાસો પછી કરશે. હવે પછી આવશે. 'સિદ્ધ પરમાત્મા તે નિકલ પરમાત્મા છે.' એ પછીની ગાથામાં આવશે. સમજાણું ? 'જ્ઞાનશરીરી ત્રિવિધ કર્મ-મલ, વર્જિત સિદ્ધ મહંતા;'. (ચાલતી

ગાથામાં) શબ્દ પડ્યો છે, કોણ છે એની વ્યાખ્યા નથી. એ તો ફક્ત 'નિકલ' શબ્દ પડ્યો છે ને એટલી વ્યાખ્યા (કરી છે). 'નિકલ' શબ્દ પડ્યો છે એની વ્યાખ્યા કરી. નિકલની વ્યાખ્યા છઠ્ઠામાં મૂળ પાઠમાં આવશે.

નિકલ એટલે શરીર વિનાના પરમાત્મા. તો ક્યાંક છે કે નહિ ? શરીર વિનાના પરમાત્મા આઠ કર્મનો નાશ છે અને પૂર્ણ લોકાલોકને જાણે છે. સમજાય છે ? મહંતા છે, ઇ પૂજ્ય છે. અર્થમાં મહાન કરશે, બીજામાં પૂજ્ય લખ્યું છે. મહાપૂજ્ય છે એવા સિદ્ધ પરમાત્મા શરીરરહિત ત્રિકાળ જ્ઞાની (છે). શરીરરહિત છે અને ત્રિકાળ જ્ઞાન છે. કર્મનો કાંઈ સંબંધ નથી અને ત્રણકાળ ત્રણલોકનું લોકાલોકનું જેને જ્ઞાન વર્તે છે. માથે કીધું એટલે એમાં આવી ગયું. સમજાણું કાંઈ ?

એવા શરીરરહિત પરમાત્મા 'તેઓ બન્ને સર્વજ્ઞ હોવાથી લોક અને અલોક સહિત સર્વ પદાર્થોનું ત્રિકાલવર્તી...' સર્વ પદાર્થનું ત્રણકાળમાં વર્તનારા 'સંપૂર્ણ સ્વરૂપે એક સમયમાં યુગપત્ (એકસાથે) જાણનારા-દેખનારા સર્વના જ્ઞાતા-દૃષ્ટા છે.' એમ સમ્યગ્દૃષ્ટિ–નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ વ્યવહાર સમકિતમાં આવા પરમાત્મા છે (એમ સ્વીકારે છે). બે જાતના – સકલ (અને) નિકલ. શરીરસહિત કેવળજ્ઞાની અને એક શરીરરહિત કેવળજ્ઞાની. એ ત્રણકાળ ત્રણલોકને એક સમયમાં પૂરા બરાબર જાણે છે. એમાં કાંઈ આઘુપાછું (જાણતા નથી). એક સમયમાં જાણવું એમાં આઘુપાછું ક્યાં આવ્યું ? સમજાણું કાંઈ ?

કેવળજ્ઞાન–'જે જે દેખી વીતરાગને, તે તે હોસી વીરા' જે જે સર્વજ્ઞે દીઠું તે પ્રમાણે થશે એવા સર્વજ્ઞને, અંતરાત્મા સકલ પરમાત્મા અને નિકલ પરમાત્મા, જીવની આ બે પ્રકારની પરમાત્માની પર્યાય (જાણે છે). અંતરાત્મા અને બહિરાત્માની પર્યાય ગઈ. પરમાત્માની પર્યાયને વ્યવહાર સમકિતમાં એ પર્યાયને જીવની પર્યાય આવી હોય, જીવની પર્યાય આવી અને આવડી મોટી હોય એને વ્યવહાર સમકિતમાં નિશ્ચય સમકિતી સ્વીકારે છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– પરદ્રવ્ય છે ને ? વ્યવહાર નહિ. નિશ્ચય છે માટે વ્યવહાર (છે). એ પરદ્રવ્ય છે ને ? ઇ ક્યાં સ્વદ્રવ્ય છે. પરદ્રવ્ય આશ્રિત વ્યવહાર, સ્વદ્રવ્ય આશ્રિત નિશ્ચય–

આ સિદ્ધાંત. સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને આશ્રયે દૃષ્ટિ કરે એ નિશ્ચય. એમાં જે નવ તત્ત્વના ભેદવાળું (જ્ઞાન કરે), એમાં અહીં તો જીવના ત્રણ પ્રકારની પર્યાયવાળા (જીવતત્ત્વની વાત ચાલે છે). એમાં પણ પરમાત્મ પર્યાયના બે પ્રકાર એવી પર્યાયવાળા જીવનો પર્યાય, એમ સ્વીકારે (છે), એટલે વ્યવહાર સમકિતમાં એનો સ્વીકાર આવે છે. આહા..હા...! ભગવાનઆત્મા તો એક સમયની પર્યાયમાં બધું ક્રમબદ્ધ જાણે છે. એવી એવી અનંતી પર્યાયનો એક ગુણ છે, એવા એવા અનંત ગુણનું એક દ્રવ્ય છે. એટલે બધું દ્રવ્ય પણ ક્રમબદ્ધને જાણવાની શક્તિવાળું, ગુણ પણ ક્રમબદ્ધને (જાણવાની શક્તિવાળા) અને પર્યાય પણ ક્રમબદ્ધને (જાણવાની શક્તિવાળી). એવું આખું દ્રવ્ય પ્રતીતમાં લીધું એ તો નિશ્ચય (સમકિત) છે. એની એક એક સમયની આ પરમાત્માની પર્યાયને શ્રદ્ધામાં લીધી એને વ્યવહાર (કહે છે). સમજાણું કાંઈ ?

'સર્વ પદાર્થોનું ત્રિકાળવર્તી સંપૂર્ણ સ્વરૂપ એક સમયમાં...' ભગવાન જ્ઞાનમાં (જાણે છે). અનંત કાળે કઈ દશા થશે એ ભગવાનના જ્ઞાનમાં અત્યારે આવી ગઈ છે. અનંતકાળ પહેલા થઈ ગઈ એ ભગવાનના જ્ઞાનમાં અત્યારે આવી ગઈ છે. ભગવાનના જ્ઞાનમાં એમ નથી કે ન્યાં આવો સંયોગ આવશે તો આવી થશે અને બીજો સંયોગ આવશે તો આવી થશે. એવું ભગવાનના જ્ઞાનમાં હોય નહિ. સમજાણું કાંઈ ?

ભગવાન અરિહંત અને સર્વજ્ઞ સિદ્ધ. બેય સર્વજ્ઞ. એક સર્વ-જ્ઞ. સર્વજ્ઞ થયું ને ? સર્વજ્ઞ કીધા ને ? સર્વ-જ્ઞ. લોકાલોક સર્વે જાણ્યું. સર્વને જાણ્યું તો એક સમયમાં ને ? એક સમયમાં–સેકંડના અસંખ્ય ભાગમાં. સર્વજ્ઞ આમ બધું એક સમયમાં જાણે. એમાં આ અહીં થાશે ત્યારે આમ થાશે અને આમ થાશે એવું કાંઈ એમાં છે નહિ. સમજાણું કાંઈ ? સર્વજ્ઞ એમ કહ્યું ને ? લોકાલોક જાણે એ તો પહેલી વાત આવી ગઈ. 'સકલ પરમાતમ, લોકાલોક નિહારી.' એમ શબ્દ પડ્યો છે ને ? શું કીધું ? 'લોકાલોક નિહારી.' જાણવા-દેખવાવાળા. નિહારીનો અર્થ દેખવાવાળા, નિહાળવાવાળા. લોકાલોકને નિહાળવાવાળા. સકલ કે નિકલ પરમાત્મા, અરિહંત કે સિદ્ધ લોકાલોકને નિહાળવાવાળા, નિહાળવાવાળા (છે). લોકાલોક એક સમયમાં નિહાળે છે. નિહાળવામાં જાણવું-દેખવું

બેય (આવી ગયા). સમજાણું કાંઈ ? જુઓને ! ભાષા એ વાપરી છે. સમજાણું ?

એક સેકંડના અસંખ્ય ભાગમાં કેવળી પરમાત્મા અરિહંત ભગવાન બિરાજે છે કે સિદ્ધ ભગવાન, એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણલોક ત્રણકાળવર્તી સર્વજ્ઞ એક સમયમાં નિહાળી–દેખે-જાણે (છે), અહીં દેખે-જાણે છે. ખરેખર તો એનો પર્યાય દેખે-જાણે છે. એવડો જ એ પર્યાય છે. આહા..હા...! સમજાય છે ? એમાં આઘુપાછું હોય શી રીતે ? એવું તો સમ્યગ્દષ્ટિ જીવ–નિશ્ચય સમ્યગ્દષ્ટિ જીવ વ્યવહાર સમકિતમાં સકલ-નિકલ પરમાત્માને લોકાલોકને એકસાથે એક સમયમાં દેખનારને એવી રીતે જાણે એને વ્યવહાર સમકિતનો વિષય કહેવામાં આવે છે. ન્યાં આખા વાંધા (હોય) એને નિશ્ચયનું ભાન હોઈ શકે નહિ. આહા..હા...! આકરી વાત (છે). કહો, સમજાણું કે નહિ આમાં ?

મુમુક્ષુ :– ... મોટું....

ઉત્તર :– મોટું ક્યાં છે ? એની એક સમયની પર્યાયની એવી (તાકાત છે). જાણવાના, વ્યવહાર જ્ઞાનના જાણવાની એવી તાકાત છે. એ શ્રદ્ધાનો પર્યાય નથી. જોડે વિકલ્પ છે, પણ એ જ્ઞાનનો એ સંબંધીનો, પરને જાણવાની એક સમયની પર્યાયનો વિકલ્પ સહિતના પર્યાયની એટલી તાકાત છે. સમજાણું કાંઈ ? આહાહા..! એક સમયમાં ભગવાનઆત્મા શુદ્ધ આનંદકંદ નિર્વિકલ્પ, એ તો આખું દ્રવ્ય અનંતી પર્યાયનો ગુણ અને અનંતા ગુણનો એકરસ મહાનઆત્મા એક અભેદ વસ્તુ, એકાકાર વસ્તુ (છે), જેમાં અનંતા ગુણનો ભેદ, જેમાં અનંતી પર્યાયનો ભેદ (હોવા છતાં) પણ એ વસ્તુ અભેદ (છે). એની એકપણાની એકાગ્રતાથી શ્રદ્ધા. એકાગ્રતા કહો કે એકમાં અગ્ર કહો. એકાગ્રતા–એક સ્વરૂપમાં અગ્ર થઈને, મુખ્ય રાખીને અનુભવ થયો એને નિશ્ચય સમ્યગ્દર્શન કહે છે. હવે સામે જે વ્યવહાર છે એમાં એકપણું નથી, ત્યાં અનેકપણું છે. ભાઈ ! એમાં જીવના ત્રણ પ્રકાર વર્ણવ્યા. વ્યવહાર સમકિતના વિષયમાં જીવની પર્યાયના (ત્રણ પ્રકાર વર્ણવ્યા). એક બહિરાત્મ પર્યાય. અંતરાત્મપર્યાયના ભેદ–જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ. જઘન્ય પર્યાય ચોથાથી, મધ્યમ પાંચમા-છઠ્ઠાની, ઉત્કૃષ્ટા સાતમથી બાર (સુધી). એ પર્યાયને એ રીતે એનું જ્ઞાન, પરલક્ષી જ્ઞાન (થાય છે) એને શ્રદ્ધા કેમ કીધી ? શ્રદ્ધા વ્યવહાર. બાકી એ શ્રદ્ધાગુણની પર્યાય નથી. એ તો જ્ઞાનનો ઉઘાડ

છે અને વિકલ્પ પર્યાય છે, એમ બે વાત છે. પરલક્ષીજ્ઞાનનો ઉઘાડ છે અને એક જાતનો વિકલ્પનો ભાગ છે એને વ્યવહાર સમકિત કહે છે. નથી તેને (કહે છે). આવી એક નિમિત્તતા પર્યાયની તાકાતમાં આવું જાણવું (થાય છે), આટલી તાકાત છે એથી એને વ્યવહાર કહેવામાં આવ્યો. દ્રવ્યની શ્રદ્ધાની તાકાત તો મહાન .... કે જેના ગુણમાં અનંતા કેવળજ્ઞાન પડ્યા છે, અનંતા યથાખ્યાત ચારિત્ર-પૂર્ણ ચારિત્ર જેના ચારિત્રગુણમાં પડ્યા છે, એવા અનંતા ગુણને એકરૂપે પ્રતીતિ (કરી) એ તો નિશ્ચય વસ્તુ થઈ ગઈ. સમજાણું કાંઈ ? આહા..હા..!

આ જીવની પર્યાયના ભેદ. બહિરાત્મા, અંતરાત્મા એ પર્યાય કીધી ને ? જીવની પર્યાયો. એ તો દ્રવ્ય તરીકે છે. એની આ પર્યાયો. બહિરાત્માને શરીરથી આત્મા એક છે કહો કે રાગથી એક છે એમ માનનાર જીવની એક બહિરાત્મ પર્યાય. એને વ્યવહાર સમકિતમાં એનું જ્ઞાન એમ સ્વીકારે. પરલક્ષીજ્ઞાન એ આત્મજ્ઞાન નથી. ભાઈ ! એ આમ (બહિર્મુખ) જ્ઞાન છે. આત્મજ્ઞાન અહીંનું આમ (અંતર્મુખ) જ્ઞાન છે. અંતરાત્મા ચોથાવાળા, પાંચમાવાળા મધ્યમ, છઠ્ઠાવાળા મધ્યમ. ચોથાવાળા જઘન્ય. સાતથી (બાર સુધી) ઉત્તમ. એને એ પ્રકારે સ્વીકારે. જ્ઞાનનો ભાગ-ક્ષયોપશમ એ પ્રમાણે સ્વીકારે છે. પરમાત્મા શરીરસહિત કેવળજ્ઞાની લોકાલોકને નિહાળનારા એવા પણ છે. શરીરરહિત પરમાત્મા લોકાલોકને નિહાળવાવાળા છે. શરીર ગયું એટલે કેવળજ્ઞાન ચાલ્યું ગયું એમ નથી. એ શરીર ને ઇન્દ્રિયો શું જાણે ? એ શરીર, ઇન્દ્રિયો વિના લોકાલોકને જાણે છે. અહીં કેવળજ્ઞાનમાં લોકાલોકને શરીર, ઇન્દ્રિય વિના જાણે છે. ફક્ત ચાર અઘાતિ કર્મનું નિમિત્તપણું બાકી છે એથી એની પર્યાયમાં, બીજી પર્યાયમાં નિર્મળતા ઓછી છે. આ પર્યાય તો પૂર્ણ છે. જ્ઞાન, દર્શનની પર્યાય પૂર્ણ છે. સમજાણું કાંઈ ? એવા શરીરસહિત પરમાત્મા, શરીરરહિત પરમાત્મા લોકાલોકાને નિહાળનારા, એક સમયમાં નિહાળનારા, એમાં સમયભેદ છે નહિ. એક સમયમાં (જાણે) એટલે આઘુપાછું કાંઈ હોઈ શકે નહિ. એક સમયમાં આખું, એક સમયમાં આખું. આખામાં હવે શું કહેવું ? આખું એટલે જેમ આમ પડ્યું છે, આખો લોકાલોક પર્યાયસહિત જેમ છે તેમ એક સમયમાં જાણે. એવા પરમાત્માને અંતરાત્મા વ્યવહાર સમકિતના વિષયમાં, એના જ્ઞાનના ઉઘાડમાં, પરલક્ષી ઉઘાડમાં વિકલ્પસહિતમાં આવું જાણે છે.

આહા..હા..! સમજાણું કાંઈ ? આ તો પુસ્તક તમારા હાથમાં છે. છે કે નહિ છોકરાઓ ? કોણ છે ઇ ? છે કે નહિ એમાં ? છોકરાઓએ પણ તૈયાર થાવું પડશે કે નહિ ? આ બધા ડોસા તો એક પછી એક ચાલશે. આહા..હા...!

ભારે વર્ણવ્યું છે, હોં ! એ વિસ્તાર તો વ્યાખ્યાન વખતે થાય. વાંચવા વખતે એટલું બધું સ્પષ્ટ ન થાય. અમારે 'હીરાજી મહારાજ' કહેતા, તું એકલો બેઠી વાંચે છો, તું કહે, મારે વાંચવું નથી, મારે વ્યાખ્યાન કરવું નથી, પણ એમ રહેવા દે. 'હીરાજી મહારાજ' બિચારા બહુ ભદ્રિક હતા. તું વાંચ, તને વાંચતા વાંચતા ખીલશે, ખ્યાલ આવશે, એમ કહેતા. બહુ ભદ્રિક હતા. વસ્તુની ખબર નહિ. એક કોર બેઠો બેઠો મારું કરું મારું કરું એમ રહેવા દે. તું વાંચ. લોકો બહુ માગે છે. એ વાંચતા વાંચતા ખ્યાલ આવશે, તર્ક ખીલશે, આમ થશે (એમ કહેતા). એ..ઇ...! એકાગ્રતા પોતાની છે કે નહિ ? એટલે જ્યારે સમજાવવું હોય છે ને ત્યારે એની સ્પષ્ટતા ખ્યાલમાં વધારે આવે, એમ. સ્પષ્ટતા વધારે (આવે). એકલું સમજવું હોય તો એને શું ? એટલી વાત છે.

'સંપૂર્ણ સ્વરૂપ એક સમયમાં...' એક સમયમાં. એક સમય હોય ને ? કેવળીને એક સમય છે. 'યુગપત્ (એકસાથે) જાણનારા-દેખનારા સર્વના જ્ઞાતા-દૃષ્ટા છે તે ઉપરથી નક્કી થાય છે કે જેમ સર્વજ્ઞનું જ્ઞાન વ્યવસ્થિત છે...' વ્યવસ્થિત એટલે એક સમય છે. એક સમયમાં બધું એકસાથે જાણે છે. 'તેમ તેમના જ્ઞાનના જ્ઞેયો સર્વ દ્રવ્યો–છએ દ્રવ્યોની ત્રણ કાળની ક્રમબદ્ધ પર્યાયો નિશ્ચિત–વ્યવસ્થિત છે,...' પર્યાય વ્યવસ્થિત એક સમયમાં બધું જાણે (તો) ત્યાં પણ બધું (વ્યવસ્થિત) છે. એક સમયમાં જાણે, એક સમયમાં પૂરું જાણે એમાં પૂરું એટલે આખું જાણે એમાં આડુંઅવળું રહ્યું ક્યાં ? હોય પણ ક્યાંથી ? અહીં એક સમયમાં આખું આમ (જાણે છે). એક સમયમાં આખું અહીં (જ્ઞાન), એક સમયમાં જ્ઞેય આખું, બસ ! આમ છે. એમાં વળી અહીં થાશે અને અહીં નહિ થાય. એ વાતને શંકાનું સ્થાન પણ ક્યાં છે ? ભારે કઠણ (પડે) જગતને.

મુમુક્ષુ :– .. પાસે જાય તો સાજા થઈ જાય.

ઉત્તર :– અરે..! મરી જાય. કહો, સમજાણું કાંઈ ?

'અને કોઈ પર્યાય આડીઅવળી થતી નથી એમ સમ્યગ્દષ્ટિ જીવ માને છે,...'

એક સમયનું જ્ઞાન, એક સમયની પૂરી અવસ્થા, એક સમયની પૂર્વ વર્તમાન, એમ. ભૂત પણ છે, પણ વર્તમાન લાયકાત છે ને દ્રવ્યમાં ? આખા લોકાલોકને કેવળજ્ઞાન એક સમયમાં જાણે તો આખો લોકાલોકને એક સમયમાં નિમિત્ત થવાની તાકાત છે કે નહિ ? વર્તમાન, હોં ! કેવળીને એક સમયનો પૂર્ણ પર્યાય અહીં પ્રગટ્યો તો એક સમયમાં લોકાલોક નિમિત્ત છે કે નહિ ? કે ભવિષ્યમાં થાશે એ નિમિત્ત ભવિષ્યમાં થાશે ? અહીં એક સમયની પર્યાયમાં લોકાલોક એક સમયમાં નિમિત્ત છે. બસ ! આખું થઈ ગયું, ખલાસ થઈ ગયું. સમજાણું કાંઈ ? વર્તમાન આખું નિમિત્ત છે કે (નહિ) ? વર્તમાનનું નિમિત્ત છે અને ભૂત-ભવિષ્યનું થશે ત્યારે નિમિત્ત થશે ? સમજાણું કાંઈ ? ભગવાનના જ્ઞાનમાં એક સમયમાં વર્તમાન લોકાલોક નિમિત્ત છે, બસ ! થઈ રહ્યું. અહીંયાં આખું અને ત્યાં પણ આખું. પૂરું થઈ ગયું. સમજાણું કાંઈ ?

'તથા એવી માન્યતા (નિર્ણય) જેને ન હોય તેને સ્વ-પર પદાર્થનો નિશ્ચય ન...' હોય. ત્યાં કર્તાબુદ્ધિ છે ને ? જાણવું જ છે, અહીં જાણવું જ છે, એને જાણવું જ છે. જેમ છે એમ જાણવું, અહીં પણ જેમ છે એમ જાણવું છે, કરવું છે કે ફેરવવું છે એવું કાંઈ છે નહિ. 'પદાર્થનો નિશ્ચય ન હોવાથી શુભાશુભ વિકાર અને પરદ્રવ્ય સાથે કર્તાબુદ્ધિ, એકતાબુદ્ધિ હોય જ છે...' એને હોય જ. સર્વજ્ઞનો જાણવાનો આવો સ્વભાવ છે એવો જ મારો સ્વભાવ છે, એ સિવાય બીજો સ્વભાવ હોય નહિ. એમ ન માને એને શુભાશુભ વિકારની એકતાબુદ્ધિ હોય જ છે 'તેથી તે જીવ બહિરાત્મા જ હોય છે.' તેને સમ્યગ્દષ્ટિ તે રીતે સ્વીકારે છે. એ વ્યવહાર સમકિત કે પરસંબંધીના જ્ઞાનના ક્ષયોપશમની એવી મર્યાદા જ છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## નિકલ પરમાત્માનું લક્ષણ અને પરમાત્માના ધ્યાનનો ઉપદેશ

જ્ઞાનશરીરી ત્રિવિધ કર્મ-મલ, વર્જિત સિદ્ધ મહંતા;
તે હૈં નિકલ અમલ પરમાતમ, ભોગૈં શર્મ અનંતા.
બહિરાતમતા હેય જાનિ તજિ, અન્તર-આતમ હૂજૈ;
પરમાતમકો ધ્યાય નિરંતર, જો નિત આનંદ પૂજૈ. ૬.

અન્વયાર્થ :– (જ્ઞાનશરીરી) જ્ઞાનમાત્ર જેનું શરીર છે એવા, (ત્રિવિધ) જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, રાગાદિ ભાવકર્મ, અને ઔદારિક શરીર વગેરે નોકર્મ, એ ત્રણ પ્રકારના (કર્મ-મલ) કર્મરૂપી મેલથી (વર્જિત) રહિત, (અમલ) નિર્મળ છ. ૫ અને (મહંતા) મહાન (સિદ્ધ) સિદ્ધ પરમેષ્ઠી (તે) તે (નિકલ) નિકલ (પરમાતમ) પરમાત્મા (હૈં) છે, તે (અનંતા) અપરિમિત (શર્મ) સુખને (ભોગૈં) ભોગવે છે. આ ત્રણમાં (બહિરાતમતા) બહિરાત્મપણાને (હેય) છોડવા યોગ્ય (જાનિ) જાણીને અને (તજિ) તેને તજીને (અન્તર-આતમ) અન્તરાત્મા (હૂજૈ) થવું જોઇએ અને (નિરંતર) સદા (પરમાતમકો) [નિજ] પરમાત્મપદનું (ધ્યાય) ધ્યાન કરવું જોઇએ (જો) જે વડે (નિત) નિત્ય અર્થાત્ અનંત (આનંદ) આનંદ (પૂજૈ) પ્રાપ્ત કરાય છે.

ભાવાર્થ :– ઔદારિક આદિ શરીર રહિત શુદ્ધજ્ઞાનમય, દ્રવ્ય-ભાવ-નોકર્મ રહિત, નિર્દોષ અને પૂજ્ય સિદ્ધ પરમેષ્ઠી 'નિકલ' પરમાત્મા કહેવાય છે, તે અક્ષય અનંત કાલ સુધી અનંત સુખનો અનુભવ કર્યા કરે છે. આ ત્રણમાં બહિરાત્માપણું મિથ્યાત્વ સહિત હોવાથી હેય (છોડવા લાયક) છે, તેથી આત્મહિતેચ્છુએ તેને છોડીને અન્તરાત્મા (સમ્યગ્દષ્ટિ) બનીને પરમાત્માપણું પ્રાપ્ત કરવું જોઇએ, કારણ કે તેથી હંમેશાં સંપૂર્ણ અને અનંત આનંદ (મોક્ષ)ની પ્રાપ્તિ થાય છે.

## વીર સંવત ૨૪૯૨, મહા સુદ ૧૩, ગુરુવાર
## તા. ૩-૨-૧૯૬૬, ગાથા ૬ થી ૮. પ્રવચન નંબર–૧૬

'દૌલતરામજી' કૃત 'છ ઢાળા'ની ત્રીજી ઢાળનો પાંચમો શ્લોક પૂરો થયો. (હવે) છઠ્ઠો. 'નિકલ પરમાત્માનું લક્ષણ...' એટલે શરીરરહિત સિદ્ધ ભગવાનનું લક્ષણ 'પરમાત્માના ધ્યાનનો ઉપદેશ.'

**જ્ઞાનશરીરી ત્રિવિધ કર્મ-મલ, વર્જિત સિદ્ધ મહંતા;**
**તે હૈં નિકલ અમલ પરમાતમ, ભોગૈં શર્મ અનંતા.**
**બહિરાતમતા હેય જાનિ તજિ, અન્તર-આતમ હૂજૈ;**
**પરમાતમકો ધ્યાય નિરંતર, જો નિત આનંદ પૂજૈ. ૬.**

શું અધિકાર ચાલે છે ? વ્યવહાર સમકિતમાં નવતત્ત્વમાં જીવતત્ત્વની વ્યાખ્યા ચાલે છે. એટલું બધું યાદ શેનું રહે ? વ્યવહાર સમકિતમાં સાત તત્ત્વ જે શ્રદ્ધારૂપે, ભેદરૂપે સાત તત્ત્વ છે એમાં જીવતત્ત્વની (વ્યાખ્યા ચાલે છે). વ્યવહાર સમકિતમાં નિશ્ચય સમકિતવંત શી રીતે સાતને જાણે, માને ? કે, આવા તત્ત્વને જાણે, માને એને વ્યવહાર સમકિતનો વિષય કહેવામાં આવે છે.

જીવની પર્યાયમાં બહિરાત્મા અને અંતરાત્માની વાત આવી ગઈ. જીવતત્ત્વની ત્રણ પ્રકારની પર્યાય (છે). એક બહિરાત્મા, એક અંતરાત્મા અને એક પરમાત્મા. નિશ્ચયથી આત્મા પોતાના શુદ્ધ સ્વભાવને અભેદ દૃષ્ટિમાં નિશ્ચય સમ્યગ્દર્શનના કાળમાં (લીધો છે) એને વ્યવહાર સમ્યગ્દર્શનમાં જીવતત્ત્વની આવા ત્રણ પ્રકારની પર્યાયો એના સમકિતના વિષયમાં શ્રદ્ધામાં હોય છે. સમજાણું કાંઈ ? એમાં બહિરાત્માની વાત આવી ગઈ, અંતરાત્માની આવી ગઈ. પરમાત્માના એક ભાગની આવી ગઈ. શરીરસહિત અરિહંત ભગવાનની વાત આવી ગઈ. હવે બીજા પરમાત્માની વાત આવે છે.

'(જ્ઞાનશરીરી)...' એટલો ફેર પાડ્યો. અરિહંતને તો શરીર હોય ને ? અને

કેવળજ્ઞાની હોય (જે) લોકાલોકને જાણે. એવા અરિહંતને, સમ્યગ્દૃષ્ટિ વ્યવહાર સમકિતમાં એને બરાબર ઓળખીને જાણે. સશરીરી અરિહંતને (એ પ્રકારે જાણે). હવે અશરીરી સિદ્ધને (જાણે છે). એટલે શબ્દ એ વાપર્યો–'જ્ઞાનશરીર'. સિદ્ધ ભગવાનને આ શરીર હોતું નથી. જ્ઞાનશરીર હોય છે, એકલું ચૈતન્ય. એ '(ત્રિવિધ)...' એટલે એ જ્ઞાનશરીરી જ્ઞાનાવરણાદિ આઠ કર્મરહિત છે. જ્ઞાનશરીરી સિદ્ધ ભગવાન 'રાગાદિ ભાવકર્મ...' રહિત છે. 'અને ઔદારિક શરીર વગેરે નોકર્મ, એ ત્રણ પ્રકારના (કર્મમલ) કર્મરૂપી મેલ...' દોષથી રહિત છે. કર્મમળ–દોષ. કર્મરૂપી મેલ એ સિદ્ધ ભગવાનને હોતો નથી. એકલું જ્ઞાનસ્વરૂપ કેવળજ્ઞાનઘન આખો આત્મા છે. એને આ શરીર હોતા નથી કે કર્મનો મેલ પણ હોતો નથી. એટલે કર્મના મેલથી એટલે દોષથી રહિત '(અમલ)' છે, 'નિર્મળ છે.' એટલે નિર્દોષ છે.

'(મહંતા) મહાન...' સિદ્ધ છે. અરિહંતથી પણ એ સિદ્ધ મહાન છે. આઠ કર્મ નાશ થયા છે. અરિહંતને ચાર (કર્મ) નાશ થયા છે. એ 'મહાન સિદ્ધ પરમેષ્ઠી (નિકલ)...' એટલે શરીર વિનાના 'પરમાત્મા છે,...' એને સમ્યગ્દૃષ્ટિએ બરાબર જાણીને ઓળખવા જોઈએ. 'તે (અનંતા) (શર્મ)ને ભોગવે છે.' જુઓ ! અહીં વાત જ ઇ લીધી. અનંત આનંદને સિદ્ધ ભોગવે છે. સિદ્ધ શું કરે છે ? કે, અનંતા લોકાલોકને જાણે છે માટે એને સુખ છે એમ નહિ, એ તો પોતાના અનંત આનંદને જ અનુભવે છે. સમજાણું કાંઈ ?

'(અનંત)...' એટલે અપરિમિત 'સુખને ભોગવે છે.' સિદ્ધ પરમાત્મા આનંદને ભોગવે છે. કેવળી આનંદને ભોગવે છે પણ હજી એને થોડો મેલ બાકી છે, ભાવકર્મ રાગ-દ્વેષ નહિ પણ બીજા ભાવકર્મનો ઉદયભાવનો અંશ જરી છે. એથી તદ્દન અનંત આનંદ ને અવ્યાબાધ સુખને સિદ્ધ પરમાત્મા ભોગવે છે એને નિકલ પરમાત્મા–શરીરરહિત પરમાત્મા સમકિતદૃષ્ટિએ વ્યવહાર એને બરાબર ઓળખીને માનવા જોઈએ.

'આ ત્રણમાં બહિરાત્મપણાને છોડવા યોગ્ય જાણીને...' જાણીને. જુઓ ! બહિરાત્મા એટલે શરીર અને રાગાદિ મારા છે એવી બહિરાત્મબુદ્ધિ. એવી બહિરાત્મબુદ્ધિને બહિરાત્મા છે તેને જાણવા જોઈએ. 'છોડવા યોગ્ય જાણીને અને તેને

તજીને...' જોયું ? હેય જાણીને તજવા લાયક છે. પોતાને પણ બહિરાત્મપણું છોડવાલાયક છે, એ તો સમ્યગ્દૃષ્ટિ છે એટલે. પણ જે બહિરાત્મા જીવ છે એને પણ શ્રદ્ધામાં એ બહિરાત્મા ઠીક નથી એમ છોડવાલાયક છે. સમજાણું કાંઈ ?

જે કોઈ પુણ્યમાં ધર્મ માનનારા, પાપથી સુખ માનનારા, શરીરની ક્રિયાથી આત્માને (લાભ) માનનારા એ બધા બહિરાત્મા (છે). આત્માનો સ્વભાવ નથી, એથી વિપરીત વિકાર અને અજીવતત્ત્વમાં પોતાપણું માનનારા જીવોને શ્રદ્ધામાંથી છોડવાલાયક છે. એ બહિરાત્મપણું છે એ વ્યવહારે પણ આદરવા લાયક નથી.

મુમુક્ષુ :– ... દેહ....

ઉત્તર :– એ દેહમાં બધું આવી ગયું. દેહ એટલે શરીર અને અંદર કાર્મણદેહ એમાં વિકારી પરિણામ એ બધું આવી ગયું. સમજાણું કાંઈ ?

'અન્તરાત્મા થવું જોઈએ...' જુઓ ! બહિરાત્મા છોડીને અંતરાત્મા પુણ્ય-પાપના રાગ વિનાની ચીજ આત્માની છે, શરીરાદિ રહિત છે એવા આત્માની અંતરાત્મ દશા પ્રગટ કરવી જોઈએ. જોયું ? બહિરાત્માને છોડવો, અંતરાત્માને પ્રગટ કરવો. 'અને (નિરંતર) પરમાત્મપદનું ધ્યાન કરવું જોઈએ...' એ પરમાત્માનું ધ્યાન (એટલે) અરિહંત અને સિદ્ધ પરમાત્મા. સમજાણું કાંઈ ? આપણે એ 'નિજ' શબ્દ નાખ્યો છે. મૂળ તો અરિહંત અને સિદ્ધ પરમાત્માનું ધ્યાન કરવું. આ ત્રણની અંદરની આ બે વ્યાખ્યા છે. સમજાણું કાંઈ ? એ તો આપણે અહીંયાં 'નિજ' નાખ્યું છે. બાકી કહેનારનો આશય તો જીવની ત્રણ પ્રકારની પર્યાય (છે). બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા. એ બહિરાત્માની પર્યાય છોડી, અંતરાત્મા થઈ, પરમાત્માનું ધ્યાન કરવું જોઈએ. કહો, સમજાણું કાંઈ ?

એ અરિહંત અને સિદ્ધ બે પરમાત્માને ધ્યાનમાં લઈને એકાગ્ર થવું જોઈએ. એટલે એનો અર્થ થયો કે સ્વરૂપ તરફની એકાગ્રતા કરવી એ અરિહંત અને પરમાત્માનું ધ્યાન કહેવાય છે. સમજાણું કાંઈ ? 'જે વડે...' એ પરમાત્માનું ધ્યાન કરવાથી 'નિત્ય અર્થાત્ અનંત આનંદ પ્રાપ્ત કરાય છે.' લ્યો ! એનું ધ્યાન કરવાથી. દેખો ! કષાય, પુણ્ય-પાપના વિકલ્પનું નહિ. બહિરાત્માને છોડી દીધો. અંતરાત્મા પોતે જ્ઞાનાનંદ થઈને પૂર્ણ પરમાત્માનું ધ્યાન કરવું. એટલે સ્વભાવ સન્મુખની ઉગ્ર એકાગ્રતા કરવી. સમજાણું

કાંઈ ? પુણ્ય-પાપના વિકલ્પો, શરીરાદિ મારા નથી એમ બહિરાત્મપણું છોડી દઈ, અંતરાત્મા એટલે શુદ્ધ જ્ઞાયકમૂર્તિ છે એનું ભાન કરી અને પરમાત્મા પૂર્ણ કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા માટે આત્માનું ધ્યાન કરવું. એ પૂર્ણ સ્વરૂપની પ્રાપ્તિ માટે આત્માની શુદ્ધતાનો ઉગ્રપણે પુરુષાર્થ કરવો. સ્વભાવમાં ઉગ્ર પુરુષાર્થ કરવો એ પરમાત્માનું ધ્યાન કહેવાય છે.

'જે વડે નિત્ય અર્થાત્ અનંત આનંદ પ્રાપ્ત કરાય છે.' જુઓ ! એવો આનંદ પ્રગટે કે સાદિઅનંત નિત્ય અનંત આનંદ (રહે). નિત્યનો અર્થ કર્યો અનંત. અનંત એટલે અંત ન આવે. એવો અનંત આનંદ વર્તમાન પણ અનંત અને અનંત એટલે અંત ન આવે એવો નિત્ય આનંદ, એમ. સમજાણું કાંઈ ? આત્માના આનંદસ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં લીન થતાં એણે પરમાત્માનું ધ્યાન કર્યું કહેવાય. એને અનંત એટલે જે આનંદની પ્રાપ્તિ થતાં અનંત આનંદ થાય અને અનંત એટલે અંત નામ નાશ ન થાય. એવા અનંત આનંદની પ્રાપ્તિ આત્માને આત્માના શુદ્ધ સ્વરૂપના ધ્યાનથી થાય છે. સમજાણું કાંઈ ? જુઓ ! આમાં શુભાશુભ પરિણામનું ધ્યાન કરવાની છોડવાની વાત કીધી. શુભ પરિણામથી આગળ વધે (અને) પરમાત્મા થાય એમ છે નહિ. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– નાશ નહિ. કાળ એટલે નાશ નહિ, અનંત એટલે વર્તમાનમાં અમાપ આનંદ, એમ. 'અપરિમિત' શબ્દ પહેલા આવી ગયો હતો ને ? સમજાણું કાંઈ ? એમાં અનંતાનો અર્થ કર્યો હતો. અનંતાનો અર્થ જ અપરિમિત કર્યો હતો. જુઓ ! છે ને શબ્દાર્થમાં ? અનંતાનો અર્થ અપરિમિત કર્યો હતો. 'ભોગૈં શર્મ અનંતા' પછી કહ્યું કે, 'જો નિત આનંદ પૂજૈ.' પ્રગટ કરે એમાં આમ લીધું. નિત્ય આનંદ પ્રગટ થાય એટલે આનંદ એવા આત્માના સ્વરૂપનું ધ્યાન, શુદ્ધ અખંડ આનંદનું ધ્યાન કરતાં નિત્ય આનંદ રહે. કેવો ? કે, અપરિમિત આનંદ પ્રગટ થાય અને નિત્ય રહે એવા આનંદની પ્રાપ્તિ એને થાય. કહો, સમજાણું આમાં ? ઘણાં કહે, ફલાણા નવકારનું ધ્યાન કરવું ને ફલાણું કરવું, એ નહિ. એ તો અરિહંત અને સિદ્ધ પરમાત્મા છે, પૂર્ણાનંદ પૂર્ણ ધ્યેય પૂર્ણ પ્રગટ થયું એનું અંતરમાં ધ્યાન કરતાં નિત્ય આનંદની દશા એને

પ્રગટ થાય.

ભાવાર્થ :– 'ઔદારિક આદિ શરીર રહિત શુદ્ધજ્ઞાનમય,...' ભગવાન સિદ્ધ પરમાત્મા છે. એ 'દ્રવ્ય-ભાવ-નોકર્મ રહિત, નિર્દોષ અને પૂજ્ય સિદ્ધ પરમેષ્ઠી...' સિદ્ધ ભગવાન તદ્દન નિર્દોષ (છે) એને કંઈ પણ અંશે દોષ રહ્યો નથી. અને 'નિકલ...' 'પૂજ્ય સિદ્ધ પરમેષ્ઠી નિકલ...' નામ શરીરરહિત છે. તેને 'પરમાત્મા કહેવાય છે. તે અક્ષય અનંત કાળ સુધી અનંત સુખનો અનુભવ કર્યા કરે છે.' ભવિષ્યમાં અક્ષય એટલે કાળનો ક્ષય થાય નહિ. એવો અક્ષય અનંત કાળ, અક્ષય અનંત કાળ. એમ. 'અનંત સુખનો અનુભવ કર્યા કરે છે.'

'આ ત્રણમાં બહિરાત્માપણું મિથ્યાત્વ સહિત હોવાથી હેય (છોડવા લાયક) છે,...' સમજાણું કાંઈ ? પુણ્ય-પાપથી ધર્મ માનવો, એ છોડવા લાયક છે. 'તેથી આત્મહિતેચ્છુએ તેને છોડીને અંતરાત્મા (સમ્યગ્દષ્ટિ) બનીને...' અંતરાત્મા બનીને. શુદ્ધ ચૈતન્યમૂર્તિની શ્રદ્ધા–સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રગટ કરીને 'પરમાત્માપણું પ્રાપ્ત કરવું જોઈએ,...' અરિહંત અને સિદ્ધ થવું જોઈએ. એ ત્રણમાં ને ત્રણની વાત કરી. બહિરાત્મા છોડી, અંતરાત્મા પ્રગટ કરી અને પરમાત્મા પ્રગટ કરવો. 'પરમાત્મપણું પ્રાપ્ત કરવું જોઈએ.'

'કારણ કે તેથી હંમેશાં સંપૂર્ણ અને અનંત આનંદ (મોક્ષની) પ્રાપ્તિ થાય છે.' પૂરા આનંદની, અપરિમિત આનંદની અને અનંત એટલે નાશ ન થાય એવા આનંદની સિદ્ધ ભગવાનને પ્રાપ્તિ થાય છે. કહો, સમજાણું આમાં ? આ 'છ ઢાળા' તો ઘણાને મોઢે હશે. આ તો ઘણાએ વાંચી હશે ને ? એ છઠ્ઠી ગાથા (પૂરી) થઈ.

---

**અજીવ-પુદ્ગલ, ધર્મ, અધર્મ દ્રવ્યનાં લક્ષણ અને ભેદ**

**ચેતનતા-વિન સો અજીવ હૈ, પંચ ભેદ તાકે હૈં;**
**પુદ્ગલ, પંચ વરન-રસ ગંધ-દો, ફરસ વસૂ જાકે હૈં.**
**જિય પુદ્ગલકો ચલન સહાઇ, ધર્મ દ્રવ્ય અનરૂપી;**
**તિષ્ઠત હોય અધર્મ સહાઇ, જિન બિન-મૂર્તિ નિરૂપી. ૭.**

અન્વયાર્થ :– જે (ચેતનતા-વિન) ચેતના રહિત છે (સો) તે (અજીવ) અજીવ (હૈ) છે; (તાકે) તે અજીવના (પંચ ભેદ) પાંચ ભેદ (હૈં) છે. (જાકે પંચ વરન-રસ) જેના પાંચ વર્ણ અને પાંચ રસ, (ગંધ-દો) બે ગંધ અને (વસૂ) આઠ (ફરસ) સ્પર્શ (હૈં) હોય છે તે (પુદ્ગલ) પુદ્ગલ દ્રવ્ય છે. (જિય) જીવને [અને] (પુદ્ગલકો) પુદ્ગલને (ચલન સહાઇ) ચાલવામાં નિમિત્ત [અને] (અનરૂપી) અમૂર્તિક છે તે (ધર્મ દ્રવ્ય) ધર્મ દ્રવ્ય છે તથા (તિષ્ઠત) ગતિપૂર્વક સ્થિતિ પરિણામને પ્રાપ્ત [જીવ અને પુદ્ગલને] (સહાઇ) નિમિત્ત (હોય) હોય છે તે (અધર્મ) અધર્મ દ્રવ્ય છે. (જિન) જિનેન્દ્ર ભગવાને આ અધર્મ દ્રવ્યને (બિન-મૂર્તિ) અમૂર્તિક, (નિરૂપી) કહ્યું છે.

ભાવાર્થ :– જેમાં ચેતના (જ્ઞાન-દર્શન અથવા જાણવા-દેખવાની શક્તિ) નથી હોતી તેને અજીવ કહે છે. આ અજીવના પાંચ ભેદ છે-પુદ્ગલ, ધર્મ, *અધર્મ, આકાશ અને કાળ. જેમાં રૂપ, રસ, ગંધ, વર્ણ અને સ્પર્શ હોય છે તેને પુદ્ગલદ્રવ્ય કહે છે. જે સ્વયં ચાલે છે એવા જીવ અને પુદ્ગલને ચાલવામાં નિમિત્તકારણ હોય છે તે ધર્મ દ્રવ્ય છે અને સ્વયં (પોતાની મેળે) ગતિપૂર્વક સ્થિર રહેલાં જીવ અને પુદ્ગલને સ્થિર રહેવામાં જે નિમિત્તકારણ છે તે અધર્મદ્રવ્ય છે. જિનેન્દ્ર ભગવાને આ ધર્મ, અધર્મ દ્રવ્યને તથા હવે પછી કહેવામાં આવશે તે આકાશ અને કાળ દ્રવ્યને અમૂર્તિક (ઇન્દ્રિય અગોચર) કહ્યાં છે.

---

હવે 'અજીવ–પુદ્ગલ, ધર્મ, અધર્મ દ્રવ્યનાં લક્ષણ અને ભેદ.' શ્રદ્ધામાં અજીવતત્ત્વ એણે કેવું લેવું જોઈએ ? નિશ્ચયમાં તો આત્મા જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ આનંદની પ્રતીતમાં વ્યવહાર સમકિતમાં જીવની પર્યાયની શ્રદ્ધાની વાત કરી, હવે અજીવની શ્રદ્ધાની વાત કરે છે.

ચેતનતા-વિન સો અજીવ હૈ, પંચ ભેદ તાકે હૈં;
પુદ્ગલ, પંચ વરન-રસ ગંધ-દો, ફરસ વસૂ જાકે હૈં.
જિય પુદ્ગલકો ચલન સહાઇ, ધર્મ દ્રવ્ય અનરૂપી;
તિષ્ઠત હોય અધર્મ સહાઇ, જિન બિન-મૂર્તિ નિરૂપી. ૭.

બસ ! એવી એની ટૂંકી જ વ્યાખ્યા છે. 'જે (ચેતનતા-રહિત) ચેતના રહિત...' (છે). જેમાં જાણવું અને દેખવું એ પાંચ દ્રવ્યમાં નથી. આ શરીર, વાણી, કર્મ, જડ પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશમાં જાણવું-દેખવું નથી. જાણવું-દેખવું જેમાં નથી એ જાણવા-દેખવામાં સહાય થાય કે નહિ ?

મુમુક્ષુ :– સહાયક થાવામાં શું વાંધો ?

ઉત્તર :– સહાયક થવામાં શું વાંધો આવે છે ? ધૂળેય સહાયક નથી. ઇ તો એને નિમિત્ત કહેવાય. સહાયક-ફહાયક છે નહિ. નિમિત્તની અપેક્ષાએ સહાયક કહો. જેમ અધર્માસ્તિકાયને નિમિત્ત કહેશે એમ. તોપણ એ સહાયક છે નહિ, એના વડે જ્ઞાન થતું નથી. જ્ઞાન તો જ્ઞાન વડે, જેમાં જ્ઞાન ભર્યું છે એના વડે થાય છે. ઇન્દ્રિયો એ તો પુદ્ગલ છે, એમાં જ્ઞાન ક્યાં છે ? મનમાં જ્ઞાન ક્યાં છે ? આંખ્યુંમાં જ્ઞાન ક્યાં છે ? આ તો જડ છે. ચેતનબિન કીધું ને ?

મુમુક્ષુ :– આંખ્યું કોણ?

ઉત્તર :– આંખ્યું કોણ ? આત્માની આંખ્યું કે આ આંખ્યું ? આંખ્યું તો જડ છે. આખો જડ વિનાનો થાય, નિમિત્ત વિનાનો થાય તો કેવળજ્ઞાન થઈ જાય. સમજાણું કાંઈ ?

'ચેતના રહિત છે તે અજીવ છે; તે અજીવના પાંચ ભેદ છે.' હવે પુદ્ગલની વ્યાખ્યા કરે છે, હોં ! 'જેના પાંચ વર્ણ...' છે. દેખો ! એ પુદ્ગલમાં પાંચ વર્ણ છે. ત્યાં ચેતના નથી, ત્યારે છે શું હવે ? એમ કહે છે. સમજાણું ? આત્મા સિવાય પાંચ દ્રવ્યમાં ચેતના–જાણવું-દેખવું, જાણવું-દેખવું એવી ચેતના નથી. ત્યારે છે શું હવે નથી ત્યારે ? કે, પુદ્ગલમાં તો પાંચ વર્ણ છે. કાળો, રાતો, લીલો, પીળો આદિ વર્ણ. 'પાંચ રસ...' છે. ખાટો, મીઠો આદિ (રસ) પુદ્ગલમાં છે, હોં ! આત્મામાં નથી. 'બે ગંધ...' છે અને પુદ્ગલમાં 'આઠ સ્પર્શ...' છે. આત્મામાં નથી. આત્મા ચેતનાસહિત છે. આ ચેતનારહિત છે. 'તે પુદ્ગલદ્રવ્ય...' જાણો. સમ્યગ્દષ્ટિએ વ્યવહાર સમકિતમાં એને પુદ્ગલ દ્રવ્ય, ચેતના વિનાની અજીવ ચીજને પુદ્ગલ દ્રવ્ય વર્ણવાળી છે એને પુદ્ગલ દ્રવ્ય જાણવું. સમજાણું કાંઈ ?

'જીવને અને પુદ્ગલને...' જુઓ ! હવે ધર્માસ્તિકાયની વાત કરે છે, પણ એની ખૂબી છે. એ ધર્માસ્તિકાય, જીવ અને પુદ્ગલ ચાલે છે, ચાલે છે–ચલન.. ચલન, ચાલે છે એને સહાયક છે. સમજાણું કાંઈ ? એટલે પાઠમાં જ એણે મૂકી દીધું. 'ચલન સહાઈ'. સમજાણું કાંઈ ? શું કીધું ? ચૌદ બ્રહ્માંડમાં ધર્માસ્તિકાય એક અરૂપી દ્રવ્ય છે. વ્યવહાર સમકિતમાં એની એણે શ્રદ્ધા કરવી જોઈએ. એટલે કે એનું જ્ઞાન કરવું જોઈએ. એ ધર્માસ્તિકાય કેવું છે ? કે, જીવ અને પુદ્ગલ પોતાની મેળાએ ચલન કરે, ચલન કરે, ચલન કરે એટલે ગતિ કરે એને તે સહાય એટલે નિમિત્ત હોય છે. સમજાણું કાંઈ ? કહો, છે કે નહિ એમાં ? પરાણે ગતિ કરાવે ? તેથી તો એમ શબ્દ વાપર્યો છે. જીવ અને પુદ્ગલને ચલન.. ચલન સહાઈ. ચાલવામાં એટલે જીવ અને પુદ્ગલ ગતિ પોતે કરે ત્યારે તેને સહાય એટલે બીજું દ્રવ્ય છે એને સહાય કીધું એટલે નિમિત્ત કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ ?



'અને અમૂર્તિક છે...' એ ધર્માસ્તિકાયમાં વર્ણ, ગંધ (નથી). (પુદ્ગલમાં) વર્ણ, ગંધ સિદ્ધ કર્યા ને ? પુદ્ગલમાં પાંચ વર્ણ આદિ સિદ્ધ કર્યા. તો આમાં એ છે નહિ. અમૂર્તિક છે તે ધર્મદ્રવ્ય છે. એને ધર્માસ્તિકાય દ્રવ્ય જાણવું જોઈએ. '(તિષ્ઠત)...' જીવ અને પુદ્ગલને. જોયું ? તિષ્ઠત છે ને ? તિષ્ઠત સહાઈ–નિમિત્ત. પેલું ચલન સહાઈ હતું, આ તિષ્ઠત સહાઈ. જીવ અને પુદ્ગલ પોતે ઠરે, સ્થિર થાય. તિષ્ઠતનો અર્થ એ ગતિ કરીને સ્થિર થયોને એનો અર્થ ? કેવી ટૂંકી ભાષામાં ઘણું ગોઠવ્યું છે, હોં !

જીવ અને પુદ્ગલ આમ ગતિ કરીને તિષ્ઠત.. તિષ્ઠત–ઠરે. ધર્માસ્તિકાયનો દાખલો આપ્યો છે ને ? માછલીને જેમ પાણી (છે તેમ). માછલી ગતિ કરે તો પાણી એને નિમિત્ત કહેવાય. એમ જીવ અને પુદ્ગલ ગતિ કરે તો ધર્માસ્તિકાયને નિમિત્ત કહેવાય. ચલન સહાઈ. એમ માછલી ચાલે તો પાણી નિમિત્ત કહેવાય. એમ જીવ અને પુદ્ગલ ચાલે એને ધર્માસ્તિકાય નિમિત્ત કહેવાય. એ ધર્માસ્તિકાય આ પ્રમાણે નિમિત્ત છે એવો જ દાખલો 'ઇષ્ટોપદેશ'માં આપ્યો છે. ધર્માસ્તિકાયવત્. જેટલા બધા નિમિત્તો છે એ ધર્માસ્તિકાયવત (છે). ચલન સહાઈ. દરેક પદાર્થ પોતાથી પોતે પરિણમે છે ત્યારે જે બીજી ચીજ હોય એને નિમિત્ત કહેવામાં આવે છે. એ બધા ધર્માસ્તિકાયવત નિમિત્ત છે એમ 'ઇષ્ટોપદેશ'માં સિદ્ધ કર્યું છે. પાંચે ગાથામાં ઘણી ચર્ચા થઈ ગઈ છે. સમજાણું કાંઈ ? આત્મા પોતે સમજે, ચલન સહાઈ, એમ સમજે ત્યારે ગુરુને નિમિત્ત કહેવાય છે. એનો ન્યાય ઇ મૂક્યો છે. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– .. ચાલવામાં ધર્માસ્તિકાયની જરૂર પડે.

ઉત્તર :– જરૂર પડવાની ક્યાં વાત છે ? જરૂર પડવાની વાત આવી ? ચલન નિમિત્ત, ચલન સહાઈ. તિષ્ઠત સહાઈ એમ છે. અહીનું વજન છે કે ન્યાંનું છે ? વજન ક્યાંનું છે ? કે, ચાલે તેને નિમિત્ત, સ્થિર (થાય) તેને નિમિત્ત. જાણે તેને નિમિત્ત. એ.. દેવાનુપ્રિયા ! આ પંડિત રહ્યા. કરે કે નહિ અર્થ ? કરશે કે નહિ ? કહો, સમજાણું આમાં ? આ તો શબ્દના ન્યાયથી (કહીએ છીએ). સમજાય છે ? બસ ! ધર્માસ્તિકાયવત્ નિમિત્ત જાણવું. સમજાણું ?

એક પરમાણુને બીજો પરમાણુ પણ પોતે પરિણમે છે ત્યારે બીજાને નિમિત્ત

કહેવાય. અહીં ચારપણે પરિણમ્યો ત્યારે બીજો ચાર હતો એને નિમિત્ત કહેવાય. ધર્માસ્તિકાયવત. પરિણમે એને નિમિત્ત, થાય એને નિમિત્ત, દશા હોય, તેને તે અસ્તિપણે નિમિત્ત હોય છે. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– અહીં તો કહે છે કે, એના પરિણમન વિના એને ચાલે નહિ, એમ કહે છે. જ્ઞાનગુણ છે ને ? એ ગુણના વર્તમાન પરિણમન વિના એનો પર્યાય ચાલે નહિ, એમ કહે છે. શું કીધું ? જ્ઞાનગુણ છે ને અંદર ? એના પરિણમન વિના એ ગુણને ચાલે નહિ. એ પરિણમન કરે ત્યારે, જ્ઞાનનું પરિણમન કરે ત્યારે ગુરુને, જેમ ચલન સહાઈ કીધું, એમ જ્ઞાનમાં નિમિત્ત કહેવામાં આવે છે. પહેલા-પછી વાત નથી, આ પણ અને આ પણ હોય, બસ ! આટલી વાત (છે). સમજાણું કાંઈ ? જુઓને ! વાત પણ કેટલી મૂકી છે ! પોતે જ ટૂંકામાં મૂકી છે. સમજાણું ? ટૂંકામાં બધા ન્યાયો એણે લગભગ સંક્ષેપમાં ખ્યાલમાં આવી જાય એ (રીતે) મૂક્યું છે. સમજાણું ?

અધર્માસ્તિકાય એ ગતિપૂર્વક સ્થિતિ (કરવામાં નિમિત્ત છે). તિષ્ઠત છે ને ? 'તિષ્ઠત' શબ્દ પડ્યો છે ને ? જેમ માણસ ચાલતો હોય ને થાક લાગ્યો હોય અને ઝાડ હોય ત્યાં જઈને બેસે. ઇ ઝાડ કાંઈ બેસવાનું કહેતું નથી. ઝાડ કહે છે ? બેસવું હોય એને નિમિત્ત ઝાડ છે. એમ જે ગતિ કરતાં સ્થિર થાય એને અધર્માસ્તિકાય નિમિત્ત છે. એમ નહોતો જાણતો અને જાણે છે એને નિમિત્ત છે. ઇ તો હજી 'ઇષ્ટોપદેશ'માં બહુ આવશે. સમજાણું કાંઈ ? ઇ જ 'ઇષ્ટોપદેશ' કહેવાય. એને પ્રિય ઉપદેશ અને સત્ય ઉપદેશ એનું નામ છે. આનાથી થાય ને આનાથી થાય એ ઇષ્ટોપદેશ છે નહિ. જુઓને, 'પૂજ્યપાદસ્વામી' કહે છે.

મુમુક્ષુ :– ઝાડ આવ્યું ને ?

ઉત્તર :– ઝાડ ક્યાં આવ્યું છે ? ઝાડ પડ્યું છે.

મુમુક્ષુ :– ઝાડ આકર્ષણ કરે ને ?

ઉઉત્તર :– કોણ આકર્ષણ કરે ? ધૂળ આકર્ષણ કરે ? ચાલતો હોય એને રોકે કે, ઊભો રહે, હું ઝાડ છું ? ઝાડ દેખીને ઊભો રહે તો નિમિત્ત કહેવાય. ન ઊભો

રહે તો ચાલતો થાય, ચાલતો થાય તો ધર્માસ્તિકાય નિમિત્ત કહેવાય, સ્થિર થાય તો અધર્માસ્તિકાય (નિમિત્ત કહેવાય). એટલે ઝાડનો દાખલો (આપ્યો). સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ વસ્તુની સ્થિતિ એવી છે. એમાં બીજી આડીઅવળી રજુઆત કેવી રીતે કરે ? સમજાણું ? આ 'નિત વર્તના'માં જરી શંકા પડી હતી તો પંડિતજીને પૂછી જોયું કે, નિયત વર્તના એટલે વર્તાવું એમ આવે છે કે નિયત વર્તવું એવું આવે છે ? શબ્દામાં જરી નિત્ય વર્તના આવ્યું છે ને ? હવે આવશે. એ કાળનું પણ સ્વતંત્ર સિદ્ધ કરવું હતું. સમજ્યા ને ? અહીં તો અત્યારે અધર્માસ્તિકાયને સિદ્ધ કરે છે.

આ વ્યવહાર શ્રદ્ધામાં આમ એણે માનવું જોઈએ. વ્યવહાર શ્રદ્ધામાં ગોટા વાળે કે, આને લઈને આ, એની વ્યવહાર શ્રદ્ધાના ઠેકાણા નથી, એમ અહીં કહે છે. સમજાણું કાંઈ ? ધર્માસ્તિકાય વિના સિદ્ધ ભગવાનને ન્યાં રહેવું પડ્યું. એમ હોય નહિ, એમ કહે છે. એ તો ચલન, પોતે પરિણમન કરે, ગતિ કરે તો પેલાને નિમિત્ત કહેવાય. ગતિ નથી તો એ તિષ્ઠ, ગતિ કરતાં સ્થિર થઈ ગયા. અધર્માસ્તિકાય નિમિત્ત છે. અહીંથી લેવું જોઈએ કે (બીજી બાજુથી) લેવું જોઈએ ? જેની વાત ઊપડે એનાથી લેવું જોઈએ કે જેની જોડે છે એનાથી-સંયોગથી વાત ઉપાડવી જોઈએ ? સ્વભાવથી વાત લેવી જોઈએ, સંયોગથી વાત ન લેવાય. સંયોગ પછી સિદ્ધ થાય. પછી એટલે ભલે સાથે હોય (પણ પછી સિદ્ધ થાય). સમજાણું કાંઈ ?

જીવ સ્વયં ગતિ – ચલન કરે તો ધર્માસ્તિકાય નિમિત્ત (છે). ત્યાં અધર્માસ્તિકાય નથી ? એ પોતે ચાલે તો ધર્માસ્તિકાયને નિમિત્ત કહેવું, સ્થિર થાય તો અધર્માસ્તિકાયને (નિમિત્ત કહેવાય). એમાં વજન આની કોરનું (-સ્વભાવનું) આવ્યું કે ન્યાંનું (નિમિત્તનું) આવ્યું ? સમજાણું કે નહિ ? આત્માની નિશ્ચય સમ્યગ્દષ્ટિમાં વ્યવહાર સમ્યગ્દર્શનમાં એને છ દ્રવ્યની આવી શ્રદ્ધા, જેવું છે એવું હોવું જોઈએ, એમ કહે છે. જેમ છે તેનાથી આઘુંપાછું કરે તો એને વ્યવહારના ઠેકાણા નથી. સમજાય છે ?

ગતિપૂર્વક સ્થિતિ. '(તિષ્ઠત)...' શબ્દ છે એટલે ગતિપૂર્વક સ્થિતિ બરાબર અર્થ કર્યો છે. 'ગતિપૂર્વક જે સ્થિતિ પરિણામને...' પરિણામ એટલે ઇ પર્યાય છે ને ? 'પ્રાપ્ત...'

થાય. '(જીવ અને પુદ્ગલને) (સહાઈ)...' બસ ! તિષ્ઠત, સહાઈ. તિષ્ઠત–સહાઈ. ઊભો હોય એને અધર્માસ્તિકાય સહાઈ થાય. એટલે વજન ક્યાં આવ્યું ? ઊભા રહેનાર (ઉપર આવ્યું). એમ જાણનારને વાણી નિમિત્ત થાય. કહો, સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– વ્યવહાર તો ખોટો કીધો.

ઉત્તર :– કોણે ખોટો કીધો ? વસ્તુ વ્યવહારે વ્યવહાર નથી ? નિમિત્ત નથી ? નિમિત્ત વસ્તુ નથી ? પણ નિમિત્ત ક્યારે કહેવાય ? કે, અહીં નિશ્ચય થાય ત્યારે પેલાને નિમિત્ત કહેવાય. એમ અત્યારે વાત ચાલે છે ને ! અહીં તો ભઈ ભગવાનનો કાંટો છે. સમજાય છે ? એના વ્યવહારમાં પણ જે રીતે ભેદરૂપે તત્ત્વનું જે સ્વરૂપ છે એને એ રીતે એણે માનવું જોઈએ.

'તે અધર્મ દ્રવ્ય છે. જિનેન્દ્ર ભગવાને આ અધર્મ દ્રવ્યને...' અને ધર્માદિ બધાને એમ લેવું. 'જિનેન્દ્ર ભગવાને આ અધર્મ દ્રવ્યને (બિન-મૂરતિ) અમૂર્તિક કહ્યું છે.' કહો, સમજાણું કાંઈ ? ધર્મ (દ્રવ્યમાં) 'અનરૂપી' આવ્યું હતું ને ? અનરૂપી. સમજાણું ?'જિય પુદ્ગલકો ચલન સહાઇ, ધર્મ દ્રવ્ય અનરૂપી; 'તિષ્ઠત હોય અધર્મ સહાઇ, જિન બિન-મૂર્તિ નિરૂપી.' બેયને કહ્યું.

ભાવાર્થ :– 'જેમાં ચેતના (જ્ઞાન-દર્શન અથવા જાણવા-દેખવાની શક્તિ) નથી હોતી...' કહો. આ કોડામાં (–આંખમાં), જીભમાં, શરીરમાં, આ લાકડામાં, વાણીમાં જાણવાની-દેખવાની શક્તિ નથી. 'તેને અજીવ કહે છે.' કહો, બરાબર છે ? જુઓ ! આ ઘડિયાલ ચાલે છે કે નહિ ? ચાલે છે એ જીવ છે કે અજીવ ? લ્યો ! ચાલે છે કે નહિ ? એક જણો કહેતો હતો, જૂનો માણસ હતો. હતો જુવાન. ઇ કહે, આ ગતિ કરે છે ઇ જીવ છે. હાલે-ચાલે ઇ જીવ. હાલે-ચાલે એ જીવ, કોણે કહ્યું ? ચેતનવાળો તે જીવ. જ્ઞાન-દર્શન સ્વભાવવાળો તે જીવ અને જ્ઞાન-દર્શન સ્વભાવ વિનાના તે અજીવ.

એ તો કહેતો હતો, મિલમાં એંજીન છે એ પણ જીવ છે. મિલમાં એ નોકર હતો, એના બનેવી શેઠ હતા. ઇ કહે, જુઓ ! એંજીન ચાલે છે એ જીવ છે. ઇ માનતા. 'ખસ'માં નવું એંજીન થયું ને ? 'બોટાદ'થી 'ખસ'. અમે એક ફેરી નીકળ્યા હતા. એક બાઈ નળિયું લઈને આવી હતી. ધૂપ નાખીને. ગાડી ચાલતી હતી ને કરતી

હતી. નવી ગાડી ચાલી ને ? 'બોટાદ'થી 'ખસ'ની કોર નીકળી ને ? અમે એ વખતે બરાબર વિહાર કરીને નીકળ્યા હતા. 'બોટાદ'થી 'ખસ' આવતા હશે. સમજ્યા ને ? ત્યાં એ વખતે એક બાઈ ધૂપ દેતી હતી. મૂઢ કોને કહે ? આ ગતિ, આટલા લાખો મણને ચલાવે, આ તે કાંઈ દેવી વિના ચલાવે ? લાખો મણના ડબ્બા ધડધડાત ચાલે. સમજ્યા ને ? આ તો નજરે જોયેલું, હોં ! બધા નમૂના એક એક ! રેલ નીકળે છે ને ? 'બોટાદ'થી 'ખસ'ની પાસે. જ્યાં આગળ રેલ હોય ત્યાં આગળ એ બાઈ એમ કરતી હતી. નળિયામાં નાખી, નળિયું લાંબુ હોય ને ? એમાં અગ્નિ નાખીને એમાં ધૂપ નાખ્યો. મૂઢ તે કાંઈ જુદા વસતા હશે ? ગામમાં એમ ને એમ વસે.

મુમુક્ષુ :– શક્તિનો પ્રયોગ કરે ને.

ઉત્તર :– શક્તિ કઈ ? જ્ઞાનશક્તિ કે જડશક્તિ ? આહા..હા...!

'તેને અજીવ કહે છે. આ અજીવના પાંચ ભેદ છે.' સમજાણું ? 'પુદ્ગલ, ધર્મ...' આ ધર્માસ્તિ, અધર્માસ્તિ પેલા પુણ્ય-પાપ ન લેવા, હોં ! નીચે (મૂળ પુસ્તકમાં ફૂટનોટમાં) ખુલાસો કર્યો છે. એ લખનાર મુખ્ય છે ને ? પહેલેથી ખુસાલો કર્યો છે. કરનારા, હોં ! આ જૂનું પુસ્તક છે એમાં ખુલાસો છે. દિગંબર તરફથી છપાણું છે એમાં. સમજાણું કાંઈ ? ધર્મ અને અધર્મ એ પુણ્ય-પાપ ન લેવા. ધર્મ-અધર્મ એ ન લેવા. અહીં તો ધર્મ, અધર્મ બે દ્રવ્ય છે. જગતમાં ભગવાને જોયેલા અરૂપી (દ્રવ્ય છે). ચૌદ બ્રહ્માંડ પ્રમાણે, ચૌદ રાજુ (લોક) પ્રમાણે વ્યાપક (દ્રવ્યો છે).

'આકાશ અને કાળ. જેમાં રૂપ, રસ, ગંધ, વર્ણ અને સ્પર્શ હોય છે તેને પુદ્ગલદ્રવ્ય કહે છે. જે સ્વયં ચાલે છે...' ચલન સહાઈ. એમ. 'એવા જીવ અને પુદ્ગલને ચાલવામાં...' સહાઈ એટલે નિમિત્તકારણ છે. બસ ! થઈ રહ્યું. 'સહાઈ' શબ્દે જ ત્યાં નિમિત્ત છે. એટલે સહાઈની વ્યાખ્યા ચોખ્ખી લેવી હોય તો ધર્માસ્તિકાયને સહાઈ કીધું છે. એનો અર્થ થઈ ગયો કે, નિમિત્ત છે. સમજાણું કાંઈ ? બીજી ચીજ એક નિમિત્ત સાથે હોય છે. એમ.

સ્વયં ગતિપૂર્વક સ્થિર રહેલા. તિષ્ઠત છે ખરું ને ? તિષ્ઠત છે. જે જીવ અને પુદ્ગલ ઊભા રહે છે, એટલે ઊભા રહ્યાનો અર્થ થયો કે પહેલા ચાલતા હતા. 'જીવ

અને પુદ્ગલને સ્થિર રહેવામાં જે નિમિત્તકારણ છે તે અધર્મદ્રવ્ય છે. જિનેન્દ્ર ભગવાને આ ધર્મ, અધર્મ દ્રવ્યને તથા હવે પછી કહેવામાં આવશે તે...' બધાને એમ સમુચ્ચ લઈ લીધું. 'આકાશ અને કાળ દ્રવ્યને અમૂર્તિક (ઇન્દ્રિય અગોચર) કહ્યા છે.' ઇન્દ્રિયથી જણાય એવા નથી, જ્ઞાનગમ્ય છે. અતીન્દ્રિય જ્ઞાનગમ્ય છે. એવા ચાર અરૂપી છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ. એક પુદ્ગલ રૂપી છે, વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા (છે). તેને ઓળખીને બરાબર શ્રદ્ધવા જોઈએ. પુદ્ગલને પુદ્ગલ તરીકે માનવું જોઈએ, પુદ્ગલની પર્યાયને પુદ્ગલની પર્યાય તરીકે માનવી જોઈએ અને પુદ્ગલના ગુણને પુદ્ગલના ગુણ તરીકે માનવા જોઈએ. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– ... નિશ્ચય તો....

ઉત્તર :– પણ નિશ્ચય સાથે આવું હોય છે. વીતરાગ થાય પછી એવું જ્ઞાન અને એવો વિકલ્પ હોતો નથી. પૂર્ણ થઈ ગયું એને ખલાસ થઈ ગયું. નીચે(ની ભૂમિકામાં) એવા વિકલ્પો, જ્ઞાન અધૂરું છે પૂર્ણ થયું નથી, એથી એને એ દશા (હોય છે). ચારિત્ર પૂર્ણ થયું નથી. એ ચારિત્ર પૂર્ણ અખંડ થઈ જાય તો પછી આ ભાવ રહેતો નથી. એવો વ્યવહારભાવ નિશ્ચય સમ્યગ્દર્શન હોય ત્યારે છ દ્રવ્યની શ્રદ્ધાનો, જીવ-અજીવ તત્ત્વનો વિકલ્પ, જેવું સ્વરૂપ છે એવી શ્રદ્ધાનું જ્ઞાન એને હોય છે. એ સંબંધીનું જ્ઞાન હોય છે અને એ સંબંધીનો વિકલ્પ પણ હોય છે. સમજાણું ?

અન્યમતિ એમ બેસાડી દ્યે કે એકલો આત્મા, એકલો આત્મા એમ ન ચાલે, એમ કહે છે. એક આત્મા ! પણ એ આત્મા સાથે એને વ્યવહારના આવા છ દ્રવ્યોની શ્રદ્ધા એને હોય. છ દ્રવ્યની શ્રદ્ધા નથી એને એકલો નિશ્ચય આત્મા અખંડ એકરૂપ છે એની શ્રદ્ધા એને હોઈ શકે નહિ. સમજાણું કે નહિ ? એક સમયની જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્યને શ્રદ્ધવાની, જાણવાની તાકાત છે. વિકલ્પ સહિત. સમજાણું ? એવી જેને માન્યતા નથી એને અખંડ એક સમયમાં પૂર્ણ અનંત ગુણનો પિંડ એવું આત્મદ્રવ્ય, જેમાં એવી અનંતી અનંતી પર્યાયનો રસ પડ્યો છે. એવું આત્મદ્રવ્ય (છે). એને આવા છ દ્રવ્યની શ્રદ્ધાન હોય છે. આત્મદ્રવ્યની શ્રદ્ધા હોય નહિ, એમ કહે છે.

મુમુક્ષુ :– દેડકાને ખબર છે ?

ઉત્તર :– હા, દેડકાને ખબર છે. દેડકા પણ બરાબર જાણે છે. આત્મા આનંદસ્વરૂપ

છે એ આનંદમાં ભાન છે કે આ આત્મા (છે). એ આત્માથી વિરુદ્ધ તે આત્મા નહિ, એને શ્રદ્ધામાં-જ્ઞાનમાં આવી ગયું છે. અને આ વિકલ્પ ઊઠે છે એ દુઃખ છે, આ આનંદ નહિ. આ આનંદ છે એવી મીઠાશ નથી, એનાથી વિપરીત છે. એટલે એનાથી વિપરીત ભાવ આસ્રવની શ્રદ્ધા, આસ્રવ અને બંધભાવની (શ્રદ્ધા) એને આવી ગઈ છે. આનંદ છે એ અલ્પ છે અને આખી ચીજ આનંદ છે એ આનંદને વૃદ્ધિ કરવા મથે છે એ સંવર અને નિર્જરા છે. પૂર્ણ કરવા મથે છે એ મોક્ષ છે.

મુમુક્ષુ :– ... જીવના ભેદો....

ઉત્તર :– આ ભેદ એમાં આવી ગયા. જ્ઞાનરહિત તે પુદ્ગલ છે અથવા પાંચ દ્રવ્ય (છે). એ એમાં આવી ગયું. કીધું ને ? ભેદ ક્યાં આમાં કીધા ? આમાં પણ ઇ ક્યાં આવ્યું ? અહીં તો શું કહ્યું ? 'ચેતનતા-વિન સો અજીવ હૈ' આટલી વાત લીધી છે. એમણે પ્રયોજનભૂતની જ વાત લીધી છે. સમજાય છે ? આ ગુણી અને આ ગુણવાળો. આ ગુણ અને આ ગુણવાળો, બસ, એટલી વાત. સમજાણું કાંઈ ? એ પ્રયોજનભૂત છે. બાકી બધી વાતું ગમે એટલી હોય એની સાથે કંઈ (સંબંધ નથી). ઘડો કેમ થયો ને કેમ થયો (એનું કામ નથી). પણ માટી દ્રવ્ય છે અને વર્ણ, ગંધ, રસ એના ગુણ છે અને એ ગુણની પર્યાય છે તે આ ઘડો છે. સમજાણું કાંઈ ? એ કાંઈ કુંભારની પર્યાય ઘડો છે એમ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

એ અજીવતત્ત્વમાં આમ આવી જાય છે. ચેતન વિનાની ચીજ એવા અજીવો છે. એ દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે અજીવ છે. એમાં ક્યાંય ચેતનનો અંશ ત્રણેમાં નથી. એટલે એના વિરુદ્ધના વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળો તે પુદ્ગલ છે અને એ સિવાય ધર્માસ્તિકાયમાં એક જ ગુણ વર્ણવીને, ગતિ કરે એમાં ધર્માસ્તિકાય નિમિત્ત છે, બસ ! એક ગુણથી એનું વર્ણન કરી નાખ્યું, એ ગુણનો ધરનારો આખો ગુણી (છે). અને તિષ્ઠત–અધર્માસ્તિકાય. ઠરે છે, નિમિત્ત છે એ અધર્માસ્તિકાય. એટલા એક ગુણથી એનું વર્ણન કર્યું. સમજાણું કાંઈ ? એ સાત (ગાથા પૂરી) થઈ. (હવે) આઠમી.

### આકાશ, કાળ અને આસ્રવના લક્ષણ અને ભેદ

સકલ દ્રવ્યકો વાસ જાસમેં, સો આકાશ પિછાનો;
નિયત વર્તના નિશિ-દિન સો, વ્યવહાર કાલ પરિમાનો.
યોં અજીવ, અબ આસ્રવ સુનિયે, મન-વચ-કાય ત્રિયોગા;
મિથ્યા અવિરત અરુ કષાય; પરમાદ સહિત ઉપયોગા. ૮.

અન્વયાર્થ :– (જાસમેં) જેમાં (સકલ) સર્વે (દ્રવ્યકો) દ્રવ્યનો (વાસ) નિવાસ છે (સો) તે (આકાશ) આકાશ દ્રવ્ય (પિછાનો) જાણવું. (વર્તના) પોતે પલટ અને બીજાને પલટવામાં નિમિત્ત થાય તે (નિયત) નિશ્ચયકાળ દ્રવ્ય છે અને (નિશિ-દિન) રાત્રિ-દિવસ વગેરે (સો) તે (વ્યવહાર કાલ) વ્યવહારકાળ (પરિમાનો) જાણો. (યોં) આ પ્રકારે (અજીવ) અજીવ તત્ત્વનું વર્ણન થયું. (અબ) હવે (આસ્રવ) આસ્રવ તત્ત્વ (સુનિયે) સાંભળો. (મન-વચ-કાય) મન, વચન અને કાયાના આલંબનથી આત્માના પ્રદેશો ચંચળ થવારૂપ (ત્રિયોગા) ત્રણ પ્રકારના યોગ તથા (મિથ્યા) મિથ્યાત્વ, (અવિરત) અવિરતિ, (કષાય) કષાય (અરું) અને (પરમાદ) પ્રમાદ (સહિત) સહિત (ઉપયોગા) આત્માની પ્રવૃત્તિ તે [આસ્રવ તત્ત્વ કહેવાય છે.]

ભાવાર્થ :– જેમાં છ દ્રવ્યોનો નિવાસ છે તે સ્થાનને આકાશ* કહે છે. જે પોતાની મેળે પલટે છે તથા પોતાની મેળે પલટતા બીજા દ્રવ્યોને પલટવામાં નિમિત્ત છે તેને 'નિશ્ચયકાળ'x કહે છે. રાત, દિવસ, ઘડી, કલાક વગેરેને 'વ્યવહારકાળ' કહેવાય છે.

---

* જેવી રીતે કોઇ વાસણમાં પાણી ભરીને તેમાં ભસ્મ (રાખ) નાખવામાં આવે તો તે સમાઇ જાય છે, પછી તેમાં ખાંડ નાખવામાં આવે તો તે પણ સમાઇ જાય છે; પછી તેમાં સોયો નાખવામાં આવે તો તે પણ સમાઇ જાય છે; એવી રીતે આકાશમાં પણ ખાસ અવગાહનશક્તિ છે. તેથી તેમાં સર્વ દ્રવ્યો એકી સાથે રહી શકે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને રોકતું નથી.

x પોતે પોતાની અવસ્થારૂપે સ્વયં પરિણમતા જીવાદિક દ્રવ્યોના પરિણમનમાં જે નિમિત્ત હોય, તેને કાળ દ્રવ્ય કહે છે. જેમ કુંભારના ચાકને ફરવામાં લોઢાની ખીલી. કાળ દ્રવ્યને નિશ્ચયકાળ કહે છે. લોકાકાશના જેટલા પ્રદેશ છે તેટલા જ કાળદ્રવ્ય (કાલાણુઓ) છે, દિવસ, ઘડી, કલાક, મહિના તેને વ્યવહારકાળ કહે છે. (જૈન સિ. પ્ર.)

આઠમી (ગાથા). 'આકાશ,...'ની વ્યાખ્યા, 'કાળ...'ની વ્યાખ્યા 'અને આસ્રવના લક્ષણ અને ભેદ.'ની વ્યાખ્યા કરશે.

સકલ દ્રવ્યકો વાસ જાસમેં, સો આકાશ પિછાનો;
નિયત વર્તના નિશિ-દિન સો, વ્યવહાર કાલ પરિમાનો.
યોં અજીવ, અબ આસ્રવ સુનિયે, મન-વચ-કાય ત્રિયોગા;
મિથ્યા અવિરત અરુ કષાય; પરમાદ સહિત ઉપયોગા. ૮.

'સકલ દ્રવ્ય કો વાસ' જોયું ? ભાષા તો જુઓ એમની ! 'જાસમેં' પછી લીધું. 'યોં અજીવ,...' બસ, એ અજીવ. પહેલા જીવનું ત્રણ પ્રકારે વર્ણન કર્યું. બહિરાત્મા-અંતરાત્મા-પરમાત્મા. એ પર્યાયને એણે જાણવી, અજીવને આ રીતે જાણવું. બહિરાત્મામાં એ જીવને છોડવાનું કહ્યું હતું એની એકત્વબુદ્ધિ છૂટી ગઈ છે. એટલું એને (કહ્યું). બીજા બોલો હતા. અહીં એને આસ્રવમાં વિશેષ પ્રકારે બધું વર્ણન કરીને આસ્રવનું વર્ણન કર્યું છે. કોઈ કહે કે, બહિરાત્મામાં આસ્રવનું વર્ણન આવી ગયું હતું, અંતરાત્મામાં સંવર, નિર્જરાનું આવી ગયું હતું, મોક્ષમાં (પરમાત્માનું) આવી ગયું હતું. તો કહે છે, ના. એનું સામાન્યપણે (વર્ણન હતું). ફક્ત એકત્વબુદ્ધિનો ત્યાગ, એકત્વબુદ્ધિનો અભાવ અને પૂર્ણ જ્ઞાનની દશા, એટલી વાત જીવની પર્યાયનું વર્ણન બતાવવા ત્યાં આવી હતી.

અહીંયાં 'યોં અજીવ, અબ આસ્રવ સુનિયે, મન-વચ-કાય ત્રિયોગા' મન, વચન અને કાયાનું કંપન–યોગ છે એ પણ આસ્રવ છે એ બધી વાત અહીંયાં આસ્રવ તત્ત્વમાં વિસ્તારથી વર્ણવી છે. સમજાણું કાંઈ ? 'મિથ્યા અવિરત અરુ કષાય; પરમાદ સહિત ઉપયોગા.' પાંચેય લીધા. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. પાંચ છે ને ? આસ્રવ પાંચ છે કે નહિ ? સમજાણું કાંઈ ? 'ઉપયોગા' લીધું ને ? એની પ્રવૃત્તિ–જીવની પ્રવૃત્તિ અહીં લેવી છે. એમ કહીને ઇ કહે છે કે, એ આસ્રવ કાંઈ કર્મને લઈને નથી. છે એમાં ? નીકળે છે એમાં ? જુઓને ! 'પરમાદ સહિત ઉપયોગા.' (કહ્યું છે). એ.. દેવાનુપ્રિયા ! છે કે નહિ એમાં ? કે, કર્મથી આમાં ખેંચી ખેંચીને કાઢે છે ? કર્મ તો અજીવમાં નાખી દીધા. અજીવની પર્યાયમાં નાખી દીધા. અજીવની પર્યાય છે એમ એને શ્રદ્ધવી જોઈએ. વર્ણ, ગંધ, સ્પર્શવાળી પર્યાય. આ પુદ્ગલો એ પુદ્ગલની

પર્યાય છે એમ શ્રદ્ધવું જોઈએ. અહીં તો આત્માની આસ્રવની પર્યાય (નીવાત કરે છે). સમજાણું કાંઈ ? થોડામાં ઘણું ભરી દીધું છે, હોં ! એક એક શબ્દ એવો વાપર્યો છે કે પૂરું કરે છે.

'(જાસમેં) જેમાં...' જાસમેં એટલે આકાશમાં. ભગવાને જોયેલા લોકાલોક વ્યાપક આકાશ અરૂપી પદાર્થ છે. 'જેમાં સર્વે દ્રવ્યનો નિવાસ છે...' પણ દ્રવ્ય એમાં રહ્યા છે ન્યાંથી સિદ્ધ કર્યું છે, હોં ! સમજાણું કાંઈ ? દ્રવ્ય એમાં રહ્યા છે એને આકાશ નિમિત્ત છે. સમજાણું કાંઈ ? આમાં છે કે નહિ ? જુઓને આમાં. આ તો પહેલુંવહેલું વંચાય છે તો એને અત્યારે ખ્યાલમાં લેવું જોઈએ ને. આ તો બહુ સાદી ચીજો છે. કેટલી હજાર છપાઈ ગઈ છે ને આ ? ચૌદ હજાર તો હિન્દી (છપાણી), મરાઠી સત્તર હજાર, આપણી ગુજરાતી ? ગુજરાતી એક હજાર જ ? છોકરાઓને બધાને ધ્યાન રાખવું પડશે કે નહિ ? કોઈ શીખડાવે છે કે નહિ ? અત્યારે કોઈ માસ્તર-બાસ્તર છે નહિ. (એક) માસ્તર હતા ઇ બિચારા ચાલ્યા ગયા. કોઈ શીખવે નહિ, રખડે છે બધા. અહીં પા કલાક, અડધો કલાક, એક કલાક ભણાવનાર ન હોય તો રખડે જ ને, બીજું શું ? થોડો વખત હોય તો એ રખડવાનું કામ કરે. સમજાણું ? શું કીધું ?

આ તો એમની ગોઠવણીની રચનામાં કેવી શૈલી ટૂંકામાં ભરી દીધી છે ! એ પણ આવા સાદા હિન્દી શ્લોકો. હિન્દીમાં પણ ઘણી વાત મૂકી દીધી છે. કહે છે કે, આકાશ નામનો પદાર્થ છે કે જેમાં છ દ્રવ્યનો વાસ છે, વાસ. વાસ–ઘરમાં જેમ વાસ હોય ને ? એમ આકાશમાં છ દ્રવ્યનો વાસ છે. સમજાણું ? 'તે આકાશ દ્રવ્ય જાણવું.' એને જાણવું. આકાશ અરૂપી લોકાલોક વ્યાપક છે એમાં આ રહેલા છે એમ જાણવું. સમજાણું ?

હવે કાળ. '(વર્તના)...' 'વર્તના નિયત' એ કાળને માટે આપ્યું. વર્તના નિયત. વર્તવું છે જેને નિશ્ચય એવું કાળદ્રવ્ય છે. વર્તવું એનો ગુણ છે એવો કાળદ્રવ્ય છે. એટલે પછી એમાંથી (એમ કહ્યું કે) જે વર્તે તેને નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? વર્તવું એ પોતાનો ગુણ છે, એ જાતનો. પોતે પરિણમે છે ને ? અને જે વર્તે છે એટલે પરિણમે છે એને નિમિત્ત છે. પરિણમે છે એને નિમિત્ત છે. નિમિત્ત નથી એમ નહિ અને નિમિત્ત ન હોય તો ન પરિણમે, એમ અહીં નહિ. પરિણમે છે એ

પણ છે અને સામે નિમિત્ત પણ છે.

દરેક દ્રવ્ય પોતે પોતાની ગુણ-પર્યાયપણે સ્વકાળે પરિણમે છે ત્યારે એક વર્તના, વર્તનાનું નિમિત્તરૂપે અને પોતે વર્તનાગુણવાળું એક કાળદ્રવ્ય છે. અહીં એક જ ગુણથી બધા દ્રવ્યોને વર્ણવ્યા છે. ધર્મ–ગતિ, તિષ્ઠત–(સ્થિર થવું), વર્તમાન વસવું. સમજાય છે ? અને અરૂપી તો સાથે લઈ લીધું છે, બાકી દરેક દ્રવ્યમાં છે અનંતા ગુણો. પોતે પલટે, વર્તના–વર્તે અને બીજાને પલટવામાં નિમિત્ત થાય. તે નિયત છે 'નિશ્ચય કાળ દ્રવ્ય છે...' તે નિશ્ચય કાળ દ્રવ્ય છે. કોઈ કાળ દ્રવ્ય ઉપચારિક માને એમ છે નહિ. એમ સિદ્ધ કરવું છે.

વ્યવહાર સમકિતમાં પણ નિશ્ચય સમ્યગ્દષ્ટિ જીવ કાળ સહિત દ્રવ્યને માને છે. સમજાણું ? એક સંપ્રદાય કાળ દ્રવ્યને માનતા નથી. (એમ કહે છે), એ ખોટી વાત છે. સમજાણું કાંઈ ? વર્તનારો સ્વભાવ પુરુષાર્થ જીવને હોય કે ઊલટો પુરુષાર્થ હોય એમાં એક બીજી ચીજ નિમિત્ત છે. સ્વકાળનું પરિણમન છે તો પરકાળ વસ્તુ એક એવું દ્રવ્ય છે એ એને નિમિત્ત પર્યાય થાય છે. સમજાણું કાંઈ ? આ તો ગૃહસ્થાશ્રમમાં રહ્યા 'દૌલતરામ' પંડિતે બનાવ્યું છે, લ્યો ! એને પણ કેટલાક ખોટું ઠરાવતા હશે. અત્યારે તો શું થાય ? લોકોને બિચારાને અભ્યાસ ન મળે, શેઠિયાઓને નવરાશ ન મળે, નવરાશવાળાને અભ્યાસ ન મળે. પેલા નવરા ન મળે. એટલે પછી કોઈ માથે ધણીધોરી ન મળે એટલે જે જેમ ચલાવે એમ ચાલ્યું, ચાલે. અહીં તો કહે છે, ભાઈ ! ભગવાનનો માર્ગ છે એ સ્વયંસિદ્ધ દરેક પદાર્થ સ્વતંત્ર સિદ્ધ કરીને નિમિત્ત શું છે એનું જ્ઞાન કરાવે છે. સમજાણું કાંઈ ? પછી ઈશ્વર નિમિત્ત છે, કર્તા, એમાં આ લોકોએ વાંધો શું કરવા ઉઠાવ્યો ? એમ છે જ નહિ. વસ્તુ જ પોતાથી દ્રવ્ય-ગુણ-પર્યાય અકૃત્રિમ ચીજ પોતાથી છે. ફક્ત બીજી ચીજ ... છે, પોતાને લઈને પરિણમે એમાં નિમિત્ત એક ચીજ છે, બસ ! એને લઈને છે, ઈશ્વરને લઈને જગત છે એમ નથી. એમ આ નિમિત્તને લઈને આ દ્રવ્યો છે એમ નથી. સમજાણું કાંઈ ?

વસ્તુ છે એ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયથી દરેક છે એ ઉપાદાન (છે), એમાં એક (સાથે) બીજી ચીજ છે. આવું વસ્તુનું સ્વરૂપ જ છે. એમાં કોઈએ કર્યું છે અને બીજી રીતે કહ્યું છે, નથી તેમ કહ્યું છે એમ નથી.

મુમુક્ષુ :– પહેલા કહ્યું કે પહેલા જાણ્યું છે ?

ઉત્તર :– જાણ્યું ત્યારે કહ્યું છે. એ તો અનાદિથી ચાલ્યા આવે છે. જાણનારા અને કહેનારા. કહ્યું અને જાણ્યું નહિ, જાણ્યું અને કહ્યું. જાણ્યા વિના કહે ક્યાંથી ? કહ્યું એવું એણે જાણ્યું છે. એટલે શું કહે ? અનેકાંત કહ્યું છે એવું એણે જાણ્યું છે. નિયત એને મિથ્યાદૃષ્ટિ કહ્યા છે, એમ ઇ કહે છે. અરે..! ભગવાન ! આત્માની પણ બલિહારી છે ને ! ભગવાને જેવી દ્રવ્યની વ્યવસ્થા છે એવી કહી છે. કહી છે એવી જાણી છે એમ એણે કીધું. ભાઈ ! પણ જેવી છે એવી જાણી છે, જાણી છે એવી કહી છે. (તો કહે), એમ નહિ. એમાં વાંધો આવે. જાણી છે. ત્રણકાળનો જે પ્રકારે છે એને ભગવાને જાણે છે. આ તો દ્રવ્યમાં નિયત-અનિયત પર્યાય થાય એમ ભગવાને કહી છે, એમ ભગવાને પછી એવું જાણ્યું છે. એવું આવ્યું છે. આવ્યું છે ને ? આહા..હા..! સમજાણું કાંઈ ? આ રીતે સમજે તો બધો વિવાદ બંધ થઈ જાય. એમ લખ્યું છે, નહિ ? છેલ્લું એમ લખ્યું છે ને ? અરે..! ભગવાન ! બાપુ ! પણ શી રીતે સ્વીકારે ? ખ્યાલમાં, ભાવમાં આ વાત આમ છે એમ ભાસન થવું જોઈએ કે નહિ ? કે, આમ ને આમ માની લેવું ? એમ વાત બેસે શી રીતે પણ ?

મુમુક્ષુ :– બીજા કહે છે એ પોતે માને તો વિવાદ બંધ થાય.

ઉત્તર :– ના, એ નહિ. બીજાનું ખોટું છે. કારણ કે નિયતને મિથ્યાદૃષ્ટિ ભગવાને કીધું છે. મિથ્યાદૃષ્ટિ નિયતને કીધું છે અને તમે નિયતનું... પણ કહ્યું નથી, તને ખબર નથી. એ તો સ્વભાવ, પુરુષાર્થ નહિ માનનારા, એકલો નિયત માનનારા એને (મિથ્યાદૃષ્ટિ કહ્યા છે). ત્યાં વિધિ અને કારણ કહ્યા છે, એમ ત્યાં કહે છે. પણ સ્વભાવ, પુરુષાર્થ, સર્વજ્ઞ એક સમયમાં ત્રણકાળનું જ્ઞાન, એ નિયતવાળો ક્યાં માને છે ? સમજાણું ? એક સમયમાં, એક સમયમાં કેવળજ્ઞાન એક સમયમાં લોકાલોક નિમિત્ત. વર્તમાન નિમિત્ત એક સમયમાં. ભવિષ્યમાં પર્યાય થશે એમ નહિ. એનો અર્થ એ થઈ ગયો કે, દ્રવ્યમાં જે સમયે એ પર્યાય થવાની એવો ક્રમ જ આમાં–એની શક્તિમાં પડ્યો જ છે. દ્રવ્ય પણ ક્રમબદ્ધ પર્યાય થાય એવું દ્રવ્ય છે, ગુણ પણ ક્રમબદ્ધ થાય એવા છે, પર્યાય તો ક્રમસર થાય છે. એક સમયમાં અહીં જેવું જાણ્યું એવું એક સમયમાં આ બધું એને ખ્યાલમાં આવી જાય છે. સમજાણું કાંઈ ? ભવિષ્યમાં થશે કે ગઈ,

એમ નહિ. સમજાણું આમાં કાંઈ ? શું કીધું સમજાણું ?

એક સમયમાં કેવળજ્ઞાન પર્યાય છે એને લોકાલોકના વર્તમાન બધા દ્રવ્યો નિમિત્ત થાય છે. વર્તમાન નિમિત્ત થાય છે. વર્તમાન નિમિત્ત શી રીતે થશે ? વર્તમાનમાં ભૂત-ભવિષ્યની પર્યાય નથી. પણ ભૂત-ભવિષ્યની પર્યાય જે ક્રમસર દ્રવ્યમાં થવાની છે અને થઈ ગઈ છે એની દ્રવ્યમાં લાયકાત વર્તમાનમાં પડી છે. ભાઈ ! સમજાણું ? થઈ ગઈ અને થશે, વ્યવસ્થિત જે થઈ અને થશે એની લાયકાત દ્રવ્યમાં પડી છે, ગુણમાં પડી છે. પ્રગટ આ છે. એ રીતે એને નિમિત્ત આખા કેવળજ્ઞાનમાં (થાય છે). એક સમયમાં (ત્યાં) અને અહીં એક આખું (કેવળજ્ઞાન). એક સમયમાં આખું નિમિત્ત છે. ભવિષ્યમાં થશે ને એ પ્રશ્ન નહિ. દ્રવ્યની શક્તિ પણ એવી છે, ગુણની શક્તિ પણ એવી છે અને પર્યાયની શક્તિની વ્યક્તતા પણ એ રીતે છે. એમ એક સમયમાં ભગવાનના જ્ઞાનમાં આવી જાય છે. સમજાણું કાંઈ ? વ્યવહાર તરીકે જાણ્યું છે. એક સમયનું જ્ઞાન છે એવું જ્ઞાને પોતે જાણ્યું. એમ આ એક જાણ્યું એટલે નિમિત્ત તરીકે એમાં, નિમિત્તમાં સ્થિતિ જ એની એવી છે, બીજી સ્થિતિ હોઈ શકે નહિ. પણ હવે શું થાય ? ઇ કાંઈ કોઈ પરાણે બેસાડી દે એવું છે ? ન્યાયથી જ્ઞાનની સમ્યક્ યુક્તિ દ્વારા એ જો ખ્યાલમાં આવે તો આવી શકે. નહિતર તો એ વાતની કાંઈ ઘડ બેસે નહિ. સમજાણું ?

એક કાળ દ્રવ્ય નિશ્ચય પોતે વર્તે છે. એક બીજું વર્તે છે, વર્તે છે, વર્તે છે સમયે સમયે એને આ એક નિમિત્ત છે. વર્તે છે એને નિમિત્ત છે. 'અને (નિશિ-દિન) વ્યવહારકાળ...' છે. રાત્રિ, દિવસ, પહોર એ આમ ઘણા સમયોને ભેગા કર્યા ને ? એ વ્યવહારકાળ છે. એ વ્યવહારકાળ '(પરિમાનો)...' એટલે 'જાણો. આ પ્રકારે અજીવ તત્ત્વનું વર્ણન થયું.' સમજાણું ?

'હવે આસ્રવ તત્ત્વ સાંભળો. મન, વચન અને કાયાના આલંબનથી આત્માના પ્રદેશો ચંચળ થવારૂપ (ત્રિયોગા) ત્રણ પ્રકારના યોગ...' ઇ છેલ્લાને પહેલું લીધું. અહીં તો પદ્ય છે ને ? પદ્યની શૈલી ગોઠવવી જોઈએ ને ? નહિતર યોગ છે એ છેલ્લો છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. એ પાંચ આસ્રવ છે. એમાં યોગને પહેલો (લીધો છે). શાસ્ત્રમાં પણ 'योगास्रवाः' એમ 'તત્ત્વાર્થ સૂત્ર'માં કહ્યું છે ને ?

ભાઈ ! એટલે અહીં એ વાત જ પહેલી એ આવી. સમજાણું ? 'योगास्रवाः'. પછી એના પેટામાં બધા નાખે. સમજાણું ?

'મન, વચન અને કાયાના આલંબનથી...' આ જડના આલંબન, હોં ! નિમિત્ત. આત્માના પ્રદેશો જે અંદર કંપે (છે) એને જોગ કહેવાય છે. એ જોગ ત્રણ પ્રકારના યોગ છે. કારણ કે મનને જડનું અવલંબન નિમિત્ત હોય. એ વખતના કંપનને મનયોગ કહે છે. વાણીના પરમાણુનું અવલંબન નિમિત્ત હોય એ વખતે આત્મપ્રદેશના (કંપનને) વચનયોગ કહે છે. દેહનું અવલંબન નિમિત્ત હોય, પ્રદેશનું કંપન એ તો કંપનરૂપ જ છે. પણ જેવા પ્રકારનું નિમિત્ત છે એ અપેક્ષાએ કંપનને એ પ્રકારનો યોગ કહેવામાં આવે છે. એ યોગ આસ્રવ છે. સમજાય છે ? નવા પરમાણુ આવવામાં એ નિમિત્ત છે. એ આસ્રવને બરાબર જાણવો જોઈએ.

'મિથ્યાત્વ,...' તે મોટો આસ્રવ છે. વિપરીત માન્યતા, વિપરીત અભિનિવેશ, ઊંધો અભિપ્રાય. સુખ જડમાં, સુખ પુણ્યમાં, સુખ પાપમાં (છે) એ વિપરીત મિથ્યાત્વ, વિપરીત અભિપ્રાય (છે). પ્રતિકૂળતામાં દુઃખ (છે).... સમજાણું કાંઈ ? એ મિથ્યાત્વ અભિપ્રાય છે, એ આસ્રવ છે, નવા બંધનના કારણો છે. એને બરાબર ઓળખવા જોઈએ.

'(અવિરત)...' અત્યાગભાવ. ત્રણ કષાય આદિ હોય છે. અંદર રાગની તીવ્ર આસક્તિ (છે) એ પણ આસ્રવ છે. એનાથી નવા આવરણો આવે. આમાં કર્મની વાત લીધી નથી, હોં ! એ પોતાના પરિણામ, ઉપયોગ એ જાતના છે તેને આસ્રવ કહે છે. આહા..હા...! એ તો પછી નિમિત્ત હોય એનું (જ્ઞાન કરાવે), એ તો જડની પર્યાયનું નિમિત્ત છે. સમજાણું ? અને 'કષાય...' ક્રોધ, માન, માયા, લોભ એ કષાય છે તે આસ્રવ છે. જીવની ઉપયોગ પ્રવૃત્તિ છે, જીવના ઉપયોગની પ્રવૃત્તિ છે. એટલે આત્માના પ્રદેશની એ જાતની પ્રવૃત્તિના આ બધા પરિણામ છે. 'અને પ્રમાદ...' પ્રમાદ થવો. કષાય ગયા પછી પણ થોડો પ્રમાદ રહે છે એ પણ આસ્રવ છે.

એ 'આસ્રવ સહિત આત્માની પ્રવૃત્તિ...' જુઓ ! આત્માની પ્રવૃત્તિ એટલે અંદર ઉપયોગ પ્રવૃત્તિમાં જોડાયો 'તે આસ્રવ તત્ત્વ કહેવાય છે.' એમ આસ્રવ તત્ત્વને જાણવું જોઈએ. કર્મને લઈને આસ્રવ (થાય છે) એમ ન જાણવું જોઈએ, સ્વભાવ તે આસ્રવ

છે એમ નહિ. આ પ્રકારના આત્માના નિમિત્તના લક્ષમાં જોડાતાં જે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગના પરિણામ થાય તેને આસ્રવ કહે છે. જેમ ગળણાં વડે પાણી આવે છે ને ? એમ આ આસ્રવ વડે નવા કર્મો આવે છે. એટલે એ આસ્રવ તત્ત્વને જેમ છે તેમ ઓળખીને શ્રદ્ધવું જોઈએ. એ વ્યવહાર સમકિતના વિષયમાં આ આવે છે. (વિશેષ કહેશે...) (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## વીર સંવત ૨૪૯૨, મહા સુદ ૧૪, શુક્રવાર
## તા. ૪-૨-૧૯૬૬, ગાથા ૮ થી ૧૦. પ્રવચન નંબર–૧૭

'છ ઢાળા' (ત્રીજી ઢાળની) આઠમી ગાથા, એનો ભાવાર્થ. આ સમ્યગ્દર્શન–વ્યવહાર સમ્યગ્દર્શનનો વિષય છ દ્રવ્ય છે એની વ્યાખ્યા ચાલે છે. નિશ્ચય સમ્યગ્દર્શન હોય ત્યાં એને વ્યવહાર સમ્યગ્દર્શન આવું હોય છે એનું વર્ણન કરે છે. સમજાણું કાંઈ ? એમાં અર્થ કર્યો અને થોડો ભાવાર્થ (લઈએ). પહેલી આકાશ દ્રવ્યની વ્યાખ્યા આવી ને ? 'સકલ દ્રવ્યકો વાસ જાસમેં, સો આકાશ પિછાનો;' જે આકાશ નામનો સર્વવ્યાપક પદાર્થ છે એમાં બધા દ્રવ્ય રહ્યા છે. એને સમ્યક્–વ્યવહાર સમ્યક્માં બરાબર જાણીને શ્રદ્ધવા જોઈએ.

ભાવાર્થ :– 'જેમાં છ દ્રવ્યોનો નિવાસ છે તે સ્થાનને આકાશ કહે છે.' નીચે દાખલો આપ્યો છે. પાણીમાં જેમ ભસ્મ નાખે (એ) સમાઈ જાય, વળી એમાં ખાંડ નાખે એ સમાઈ જાય, સોય નાખે એ સમાઈ જાય. એ દાખલો હિન્દીમાં (આપ્યો છે). આ બધા દાખલા હિન્દીમાં આપેલા છે. આ હેઠે એનું લખાણ છે. એને આકાશ માનવું જોઈએ.

'જે પોતાની મેળે પલટે છે તથા પોતાની મેળે પલટતા બીજા દ્રવ્યોને પલટવામાં નિમિત્ત છે તેને 'નિશ્ચયકાળ' કહે છે.' કાળ દ્રવ્ય છે (એના) અસંખ્ય પ્રદેશ છે. કુંભારના ચાકને જેમ લોઢાની ખીલી હોય છે એમ જગતના પ્રાણીને, જડ-ચૈતન્યને પરિણમવામાં કાળદ્રવ્યનું નિમિત્ત છે. કુંભારનો ચાક ચાલે ને ? એમાં નીચે ખીલી નીકળે ને ? ખીલી હોય ને ખીલી ? એમ આ કાળદ્રવ્ય બીજા દ્રવ્યને પરિણમવામાં નિમિત્ત છે. પરિણમે છે તો સ્વયં પોતે. આમ ભગવાને જોયેલા છ દ્રવ્ય આ રીતે છે એમાં કેટલાક કાળ દ્રવ્ય માનતા નથી. શ્વેતાંબર કાળ દ્રવ્ય માનતા નથી. અહીં કહે છે કે વ્યવહાર સમકિતમાં છ દ્રવ્ય માનવા જોઈએ. ન માને તેને વ્યવહાર સમકિતમાં પણ ભૂલ છે. સમજાણું કાંઈ ? 'રાત, દિવસ, ઘડી, કલાક વગેરેને 'વ્યવહારકાળ' કહે છે. આવી

## આસ્રવત્યાગનો ઉપદેશ અને બંધ, સંવર, નિર્જરાનું લક્ષણ

યે હી આતમકો દુખ-કારણ, તાતૈં ઇનકો તજિયે;
જીવપ્રદેશ બંધૈ વિધિસોં સો, બંધન કબહુઁ ન સજિયે.
શમ-દમતૈં જો કર્મ ન આવૈં, સો સંવર આદરિયે;
તપ-બલતૈં વિધિ-ઝરન નિરજરા, તાહિ સદા આચરિયે. ૯.

અન્વયાર્થ :– (યે હી) આ મિથ્યાત્વાદિ જ (આતમકો) આત્માને (દુખ-કારણ) દુઃખનું કારણ છે. (તાતૈં) તેથી (ઇનકો) આ મિથ્યાત્વાદિને (તજિયે) છોડી દેવું જોઇએ. (જીવપ્રદેશ) આત્માના પ્રદેશનું (વિધિસોં) કર્મોથી (બંધૈ) બંધાવું તે (બંધન) બંધ [કહેવાય છે.] (સો) આ [બંધ] (કબહુઁ) કયારેય પણ (ન સજિયે) ન કરવો જોઇએ. (શમ) કષાયોનો અભાવ [અને] (દમતૈં) ઇન્દ્રિયો તથા મનને જીતવાથી (કર્મ) કર્મ (ન આવૈં) ન આવે (સો) તે (સંવર) સંવર તત્ત્વ છે; (તાહિ) તે સંવરને (આદરિયે) ગ્રહણ કરવો જોઇએ. (તપબલતૈં) તપની શક્તિથી (વિધિ) કર્મોનું (ઝરન) એકદેશ ખરી જવું તે (નિરજરા) નિર્જરા કહેવાય છે. (તાહિ) તે નિર્જરાને (સદા) હંમેશા (આચરિયે) પ્રાપ્ત કરવી જોઇએ.

ભાવાર્થ :– ૧. આ મિથ્યાત્વાદિ જ આત્માને દુઃખનું કારણ છે, પણ પર પદાર્થ દુઃખનું કારણ નથી; તેથી પોતાના દોષરૂપ મિથ્યાભાવોનો અભાવ કરવો જોઇએ. સ્પર્શો સાથે પુદ્‌ગલોનો બંધ, રાગાદિક સાથે જીવનો બંધ અને અન્યોન્ય-અવગાહ તે પુદ્‌ગલ-જીવાત્મક બંધ કહેલ છે. (પ્રવચનસાર ગાથા ૧૭૭). રાગ-પરિણામમાત્ર એવો જે ભાવબંધ તે દ્રવ્ય-બંધનો હેતુ હોવાથી તે જ નિશ્ચયબંધ છે, જે છોડવાયોગ્ય છે.

૨. મિથ્યાત્વ અને ક્રોધાદિરૂપ ભાવ તે સર્વને સામાન્યપણે કષાય કહેવાય છે. (મોક્ષમાર્ગ પ્ર૦ પા.૩૧.) એવા કષાયનો અભાવ તેને શમ કહેવાય છે. અને દમ એટલે જે જ્ઞેય-જ્ઞાયકનો સંકરદોષ ટાળી ઇન્દ્રિયોને જીતીને જ્ઞાનસ્વભાવ વડે અન્ય-દ્રવ્યથી અધિક (જાુદો, પરિપૂર્ણ) આત્માને જાણે છે તેને, જે નિશ્ચયનયમાં સ્થિત સાધુઓ છે તેઓ, ખરેખર જિતેન્દ્રિય કહે છે. (સમયસાર ગાથા ૩૧)

સ્વભાવ-પરભાવના ભેદજ્ઞાનના બળવડે દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને તેના

* આસ્રવ આદિના દૃષ્ટાંત

૧. આસ્રવ - જેવી રીતે કોઇ વહાણમાં છિદ્ર પડવાથી તેમાં પાણી આવવા લાગે છે તેવી રીતે મિથ્યાત્વાદિ આસ્રવ મારફત આત્મામાં કર્મ આવવા લાગે છે તે.

૨. બંધ - જેવી રીતે છિદ્ર દ્વારા પાણી આવીને નૌકામાં ભરાઇ જાય છે તેવી રીતે કર્મ પરમાણુ આત્માના પ્રદેશોમાં જાય છે (એક ક્ષેત્રે ભેગા રહે છે) તે.

૩. સંવર - જેવી રીતે છિદ્ર બંધ કરવાથી નૌકામાં પાણી આવવું રોકાઇ જાય છે તેવી રીતે શુદ્ધ ભાવરૂપ ગુપ્તિ વગેરે મારફત આત્મામાં કર્મોનું આવવું રોકાઇ જાય છે તે.

૪. નિર્જરા - જેવી રીતે વહાણમાં આવેલા પાણીમાંથી થોડું (કોઇ વાસણમાં ભરી) ફેંકી દેવામાં આવે છે તેવી રીતે નિર્જરા દ્વારા થોડાં કર્મ આત્માથી અલગ થઇ જાય છે તે.

૫. મોક્ષ - જેવી રીતે વહાણમાં આવેલું બધું પાણી કાઢી નાખવાથી વહાણ એકદમ પાણી વિનાનું થઇ જાય છે તેમ આત્માથી બધાં કર્મો જુદાં પડી જવાથી આત્માની પૂરેપુરી શુદ્ધ હાલત (મોક્ષદશા) પ્રગટ થાય છે એટલે કે તે આત્મા મુક્ત થઇ જાય છે.

---

'આસ્રવત્યાગનો ઉપદેશ અને બંધ, સંવર, નિર્જરાનું લક્ષણ.' જુઓ ! આ તો હજી નવ તત્ત્વને જેમ છે એમ માનવા એ તો વ્યવહાર સમ્યગ્દર્શનનું લક્ષણ છે. નિશ્ચયમાં તો આત્મા નિર્વિકલ્પ શુદ્ધ અખંડાનંદની પ્રતીત અનુભવમાં થવી (તે નિશ્ચય સમ્યગ્દર્શન છે).

મુમુક્ષુ :– આત્મા શુદ્ધ છે એમ તો માને છે.

ઉત્તર :– શુદ્ધ શું માને ? ધૂળમાં ક્યાંથી માને. આ બધો વ્યવહાર એને વિકલ્પમાં આવો હોય છે. એવો વ્યવહાર ન હોય ત્યાં નિશ્ચય યથાર્થ હોય નહિ. નિશ્ચય હોય ત્યારે આવો વ્યવહાર એને હોય છે, એમ સિદ્ધ કરે છે. આગળ વાત કરે છે ને ! હજી તો ઘણી વાત બાકી છે. સમજાણું ?

આત્મા શુદ્ધ ચિદાનંદ જ્ઞાયક સ્વરૂપ છે એમ અંતર નિર્ણય અનુભવમાં સમ્યક્ પ્રતીત હોવા છતાં સાથે જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી આવા સાત તત્ત્વના વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવું, ઉપાદાન-નિમિત્ત આદિ બરાબર માનવા જોઈએ. આગળ હજી દેવ-ગુરુ-શાસ્ત્રની વાત કહેશે. નવમી ગાથા.

**યે હી આતમકો દુખ-કારણ, તાતૈં ઇનકો તજિયે;**
**જીવપ્રદેશ બંધૈ વિધિસોં સો, બંધન કબહું ન સજિયે.**
**શમ-દમતૈં જો કર્મ ન આવૈં, સો સંવર આદરિયે;**
**તપ-બલતૈં વિધિ-ઝરન નિરજરા, તાહિ સદા આચરિયે. ૯.**

એ આસ્રવ છોડવા યોગ્ય છે એમ એણે માનવું જોઈએ. દરેક શબ્દે દરેકમાં ફેર પાડ્યો છે. મિથ્યાત્વ નામ ઊંધી માન્યતા, વ્યવહાર આદિની ઊંધી માન્યતા 'આત્માને દુઃખનું કારણ છે.' એ બધા મિથ્યાત્વ આદિ દુઃખના કારણ છે. આસ્રવ દુઃખનું જ કારણ છે. દુઃખનું કારણ સંયોગ નથી. સમજાણું કાંઈ ? પ્રતિકૂળતા, શરીરમાં રોગ, નિર્ધનતા અને નરકના સંયોગનું દુઃખ, નરકમાં સંયોગ છે એ દુઃખ નથી. એ મિથ્યાત્વ આદિ દુઃખના કારણ તો એને ભગવાને કહ્યા છે. એને ઠેકાણે સંયોગને દુઃખનું કારણ માને તો એ આસ્રવતત્ત્વની એને ખબર નથી. સમજાણું કાંઈ ?

વિપરીત માન્યતા અને રાગ-દ્વેષના પરિણામ એ દુઃખનું કારણ છે. સ્વભાવ આનંદનું કારણ છે, એ (વિભાવ) દુઃખનું કારણ છે. સંયોગ દુઃખનું કારણ નથી. નરકના સંયોગ આવ્યા, ઢોરમાં પ્રતિકૂળતા આવી કે મનુષ્યમાં વીંછી કરડે, સર્પ કરડે એ દુઃખનું કારણ નથી, એમ કહે છે.

મુમુક્ષુ :– ... યાદ નથી રહેતું....

ઉત્તર :– આ શું કીધું ? બે વાર કહ્યું ને ? બીજું ઘૂંટાઈ ગયું છે એટલે યાદ નથી રહેતું, એમ કહે છે. સમજાણું કે નહિ ?

મિથ્યા શ્રદ્ધા–ઊંધી માન્યતા કે, આ પ્રતિકૂળતા મને દુઃખનું કારણ (છે), એ ઊંધી માન્યતા અને રાગ-દ્વેષ એ દુઃખનું કારણ છે. શું કીધું ને પહેલું ? વાંચો એમાં છે કે નહિ ? ઉપરથી નહિ, અંદરથી. છે ? 'આ મિથ્યાત્વાદિ જ આત્માને દુઃખનું કારણ

છે.' એ કારણ છે. પ્રતિકૂળ સંયોગ, શરીરમાં રોગ, ટાંગો ચાલે નહિ એ દુઃખનું કારણ નથી, એમ કહે છે.

મુમુક્ષુ :– જીવને ?

ઉત્તર :– જીવને. તે શું જડને છે ? કહો, સમજાણું કાંઈ ? છોકરાઓ પ્રતિકૂળ થાય, છોકરા જુદા પડે, વહેંચાઈ જાય માટે દુઃખનું કારણ છે એમ નથી, એમ અહીં તો કહે છે. ઊંધી માન્યતા (કે) મને આમ થયું, મને આમ થયું અને રાગ ને દ્વેષના ભાવ દુઃખનું કારણ છે. કેમ ભાઈ ? ઊંધી માન્યતા. જે શુભભાવ એ ધર્મ છે અથવા એ મને ઠીક છે, પાપમાં મને મજા પડે છે. એવો મિથ્યાત્વભાવ દુઃખનું કારણ છે. સર્પ કરડે, વીંછી કરડે, માથેથી છરા પડે. માથેથી.. સમજ્યા ને ? મોટા પચાસ-સો મણના.. શું કહેવાય ? કૈંચી પડે, માથે કોઈ ઘણ મારે એ દુઃખનું કારણ નથી. માથે કોઈ ઘણ મારે આમ માથામાં એ દુઃખનું કારણ નથી.

મુમુક્ષુ :– મારે એ દુઃખનું કારણ નહિ ?

ઉત્તર :– ના, કોણ મારે છે ? મારતું નથી, એને અડતું પણ નથી. છરા માર્યા એ દુઃખનું કારણ નથી. માર્યા છે ક્યાં પણ ? છરો તો ન્યાં શરીર પાસે ફરે છે, એને ક્યાં અડ્યો છે ? એને અડેલી (છે) મિથ્યા શ્રદ્ધા અને રાગ-દ્વેષભાવ. એ એને દુઃખનું કારણ છે. કહો, સમજાણું કાંઈ ? અગ્નિમાં હાથ નાખ્યો એ અગ્નિ દુઃખનું કારણ નથી. ઊના ધગધગતા પાણી અને તેલના કડાયામાં માણસને નાખ્યો એ દુઃખનું કારણ નથી. દુઃખનું કારણ અંદરમાં મિથ્યા શ્રદ્ધા અને રાગ-દ્વેષભાવ ઊભો કરે છે ઇ (છે). મને આમ થયું, આને આમ થયું, આ મને થયું એવી મિથ્યા માન્યતા અને રાગ-દ્વેષનો ભાવ કરે એ દુઃખનું કારણ છે.

મુમુક્ષુ :– બહુ ભારે....

ઉત્તર :– પણ છે કે નહિ એમાં ? તમારા હાથમાં તો આ (પુસ્તક) આપ્યું છે. સમજાણું કાંઈ ? શું કહ્યું ?

'યે હી આતમકો દુઃખ-કારણ'. યે હી આતમ કો દુઃખ કારણ. એમ છે ને ? વિપરીત શ્રદ્ધા અને રાગ-દ્વેષના પરિણામ, હરખ-શોકના ભાવ આસ્રવ છે, એ જીવને

દુઃખનું કારણ છે. સ્વભાવ દુઃખનું કારણ નથી, સંયોગ દુઃખનું કારણ નથી. પણ છોકરા સારા થયા હોય અને પછી ભાગ સરખો આપે નહિ, સાચવે નહિ તો દુઃખ થાય કે નહિ ? એ દુઃખનું કારણ ખરું કે નહિ ? કહો, સમજાણું આમાં ?

મુમુક્ષુ :– ... છોકરો....

ઉત્તર :– છોકરો જ એને નથી પણ, મફતનો માનીને બેઠો છે, મૂઢ. છોકરો તો બીજા કો'કનો જીવ છે, ઇ એનો જીવ છે. એના રજકણો કો'કના છે, એમાં તારો છોકરો ક્યાં આવ્યો ?

મુમુક્ષુ :– ... પણ આ રાગ....

ઉત્તર :– ઇ રાગ મારી નાખે છે, ઇ જ કહે છે. ઇ રાગ કરે અને વાંક કાઢે કો'કનો. શું (કીધું) ? રાગ કરે, દ્વેષ કરે અને વાંક કાઢે કો'કનો. કહે છે, મૂઢ છો. આસ્રવ તત્ત્વની તને ખબર નથી, એમ કહે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ભૂલી જવાય છે. પેલો ઊંધો રસ ચડી ગયો છે. 'ક્ષત્રિય કા રંગ ચડા હૈ, ઉતરતા નહિ.' એ નહોતો (ભળ્યો) એક ફેરી ? એ રંગ એવો ચડ્યો સવારથી સાંજ સુધી અને આખી જિંદગી અને અનંત કાળથી (ચડેલો છે). આહા..હા...! દુઃખનું કારણ કોણ હોય ? કે, જેમાં આત્મા આનંદ છે. એ આનંદની ઊલટી અવસ્થા દુઃખનું કારણ હોય. પ્રતિકૂળ અવસ્થા, જડની કે પરની પ્રતિકૂળ અવસ્થા દુઃખનું કારણ કેમ હોય ? ન્યાય સમજાય છે કાંઈ ? પરવસ્તુની પ્રતિકૂળતા તો માની (છે). પ્રતિકૂળતા શું ? પોતાના આનંદની પ્રતિકૂળતા, આનંદ સ્વરૂપ છે એની પ્રતિકૂળતા એટલે વિપરીતતા એવો મિથ્યાત્વ ભાવ અને રાગ-દ્વેષ એ દુઃખનું કારણ છે. સમજાય છે કાંઈ ? નરકના બહારના સંયોગો કે સ્વર્ગના કે દરિદ્રતાના કે નિર્ધનતાના, વાંઝિયાપણાના, વાંઢાપણાના કે માથે પચાસ મણનો ભાર પડ્યો ને ટાંગા, શરીર દબાઈ ગયું. હાય.. હાય.. હવે ? મોટરમાં .... લાગે છે, લ્યો ને! જુઓને ! હમણા થયું ને ? કહે છે, આજે રાત્રે જ અહીં થયું. એક માણસ મરી ગયો. એકને અહીં લાવ્યા હતા. એ દુઃખ મોટર ફાટી અને એના ઉપર પેટ્રોલ પડ્યું માટે દુઃખનું કારણ

છે એમ નથી.

પરવસ્તુ – પરપદાર્થ તો ભિન્ન છે. ભિન્ન છે એ દુઃખનું કારણ કેમ થાય ? એનામાં–એના અસ્તિત્વમાં, એની સત્તામાં, એના હોવાપણામાં કાંઈ થાય તો દુઃખનું કારણ થાય. શું કીધું ? જે એનામાં નથી એ ચીજો એને દુઃખનું કારણ કેમ થાય ? સમજાણું આમાં કાંઈ ? આત્મામાં કર્મ નથી, શરીર નથી, પ્રતિકૂળ-અનુકૂળ ચીજો આત્મામાં નથી. જે ચીજો આત્મામાં નથી એ એને પ્રતિકૂળ કેમ થાય ? આત્મામાં આનંદ છે એ આનંદની ઊલટી અવસ્થા પોતે પોતાના અસ્તિત્વમાં–સત્તામાં કરે છે. શું કીધું ?

એના હોવાપણામાં હોય તો દુઃખનું કારણ થાય, એના હોવાપણામાં હોય તો આનંદનું કારણ થાય. સમજાણું કાંઈ ? એના કાયમ હોવાપણામાં તો અતીન્દ્રિય આનંદ છે તો એ અતીન્દ્રિય આનંદનું કારણ થાય. અને એના હોવાપણમાં આનંદને ભૂલીને વિપરીત શ્રદ્ધા કરે છે (કે), આ પુણ્યથી મને ઠીક પડે છે, પાપથી મજા પડે છે, પ્રતિકૂળ ઠીક નથી, અનુકૂળ ઠીક છે એવી માન્યતા ઊભી કરે છે. એ માન્યતા એની સત્તામાં ઊભી કરે છે. સત્તા એટલે એના ક્ષેત્રમાં, એના ભાવમાં, એના અસ્તિત્વમાં એ ભાવ ઊભો કરે છે. એના અસ્તિત્વમાં ભાવ ઊભો કરે એ દુઃખનું કારણ હોય. પરના અસ્તિત્વમાં હોય એ આને દુઃખનું કારણ ક્યાંથી હોય ? સમજાણું કાંઈ આમાં ? હેં ? સમજાણું કે નહિ ?

પોતે અસંખ્ય પ્રદેશી અનંત ગુણનું ધામ (છે) અને એની વર્તમાન દશા. આ એનું અસ્તિત્વ – દ્રવ્ય, ગુણ અને પર્યાય. એનું હોવાપણું આ ત્રણમાં (છે). હવે ત્રણમાં હોવાપણામાં એને આનંદ ને દુઃખનું કારણ એના હોવાપણામાં હોય. બરાબર છે ?

મુમુક્ષુ :– વસ્તુને ગ્રહણ કરે છે....

ઉત્તર :– મફત મૂઢ થઈને માને છે. માને છે, ગ્રહણ કરે છે કે દિ' ? ગ્રહણ કે દિ' કરી શકે છે ? માને છે. ઇ જ કહે છે ને ? આ મારું, આ મેં ગ્રહ્યું, આ મેં છોડ્યું એવી માન્યતા છે. એ માન્યતા એને દુઃખનું કારણ છે. વસ્તુ કે દિ' પકડી શકે છે ? પર તો પર છે. આત્મા ક્યાં પરને પકડે છે ? અને પરને છોડે છે ? પર (ચીજ) તો જુદી જ પડી છે. પરના હોવાપણામાં આત્માનું હોવાપણું છે નહિ.

પોતાના હોવાપણામાં, પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના હોવાપણામાં બીજા દ્રવ્યના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું હોવાપણું નથી. કહો, સિદ્ધાંત બરાબર છે ? શું કીધું ?

આ આત્માના ચાર બોલ – દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ. દ્રવ્ય એટલે ગુણ-પર્યાયનો પિંડ. ક્ષેત્ર એટલે એની પહોળાઈ, કાળ એટલે વર્તમાન દશા, ભાવ એટલે એની શક્તિ. એના હોવાપણામાં એને આનંદ અને દુ:ખ હોય. એના હોવામાં ન હોય એ બીજી ચીજ આનંદ અને દુ:ખનું કારણ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ? હવે એને હોવાપણામાં ભાવમાં દ્રવ્યમાં આનંદ છે, તો એનું કારણ અંદર પર્યાયથી કરે તો પર્યાયમાં આનંદ આવે. એના હોવાપણામાં દ્રવ્ય અને ભાવમાં તો આનંદ પડ્યો છે. એના ક્ષેત્રની પહોળાઈમાં પણ એટલો પહોળો આનંદ પડ્યો છે. એવો અતીન્દ્રિય આનંદ જેના હોવાપણામાં છે, એને કારણ બનાવે તો પર્યાયમાં આનંદ થાય. અને પરનું લક્ષ કરીને, આ મને ઠીક નથી, આ મને ઠીક નથી એવું કારણ બનાવે તો એ ભાવ એને મિથ્યાત્વ, રાગ-દ્વેષ દુ:ખનું કારણ છે. કહો, ભાઈ ! કહો, સમજાય છે કે નહિ ? એ..ઇ...! છોકરાઓ. સમજાય છે કે નહિ આમાં ? આહા..હા...!

જેની સત્તામાં જે હોય તે તેને દુ:ખરૂપ કે સુખરૂપ થાય, આ સિદ્ધાંત. જેનામાં જે નથી, તે નથી, એમાં નથી, એ નથી તે દુ:ખરૂપ, સુખરૂપ કેમ થાય ? એનામાં એ છે નહિ. આહા...! આત્મામાં કર્મ નથી. આત્મામાં આને (શરીરને) વાગે, જમૈયો કે અગ્નિ આત્મામાં નથી. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– અશાતાનો ઉદય..

ઉત્તર :– અશાતાનો ઉદય જડમાં રહ્યો, આત્મામાં ક્યાં આવ્યો ઇ ? સમજાણું કે નહિ ? પેન્સિલ લાગી તેમાં અસાધ્ય થઈ ગયા એ ક્યાં થઈ ગયું ? કોણ થઈ ગયું ? એ તો પર્યાયમાં થઈ ગઈ હતી. પોતાના અસ્તિત્વમાં ખાલી થયું હતું, પરને લઈને થયું હતું ? પેન્સિલને લઈને થયું હતું ? શું કહેવાય ઇ ? પેન્સિલ. કહો, સમજાણું કાંઈ ? કોઈ પણ વસ્તુ યથાર્થ શું છે તેનો નિર્ણય જોઈએ. એમ ને એમ ડખા માનવાના એમ નહિ હોવું જોઈએ. એનો નિર્ણય (યથાર્થ જોઈએ). જે ચીજ આત્મા છે એ આત્મામાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ચાર છે. દ્રવ્ય એટલે તો શુદ્ધ આખો શક્તિનો પિંડ, ગુણ એટલે શક્તિ, ક્ષેત્ર એટલે પહોળાઈ–અવગાહન છે, કાળ એટલે એની અવસ્થા. હવે

એ ચારમાં અવસ્થામાં હોય એને સુખ-દુઃખ થાય. કાયમનો આનંદ છે એ ગુણમાં છે અને એનો આશ્રય કરે તો પર્યાયમાં આનંદ થાય. એ પર્યાયમાં, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં તો કાંઈ છે નહિ, પર્યાયમાં પરની પ્રતિકૂળતા દેખી મને આમ થયું, એવી મિથ્યા શ્રદ્ધા, રાગ-દ્વેષભાવ એની દશામાં થાય તે દુઃખરૂપ અને દુઃખનું કારણ છે. કહો, ભાઈ ! નિમિત્ત ઊડી ગયું આમાં. ભાઈ ! અરે..! ભગવાન ! એ તો ધર્માસ્તિકાયવત્ નિમિત્ત છે, સાંભળ ને ! 'પૂજ્યપાદસ્વામી'નો 'ધર્માસ્તિકાયવત્' એક જ શબ્દ મહા સિદ્ધાંત (છે). આહા..હા...! બધાના હાડકા એક શબ્દે છે. તારી પર્યાયથી તને સુખ-દુઃખ થાય કે બીજી ચીજ, બીજાની પર્યાય તને સુખ-દુઃખ થાય ? સમજાણું કાંઈ ? આહા..હા...!

મુમુક્ષુ :– ... આ વાત સાંભળી ત્યાં તો...

ઉત્તર :– પછી બહાર વળી શું થઈ ગયું પાછું ? ભૂલી જવાતા હશે ? ઊંઘમાં કોઈ કહે કે, જમુ..! તો કહે, હં..! એમ થઈ જાય. ત્રણકાળમાં જોવું નથી, લ્યો ! નામ આપ્યું, આ શરીરનું નામ આપ્યું. (નામ) કોને કહેવું ? આ આંગળીને ? આને ? કોને કહેવું આમાં ? આખાને કહેવું, પણ આખું શરીર છે. આખું કહો તો શરીર છે, આ કહો તો કાન છે, આ કહો નાક છે, આ કહો તો આંખ છે, આ કહો તો ચામડી છે. આમાં કોને કહેવો જમુભાઈ ? કલ્પિત ઊભું કરેલું (એમાં) પણ હુંકારામાં હકાર આવી જાય છે. આ (આત્મા) તો છતી ચીજ છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

આ સર્વજ્ઞ ભગવાન કહે છે ઇ આ તત્ત્વો છે. આ તત્ત્વો એવી રીતે ન માને તો એના વ્યવહાર સમ્યગ્દર્શનમાં ભૂલ છે, એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આસ્રવ એટલે મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષભાવ, શુભાશુભભાવ એ દુઃખનું કારણ છે. એમ ન માનતા.. એથી તો શબ્દ લીધો. 'યે હી' એમ શબ્દ લીધો છે. છે ? 'યે હી આતમકો દુઃખ-કારણ.' એમ શબ્દ લીધો છે. એટલે નિશ્ચયથી એ જ દુઃખનું કારણ છે. પ્રતિકૂળ-અનુકૂળ સંયોગ પરસત્તામાં રહ્યા એ દુઃખનું કારણ નથી એમ સમ્યગ્દષ્ટિ વ્યવહાર સમકિતમાં પણ એમ માને છે. નિશ્ચય સમકિતમાં તો આત્માના નિર્વિકલ્પ પ્રતીતિ, અનુભવ અને શ્રદ્ધા છે. સમજાણું કાંઈ ? આહા..હા...! ભારે વાંધા પણ. સમજાણું ?

મિથ્યાત્વાદિ દુઃખનું કારણ છે. એટલે એ દુઃખરૂપ છે એને દુઃખનું કારણ કહ્યું છે. દુઃખરૂપ જ ઇ છે. વળી દુઃખ બીજું અને દુઃખનું કારણ બીજું, એમ નહિ. એ કારણ ને રૂપ, કારણ અને કાર્ય પોતે એક જ છે, એમ કહે છે. શું કીધું ? 'યે હી આતમકો દુઃખ-કારણ' એટલે દુઃખરૂપ વળી બીજી ચીજ હશે અને દુઃખનું કારણ બીજી (ચીજ) હશે, એમ છે નહિ. આહા..હા...! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ, કુંડ છે. એથી ઊંધી શ્રદ્ધા, વિપરીત માન્યતા અને રાગ-દ્વેષ એ જ પોતે દુઃખરૂપ કહો કે દુઃખનું કારણ કહો. તેથી અહીં કારણ મૂક્યું. એટલે બીજી કોઈ ચીજ દુઃખરૂપ છે એમ તો આવે નહિ. દુઃખરૂપ આ છે અને દુઃખનું કારણ બીજું કહેવાય, ભાઈ ! દુઃખરૂપ આ દશા અને દુઃખનું કારણ બીજું. ત્યારે અહીં તો મૂક્યું કે, આ જ દુઃખનું કારણ છે, એમ શબ્દ મૂક્યો છે. શું કીધું ?

કોઈ એમ કહે કે, આસ્રવ તે દુઃખરૂપ છે. તો તો વળી એને એમ થાય કે, કારણ વળી બીજું હશે. અહીં તો કહે છે, 'યે હી આતમકો દુઃખ-કારણ,' એના શબ્દોમાં તો બહુ સૂક્ષ્મતા ભરી છે, હોં ! પંડિત છે ને ! પહેલાના શાસ્ત્ર અનુસાર વાતને મૂકે છે. સમજાણું કાંઈ ? જમૈયો વાગ્યો એ દુઃખનું કારણ નથી. એમાં દ્વેષ થયો એ દુઃખનું કારણ અને દુઃખરૂપ છે. સમજાણું કાંઈ ? બાયડી, છોકરા પ્રતિકૂળ બોલ્યા (કે), બેસોને હવે, મૂર્ખાઈ બહુ કરી અત્યાર સુધી, ક્યાં સુધી કરવી છે ? (એમ) બાયડી, છોકરા કહે. ઇ શબ્દો દુઃખનું કારણ નથી. તેમ એના આત્મા અને એનું શરીર દુઃખનું કારણ નથી. એ વખતે ઉઠાવેલો 'આ આમ કરે, આ આમ કરે' આ આમ કરે છે ઇ તો પરવસ્તુ છે, એમાં તારે શું છે પણ ? એવી મિથ્યા માન્યતા અને રાગ-દ્વેષનો ભાવ તે દુઃખરૂપ છે. કહો, ભાઈ ! આ તો સમજાય છે કે નહિ ?

આ તો બે ને બે ચાર જેવી વાત છે, પણ માણસને કાંઈ વિચાર જ ન મળે, મંથન ન મળે, મનન ન મળે. એમ ને એમ અંધારે અંધારે ગાડા હાંકે જાય. ખાડે પડે કે ક્યાં પડે એની એને કાંઈ ખબર ન મળે. આહા..હા...! કહો, સમજાણું આમાં ? કહો, ભાઈ ! આ સારો છોકરો થયો ને રળાવ્યો ને એના ભણવામાં પચાસ હજાર ખર્ચ્યાં, પડ્યો જુદો ફટ.. દઈને, એક પાઈ ન આપે, લ્યો ! ઓલો ઉપરથી બોલે કે, શું છે ? તમે અમને જન્મ આપ્યો છે ? તમારી રમવાની વાસનામાં અમારો જન્મ

થઈ ગયો છે. શું છે ? કહે છે, એ દુ:ખનું કારણ નથી. આહા..હા...! સમજાણું કારણ ? કારણ સમજાણું ?

તેં મિથ્યાભાવ અને રાગ-દ્વેષ ઉત્પન્ન કર્યા છે, એ ચીજ કોઈ દુ:ખનું કારણ છે નહિ. આવા વખતે (દુ:ખ) ન થાય ? છોકરાઓ આવું બોલે ? છોકરા બોલે ઇ તો જડની પર્યાય છે. એનો આત્મા છે એ રાગ કરે છે, બીજું કરે શું ? દ્વેષ કરે છે એ તો એનામાં રહ્યું. સમજાણું કાંઈ ? તમે અમને ઉત્પન્ન કર્યા નથી. અમે તો તમારી વાસનાની વૃત્તિમાં અમારો આત્મા આવી ગયો ને અમે અમારે કારણે થઈ ગયા, તમારે કારણે નહિ. હાય... હાય...! મારી નાખ્યા આ તો ! ભાઈ ! આવું બોલનારા છે, હોં ! મફતનો દાખલો આપ્યો છે એમ નથી. બને છે અને આ બનેલું છે. આ ઘરની વાત નથી. જે કાંઈ કહેવાતું હોય એ બનેલી, સાંભળેલી બરાબર કહેવાય છે. ભાઈ ! તમે તો વેપાર ને ધંધામાં આખી જિંદગી ગુંચાઈ ગયેલા એટલે તમને ખબર પણ ન હોય કે જગતમાં શું થાય છે ?

આ તો અમે બરાબર સાંભળેલું. એક છોકરાએ એના બાપને કીધું. હાય.. હાય..! શેના મંડ્યા છો ? એક પાઈ નહિ દઈએ. (તમે) કે દિ' દીધું છે ? અમને ઉત્પન્ન કર્યા છે તમે ? તમારા માટે કર્યું છે, તમે તમારી મમતાથી અત્યારે કહો છો. ભાઈ ! તમને ખબર પણ ન હોય. એ સંયોગો દુ:ખનું કારણ નથી. આ તો ઊંચામાં ઊંચો છેલ્લો દુ:ખનો દાખલો આપ્યો. એ દુ:ખનું કારણ નથી. મૂઢ મફતનો માને છે.. એ.. મને આમ કીધું. પણ તું કે દિ' એનો બાપ હતો ? અને ઇ કે દિ' તારો દીકરો હતો ? મફતનો તેં માન્યો અને પછી (કહે કે) આમ થાય ? એ તો તેં રાગને લઈને દુ:ખ માન્યું. બરાબર હશે ? ભાઈ ! શું હશે આ ?

'તેથી આ મિથ્યાત્વાદિને છોડી દેવું જોઈએ.' જુઓ ! છોડવું એને છે. પ્રતિકૂળતા આવે અને પેલો બોલતો બંધ થાય, 'છોડી દે' બોલવું, એમ નહિ. શું કીધું ? તારે છોડી દેવું જોઈએ. મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષના ભાવ તને દુ:ખરૂપ છે, તેં કરેલા છે, તારાથી થયેલા, તારામાં થયેલા છે. માટે તારે તેને છોડી દેવા જોઈએ. બીજો છોડે કે બોલતો બંધ થાય તો મને હખ (–સુખ) આવે. સાંભળ ને ! બોલતો બંધ થાય એ તો એને કારણે છે, તારે શું છે પણ ? સમજાણું કે નહિ ? 'આ મિથ્યાત્વાદિને

છોડી દેવું જોઈએ.' છોકરા સારા હોય એને સૂઝે, હોં ! બાપુ.. બાપુ..! પ્રતિકૂળતા ન હોય અને એમ કહે એ પણ દુઃખનું કારણ નથી. બાપુજી.. બાપુજી...! આ પણ માથે હાથ ફેરવતા. આમ નીકળતા ને અમે જોતા ને ! અહીં નીકળે ને ? માથે રાખે. અહીં જાતા હોઈએ ત્યારે જોઈએ, અમે બધું નજરે જોયું છે, હોં ! છોકરા મોટા થયા એટલે સરખા મનાવવા જોઈએ ને ! અમે બાપ છીએ ... એમ. તમે મિત્ર થઈ ગયા હવે મોટા થયા. હવે તમને સ્વતંત્રતાની છૂટ છે એમ. અહીં એક ફેરી જોયું હતું. એ સુખનું કારણ નથી. સંસારસુખનું, હોં ! સંસારસુખનું એ કારણ નથી. કલ્પના કરી કે, આ મને ઠીક છે. કલ્પના તો રાગ છે. એ સુખનું કારણ માન્યું છે એ દુઃખ છે. પ્રતિકૂળતા થાય... આહા..હા...!

મોટા રાજા હોય. રાણીઓ હોય. ગરાસણિ એ પણ મોટા ઘરથી આવી હોય ને ? એ પણ પાંચ-દસ લાખનો તાલુકાદાર હોય અહીં પચાસ લાખનો હોય. હળવે દઈને કહે, અમે ગરાસણિયું છીએ. ખબર છે ને ? દરબાર ! કાળી નાગણ હોય ઇ. સમજાય છે ? ભાઈ ! કાળી નાગણ, હોં ! આમ કરીને (કહે), ધ્યાન રાખજો, દરબાર ! અમે પણ ગરાસણી છીએ, હોં ! એમાં તો કેટલું ભર્યું હોય ! ત્યાં પેલાને એમ (થાય કે) હાય.. હાય..! આ ? પણ ઇ તને દુઃખનું કારણ ક્યાં છે ? તેં માન્યું હતું કે, આ મારી પ્રિયા અર્ધાંગના હતા. માન્યતા હતી એ માન્યતામાં તને ઘા પડ્યો. હેં ! આ સંસારનો બધો આલેખ ! સંસાર આવો છે.

'આ મિથ્યાત્વાદિને છોડી દેવું જોઈએ.' છે ને એમ ? છોડવાનું એને. તેં વિકારીભાવ કર્યો છે. મિથ્યાશ્રદ્ધા, રાગ-દ્વેષ એ તને દુઃખનું કારણ છે માટે છોડી દેવું જોઈએ. તે છોડવું જોઈએ. ઇ કેમ છૂટે ? ઇ અત્યારે પ્રશ્ન નથી. અહીં તો અત્યારે સાધારણ તત્ત્વની વ્યાખ્યા ચાલે છે ને !

'આત્માના પ્રદેશોનું (વિધિસોં)...' વિધિ છે ને ? વિધિ એટલે કર્મ. 'કર્મોથી બંધાવું તે બંધ (કહેવાય છે).' દ્રવ્યબંધની વ્યાખ્યા લીધી છે. સમજાણું કાંઈ ? દ્રવ્યબંધની વ્યાખ્યા લીધી છે. ઘણે ઠેકાણે બંધમાં દ્રવ્યબંધની જ વ્યાખ્યા આવે છે. આત્મા બધે ઠેકાણે આવે. આત્મામાં જે રજકણનો બંધ થાય, કર્મનો બંધ (થાય) એ આસ્રવથી બંધ થાય છે. એ બંધ છે એ કર્મના રજકણો એક પ્રદેશે થાય છે. 'તે બંધ કહેવાય છે.'

'આ બંધ ક્યારેય પણ ન કરવો જોઈએ.' એટલે બંધમાં નિમિત્તપણું કરવું જોઈએ નહિ. એને ઠેકાણે બંધ ન કરવો, એમ કહેવામાં આવ્યું છે. કારણ કે બંધનું કારણ આસ્રવ છે. એટલે બંધ ન કરવો જોઈએ એનો અર્થ કે આસ્રવ કરવો ન જોઈએ. એટલે બંધ થાય નહિ. 'આ (બંધ) (કબહું)...' શબ્દ છે ને ? 'કબહું ન સજિયે' અબંધસ્વરૂપી ભગવાનઆત્મા...! આત્મા તો અબંધસ્વભાવી ચૈતન્યમૂર્તિ છે. એના ભાન દ્વારા આવા બંધને કોઈ સમય પણ સજ ન કરવો એટલે બાંધવું નહિ. ન કરવો જોઈએ. એ બંધની વ્યાખ્યા થઈ. એ નવની વ્યાખ્યા 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે ને ? ફલાણું આ છે, બંધ તે અહિત છે, નિર્જરા તે હિતકારણ છે, મોક્ષ છે તે પરમહિત છે. આવે છે ને બધું ? આ જ શૈલીથી અહીં વર્ણન કર્યું છે.

હવે સંવરની વ્યાખ્યા. 'કષાયોનો અભાવ...' કષાયમાં મિથ્યાત્વાદિ બધું આવી ગયું. ઇન્દ્રિયોનું અને મનનું જીતવું. ઇન્દ્રિયો અને મન તરફના વલણને પાછું ફેરવવું અને કષાયોનો અભાવ. 'જીતવાથી કર્મ ન આવે...' એનાથી આવરણ આવતા નથી. 'તે સંવર તત્ત્વ છે;...' કર્મ ન આવે તે સંવર તત્ત્વ (છે) એમ દ્રવ્યસંવરથી વ્યાખ્યા કરી છે. સમજાય છે કાંઈ ? પહેલામાં દ્રવ્યબંધથી વ્યાખ્યા કરી હતી, પેલામાં ભાવઆસ્રવથી વાત કરી હતી, ભાવઆસ્રવથી. અહીંયાં પણ દ્રવ્યકર્મ એટલે દ્રવ્યસંવર (થી વાત કરી છે).

ભાવસંવર થતાં આત્મામાં.. એમ કહ્યું ને અહીંયાં ? કષાયોનો અભાવ થતાં અવિકારી સ્વભાવના આશ્રયથી કષાયનો અભાવ થતાં ઇન્દ્રિયો તરફનું વલણ ઘટતાં અતીન્દ્રિય તરફ આવતાં એને ભાવ થતા નથી માટે કર્મ ન આવે. એમાં કર્મ આવતા નથી. એટલે ભાવસંવર અહીં થયો, કર્મ ન આવે એ દ્રવ્યસંવર તત્ત્વ છે. કહો, સમજાણું આમાં ?

'તે સંવરને ગ્રહણ કરવો...' એ સંવરને ગ્રહણ કરવો. આસ્રવને છોડવું કહ્યું હતું ને ? આસ્રવ છોડવું કહો કે સંવરને ગ્રહણ કરવું કહો, બેય એક વાત છે. શુદ્ધ સ્વરૂપનો આશ્રય કરીને કષાય અને ઇન્દ્રિયના દમન કરવા એટલે દમન થાય એને સંવર કહીએ અને એનાથી વિરુદ્ધને આસ્રવ (કહીએ). આસ્રવને છોડવો અને સંવર ગ્રહવો, બધું એક જ થયું. આસ્રવનો વ્યય કરવો અને સંવરનો ઉત્પાદ કરવો, સંવર ઉત્પન્ન કરવો.

સંવર આદરવા લાયક છે, આસ્રવ આદરવા લાયક નથી, એમ કહ્યું. જોયું ? સમજાણું ? પછી શુભ કે અશુભ, શુભ હો કે અશુભ હો. પુણ્ય પરિણામ આસ્રવ છોડવા લાયક છે એમ કીધું. 'સંવર ગ્રહણ કરવો જોઈએ.' એ સંવરની વ્યાખ્યા થઈ.

હવે, 'તપની શક્તિથી કર્મોનું (ઝરન)...' કર્મોનું ઝરન (કહીને) અહીં પરથી નિર્જરાની વાત લીધી છે. સમજાય છે ? તપની શક્તિ એટલે કે આત્મના શુદ્ધતાના પ્રતપન દ્વારા, ભગવાનઆત્મા પરમ શુદ્ધ સ્વભાવની એકાગ્રતા દ્વારા પ્રતપન થવું, ઉગ્રતા, આત્માની દશામાં શોભા થવી, એના દ્વારા. એ ભાવતપ થઈ ગયો, ભાવનિર્જરા થઈ ગઈ. કર્મોનું ઝરન એ દ્રવ્યનિર્જરા થઈ. 'એકદેશ ખરી જવું...' એકદેશ ખરી જવું, સમજ્યા ને ? નિર્જરા છે ને ?

આમાં દાખલા આપ્યા છે. છે ને આમાં ? બધા દાખલા આપ્યા છે, હોં ! અજીવમાં કહ્યું છે ને ? એમાં વર્ણમાં પાંચ પાંચ નાખ્યા છે, જુઓ ! આકાશ છે ને ? લોકાકાશ. એક એકને સ્પર્શવું. આંખ મૂકી એમાં પાંચ વર્ણ મૂક્યા છે. સમજ્યા ને ? અહીં કષાયનું બધું મૂક્યું છે. મીઠામાં કેરી મૂકી છે. ચરપરામાં મરચા મૂક્યા છે. અહીં બધું છું. એક એક જે છે ને ? એ બધા મૂક્યા છે, હોં ! કડવામાં કોઈ કડવી ચીજ મૂકી છે, ખાટામાં લીંબુ આદિ મૂક્યા છે, ગરમમાં કોઈક ઊનું મૂક્યું છે, ઠંડામાં બરફ મૂક્યો લાગે છે. દરેકમાં જુદી જુદી ચીજ મૂકી છે. એ બધા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે એ જડના સ્વભાવો છે. એમ બતાવ્યું છે. એનાથી ખસી અને આત્મામાં અંતર અનુભવની દૃષ્ટિ દ્વારા, શુદ્ધતા દ્વારા (અંદર ઠરવું) એ તપ કહેવાય. શુદ્ધતા દ્વારા તપ, હોં ! એનાથી કર્મનું ઝરન, કર્મનું ખરવું. એ પણ દાખલો



આપ્યો છે, હોં !

આસ્રવ તત્ત્વ. જુઓ ! વહાણ છે ને ? વહાણ. જુઓ વહાણ ! એમાં પાણી આવે છે, જુઓ ! પાણી આવે છે. એવો દાખલો આપ્યો છે. પછી આ બાજુમાં એમ આપ્યું, જુઓ ! બંધ તત્ત્વ. અટકે, પાણી આવીને એમાં અટકે છે, જુઓ ! ભરાય છે, જુઓ ! એને બંધ તત્ત્વનો દાખલો આપ્યો છે. આમાં સંવર તત્ત્વ. અટકાવ્યું છે, જુઓ ! અહીં અટકાવે છે. હેઠે હાથ રાખીને પાણી આવતું અટકાવે છે. અને આ નિર્જરા. થોડુંક ખાલી કરે છે. જુઓ ! આમ અંદરથી કાઢે છે. થોડું થોડું પાણી વહાણમાંથી કાઢે છે.









ઇ પાઠમાં દાખલો આપ્યો છે. સાધારણ માણસને ખ્યાલ આવે. આપણે નવી છપાવી એમાં હશે. છે ને ? નવીમાં આ બધું છે, પણ આવું ચોખ્ખું નથી છપાણું. નવી છે ને નવી ? છે ને ? આ રહ્યું, આમાં છે પણ ચોખ્ખા નથી. કહો, સમજાણું આમાં ?

'તે નિર્જરાને હંમેશાં પ્રાપ્ત કરવી જોઈએ.' લ્યો ! ઠીક ! 'તે નિર્જરાને હંમેશાં પ્રાપ્ત કરવી જોઈએ.' શુદ્ધતા, ઉગ્રતા હંમેશાં કરવી જોઈએ. આત્માના અખંડ શુદ્ધ સ્વભાવ આનંદ તરફની એકાગ્રતા વારંવાર કરવી જોઈએ. એને નિર્જરા કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં ?

ભાવાર્થ :– '૧. આ મિથ્યાત્વાદિ જ આત્માને દુઃખનું કારણ છે, પણ પર પદાર્થ દુઃખનું કારણ નથી;...' જુઓ ! છે ને ? ઇ બાયડી, છોકરા, નિર્ધનતા, વાંઢાપણું, ગરીબાઈ એ દુઃખનું કારણ નથી.

મુમુક્ષુ :– સુખનું કારણ તો ખરું ને ?

ઉત્તર :– સુખનું કારણ વળી કે દિ' કીધું ? સમજાય છે ? ઇ તો મૂઢ કલ્પનાથી માને છે કે, મને સુખ છે. સુખનું નિમિત્ત કહેવાણું, પણ ઇ માને ત્યારે ને ? દુઃખ માને તો દુઃખનું નિમિત્ત કહેવાણું. એટલે ખરેખર તો અહીં ઉપાદાનને સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ ? સુખ એનાથી માન્યું તો સુખની કલ્પના એ પણ દુઃખ છે, ઇ તો એમાં દુઃખનું નિમિત્ત થયું. સુખની કલ્પના તારી છે. પ્રતિકૂળતામાં દુઃખનું કારણ તો તારું છે. ઇ તો એના અસ્તિત્વમાં છે, તારા અસ્તિત્વમાં ક્યાં છે ? ભાઈ ! ભારે વાત પણ આ. છોકરા સારા હોય અને આમ મીઠાશ લાગે. કહે છે કે, એને લઈને મીઠાશ નથી લાગતી. એને પોતાને રાગની (મીઠાશ) લાગે છે.

મુમુક્ષુ :– ... મીઠું લાગે....

ઉત્તર :– એવું એટલે શું પણ ? પણ મીઠું કે દિ' હોય ? આ વળી ઠીક કહે છે. મીઠું કહેવું કોને ? કહેવું કોને ? પરવસ્તુમાં કલ્પના કરીને એવો ગઢ, ગાઢ થઈ ગયો છે કે જાણે આ મીઠુ છે માટે આમ થાય છે, આ પ્રતિકૂળ છે માટે આમ થાય છે. એવું એને ગાઢ થઈ ગયું છે. ન્યાં પ્રતિકૂળ-અનુકૂળ ક્યાં છે ? ઇ તો છે ઇ છે. છે, બસ ! એટલું. એક છે. શું (છે) ? આત્મા છે, શરીર છે. હવે છે એમાં આ સારું

એમ ક્યાંથી આવ્યું ? એ તો જ્ઞેય છે. એની કલ્પનામાં આવી ભાષા ને આવું માન ને આવું હોય (તો સારૂં) ઇ તો એણે કલ્પ્યું છે, વસ્તુમાં એ છે નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ?

'તેથી પોતાના દોષરૂપ મિથ્યાભાવોનો અભાવ કરવો જોઈએ.' દોષ પોતે ઉત્પન્ન કરે છે એ ભાવને છોડવા જોઈએ. 'સ્પર્શો સાથે પુદ્‌ગલોનો બંધ,...' ત્રણ બંધની વ્યાખ્યા કરે છે. 'પ્રવચનસાર'માં છે ને ? એ પરમાણુઓ પરમાણુઓ ભેગા થાય એને દ્રવ્યબંધ કહેવાય છે. 'રાગાદિ સાથે જીવનો બંધ અને અન્યોન્યઅવગાહ...' રાગાદિ સાથે જીવનો બંધ (એટલે) રાગની સાથે, આ શુદ્ધ સ્વભાવ રાગ સાથે એકત્વ થાય એ ભાવબંધ. પરમાણુઓ પરમાણુઓ રજકણ આમ સ્પર્શથી ભેગા થાય એ દ્રવ્યબંધ. આત્મા શુદ્ધ સ્વભાવ છે તે પુણ્ય-પાપના વિકારથી એકત્વ થાય એ ભાવબંધ. સમજાણું ? 'અન્યોન્યઅવગાહ તે પુદ્‌ગલ-જીવાત્મક બંધ કહેલ છે.' જીવ અને પુદ્‌ગલ એક પ્રદેશે ભેગા રહેવું એ ઉભયબંધ છે.

'રાગ પરિણામમાત્ર એવો જે ભાવબંધ તે દ્રવ્યબંધનો હેતુ હોવાથી...' ખરેખર તો વિકારી પરિણામ એ ભાવબંધ છે. એ દ્રવ્યબંધ જડનો હેતુ હોવાથી 'તે જ નિશ્ચયબંધ છે, જે છોડવાયોગ્ય છે.' નિશ્ચયબંધ છોડવા (યોગ્ય) છે એમ પાઠમાં છોડવાનું કીધું છે ને ? નિશ્ચયબંધ થતાં દ્રવ્યબંધ થતો નથી.

'૨. મિથ્યાત્વ અને ક્રોધાદિરૂપ ભાવ...' ક્રોધાદિમાં માનાદિ, લોભાદિ આવી ગયું. 'તે સર્વને સામાન્યપણે કષાય કહેવાય છે.' એને કષાય કહેવાય છે. જુઓ ! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું છે. મિથ્યાત્વને પણ કષાય કહેવાય છે. 'એવા કષાયનો અભાવ તેને શમ કહેવાય છે.' લ્યો, સમજાણું ? શમ એટલે આત્માનો શુદ્ધ સ્વભાવ, એની શ્રદ્ધા અને શાંતિ એનું નામ શમ. એ મિથ્યાત્વ અને કષાયના અભાવથી થાય છે.

'દમ એટલે જે જ્ઞેય-જ્ઞાયકનો સંકરદોષ...' જે ('સમયસાર')ની ૩૧મી ગાથામાં વર્ણન કર્યું છે. જ્ઞેય વસ્તુ અને જ્ઞાયક આત્મા, એને 'સંકરદોષ ટાળીને...' એટલે બેનું એકપણું ટાળીને. 'જીતીને જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક (જુદો, પરિપૂર્ણ) આત્માને જાણે છે તેને, જે નિશ્ચયનયમાં સ્થિત સાધુઓ છે તેઓ, ખરેખર જિતેન્દ્રિય કહે છે.' એટલે અહીં તો દમની વ્યાખ્યા (કરી). આત્મા ખંડ ખંડ ઇન્દ્રિય, એના વિષયો

અને જડ ઇન્દ્રિય એમાંથી પાછો હટીને અતીન્દ્રિય સ્વભાવમાં એકત્વ થાય એણે ઇન્દ્રિયોને દમી એમ કહેવામાં આવે છે. ભાવઇન્દ્રિય ખંડ ખંડ જે છે, એક એક વિષયને જાણનાર જે વિષય છે એવા ખંડ ખંડનું લક્ષ છોડી દઈ અખંડ જ્ઞાયક અતીન્દ્રિય ઉપર દૃષ્ટિ કરી અને ખંડ ખંડ ઇન્દ્રિયને જીતે એણે ઇન્દ્રિયોને જીતી અને એણે દમ કર્યો, દમન કર્યું એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ ? 'સમયસાર' ૩૧ મી ગાથા છે.

'સ્વભાવ–પરભાવના ભેદજ્ઞાનના બળ વડે દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને તેના વિષયોથી આત્માનું સ્વરૂપ જુદું છે એમ જાણવું...' એની વ્યાખ્યા છે. 'તેનું નામ ઇન્દ્રિયોનું દમન કહેવામાં આવે છે. પરંતુ આહારાદિ તથા પાંચ ઇન્દ્રિયોના વિષયરૂપ બાહ્ય વસ્તુના ત્યાગરૂપ જે મંદ કષાય છે તેનાથી ખરેખર ઇન્દ્રિયદમન થતું નથી,...' શરીર, આહારાદિ કે ઇન્દ્રિયો મંદ થવાથી ઇન્દ્રિયનું દમન થતું નથી. શરીર, આહાર, ઇન્દ્રિય મંદ થવાથી કંઈ ઇન્દ્રિયોનું દમન થતું નથી. એક વાત. અને રાગની મંદતા થતાં પણ ઇન્દ્રિયનું દમન થતું નથી. બે વાત. શું કીધું ? આહારાદિ અને પાંચ ઇન્દ્રિયોનો વિષય. એ બાહ્ય વસ્તુનો ત્યાગ અથવા ઘટવું, ઓછું થવું એ દમન નથી. એક વાત. અને એમાં થતો મંદ કષાય એ પણ દમન નથી. સમજાણું કાંઈ ? અહીંયાં સંવર લીધો ને ?

'શમ-દમતૈં જો કર્મ ન આવૈં,' સમતાભાવ અને દમનનો અર્થ – સંયોગો છૂટ્યા કે ઇન્દ્રિયો મોળી પડી, શરીર મોળું પડ્યું કે આહાર ન આવ્યો અને આહાર ન લીધો એ દમન નથી. એ તો જડની પર્યાય થઈ. એના સંબંધમાં કંઈ રાગની મંદતા કરી, શુભભાવ (થયો) એ પણ ઇન્દ્રિયદમન નથી. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– .. ન ખાવું....

ઉત્તર :– એ નહિ, નહિ. આહાર ઉપર નહિ, એ દમન નથી, એમ કહે છે. એ તો જડની પર્યાય છે. એમાં દમન શું કરવું ? એમાં ક્યાં દમન કરવું છે ? શરીરને મોળું પાડવું એ તો શરીરની પર્યાય છે. એમાં આત્માએ દમન શું કર્યું ? ઇન્દ્રિયો મોળી પડી, પાતળી પડી એમાં એણે દમન શું કર્યું ? એ તો જડની પર્યાય થઈ અને એના સંબંધમાં કાંઈ રાગની મંદતા કરી, આહાર-પાણીમાં મંદ ભાવ થયો એ

કંઈ દમન નથી, એ તો પુણ્યભાવ છે. સમજાણું કાંઈ ? સંવરભાવ નથી. અહીં સંવરભાવ કહેવો છે ને ? કપડું પહેરતા અને અડધું ઉઘાડું રાખતા, પહેલા નહોતા કરતા ?

મુમુક્ષુ :– ... મીઠું ન ખાય.

ઉત્તર :– હા, મીઠું ન ખાય. બીજી મીઠાશ હોય તો મીઠું ન ખાવું. (લોકો એમ કહે), આ..હા...! મીઠાના ત્યાગી.. આહા..હા..! ખરા મીઠાના ત્યાગી અંદરના.

'ખરેખર ઇન્દ્રિયદમન થતું નથી, કેમ કે તે તો શુભરાગ છે, પુણ્ય છે, માટે બંધનું કારણ છે...' બંધનું કારણ (હોય) તેને દમન કહેવાય નહિ. જેમાં બંધનો અભાવ થાય એનું નામ સંવર. આસ્રવ બંધનું કારણ છે ને ? આસ્રવનો અભાવ થાય એનું નામ સંવર. કષાયનું મંદપણું કે શરીરનું મંદપણું થઈ જવું, ઇન્દ્રિયો મોળી પડી જવી એ કંઈ દમન નથી. દમન તો સંવરભાવ છે. રાગની મંદતા અને પરથી હટીને સ્વભાવ તરફની એકાગ્રતાથી જેટલો સંવરભાવ થાય તેમાં બંધનું કારણ અટકે છે. સમજાય છે કાંઈ ? માટે એને સંવર કહેવાય છે.

'શુદ્ધાત્માને આશ્રિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ શુદ્ધભાવ તે જ સંવર છે.' હવે અસ્તિથી વિશેષ ખુલાસો કરે છે. શુદ્ધાત્મા જ્ઞાયકસ્વરૂપ આત્મા, પૂર્ણાનંદને આશ્રયે સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર જે શુદ્ધ પર્યાય (પ્રગટે) એ સંવર (છે). 'પ્રથમ નિશ્ચયસમ્યગ્દર્શન થતાં સ્વદ્રવ્યના આલંબન અનુસાર...' પોતાનો ચૈતન્ય ભગવાન, એને શુદ્ધતાનું જેટલું અવલંબન (થાય) તેને 'અનુસાર સંવર-નિર્જરા શરૂ થાય છે.' નિમિત્તને અનુસારે દેહની મંદતા, ઇન્દ્રિયોનું દમન કે એને અનુસાર કે રાગની મંદતા અનુસારે સંવર શરૂ થતો નથી. સંવર, નિર્જરા તેમ શરૂ થતી નથી. સમજાણું કાંઈ ?

'ક્રમે ક્રમે જેટલા અંશે રાગનો અભાવ, તેટલે અંશે સંવર-નિર્જરારૂપ ધર્મ થાય છે.' નિમિત્તમાં ફેર પડે કે વિકારમાં તીવ્રમાંથી મંદનો ફેર પડે એ કંઈ શુદ્ધતાનું કારણ નથી, એ સંવર, નિર્જરાનું કારણ નથી. જેમાં બંધ અટકે (તે સંવર છે). એ તો શુભાશુભભાવ રહિત થાય ત્યારે અટકે. શુભાશુભભાવ રહિત ક્યારે થાય ? કે સ્વભાવનો આશ્રય કરી શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ કરે એટલે અંશે સ્વભાવની શુદ્ધિ થાય તે સંવર, નિર્જરાની શરૂઆત (છે). સમજાણું કાંઈ ?

'સ્વસન્મુખતાના બળથી શુભાશુભ ઇચ્છાનો નિરોધ તે તપ છે.' તપની વ્યાખ્યા કરી. ઇચ્છા નિરોધ તપઃ કહેવાય છે ને ? તો ઇચ્છા નિરોધ તો નાસ્તિથી થયું. અસ્તિથી પોતામાં ને પોતામાં થવું જોઈએ ને ? શુદ્ધ પવિત્ર સ્વરૂપ છે એની સન્મુખ થઈને જેટલી શુદ્ધતાની ઉગ્રતા પ્રગટે એને તપ કહેવામાં આવે છે. એ તપથી નિર્જરા થાય. અપવાસ આદિના તપથી નિર્જરા-બિર્જરા ન થાય. પરલક્ષે જેટલી રાગની મંદતાની ક્રિયા થાય એ બધો નિર્જરાભાવ નથી. એ તો બંધભાવના કારણરૂપ આસ્રવભાવ છે. સ્વભાવ શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય, એના આશ્રયે જેટલો શુદ્ધતાનો પવિત્ર ભાવ પ્રગટે તે સંવર, નિર્જરાનું કારણ છે. એ નિર્જરાનું કારણ એટલે શુદ્ધતા વધી. નિર્જરાનું કારણ કહો કે નિર્જરારૂપ કહો. સમજાય છે ? સંવરની વ્યાખ્યા આવી ગઈ.

'પુણ્ય-પાપરૂપ અશુદ્ધભાવ (આસ્રવો) આત્માના શુદ્ધ ભાવ દ્વારા રોકવા તે ભાવ-સંવર છે અને એ અનુસાર નવા કર્મોનું આવવું સ્વયં-સ્વતઃ રોકાઈ જાય તે દ્રવ્ય-સંવર છે.' એ ભાવ અને દ્રવ્યની વ્યાખ્યા કરી.

'અખંડાનંદ નિજશુદ્ધાત્માના લક્ષ્યના બળથી અંશે શુદ્ધિની વૃદ્ધિ અને અશુદ્ધિની અંશે હાનિ કરવી તે ભાવ-નિર્જરા છે...' શુદ્ધિ વધવી. 'અને તે સમયે ખરવાયોગ્ય કર્મોનું અંશે છૂટી જવું તે દ્રવ્ય-નિર્જરા છે. (લઘુ જૈન સિ૦ પ્ર૦ પા. ૬૮-૬૯. પ્રશ્ન-૧૨૧)'

'જીવ-અજીવને તેના સ્વરૂપ સહિત ઓળખી પોતાને વા પરને જેમ છે તેમ માનવા, આસ્રવને ઓળખી તેને હેયરૂપ માનવા...' આ ખુલાસો કર્યો. માથે જે વાત પાઠમાં કરી હતી ને ? એને 'મોક્ષમાર્ગ પ્રકાશક'નો આધાર આપીને (સ્પષ્ટ કરે છે). ઇ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. 'જીવ-અજીવને તેના સ્વરૂપ સહિત...' સ્વરૂપ સહિત, એમ. જીવ, અજીવ દ્રવ્ય એનું સ્વરૂપ–ગુણ–સ્વભાવ. તેના 'સહિત ઓળખી પોતાને વા પરને જેમ છે તેમ માનવા,...' એ જીવ, અજીવની માન્યતા કહેવાય. 'આસ્રવને ઓળખી તેને હેયરૂપ માનવો...' આમાં છોડવાયોગ્ય કીધું હતું ને ? પુણ્ય-પાપના ભાવ જે દુઃખના કારણ (છે) એને ઓળખી એને હેયરૂપ જાણવા.

'બંધને ઓળખી તેને અહિતરૂપ માનવો,...' બંધને તજવો, એમ કીધું હતું. એને અહિતરૂપ જાણવો. 'સંવર ઓળખી તેને ઉપાદેયરૂપ માનવો,...' સંવર આદરીએ. એમ

હતું ને ? આમાં આવ્યું હતું, સંવર આદરીએ. 'નિર્જરાને ઓળખી તેને હિતનું કારણ માનવું.' આત્મામાં જેટલી શુદ્ધ સ્વભાવની શુદ્ધિની વૃદ્ધિ થાય એને હિતનું કારણ માનવું એમ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં 'ટોડરમલજી'એ કહ્યું છે. આસ્રવના દાખલા નીચે આપ્યા છે એ તો બધા આવી ગયા. કહો, સમજાણું ? એ નવમી ગાથા (પૂરી) થઈ.

---

મોક્ષનું લક્ષણ, વ્યવહારસમ્યક્ત્વનું લક્ષણ, તથા કારણ

**સકલ કર્મતૈં રહિત અવસ્થા, સો શિવ, થિર સુખકારી;**
**ઇહિ વિધ જો સરધા તત્ત્વનકી, સો સમક્તિ વ્યવહારી.**
**દેવ જિનેન્દ્ર, ગુરુ પરિગ્રહ વિન, ધર્મ દયાજુત સારો;**
**યે હુ માન સમક્તિકો કારણ, અષ્ટ અંગ જુત ધારો. ૧૦.**

અન્વયાર્થ :– (સકલ કર્મતૈં) બધા કર્મોથી (રહિત) રહિત (થિર) સ્થિર-અટલ (સુખકારી) અનંત સુખદાયક (અવસ્થા) હાલત-પર્યાય (સો) તે (શિવ) મોક્ષ કહેવાય છે. (ઇહિ વિધ) આ પ્રકારે (જો) જે (તત્ત્વનકી) સાત તત્ત્વોના ભેદ સહિત (સરધા) શ્રદ્ધા કરવી (સો) તે (વ્યવહારી) વ્યવહાર (સમક્તિ) સમ્યગ્દર્શન છે. (જિનેન્દ્ર) વીતરાગ, સર્વજ્ઞ અને હિતોપદેશી (દેવ) સાચી દેવ, (પરિગ્રહ વિન) ૨૪ પરિગ્રહથી રહિત (ગુરુ) વીતરાગ ગુરુ [તથા] (સારો) સારભૂત (દયાજુત) અહિંસામય (ધર્મ) જૈનધર્મ (યે હુ) આ બધાને (સમક્તિકો) સમ્યગ્દર્શનનું (કારણ) નિમિત્ત-કારણ (માન) જાણવું જોઇએ. સમ્યગ્દર્શનને તેનાં (અષ્ટ) આઠ (અંગ-જુત) અંગો સહિત (ધારો) ધારણ કરવું જોઇએ.

ભાવાર્થ :– મોક્ષનું સ્વરૂપ ઓળખી તેને પોતાનું પરમહિત માનવું, આઠ કર્મોનો સર્વથા નાશ થવા પૂર્વક આત્માની જે સંપૂર્ણ શુદ્ધ અવસ્થા (પર્યાય) પ્રગટ થાય છે તેને મોક્ષ કહે છે. આ અવસ્થા અવિનાશી અને અનંત સુખમય છે. આ પ્રકારે સામાન્ય અને વિશેષરૂપથી સાત તત્ત્વોની અચળ શ્રદ્ધા કરવી તેને વ્યવહાર-સમ્યક્ત્વ

(સમ્યગ્દર્શન) કહે છે. જિનેન્દ્રદેવ, વીતરાગી (દિગમ્બર જૈન) ગુરુ અને જિનેન્દ્ર-પ્રણીત અહિંસામય ધર્મ પણ આ વ્યવહાર સમ્યગ્દર્શનના કારણ છે એટલે કે એ ત્રણનું યથાર્થ શ્રદ્ધાન પણ વ્યવહાર-સમ્યગ્દર્શન કહેવાય છે. તેને નીચે જણાવેલા આઠ અંગો સહિત ધારણ કરવું જોઇએ. વ્યવહાર સમક્તિનું સ્વરૂપ આગળ ગાથા ૨-૩ના ભાવાર્થમાં સમજાવ્યું છે. નિશ્ચયસમક્તિ વિના એકલા વ્યવહારને વ્યવહારસમક્તિ કહેવાતું નથી.

---

'મોક્ષનું લક્ષણ,...' છેલ્લું રહ્યું. સાત તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા વ્યવહાર સમકિત (છે) એમ કહેવું છે ને ? એ તત્ત્વો આવી ગયા. જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. હવે આમાં મોક્ષ આવ્યું. 'વ્યવહારસમ્યક્ત્વનું લક્ષણ,...' બધું ભેગું કર્યું અને દેવ-ગુરુ-શાસ્ત્ર એમાં નાખશે ને ? 'તથા કારણ.'

**સકલ કર્મતૈં રહિત અવસ્થા, સો શિવ, થિર સુખકારી;**
**ઇહિ વિધ જો સરધા તત્ત્વનકી, સો સમક્તિ વ્યવહારી.**
**દેવ જિનેન્દ્ર, ગુરુ પરિગ્રહ વિન, ધર્મ દયાજુત સારો;**
**યે હુ માન સમક્તિકો કારણ, અષ્ટ અંગ જુત ધારો. ૧૦.**

'સકલ કર્મતૈં રહિત અવસ્થા,...' અવસ્થા, હોં ! સિદ્ધ–મોક્ષ એક અવસ્થા છે એમ સિદ્ધ કરવું છે. 'ઇહિ વિધ જો સરધા તત્ત્વનકી, સો સમક્તિ વ્યવહારી.' લ્યો, આ હજી વ્યવહાર સમકિત, નિશ્ચય સમકિત હોય તો. સમજાણું કાંઈ ? આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ અખંડાનંદ છે એમ પુણ્ય-પાપના રાગથી ભિન્ન પાડીને આત્માના અનુભવમાં પ્રતીતિ (થવી) એ નિશ્ચય સમ્યક્ત્વ છે. એ નિશ્ચય સમ્યક્ત્વ હોય ત્યાં એને આવું વ્યવહાર સમકિત હોય છે. આવું વ્યવહાર (સમકિત) હોવું જોઈએ, એમ કહે છે.

'(સકલ કર્મતૈં) બધા કર્મોથી (રહિત)...' આઠે કર્મથી રહિત. એટલે એને હવે પાછું જન્મવું પડે કે અવતાર લેવો પડે એવું હોય નહિ. સકલ કર્મથી રહિત 'થિર..' એટલે અવિનાશી '(સુખકારી) અનંત સુખદાયક...' નાશ ન થાય એવું સુખદાયક '(હાલત–પર્યાય) તે મોક્ષ કહેવાય છે.' દેખો ! મોક્ષ એક આત્માની પર્યાય છે. મોક્ષ

ગુણ નથી, દ્રવ્ય નથી. આત્માની અશુદ્ધ પૂર્ણ દશા એ સંસાર, શુદ્ધતાની અપૂર્ણ દશા એ મોક્ષનો માર્ગ અને પૂર્ણ શુદ્ધ દશા એ મોક્ષ. એ બધી પર્યાયો છે. હજી તો સમકિત પર્યાયમાં લોકોને વાંધા ઉઠતા હતા. સમકિત ગુણ છે કે પર્યાય છે ? તમે પર્યાય કહો છો પણ વિચારી લખો એ તો ગુણ છે, એમ લખાણ આવ્યું હતું.

અહીં તો કહે છે, મોક્ષ અવસ્થા છે. મોક્ષ પર્યાય છે ? અને મોક્ષમાર્ગ શું છે ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર શું છે ? ગુણ છે કે પર્યાય છે ? પર્યાય છે. સમ્યગ્દર્શન પર્યાય છે, સમ્યગ્જ્ઞાન પર્યાય છે, ચારિત્ર પર્યાય–અવસ્થા છે. ગુણ તો ત્રિકાળ છે. ગુણ પ્રગટે નહિ, પ્રગટે તે પર્યાય. ટકે તે ગુણ. સમજાણું કાંઈ ? આહા..હા...! અનંત ગુણ સહિતનું ટકવું તે દ્રવ્ય. એક એક શક્તિ–ગુણનું ટકવું તે ગુણ અને પ્રગટ થવું તે પર્યાય. ઉત્પાદ-વ્યય થવો તે પર્યાય તો પ્રગટ છે. મોક્ષ દશા કંઈ અનાદિથી પ્રગટેલી નહોતી. સમજાણું કાંઈ ? એટલે કહે છે, અટલ અવિનાશી અનંત સુખદાયકની દશાને ભગવાન મોક્ષ કહે છે, એ મોક્ષ કહેવાય છે. એમ સમ્યગ્દષ્ટિએ વ્યવહાર સમકિતમાં આને બરાબર માનવું જોઈએ. 'આ પ્રકારે જે સાત તત્ત્વોના ભેદ સહિત...' આ સાત ભેદ છે ને ? 'શ્રદ્ધા કરવી તે વ્યવહાર સમ્યગ્દર્શન છે.' કહો, સમજાણું કાંઈ ?

'વીતરાગ, સર્વજ્ઞ અને હિતોપદેશી સાચા દેવ,...' એને વ્યવહાર સમકિતમાં શ્રદ્ધવા જોઈએ. જિનેન્દ્રદેવ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જેને જ્ઞાન (છે) એવા સર્વજ્ઞ પ્રભુ વીતરાગ હિતના ઉપદેશક (છે). એ અરિહંત તરીકે લીધું છે. સાચા દેવ એકલા સામાન્ય ઉપદેશ વિના લ્યો તો સિદ્ધ પણ દેવમાં આવી જાય છે. વીતરાગ સર્વજ્ઞ અરિહંત, વીતરાગ સર્વજ્ઞ પૂર્ણસ્વરૂપ સિદ્ધ એ સાચા દેવ (છે). એને એ રીતે માનવા એ વ્યવહાર સમકિતનો વિષય છે.

'(પરિગ્રહ વિન) ૨૪ પરિગ્રહથી રહિત વીતરાગ ગુરુ...' દિગંબર ગુરુ જેને ૨૪ પ્રકારનો પરિગ્રહમાં એક ન હોય. જેને અંતર ત્રણ કષાયનો અભાવ થયો એ ભાવ. બહારમાં એક વસ્ત્રનો તાણો ન હોય, વસ્ત્રનો તાણો પણ ન હોય. એવા ગુરુને જૈનદર્શનમાં નિર્ગ્રંથ ગુરુ વ્યવહાર સમકિતના કારણમાં એને દેવ-ગુરુને ગણવામાં આવ્યા છે. સમજાણું કાંઈ ? જેના ગુરુમાં ભૂલ છે, વસ્ત્ર-પાત્ર સહિતને ગુરુ માને, (એને) નિર્ગ્રંથ ગુરુ માને, એને સાધુ માને એને તો વ્યવહાર સમકિતમાં ભૂલ છે.

સમજાણું કાંઈ ? એ.. દેવાનુપ્રિયા !

મુનિ, દિગંબર મુનિ આત્માના ત્રણ કષાયનો નાશ (થયો છે). એમાં બહારમાં ૨૪ પ્રકારનો પરિગ્રહ (નથી). વસ્ત્રનો એક તાંણો, ધાગો ન હોય. એને અહીંયાં નિર્ગ્રંથ ગુરુ મોક્ષમાર્ગમાં સમકિતના નિમિત્ત કારણ તરીકે એને કહેવામાં આવ્યા છે. એને એ રીતે જાણવા-માનવા જોઈએ.

'(તથા) સારભૂત અહિંસામય જૈનધર્મ...' લ્યો ! સારભૂત અહિંસા એવો ધર્મ, રાગરહિત આત્માનો ધર્મ. '(યે હુ) આ બધાનો સમ્યગ્દર્શનનું નિમિત્તકારણ જાણવું જોઈએ.' સમજાય છે ? સમ્યગ્દર્શનનું નિમિત્તકારણ, હોં ! વ્યવહાર સમકિતનું નિમિત્તકારણ. 'સમ્યગ્દર્શનને તેનાં આઠ અંગો સહિત ધારણ કરવું જોઈએ.' લ્યો ! પછી એ સમ્યગ્દર્શન (આવી રીતે ધારણ કરવું જોઈએ). આ બધું વ્યવહાર સમકિત કીધું. સાત તત્ત્વની શ્રદ્ધા, સાચા દેવ, સાચા ગુરુ, સાચો અહિંસા ધર્મ. એને શ્રદ્ધવું એ વ્યવહાર સમકિત છે. એને આઠ અંગ સહિત ધારણ કરવું જોઈએ. (વિશેષ કહેશે...)

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

❊

## વીર સંવત ૨૪૯૨, મહા વદ ૧, રવિવાર
## તા. ૬-૨-૧૯૬૬, ગાથા ૧૦ થી ૧૨. પ્રવચન નંબર–૧૮

આ 'દૌલતરામજી' કૃત 'છ ઢાળા' છે. ત્રીજી ઢાળનો દસમી ગાથાનો ભાવાર્થ છે. આમાં ૫૮ પાનું છે. અર્થ આવી ગયો છે, ભાવાર્થ બાકી છે. જુઓ ! શું કહે છે ? જુઓ ! ભાવાર્થ છે. આમાં શું અધિકાર છે ? કે, આ આત્મા છે ને ? દેહથી જુદો આત્મા (છે) એ આત્માનું અંતરમાં વસ્તુ સ્વરૂપ એવું છે કે અંતરમાં અતીન્દ્રિય આનંદ ને જ્ઞાન ને શાંતિ ભરેલી છે. આ દેહમાં આત્મા છે ને ? આ દેહ તો જડ માટી જડ છે, ધૂળ છે. એમાં રહેલું આત્મતત્ત્વ છે એમાં અનંત શાંતિ, અતીન્દ્રિય આનંદ ને જ્ઞાન, દર્શન ને બળ ભરેલું તત્ત્વ છે. એ તત્ત્વનો અંતરમાં સમ્યગ્દર્શન પ્રગટ કરી અને શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું એમ અંતરમાં વિશ્વાસમાં લાવી અને તેના તરફનો પ્રયત્ન કરવો. શુદ્ધતા જે ભરી છે તેને પ્રગટ કરવાની એનું નામ આત્મતત્ત્વની શ્રદ્ધા, આત્મતત્ત્વનો મોક્ષમાર્ગ (છે) અને પૂર્ણ શુદ્ધતા પ્રગટ થાય તેને મોક્ષ કહે છે. આ દુનિયાની કેળવણીથી આ જુદી કેળવણી છે. એણે અનંતકાળમાં એ કર્યું નથી.

અહીં એ પહેલી વાત આવી છે, જુઓ ! 'મોક્ષનું પરમ સ્વરૂપ ઓળખી તેને પોતાનું પરમહિત માનવું,...' આ આત્મા છે, આ દેહ તો જડ છે છૂટી જાય છે, એને ખબર છે કે આ કાંઈ આત્મા નથી. અંદર કર્મ જેને કહીએ, આઠ કર્મ, પ્રારબ્ધ જેને કહીએ એ પણ જડ કર્મ છે, એ કંઈ આત્મા નથી. એમાં પુણ્ય અને પાપના ભાવ શુભ-અશુભ રાગાદિ થાય છે એ તો વિકાર છે. એ વિકાર રહિત આત્માની ચીજ આનંદસ્વરૂપ શુદ્ધ છે એનું ભાન કરીને એની પૂર્ણ આનંદ દશા આત્મામાં પ્રગટ કરવી એને મોક્ષ દશા કહે છે. એ જીવને પરમહિત છે. એ હિતનું કારણ એ આનંદ છે.

આત્માના સ્વભાવમાંથી શુદ્ધતા પ્રગટ કરી, પરમ અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્માની વર્તમાન દશામાં સ્વભાવમાં છે એવી વર્તમાન દશામાં અંતર્મુખના સ્વભાવનું ધ્યાન કરીને પૂર્ણાનંદની પ્રાપ્તિ કરવી એ જીવનું સુખરૂપ પરમ ધ્યેય અને હિત છે. સમજાણું કાંઈ ? એ વિના બધું ધૂળધાણી છે. ભાઈ ! આત્મા અંદરમાં સર્વજ્ઞ પરમેશ્વર

જેને એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન, આત્માના જ્ઞાનમાં પરમ જ્ઞાન થતાં બધું જણાઈ ગયું. એવા ભગવાન પરમેશ્વરે જે આત્મા અને એની મોક્ષ દશા જે જોઈ, જાણી, કહી એ આ જગતને આત્માની દશા પરમ હિતકર છે એમ એણે જાણવું જોઈએ.

પુણ્ય-પાપના ભાવ આદિ થાય એ હિતકર નથી. આ બાહ્યની સંયોગી ચીજો આ ધૂળ–પૈસા, બાયડી, છોકરા, કુટુંબ એ તો પર છે, એ કંઈ હિતકર નથી. આત્મામાં આત્મા અને જડ બે જુદા છે એમ જાણવું અને જાણીને પોતાનો પોતા માટે પ્રયાસ કરવો અને પરને જાણીને તેનાથી ઉદાસ થવું. એવું જડ અને આત્મા બેના જ્ઞાનપણામાં જાણપણાનું આ પ્રયોજન છે. પછી આત્મામાં પુણ્ય અને પાપના ભાવ શુભ-અશુભભાવ થાય એ આસ્રવ છે, એ અહિતકર છે, એ અહિતકર છે, આદરણીય નથી. કેમ કે પુણ્ય અને પાપના ભાવ દુઃખરૂપ છે. ભારે વાત. એ દુઃખરૂપ છે, સંયોગ દુઃખરૂપ નથી. બહારનો પદાર્થ દુઃખરૂપ નથી. આત્મા પોતાના આનંદ સ્વરૂપને ભૂલી અને જેટલો પુણ્ય અને પાપનો, શુભ અને અશુભનો ભાવ કરે (એ દુઃખરૂપ છે). એ આપણે માથે આવી ગયું છે. સમજાણું કાંઈ ? આસ્રવ દુઃખકારી આવ્યું હતું ને ? 'યે હી આતમકો દુઃખ–કારણ, તાતૈં ઇનકો તજિયે;' નવમી ગાથામાં છે ને ? 'યે હી આતમકો દુઃખ–કારણ, તાતૈં ઇનકો તજિયે;' આત્મામાં જે શુભ અને અશુભભાવ વિકાર થાય એ દુઃખનું કારણ છે, બાહ્ય ચીજ દુઃખનું કારણ નથી. આ શરીર, પૈસા સુખનું કારણ પણ નથી અને દુઃખનું કારણ પણ નથી.

આત્મામાં અતીન્દ્રિય આનંદ (ભર્યો છે), સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા છે. સત્ નામ શાશ્વત, જ્ઞાન અને આનંદનો ભંડાર આત્મા છે. એની એણે અનંતકાળમાં ખબર કરી નથી. એની ખબર કરીને એના જ્ઞાનમાં જે કંઈ વિપરીત પુણ્ય અને પાપના ભાવ થાય એને એણે દુઃખના કારણ જાણવા જોઈએ. દુઃખના કારણ જાણે તો એને છોડે અને આત્મા પરમાનંદ મૂર્તિ છે એની શ્રદ્ધા-જ્ઞાન કરે તો એ સંવર (થાય અને) એ સુખરૂપ છે, એ ઉપાદેય છે, ગ્રહણ કરવા લાયક છે (એમ માને) તો એને આદરે અને પૂર્વના કર્મ અને અશુદ્ધતાને ટાળવા શુદ્ધતાની એકાગ્રતા કરે એને નિર્જરા કહે છે. એ નિર્જરા હિતનું કારણ છે અને પૂર્ણ શુદ્ધિ પરમહિત છે.

મુમુક્ષુ :- આવી ચોખ્ખી...

ઉત્તર :- આવી ચોખ્ખી છે ને ? જુઓને ! આપણે આવી ગયું છે કે નહિ ? ભાઈ ! આમને તો આખું મોઢે છે. આ એમની માટે તો માંડી હતી પણ પંદર દિ' મોડા આવ્યા. અહીં તો અમારે ટાઈમસર ચાલતું હોય. ઇ કહી ગયા હતા કે, આના વ્યાખ્યાન કરવા. કીધું હતું કે નહિ એણે ? અને (બીજા એક બહેન) કહી ગયા હતા કે, 'છ ઢાળા' વ્યાખ્યાન કરે તો ઠીક. અહીં તો અમારે ટાઈમ થઈ ગયો હતો એટલે અમે તો શરૂ કરી દીધું. કહો, સમજાણું આમાં ?

ભગવાનઆત્મા એ તો અતીન્દ્રિય આનંદની કાતળી છે. કેમ બેસે ? આનંદ કાંઈ બહારમાં નથી. પૈસામાં, ધૂળમાં, બાયડી, છોકરા, કુટુંબ, આબરુ, હજીરા.. હજીરા એટલે આ મકાન, એમાં ક્યાંય સુખ નથી. તેમ એ સુખનું નિમિત્ત પણ નથી. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે પૂર્ણાનંદ સ્વરૂપ છે એનો ભરોસો કરી અને પૂર્ણ મોક્ષની દશાને પ્રગટ કરવી એનું નામ પરમહિત છે. કહો, સમજાણું કાંઈ ? ઇ 'મોક્ષનું સ્વરૂપ ઓળખી તેને પોતાનું પરમહિત માનવું,...'

'આઠ કર્મોનો સર્વથા નાશ થવા પૂર્વક આત્માની જે સંપૂર્ણ શુદ્ધ અવસ્થા...' જુઓ ! અવસ્થા છે, મોક્ષ એક આત્માની અવસ્થા છે. મોક્ષ એ ગુણ નથી. આત્મામાં ગુણ તો પૂર્ણ પૂર્ણ આનંદ મોક્ષસ્વરૂપ જ પડ્યો છે. શક્તિરૂપે આત્મા આનંદ છે, આનંદ છે એ તો ત્રિકાળ મુક્તસ્વરૂપ જ છે. એની આનંદદશા પ્રગટ કરવી એનું નામ મોક્ષ કહેવાય છે. મોક્ષ કોઈ બીજી ચીજ નથી. તેથી તો કહ્યું છે ને, ભાઈ ? ભાઈ ! એમાં આવ્યું હતું ને ? 'સકલ કર્મતૈં રહિત અવસ્થા,' એ અવસ્થા છે, ગુણ નથી. 'સો શિવ, થિર સુખકારી;' શું કીધું ? આત્મામાં કર્મનો નાશ કરી અને પરમાનંદની પૂર્ણ દશા પ્રગટ કરવી એ સ્થિર એટલે અવિનાશી. જુઓ ! 'અવસ્થા અવિનાશી અને અનંત સુખમય છે.' એ જ આત્માની પૂર્ણ આનંદ દશા અવિનાશી એટલે સ્થિર રહેનારી (છે). આ બધું (બહારનું) સ્થિર નથી, કહે છે. સંવર, નિર્જરા એક સમયની અમુક પર્યાય છે. આ તો પછી એમ ને એમ સ્થિર રહેશે. તેથી 'સ્થિર' શબ્દ વાપર્યો છે.

પુણ્ય-પાપભાવ એ તો દુઃખરૂપ અસ્થિર છે, બાહ્ય સંયોગો અસ્થિર છે, મોક્ષનો માર્ગ પણ કાયમ રહેતો નથી, એ તો મોક્ષ થાય ત્યાં સુધી થોડો કાળ રહે. મોક્ષ

થાય એટલે એ એમ ને એમ સ્થિર રહે છે. આત્માની શુદ્ધ આનંદદશા પ્રગટ થતાં એ દશા સ્થિર (રહે છે). જ્યારથી પ્રગટ થાય તે અનંત કાળ એ દશા રહે છે. સ્થિર અને અનંત સુખમય, પાછી. છે ને ? પાઠમાં જ એ બધું છે. જુઓ ! સ્થિર સુખ. એનો જ અર્થ કર્યો છે. 'શિવ, થિર સુખકારી'. કલ્યાણસ્વરૂપ અને સુખનું કારણ અને અવિનાશી. મોક્ષદશા જ એક આત્માને પ્રગટ કરવાલાયક છે, બાકી કાંઈ કરવા જેવું નથી, એમ કહે છે. સમજાણું કાંઈ ?

'આ પ્રકારે સામાન્ય અને વિશેષરૂપથી સાત તત્ત્વોની અચળ શ્રદ્ધા કરવી તેને વ્યવહાર–સમ્યક્ત્વ (સમ્યગ્દર્શન) કહે છે.' કેમકે આત્મા અનંત આનંદાદિ સ્વરૂપ મહાન અનંત ગુણનો પુંજ (છે), એનું અંદર નિર્વિકલ્પ રાગ વિના આત્માના અનુભવની શ્રદ્ધા કરવી, અનુભવીને શ્રદ્ધા કરવી એનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન છે. એનું નામ સાચું સમ્યગ્દર્શન છે. સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમેશ્વર તીર્થંકરદેવ જિનવરે એમ કહ્યું છે કે, ભાઈ ! અંદર આત્મા પૂર્ણ આનંદ અને શાંતિનો સાગર છે ને ! એવા આત્માની અંતર્મુખ થઈને, સ્વસન્મુખ થઈને પરથી વિમુખ થઈને સ્વભાવની સન્મુખની રાગ વિનાની વીતરાગી શ્રદ્ધા સ્વભાવમાં કરવી એનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન છે. એ સાચું દર્શન છે, એ મોક્ષનું કારણ છે, સંવર-નિર્જરારૂપ છે અને સુખરૂપ છે. એ નિશ્ચય સમ્યગ્દર્શન મોક્ષનું કારણ છે, સંવર-નિર્જરારૂપ છે, વર્તમાન સુખરૂપ છે. સમજાણું કાંઈ ? એની સાથે આ સાત તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા (છે) એ શુભરાગરૂપ છે, વિકલ્પરૂપ છે, નિમિત્તરૂપ–નિશ્ચય મોક્ષમાર્ગને નિમિત્તરૂપ છે, બંધનું કારણ છે, ખરેખર તો એ દુઃખરૂપ છે. છતાં નિશ્ચય સમ્યગ્દર્શનના ભાનમાં એને આવા સાત તત્ત્વના ભેદનો વિકલ્પ, સર્વજ્ઞ ભગવાને કહેલા તત્ત્વોનો (હોય છે). સર્વજ્ઞ ભગવાને કહેલા તત્ત્વો, અજ્ઞાનીઓએ કહેલા નહિ. પરમેશ્વર વીતરાગદેવ, જેને એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ ત્રણલોક જાણ્યા છે, એવા ભગવાને કહેલા જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષની, સાત તત્ત્વની વ્યવહારે અચળ શ્રદ્ધા કરવી એનું નામ વ્યવહાર સમ્યગ્દર્શન છે. એટલે કે એનું નામ શુભઉપયોગ છે. એટલે કે નિશ્ચય સમ્યગ્દર્શન એ શુદ્ધ પરિણતિ છે. ત્યારે આ વ્યવહાર સમ્યગ્દર્શન અશુદ્ધ, શુભરાગરૂપ પરિણતિ–પર્યાય છે. આહા..! કેટલું ભર્યું છે ! ગાગરમાં સાગર

ભરી દીધો છે, લ્યો ! સમજાણું કાંઈ ?

કહે છે, 'જિનેન્દ્રદેવ વીતરાગી (દિગંબર જૈન) ગુરુ...' સંત 'અને જિનેન્દ્ર પ્રણીત અહિંસામય ધર્મ...' એ પણ વ્યવહાર સમ્યગ્દર્શનનું કારણ એટલે ત્રણનું યથાર્થ શ્રદ્ધાન, 'એ ત્રણનું યથાર્થ શ્રદ્ધાન વ્યવહાર સમ્યગ્દર્શન કહેવાય છે.' એ નિશ્ચય આત્માનું ભાન, સમ્યક્ હોય ત્યારે વ્યવહાર સમ્યગ્દર્શનમાં આવો શુભરાગ એને હોય છે. સાચા સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથ વીતરાગી દિગંબર મુનિ, ભાવલિંગી અને બહાર દ્રવ્યલિંગ નગ્ન. અને બાહ્યમાં અહિંસા ધર્મ જે ભગવાન પરમેશ્વરે કીધો કે રાગ વિનાની દશા–અહિંસાની ઉત્પત્તિ થાય એને ભગવાને ધર્મ કહ્યો. એવા દેવ-ગુરુ અને ધર્મની શ્રદ્ધા (થાય) તેને



શુભરાગરૂપ વ્યવહાર સમ્યગ્દર્શન (કહેવાય છે). અશુદ્ધ પરિણતિને અનુકૂળ નિમિત્ત–નિશ્ચય સમ્યગ્દર્શનમાં આવું અનુકૂળ નિમિત્ત વ્યવહારે દેખીને એને વ્યવહાર સમકિત કહ્યું છે. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– વ્યવહાર માર્ગ જુદો..

ઉત્તર :– ઇ આખો જુદો જ અર્થ કરે છે. એ નિયતને હેતુ, નિમિત્ત કહે છે. વ્યવહારનયથી નિમિત્ત છે, વ્યવહારનયથી સાધન છે, વ્યવહારનયથી કારણ છે. ખરેખર એ નથી. એ તો વ્યવહારથી નિશ્ચય થાય એમ કહે છે. એ વાત જ જૂઠી છે. નિર્વિકલ્પ ભગવાનઆત્માની શ્રદ્ધા, રાગ વ્યવહાર હોય તો એનાથી થાય એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ? તેથી નિયત હેતુ કહ્યો છે ને ? નિમિત્ત કીધું છે. નિયતનો, નિશ્ચયનો હેતુ–કારણ (કહ્યું છે). કારણ એટલે વ્યવહાર કારણ છે. વ્યવહાર કારણનો અર્થ–નિમિત્તની એવી અનુકૂળતા સાચી સમ્યગ્દર્શન દશા હોય ત્યાં એને આવા જ વ્યવહારના નિમિત્તના વિકલ્પો શુભરાગરૂપ એની દશામાં હોય છે. એથી એને વ્યવહાર કહ્યો. ખરેખર એ સમ્યગ્દર્શન છે જ નહિ. કારણ કે સમ્યગ્દર્શન એ શ્રદ્ધાગુણની

પર્યાય છે. આ વ્યવહાર સમ્યગ્દર્શન એ શ્રદ્ધા ગુણની પર્યાય નથી, એ તો શુભરાગ છે. આ બધું સમજવું, માણસને ધંધા આડે, ખાવા-પીવા આડે, પાપ કરવા આડે નવરાશ ન મળે. ભાઈ ! નવરાશ ન મળે. (આ ભાઈ) હમણા લખે છે. લખીને પછી કોને મોકલવું છે ? કહો, સમજાણું ?

ભગવાનઆત્મા એકલો ચૈતન્યપિંડ અને આનંદનો રસ પૂર્ણ સામાન્ય એક સ્વરૂપની અંતર્મુખની સમ્યગ્દષ્ટિ (થાય) તેને નિશ્ચય સત્યદષ્ટિ કહે છે, એને સંવર, નિર્જરા કહે છે. એમાં જોડે આવો ભાવ (હોય છે). સાચા સર્વજ્ઞ પરમાત્માએ કહેલા સાત તત્ત્વોના ભેદવાળો શ્રદ્ધાભાવ વ્યવહારે અનુકૂળ દેખી, પૂર્ણ વીતરાગતા નથી એટલે આવો શુભરાગ, અશુદ્ધ પરિણતિરૂપ હોય છે. એને નિમિત્ત તરીકે નિશ્ચયનું નિમિત્ત તરીકે કારણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

'તેને નીચે જણાવેલા આઠ અંગો સહિત ધારણ કરવું જોઈએ. વ્યવહાર સમકિતનું સ્વરૂપ આગળ ગાથા ૨-૩ના ભાવાર્થમાં સમજાવ્યું છે. નિશ્ચયસમકિત વિના...' એટલે આત્મા નિશ્ચય નિર્વિકલ્પ શ્રદ્ધાના ભાન વિના વ્યવહાર સમકિતને વ્યવહાર સમકિતપણું કહેવાતું નથી. માલ વિના કોથળો કોનો ? એમ કહેવાતું નથી. આ કોથળો કોનો ? ચોખાનો, ઘઉંનો કે દાળનો ? માલ નાખ ત્યારે કહેવાય કે, આ ચોખાનો કોથળો. કોથળો તો કોથળો છે. સમજાણું કાંઈ ? એમ નિશ્ચય સમ્યક્ માલ હોય તો એનો નિમિત્ત કોથળો આ વ્યવહાર સમકિત એને કહેવામાં આવે છે. આમ વાત છે. સમજાણું કાંઈ ? માલ વિના કોથળો કહેવો કોને ? એ તો એકલી બોરી કહેવાય, બોરી. ચોખાનો કોથળો, દાળનો કોથળો, સાકરનો કોથળો કોને કહેવું ? માલ વિના એકલી ગુણી કહેવાય. કહો, સમજાણું આમાં ? આ તો આ ભાઈને આખું કંઠસ્થ છે. ઘણા વર્ષથી એને .. છે, કેટલી વહેંચાઈ ગઈ છે. એમણે કેટલી વહેંચી ? ૧૫,૦૦૦ વહેંચી છે. હવે આ વ્યાખ્યાન થયા. કહો, સમજાણું કાંઈ ? આ થાય છે ને, આ વ્યાખ્યાન થાય છે આખું, જુઓને ! આ અઢારમું વ્યાખ્યાન છે. પોષ વદ ૧૦ રવિવારે શરૂ કર્યું છે. આ રવિવાર આવ્યો, ૨૨ દિવસ થયા ને ? એમાં ત્રણ દિ' બંધ હતું. કહો, સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા માલ.. માલ.. માલ જેમાં ભર્યો છે. આત્મામાં અનંત આનંદ,

અનંત જ્ઞાન, અનંત દર્શન... એક એક ગુણ અનંત. અનંત પ્રભુતા, અનંત સ્વચ્છતા, અનંત વિભુતા, અનંત કાર્ય થાય તેવું કારણ, અનંત કારણ થાય એવી કરણરૂપ શક્તિ (પડી છે). સમજાય છે ? એવા અનંત અનંત ગુણ. પણ જેનો સ્વભાવ એને અંત શું કહેવો ? એવો ભગવાન, વસ્તુ આત્મામાં એવો અનંત સ્વભાવભાવ અનંત માલ પડ્યો છે. એની અંતરમાં પરથી વિમુખ થઈ, પરની, રાગાદિની ઉપેક્ષા કરી શુદ્ધ સ્વભાવની અપેક્ષા એટલે એના ઉપર દૃષ્ટિ કરી અને એકત્વબુદ્ધિમાં આત્માની દૃષ્ટિ, અનુભવ થવી એને સાચું સમકિત, મોક્ષનું સાક્ષાત કારણ, એ પોતે જ મોક્ષમાર્ગ (છે) એમાં વ્યવહાર સમકિત હોય. સાથે હોય છે ખરું. પૂર્ણ વીતરાગ ન હોય (ત્યારે) ભગવાને કહેલા છ દ્રવ્યો, ભગવાન પરમેશ્વરે કહેલા નવ તત્ત્વો, એના વ્યવહારના ભેદો એની શ્રદ્ધામાં–શુભરાગમાં આવે છે. એથી એને વ્યવહાર કારણ તરીકે કહેવાય છે. પણ નિશ્ચય ન હોય એને વ્યવહાર કોનું ? વસ્તુ જ જ્યાં નથી ત્યાં વ્યવહાર કહેવો કોને ? એ વાત કરે છે.

મુમુક્ષુ :– ... વ્યવહાર....

ઉત્તર :– વ્યવહાર પણ કોનો વ્યવહાર ? કોનો ? માલ વિના વ્યવહાર કોનો ? પહેલી વસ્તુ જ આ છે. ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ આનંદના સ્પર્શ વિના, એના સ્પર્શ વિના, આ આવ્યા વિના આ વ્યવહાર કહે કોણ પણ એને ? જાણે કોણ ? સમજાણું કાંઈ ? ઝીણી વાત ભારે. આ મોટી તકરાર છે ને અત્યારે ? વ્યવહાર કરતા કરતા થાશે. પહેલો, ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે વ્યવહાર પછી આઠમે નિશ્ચય (હોય). અરે..! ભગવાન ! અરે...! પોતે ભગવાનઆત્મા ન હોય (ત્યાં) બીજો વ્યવહાર આવ્યો ક્યાંથી ? સમજાણું કાંઈ ?

## સમ્યક્ત્વના પચીસ દોષ તથા આઠ ગુણ

વસુ મદ ટારિ, નિવારિ ત્રિશઠતા, ષટ્ અનાયતન ત્યાગો;
શંકાદિક વસુ દોષ વિના, સંવેગાદિક ચિત પાગો.
અષ્ટ અંગ અરુ દોષ પચીસોં, તિન સંક્ષેપૈ કહિયે;
બિન જાનેતૈં દોષ ગુનનકો, કૈસે તજિયે ગહિયે. ૧૧.

અન્વયાર્થ :– (વસુ) આઠ (મદ) મદનો (ટારિ) ત્યાગ કરીને, (ત્રિશઠતા) ત્રણ પ્રકારની મૂઢતાને (નિવારિ) હઠાવીને, (ષટ્) છ (અનાયતન) * અનાયતનોનો (ત્યાગો) ત્યાગ કરવો જોઇએ. (શંકાદિક) શંકા વગેરે (વસુ) આઠ (દોષ વિના) દોષથી રહિત થઇને (સંવેગાદિક) સંવેગ, અનુકંપા, આસ્તિકય અને પ્રશમમાં (ચિત) મનને (પાગો) લગાવવું જોઇએ. હવે સમક્તિના (અષ્ટ) આઠ (અંગ) અંગ (અરુ) અને (પચીસોં દોષો છે (તિન) તેને (સંક્ષેપૈ) સંક્ષેપમાં (કહિયે) કહેવામાં આવે છે, કારણ કે (બિન જાનેતૈં) તે જાણ્યા વિના (દોષ) દોષોને (કૈસે) કેવી રીતે (તજિયે) છોડીએ, અને (ગુનનકો) ગુણોને કેવી રીતે (ગહિયે) ગ્રહણ કરીએ ?

ભાવાર્થ :– ૮ મદ, ૩ મૂઢતા, ૬ અનાયતન (અધર્મ-સ્થાન) અને ૮ શંકાદિ દોષ-આ પ્રમાણે સમ્યક્ત્વના ૨૫ દોષો છે. સંવેગ, અનુકંપા, આસ્તિક્ય અને પ્રશમ સમ્યગ્દષ્ટિને હોય છે. સમ્યક્ત્વના અભિલાષી જીવે આ સમક્તિના પચીસ દોષોનો ત્યાગ કરીને, તે ભાવનાઓમાં મન લગાવવું જોઇએ. હવે સમ્યક્ત્વના આઠ ગુણો (અંગો) અને ૨૫ દોષોનું સંક્ષેપમાં વર્ણન કરવામાં આવે છે, કારણ કે જાણ્યા વગર તથા સમજ્યા વગર દોષોને કેવી રીતે છોડી શકાય અને ગુણોને કેવી રીતે ગ્રહણ કરી શકાય ?

---

* અનાયતન = અન્ + આયતન = ધર્મનું સ્થાન નહિ હોવું.

હવે, 'સમ્યક્ત્વના પચીસ દોષ તથા આઠ ગુણ.' કહે છે, જુઓ !

વસુ મદ ટારિ, નિવારિ ત્રિશઠતા, ષટ્ અનાયતન ત્યાગો;
શંકાદિક વસુ દોષ વિના, સંવેગાદિક ચિત પાગો.
અષ્ટ અંગ અરુ દોષ પચીસોં, તિન સંક્ષેપૈ કહિયે;
બિન જાનેતૈં દોષ ગુનનકો, કૈસે તજિયે ગહિયે. ૧૧.

આ વ્યવહાર સમકિતના દોષની વાત છે, હોં ! નિશ્ચય તો આત્માની પ્રતીતિ સમ્યગ્દષ્ટિ થઈ તે નિશ્ચય છે. એની સાથે આવા દોષરહિત વ્યવહાર સમ્યગ્દર્શનનો વિકલ્પ, શુભરાગ યથાર્થ હોવો જોઈએ. કહો, સમજાણું આમાં ? આ વ્યવહાર સમકિતની વાત છે. નિશ્ચય તો એકલો અભેદ છે.

'આઠ મદનો ત્યાગ કરીને,...' દેખો ! વ્યવહાર સમ્યક્માં પણ આઠ મદનો ત્યાગ હોય. જ્યાં ભગવાનઆત્મા અખંડ પરિપૂર્ણ અનંતા અનંતા કેવળજ્ઞાન અને આનંદની ખાણનો સાગર જ્યાં પ્રતીતમાં લીધો એને વિકલ્પમાં અલ્પ જ્ઞાન કે બહારની ચીજનું અભિમાન હોય નહિ. સમજાણું કાંઈ ? સમકિતી ચક્રવર્તી છ ખંડના રાજમાં પડ્યા હોય, જેને ઘરે છન્નુ હજાર પદમણિ જેવી સ્ત્રી હોય, છ ખંડના રાજ હોય, સોળ હજાર દેવ તો જેની સેવા–તહેનાતમાં ઊભા હોય. સમ્યગ્દર્શન (સહિત છે). અમે આ પ્રજાથી, બીજાથી આ ઋદ્ધિએ અધિક છીએ, એમ એને અભિમાન ન હોય. આહા..હા...!

'વસુ મદ...' આઠ મદ. ખુલાસો આપશે. એને ટાળે. મદ હોય નહિ. સમ્યગ્દષ્ટિને વ્યવહાર સમકિતમાં પરનો મદ ન હોય. આહા..હા...! જેણે પરમેશ્વરના પડખાં જોયા. પરમેશ્વર ભગવાનઆત્માને પડખે ચડ્યો હવે એને ખામી શું છે કે પછી બહારના કોઈ અલ્પ જ્ઞાનમાં, જાતિ, કુળમાં એને અભિમાન હોય ? હોય નહિ, એમ કહે છે. જેના માખણ જેવા કાળજા નરમ.. નરમ.. નરમ.. નરમ હોય. સમજાણું કાંઈ ? આઠ મદને ટાળી 'ત્રણ પ્રકારની મૂઢતાને હઠાવીને,...' એનો ખુલાસો કરશે, હોં ! દેવ, ગુરુ ને ધર્મની મૂઢતા ન હોય. આત્માના ભાન છે ત્યાં એને આવા વ્યવહારમાં મૂઢતા ન હોય. સાચા સર્વજ્ઞ પરમેશ્વરદેવ, એ સિવાય બીજાને વ્યવહારમાં માને નહિ. વ્યવહારમાં (માને નહિ), નિશ્ચયમાં તો આત્મદેવ માન્યો છે. આહા..હા...!

નિર્ગ્રંથ ગુરુ દિગંબર મુનિ આત્મજ્ઞાની-ધ્યાની સંવર-નિર્જરાની ઉત્કૃષ્ટ દશાએ પરિણમેલા (હોય).. સમજાય છે ? એમાં એને મુંઝવણ ન હોય કે આ ગુરુ હોય કે બીજા ગુરુ હોય ? નિર્ગ્રંથ ગુરુ મોક્ષના માર્ગમાં (હોય) એને એ સ્વીકારે. અને ધર્મ–અહિંસા. રાગની ઉત્પત્તિ માત્ર હિંસા, રાગની અનુત્પત્તિ તે અહિંસા. એમાં એને મૂઢતા ન હોય કે, આ બધા આવી દયા પાળે છે ને આવું આ કરે છે, એને કાંઈક અહિંસાનો લાભ હશે કે નહિ ? એ બરાબર સમજે. સમજાણું કાંઈ ? આહા..હા...! (એ) ત્રણ મૂઢતાને હઠાવી.

'છ અનાયતનો...' ધર્મના અસ્થાન–ધર્મના સ્થાન નહિ. કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર અને તેના માનનારા સેવકો. કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર અને એને માનનારા એના સેવકો, એ ત્રણ ધર્મના અસ્થાન છે. આહા..હા...! ધર્મમાં એ નિમિત્ત પણ નથી એમ કહે છે.

મુમુક્ષુ :– .... કુળ હોય ?

ઉત્તર :– એ વ્યવહાર સાધારણ કોઈ હોય એની વાત નથી, ઇ પહેલેથી બચાવ ન હોય. સમજાય છે ? નિશ્ચયમાં વ્યવહાર એનો આવો ચોખ્ખો હોય. સહેજ કોઈ સાધારણ મદ આદિ દોષ હોય એ વાત નહિ. પહેલેથી બચાવ ન હોય. સમજાણું કાંઈ ?

(છ અનાયતોનો) 'ત્યાગ કરવો જોઈએ.' સમજાણું ? સમ્યગ્દષ્ટિ જીવે વ્યવહાર સમકિતમાં પણ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર અને એના માનવાવવાળાને ધર્મમાં નિમિત્ત તરીકે પણ સ્વીકારવા ન જોઈએ. ધર્મના સ્થાન જ નથી. આ વાત જગતને આકરી છે. એનો વ્યવહાર આવો હોય. નિશ્ચય સમ્યગ્દર્શન થાય એને વ્યવહાર આવો હોય. કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રનું એને અનુમોદન હોય નહિ, એના માનનારનું અનુમોદન હોય નહિ. સમજાય છે ? અત્યારે તો મોટો ફેરફાર ફેરફાર થઈ ગયો. લોકો માને છે ને આમ થાય.

'શંકા વગેરે આઠ દોષથી રહિત થઈને...' લ્યો ! સમજાણું ? શંકા, કંખા આદિ છે ને ? સમકિતના આઠ ગુણ છે એનાથી આઠ દોષ વિપરીત છે, એનો એને ત્યાગ હોય. 'સંવેગ, અનુકંપા, આસ્તિક્ય અને પ્રશમમાં મનને લગાવવું જોઈએ.' જેને વિકલ્પમાં પણ આત્માના સ્વભાવ તરફનો વેગ હોય. અકષાયભાવની અનુકંપા હોય.

સમજાય છે ? અને વિકલ્પ હોય. અકષાયભાવની અનુકંપા (હોય). કોઈ પ્રાણીને દુઃખી દેખીને અનુકંપા હોય છે. આસ્તિક્યતા હોય છે. આ બધો વ્યવહાર છે, હોં ! પ્રશમ છે અને કષાયની મંદતા (છે). એમાં એણે ચિત્તને લગાવવું જોઈએ.

'હવે સમકિતના આઠ અંગ અને જે પચીસ દોષો છે તેને સંક્ષેપમાં કહેવામાં આવે છે, કારણ કે (બિન જાને તૈં) તે જાણ્યા વિના દોષોને કેવી રીતે છોડીયે,...' જાણ્યા વિના આ દોષ છે, આ સર્પ છે કે વીંછી છે એ જાણ્યા વિના શી રીતે છોડવું ? એમ દોષને જાણ્યા વિના દોષ છૂટે કઈ રીતે ? 'અને ગુણોનો કેવી રીતે ગ્રહણ કરીએ ?' જુઓ ! ગ્રહણ-ત્યાગ છે ને ? ગ્રહણ-ત્યાગ છે ને ? વિકલ્પ છે ખરો ને ? દોષ જાણ્યા વિના છોડવું શું ? અને ગુણ જાણ્યા વિના ગુણ ગ્રહણ કરવું શું ? અંદરમાં વ્યવહાર સમકિતની વાત છે ને ? નિશ્ચય સ્વરૂપમાં તો ગ્રહણ-ત્યાગ કાંઈ છે નહિ. એ તો અખંડ જ્ઞાનમૂર્તિ ચિદાનંદની અંતર પ્રતીત, અનુભવ હોય એને ગ્રહણ-ત્યાગ હોય નહિ, એ તો વિકલ્પ વિનાની વાત છે. આ વ્યવહાર સમકિતમાં એવો વિકલ્પ હોય છે કે, આવા દોષો છોડવા જોઈએ અને આવા ગુણો ગ્રહણ કરવા જોઈએ. વ્યવહાર સમકિતમાં એવો ભાવ હોય છે.

ભાવાર્થ :– '૮ મદ, ૩ મૂઢતા, ૬ અનાયતન...' અન-આયતન. આયતન એટલે સ્થાન–ઘર થાય છે. અ એટલે નહિ. એ ધર્મના ઘર નથી, ધર્મના સ્થાન નથી. 'અને ૮ શંકાદિ દોષ–આ પ્રમાણે સમ્યક્ત્વના ૨૫ દોષો છે. સંવેગ, અનુકંપા, આસ્તિક્ય અને પ્રશમ સમ્યગ્દષ્ટિને હોય છે. સમ્યક્ત્વના અભિલાષી જીવે આ સમકિતના પચીસ દોષોનો ત્યાગ કરીને, તે ભાવનાઓમાં મન લગાવવું જોઈએ.' પાઠમાં હતું ને ? 'ચિત્ત પાગો.' છે ને ? 'સંવેગાદિક ચિત્ત પાગો. હવે સમ્યક્ત્વના આઠ ગુણો (અંગો)...' નિઃશંક આદિ. 'અને ૨૫ દોષોનું વર્ણન કરવામાં આવે છે, કારણ કે જાણ્યા વગર તથા સમજ્યા વગર દોષોને કેવી રીતે છોડી શકાય અને ગુણોનો કેવી રીતે ગ્રહણ કરી શકાય ?' લ્યો ! બારમી ગાથા.

## સમ્યક્ત્વના આઠ અંગો (ગુણો) અને શંકાદિ આઠ દોષોનું લક્ષણ

જિન વચમેં શંકા ન ધાર વૃષ, ભવ-સુખ-વાંછા ભાનૈં;
મુનિ-તન મલિન ન દેખ ઘિનાવૈ, તત્ત્વ કુતત્ત્વ પિછાનૈ.
નિજ ગુણ અરુ પર ઔગુણ ઢાંકે, વા નિજધર્મ બઢાવૈ;
કામાદિક કર વૃષતૈં ચિગતે, નિજ-પરકો સુ દિઢાવૈ. ૧૨.

ગાથા ૧૩ (પૂર્વાર્ધ)

ધર્મીસોં ગૌ-વચ્છ-પ્રીતિ સમ, કર જિનધર્મ દિપાવૈં;
ઇન ગુણતૈં વિપરીત દોષ વસુ, તિનકોં સતત ખિપાવૈં.

અન્વયાર્થ :– ૧- (જિન વચમેં) સર્વજ્ઞદેવેકહેલાં તત્ત્વોમાં (શંકા) સંશય-સંદેહ (ન ધાર) ધારણ ન કરવો તે [નિઃશંક્તિ અંગ છે]. ૨- (વૃષ) ધર્મને (ધાર) ધારણ કરીને (ભવ-સુખ-વાંછા) સંસારના સુખની ઇચ્છા (ભાનૈ) કરે નહિ [તે નિઃકાંક્ષિત અંગ છે]. ૩- (મુનિ-તન) મુનિઓનાં શરીર વગેરે (મલિન) મલિન (દેખ) દેખીને (ન ઘિનાવૈ) ઘૃણા ન કરવી [તે નિર્વિચિકિત્સા અંગ છે]. ૪- (તત્ત્વ-કુતત્ત્વ) સાચાં અને જૂઠાં તત્ત્વોની (પિછાનૈ) ઓળખાણ રાખે [તે અમૂઢદષ્ટિ અંગ છે]. ૫- (નિજ ગુણ) પોતાના ગુણોને (અરુ) અને (પર ઔગુણ) બીજાના અવગુણોને (ઢાંકે) છુપાવે (વા) અને (નિજધર્મ) પોતાના આત્મધર્મને (બઢારૈ) વધારે અર્થાત્ નિર્મળ બનાવે [તે ઉપગૂહન અંગ છે]. ૬- (કામાદિક કર) કામ-વિકાર આદિ કારણોથી (વૃષતૈં) ધર્મથી (ચિગતે) ડગી જતાં (નિજ-પરકો) પોતાને અને પરને (સુ દિઢાવૈ) ફરીને એમાં દઢ કરે [તે સ્થિતિકરણ અંગ છે]. ૭- (ધર્મીસોં) પોતાના સહધર્મી જનોથી (ગૌ-વચ્છ-પ્રીતિ સમ) વાછરડાં ઉપરની ગાયની પ્રીતિની માફક (કર) પ્રેમ રાખવો [તે વાત્સલ્ય અંગ છે] અને ૮- (જિનધર્મ) જૈનધર્મની (દિપાવૈ) શોભા વધારવી તે [પ્રભાવના અંગ છે]. (ઇન ગુણતૈં) આ [આઠ] ગુણથી (વિપરીત) ઊલટાં (વસુ) આઠ (દોષ) દોષ છે, (તિનકોં) તે દોષોને (સતત) હંમેશાં (ખિપાવૈ) દૂર કરવા જોઇએ.

ભાવાર્થ :– [૧] તત્ત્વ આ જ છે, આમ જ છે, બીજું નથી અને બીજા પ્રકારે પણ નથી, આ પ્રમાણે યથાર્થ તત્ત્વોમાં અટલ શ્રદ્ધા થવી તે નિઃશંક્તિ અંગ કહેવાય છે.

નોંધ :– અવ્રતી સમ્યગ્દષ્ટિ જીવ ભોગોને કયારેય પણ આદરવા યોગ્ય માનતા નથી. પણ જેવી રીતે કોઇ કેદી, કેદખાનામાં ઇચ્છા વિના પણ દુઃખ સહન કરે છે, તેવી રીતે પોતાના પુરુષાર્થની નબળાઇથી ગૃહસ્થપદમાં રહે છે, પણ તેઓ રુચિપૂર્વક ભોગોની ઇચ્છા કરતા નથી, એટલે, તેમને નિઃશંક્તિ અને નિઃકાંક્ષિત અંગ હોવામાં કાંઇ વાંધો આવતો નથી.

[૨] ધર્મ સેવન કરી તેના બદલામાં સંસારના સુખોની ઇચ્છા ન કરવી, તેને નિઃકાંક્ષિત અંગ કહેવાય છે.

[૩] મુનિરાજ અથવા બીજા કોઇ ધર્માત્માના શરીરને મેલાં દેખીને ઘૃણા ન કરવી તેને નિર્વિચિકિત્સા અંગ કહે છે.

[૪] સાચા અને ખોટા તત્ત્વોની પરીક્ષા કરીને મૂઢતાઓ અને અનાયતનોમાં ફસાવું નહિ તે અમૂઢદૃષ્ટિ અંગ છે.

[૫] પોતાની પ્રશંસા કરવાવાળા ગુણો અને બીજાની નિંદા કરવાવાળા દોષોને ઢાંકવા તથા આત્મધર્મને વધારવો (નિર્મળ રાખવો-દૂષિત ન થવા દેવો) તે ઉપગૂહન અંગ છે.

નોંધ :– ઉપગૂહનનું બીજું નામ 'ઉપબૃંહણ' પણ જિનાગમમાં આવે છે, જેથી આત્મધર્મમાં વૃદ્ધિ કરવી તેને પણ ઉપગૂહન કહેવામાં આવે છે. તે જ શ્રી અમૃતચંદ્રસૂરિએ પોતાના રચેલા ''પુરુષાર્થ સિદ્ધયુપાય''ના શ્લોક નં.૨૭ માં કહ્યું છેઃ–

धर्मोऽभिवर्द्धनीयः सदात्मनो मार्द वादिभावनया ।

परदोषनिगूहनमपि विधेयमुपबृंहणगुणार्थम् ।।२७।।

[૬] કામ, ક્રોધ, લોભ વગેરે કોઇ પણ કારણે (સમ્યક્ત્વ અને ચારિત્રથી) ભ્રષ્ટ થતી વખતે પોતાને અને બીજાને ફરીથી તેમાં સ્થિર કરવો તે સ્થિતિકરણ અંગ છે.

[૭] પોતાના સહધર્મી ઉપર, વાછરડાં ઉપર હેત રાખતી ગાયની માફક, નિરપેક્ષ

પ્રેમ કરવો તે વાત્સલ્ય અંગ છે.

[૮] અજ્ઞાન અંધકારને હટાવીને વિદ્યા, બળ વગેરેથી શાસ્ત્રોમાં કહેલ યથાયોગ્ય રીતિ પ્રમાણે અને પોતાના સામર્થ્ય પ્રમાણે જૈનધર્મનો પ્રભાવ પ્રગટ કરવો તે પ્રભાવના અંગ કહેવાય છે.

આ ગુણો (અંગો)થી ઊલટા ૧-શંકા, ૨-કાંક્ષા, ૩-વિચિકિત્સા, ૪-મૂઢદૃષ્ટિ, ૫-અનુપગૂહન, ૬-અસ્થિતિકરણ, ૭-અવાત્સલ્ય, ૮-અપ્રભાવના-આ સમ્યક્ત્વના આઠ દોષ છે; તેને હંમેશા દૂર કરવા જોઇએ. (ગાથા ૧૨ અને ૧૩ પૂર્વાર્ધ.)

---

'સમ્યક્ત્વના આઠ અંગો (ગુણો) અને શંકાદિ આઠ દોષો...' આ વ્યવહાર સમકિતની વાત ચાલે છે, હોં ! નિશ્ચયમાં સમકિતમાં ભેદ નથી. આ તો ભેદવાળી શ્રદ્ધામાં આવા ભેદો, દોષ હોય છે એને છોડવા જોઈએ. ન હોય, એમ.

જિન વચમેં શંકા ન ધાર વૃષ, ભવ-સુખ-વાંછા ભાનૈં;
મુનિ-તન મલિન ન દેખ ઘિનાવૈ, તત્ત્વ કુતત્ત્વ પિછાનૈ.
નિજ ગુણ અરુ પર ઔગુણ ઢાંકે, વા નિજધર્મ બઢાવૈ;
કામાદિક કર વૃષતૈં ચિગતે, નિજ-પરકો સુ દિઢાવૈ. ૧૨.

ગાથા ૧૩ (પૂર્વાર્ધ)

ધર્મીસોં ગૌ-વચ્છ-પ્રીતિ સમ, કર જિનધર્મ દિપાવૈં;
ઇન ગુણતૈં વિપરીત દોષ વસુ, તિનકોં સતત ખિપાવૈં.

'સર્વજ્ઞદેવે કહેલાં તત્ત્વોમાં સંશય–સંદેહ ધારણ ન કરવો...' લ્યો ! સમજાય છે ?

મુમુક્ષુ :– સંદેહ એટલે શું ?

ઉત્તર :– સંદેહ ન કરવો કે આ આમ હશે કે નહિ ? ભગવાને કહેલા તત્ત્વો એવા હશે કે નહિ ?

મુમુક્ષુ :– એમ ને એમ માની લેવા ?

ઉત્તર :- હા, સમજીને એમ ને એમ માની લેવા. સમજવા માટે આશંકા થાય, પણ આ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર જિનવરદેવ એક સમયમાં ત્રિકાળ પરમેશ્વરે જે કહ્યું તેમાં એને શંકા હોય નહિ. સર્વજ્ઞ પરમેશ્વરે ત્રણકાળ ત્રણલોક જાણ્યા છે. સમજાય છે ? બહારની વાત અત્યારે આ બધું ચંદ્ર-ફંદ્રનું આવે છે એ બધું ગૌણ કરી નાખે. એમાં કાંઈક બીજું હશે ? એમાં શંકા કરે નહિ. સમજાણું કાંઈ ? અત્યારે તો બહુ ધમાલ ચાલી છે ને ? અમારે પંડિતજીને પૂછવું પડ્યું હતું. કેવડું લાંબુ કહે ને કેવડું કહે ? શું કહે છે ? આની સાથે મેળ કાંઈ નથી.

'સર્વજ્ઞદેવે કહેલા તત્ત્વોમાં...' ભગવાને કહેલા છ દ્રવ્યો, પરમેશ્વરે કહેલા છ દ્રવ્ય. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્યા કાળાણુઓ, એક ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશ. એના પેટા ભેદ તરીકે નવ તત્ત્વો. એ ભગવાને કહ્યા એમાં એને સંશય હોય નહિ. કેમકે સર્વજ્ઞપદ આત્મા જ પ્રતીતમાં આવ્યું છે એને બીજા સર્વજ્ઞે કહેલા તત્ત્વો એના જ્ઞાનમાં ભલે પ્રત્યક્ષ ન ભાસે, પણ એની શંકામાં સ્થાન હોય નહિ. સમજાણું કાંઈ ? '(નિઃશંકિત અંગ છે.)' એનું નામ નિઃશંકિત અંગ છે. સમકિતનું પહેલું વ્યવહાર અંગ છે. સમજાણું ? વ્યવહારની વાત છે, હોં ! નિશ્ચયના આવ્યા શાસ્ત્રમાં ત્યાં 'સમયસાર'માં. ત્યાં આઠ નિશ્ચય (અંગ) આવ્યા છે. આત્માની અંદરમાં. આ તો જિનવચનમાં શબ્દ પડ્યો છે ને ? પરવચન પરવસ્તુ લીધી છે ને ? આત્મામાં અંદર નિઃસંદેહ, નિઃશંક થઈ જવું. ત્યાં 'સમયસાર'માં એ વાત છે, હોં !

(બીજું) નિઃકાંક્ષિત અંગ છે. એને કાંક્ષા-ઇચ્છા ન થાય. શંકા ન થાય. સમજાય છે ? નિઃશંક... નિઃશંક. માને ખોળે પડ્યો હોય એને શંકા ન હોય. કેમ હોય ? કોઈ મારવા આવશે તો મને બચાવશે કે નહિ બચાવે ? સર્વજ્ઞની વાણી પરમાત્માએ કહ્યું છે, ઘણા પ્રકારનું ગંભીર તત્ત્વ છે, ઊંડું છે, ઘણી અપેક્ષાવાળું છે એમ જાણીને એમાં શંકા કરે નહિ. પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકનાથ, જેને એક સેકંડના અસંખ્ય ભાગમાં પરમેશ્વરે ત્રણકાળ ત્રણલોક પ્રત્યક્ષ વીતરાગભાવે જોયા છે. સમજાય છે કાંઈ ? એવા વીતરાગ પરમેશ્વરે કહેલા તત્ત્વોને ઓળખવા તો ખરા. સમજાય છે ને ? ઓળખીને શંકા કરવી નહિ. નિઃશંકપણે પરમેશ્વર કહે છે તેને આત્માના ભાન સહિતમાં વ્યવહારમાં માનવું. સમજાણું કાંઈ ?

નિઃકાંક્ષ. 'ધર્મને ધારણ કરીને (ભવ-સુખ-વાંછા) સંસારના સુખની ઇચ્છા કરે નહિ...' દેખો ! સમ્યગ્દષ્ટિ ધર્મી જીવ વ્યવહાર ધર્મમાં પણ ધર્મને ધારણ કરીને ભવસુખ વાંછા (કરે નહિ). સમજાય છે ? ભવસુખ વાંછા હોય નહિ. જુઓ ! 'વૃષ, ભવ-સુખ વાંછા ભાનૈ;' ભવના સુખની વાંછા નાશ કરે. દેખો ! આ..હા..! ભવસુખ વાંછા. ભવના સુખની વાંછા, એમ. આત્માના આનંદની જ્યાં પ્રતીત અને ભાન થયા છે એવા જીવને વ્યવહારમાં પણ ભવના સુખની, સંસાર સુખની ઇચ્છા કરે નહિ. કહો.

મુમુક્ષુ :– ધર્મ કરવાનું પ્રયોજન શું ?

ઉત્તર :– ધર્મ કરવાનું પ્રયોજન અંદર શુદ્ધતા પ્રગટ કરવી એ. ધર્મ કરવાનું પ્રયોજન બાયડી, છોકરા મળવા ઇ ? ધર્મ કરે તો સુખી થશે. છોકરાને પૈસા ને ધૂળ મળે ઇ ? મળે છે કે દિ' ? એની પાસે તો મમતા મળે છે.

અહીં તો કહે છે, ભવની ઇચ્છામાં ભવમાં સુખ જ નથી. એની વાંછા જ ન મળે. જુઓ ! ચારે ગતિમાં દુઃખમાં છે એને ઠેકાણે સુખની ઇચ્છા કરે. સ્વર્ગમાં જાઉં, દેવ થાઉં, આવું કરું એવી વાંછા ભાનૈ – નાશ કરે. એ વાંછા હોય નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? ભલે એને પુણ્યભાવ થઈ જાય અને સ્વર્ગાદિ મળે (પણ એની) વાંછા નથી. સમજાણું ? અહીં તો જ્યાં-ત્યાં માનતામાં ભગવાનને નામે ભગવાનને માને. દીકરો થાય તો આમ ચડાવીશ, ફલાણું થશે તો આમ કરીશ, કેસર ચડાવીશ. ભારોભાર કેસર, બાળક થાય તો કેસર ચડાવીશ. કરોડ રૂપિયાવાળાને લાખનું કેસર ચડાવવું હોય તો શું ? ધૂળમાંય નથી. મહા શંકાવાળો છે, કહે છે. એને આત્માનું ભાન નથી. વીતરાગદેવનો ધર્મ કેવો છે એની એને ખબર નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? લ્યો, અહીંયાં માંગલિક સાંભળીએ તો સાજાં રહીએ, પરણ્યા છે એ એમ ને એમ સરખા રહે, આમ રહે, તેમ રહે.

મુમુક્ષુ :– પણ એ માંગલિક સાંભળીએ શું કરવા ?

ઉત્તર :– એ તો શુભભાવ માટે છે. એક શુભભાવ હોય છે. શુભભાવ, બસ ! એમાં એવી વાંછા ન હોય કે, વરઘોડિયા બધા સરખા રહે, આપણે બધું સુખ સરખું રહે, એવી સમકિતીને વ્યવહાર સમકિતમાં પણ ભવના સુખની વાંછા હોય નહિ. આહા..હા...! આ તો કેટલા સુરધન ને માવડી ને તાવડી ને... તાવડી.. તાવડી છે.

તાવડી આવે છે, મફતનો શબ્દ આવતો નથી. હજારો તાવડી, તાવડી માતા છે. ત્યાં હજારો તાવડીઓ પડી હોય. દેવી પાસે. તાવડી માને. માળા..! મૂરખના તે કાંઈ ગામ જુદાં હશે ? ભાઈ ! મુરખના કાંઈ ગામ જુદાં હોય ? ગામદીઠ (મુરખ) પડ્યા હોય.

મુમુક્ષુ :– નવી કે જુની ?

ઉત્તર :– નવી. એને નવી ચડાવે. હજારો પડી છે, રસ્તામાં હજારો (પડી છે). ક્યે ઠેકાણે છે ? કાંઈ ખબર છે ? ક્યાંક આવે છે. અહીં તો ઘણું ફર્યા છીએ ને ! હજારો તાવડીઓના ઢગલા. આમ આવે છે, આમ. કેટલી તાવડીઓના ઢગલા, હોં! પચાસ-પચાસ તાવડીઓના આમ મોટા ઢગલાના ઢગલા (પડ્યા હોય). દુનિયાને શું છે ? રોટલાના ભિખારી. તાવડી ચડાવીશું તો આપણને રોટલા-બોટલા સરખા મળશે. ભિખારી છે.

વીતરાગ પરમેશ્વરને માનનારા, સર્વજ્ઞદેવને માનનારાને આવી વાંછા હોય નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...! કીધું નહોતું ? અમે (સંવત) ૨૦૦૬ની સાલમાં 'સરા.. સરા' ગયા હતા. 'સરા'માં અપાસરામાં ઉતર્યા. લોકોને પ્રેમ તો ખરો ને ! ભલે ફેરવ્યું, પણ સૌને પૂર્વનો પ્રેમ હતો ને ! ઢોલા-વાજા લાવીને સામે સામૈયુ કર્યું. અપાસરામાં ઉતાર્યા, હોં ! નામ મોટું એટલે માણસ અપાસરામાં તો માય નહિ. મોટી નિશાળ હતી, બહુ માણસ ભેગું થયું હતું. (ત્યાંથી) પાછા વળ્યા. એનો એક માણસ અગ્રેસર છે. (ઇ કહે), માતા છે, બે હજાર રૂપિયા આપે છે, એને માંગલિક સંભળાવો. મેં કીધું, કોઈ વૃદ્ધ કાઠિયાણી, શેઠાણી હશે. બાર મહિને બે હજાર આપતી હશે. લાવને, માંગલિક સંભળાવીએ, ક્યાં ના પાડું. બહુ છેટે વ્યાખ્યાન હતું. ઓલે કાંઠે નદી અને આ કાંઠે અપાસરો. એટલે વચમાં આવતું. આપણને ખબર નહિ. જ્યાં ત્યાં આવ્યા તો મેલડી માતા. મેલડી માતા સત્ય છે. ગર્યા અંદર, મેં કીધું, આપણે તો હવે પાકુ જોવું. અંદર ગર્યા તો એના લાકડાના હોય ને ? એના ઉપર હાથ મૂક્યો. મહારાજ ! આને માંગલિક સંભળાવો. એને એમ કે, મહારાજનું માંગલિક થાય તો બે હજારના પાંચ હજાર થઈ જાય. મહારાજનું માંગલિક જુદી જાતનું છે. પણ એલા આ શું છે પણ આ ? આ જૈનને ન હોય, કીધું. આવા લાકડાને માંગલિક સંભળાવવું, કોને સંભળાવવું આમાં ?

મુમુક્ષુ :- મેલડી માતાના સ્થાનમાં ?

ઉત્તર :- હા, એને 'થાન'માં મોટું મકાન છે. દોશી કુટુંબમાં એને માને છે. સ્થાનકવાસી મેલડી માતા માને છે. એને ધૂણે, એને માને. પોષા કરનારા, સામાયિક કરનારા. એની કુળદેવી. એને મારો વિશ્વાસ ખરો ને ! મહારાજનું માંગિલક (એટલે) આ..હા..હા...! આ માણસો જુઓને કેટલું છે ! ભલે સંપ્રદાય છોડ્યો પણ એની મહિમા તો અપાર લાગે છે. એટલે મહારાજ માંગલિક સંભળાવે તો સાંભળશે. પણ કોને સંભળાવવું ? બાપા ! અરે..! ઉપરથી દેવ ઉતરે તો ધર્મી જીવ એને ઇચ્છે નહિ. શું બોલો છો ? મેં એને આમ કહ્યું, હોં ! દેવ ઉતરથી ઉતરે અને કહે કે, તને આ આપું. શું વાત (કરે) છે ? સાંભળે પાછો, હોં ! એમ નહિ કે, મહારાજ ખોટું કહે છે. દ્વેષ નહિ, અણગમો નહિ. રાત્રે પાછા ભેગા થયા ત્યારે કહે, મહારાજ ! આવું અમને ખબર નહિ, હોં ! આવું અમને ખબર નહિ. બાપુ ! ધર્મ બીજી વાતું છે, બાપા ! આ સામાયિક, પોષા કરનારા જૈન આવા મેલડીઓને માને. અમે ધર્મી છીએ. બાપા ! આ તો તું ધર્મને લજાવે છે. પણ આ વસ્તુની ખબર નહિ. આ તો નિશ્ચય વિના પણ વ્યવહારના ઠેકાણા નથી. દેવ ઉપરથી ઉતરે તોપણ તું શું કરી શકે ? મારા પુણ્ય વિના પાઈ મળે એવી નથી. અને અશાતાનો ઉદય હોય તો તું ઇન્દ્ર આવે તો ત્રણકાળમાં રોકી શકે એવો નથી. મારી શાંતિ ને પ્રતીત તો મારી પાસે છે. શું કરવું છે મારે દેવને ? સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :- દેવ હોય તો રૂપિયા આપે.

ઉત્તર :- ધૂળેય રૂપિયા દેતો નથી. હમણાં કીધું ને ? છતાં ઇ તો બિચારો ચોખ્ખું કહે છે. 'રાજકોટ'માં છે ને ? (એક ભાઈની) વહુ પાસે દેવ આવે છે. કો'ક દેવી આવે છે, પણ નામ ચોખ્ખું કહેતી નથી. આપણા (એક ભાઈ) છે ને ? એનો એક મુનિમ છે. એક દેવી આવે છે. સો, બસો, ત્રણસો રૂપિયા મૂકી જાય છે. આમ દેખાવ આપતી નથી. અત્યાર સુધી પંદર-સોળ હજાર રૂપિયા થયા છે. આમ કહી જાય કે, ત્રણસો પડ્યા છે, બસો પડ્યા છે. એટલે આ ઉપાડીને પાછો બેંકમાં મૂકી આવે, વળી આ લઈ ન જાય. સોળ હજાર થયા છે, હમણા અહીં આવ્યા હતા ત્યારે કહેતા હતા કે, સોળ હજાર થયા છે. પણ ઇ ચોખ્ખું કહે કે, જુઓ ! અમે તો દિગંબર

જૈન છીએ અને પરમેશ્વરને માનનારા છીએ. અમે કોઈને માનતા નથી. તું પૈસા મૂક તોપણ અમે માનતા નથી, એમ કહે. એ પૂછે, કોણ છો તું ? તો બોલે છે, અંબાજી. અંબાજી (ન હોય) પણ કોઈ પૂર્વનો પ્રેમ હોય. પૈસા મૂકી જાય છે. બસો, પચાસ, સો, ત્રણસો, પાંચસો. ગાદલામાં પાંચસો છે, જુઓ ! એમ કહે. (અને) નીકળે. અત્યાર સુધી સોળ હજાર થયા છે. બેંકમાં મૂક્યા. ઇ કહે, એક ફેરી પૈસા મૂક્યા અને મેં ન લીધા તો લઈ ગઈ. એટલે મૂક્યા ભેગું લઈ લઉં. બેંકમાં મૂકી આવું. પણ ચોખ્ખી વાત કરે, અમે માનીએ નહિ, હોં ! તને પગે નહિ લાગીએ. એમ કહે, ભાઈ ! હોં ! અમે કોઈને પગે નથી લાગતા. વીતરાગ પરમેશ્વર સિવાય, વીતરાગદેવના ગુરુ, સંત અને પરમાત્મા સિવાય અમે કોઈને પગે નથી લાગતા. તું કોણ છો ? કહે. તોપણ અમે પગે લાગવાના નથી. આમ પૈસાવાળા છે. આમ અત્યારે સાધારણ નોકરી કરે છે. એનો દીકરો 'ભોપાલ'માં છે. અરે...! દેવ હોય તોપણ શું ? શું આપી દે અમને ? ધર્મીને આત્માની શ્રદ્ધા જેને છે...

મુમુક્ષુ :- રોકડા આપે... ?

ઉત્તર :- પણ રોકડા આપીને આત્માને શું થયું ? એણે શું કર્યું ? ઇ તો પુણ્ય હતા, પુણ્ય હોય તો ઇ આવે છે. આના પુણ્ય વિના એ આવે નહિ. ત્રણકાળમાં આવી શકે નહિ. અહીં પુણ્ય હોય તો આવે. (અમારે) પુણ્ય પણ જોઈતું નથી તો વળી તારા પૈસા અમારે ક્યાં જોઈએ છે ? ધર્મીની એવી શ્રદ્ધા અંદર હોય. આ તો લાલાપેઠા ઠેકાણા વિનાના. આમ કહે કે, ભગવાનને માનનારા અને માને એવા ઠેકાણા વિનાના હોય એને. આહા..! આદર કરે, હોં ! પ્રેમથી. ઘરે લઈ ગયા. મહારાજ ! ફરીને પધારજો. એમ કહે. બિચારા ભલાભોળા માણસ. આ વીતરાગ માર્ગ શું છે અને પરમેશ્વરે આત્મા શું કહ્યો ? આત્મા. એની ખબર ન મળે એને વ્યવહાર ધર્મના તો કાંઈ ઠેકાણા ન મળે. ભાઈ !

આ (ભાઈના) પૈસા લઈ ગયા. ન કીધું ? ચાર હજાર રૂપિયા ગયા છે. કેટલા ? ચાલીસ હજાર. આ પડદાવાળા, નહિ ? ઇ કહે કે, મેં મકાન લીધું. તે વહેમવાળું હતું પણ મેં તો લીધું. પણ માલ ચાલ્યો જાય. કપાટમાં માલ ભર્યો હોય ઇ ચાલ્યો જાય. રોટલા, દાળ, ભાત કર્યા હોય ઇ ચાલ્યા જાય. કપાટમાં આ શું કહેવાય લોઢાનું ?

સ્ટીલના વાસણ ત્રણ-ત્રણ હજારના ભર્યાં હોય એ ચાલ્યા જાય. ચાલીસ હજારનું ગયું. પછી મકાન વેંચી નાખ્યું. શું છે ઇ કંઈ ખબર નહિ, કંઈ ખબર પડે નહિ, ચાલ્યું જાય ઇ સાચું. મકાન જેણે લીધું એને કાંઈ ન મળે. એને કાંઈ જાતું નથી. એટલે પાપનો ઉદય હોય એને જાય. એમાં કોણ બીજો કરે ? મફતનો ભ્રમણા કરે છે. ઇ વાત સાચી, એને ચાલીસ હજાર ગયા, હોં ! ઇ કહેતા હતા. સમજાણું કાંઈ ?

ધર્મી જીવ પરની કાંક્ષા કરે જ નહિ. આવો રોગ મટી જાય તો આને માનું, આનું આમ થાય તો માનું એવી ભ્રમણા અજ્ઞાનીને હોય. વ્યવહાર ધર્મમાં નિશ્ચય સમકિતીને આવી ન હોય તો અમસ્તા વ્યવહાર ધર્મવાળાને હોય નહિ. નિશ્ચય વિના પણ વ્યવહાર ધર્મવાળાને એવી કાંક્ષા હોય નહિ. સમજાણું ?

'(ભવ-સુખ-વાંછા)...' દેખો ! અહીં તો આખી ગતિની જ વાત કરી છે. દેવના સુખની જ ઇચ્છા નહિ. દેવના સુખની, અહીંના વર્તમાનની પૈસાની (વાત) તો ક્યાં રહી ? એવી વાંછા સમ્યગ્દષ્ટિને વ્યવહારમાં હોતી નથી. આહા..હા...! બહુ ફરી ગયું. ઘણી માન્યતા ચાલે છે ને ? 'મહાવીરજી'માં ચાલે છે ને ? ભાઈ ! 'મહાવીરજી'માં, 'પદમપુરી'.. માણસ ધૂણે ને આ જાય. આ જૈનને નામે વીતરાગ પરમેશ્વરમાં આવા વાડામાં ચાલે. પરમેશ્વર જેને સો ઇન્દ્રો તો પૂજે છે. જેના જન્મ પહેલા માતાના પેટને સાફ કરવા ઇન્દ્રો આવે. એવા જે ભગવાન, એવા તીર્થંકર એને જ્યારે સર્વજ્ઞ (પણું) થયું અને જ્યારે જ્ઞાન થયું ને ઉપદેશ કર્યો, એવા પરમેશ્વરને માનનારાને આવી કાંક્ષા હોય નહિ. જુઓ ! ભવસુખની વાંછા કહી છે, હોં !

'મુનિઓનાં શરીર વગેરે મલિન દેખીને...' વગેરે કીધું છે. '(મુનિ તન)...' સાચા દિગંબર મુનિ હોય છે. એને આત્મધ્યાન, જ્ઞાન, આનંદનો અંદર અનુભવ હોય છે. શરીરમાં નાવા-ધોવાનું ન હોય, મેલાં શરીર પણ હોય છતાં ધર્મીને એની મલિનતા દેખીને ઘૃણા ન કરવી, દુગંછા ન હોય. શરીરની સ્થિતિ એવી છે. અશુચિથી શરીર ભરેલું છે. મુનિઓ તો આત્માની સંભાળ કરનારા છે, એને કાંઈ શરીરની સંભાળ હોતી નથી. એમ કોઈ વિષ્ટાના ઢગલા દેખે, સડેલાં કૂતરા, મીંદડાં દેખે તો ઘૃણા ન આવે. એ તો પરમાણુની પર્યાય છે, એમાં કોની દુગંછા કરવી ? સમજાણું કાંઈ ? શરીર સડે છે ને ? મોટા ભાઠા થાય છે, શું કહેવાય ઇ ? પાઠા.. પાઠા. પાઠું ગંધાય..

ગંધાય.. પણ એ તો પરમાણુની પર્યાય છે. એને એવું દેખીને દુગંછા ઘૃણા ન કરે. સમજાણું કાંઈ ?

એક શેઠને એવું પાઠું થયેલું... એવું ગંધાય. શી રીતે ખાવું ? શેરો કરે. એકદમ ઉતારે. નહિતર સડી ગયેલું એટલે એટલી ગંધ મારે. એકદમ શેરો મોઢામાં નાખી દે, નહિતર ઊલટી થઈ જાય. એ શરીરની દશા (છે), બાપુ ! એ તો પરમાણુ માટી છે. એની પર્યાય કેવી થાય એ કોઈને આધારે નથી. ધર્મી જીવને એની ઘૃણા હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ? (એક) ગધેડું ગંધાયેલું, સડેલું, હોં ! રાત્રે મરવાની તૈયારી. આમ શરીર ગંધાય. આ બધું સડી ગયેલું. એવું સડેલું તો આમ ગંધ મારે, હોં ! જોડેવાળા (કહે) માંગલિક સંભળાવો, મહારાજ ! તો સંભળાવ્યું.

'(તત્ત્વ–કુતત્ત્વ) સાચાં અને જૂઠાં તત્ત્વોની ઓળખાણ રાખે તે અમૂઢદૃષ્ટિ...' મુંઝાય નહિ. સમ્યગ્દૃષ્ટિ મુંઝાય નહિ. નિઃશંક નિમૂઢ હોય છે. નિમૂઢ–અમૂઢ. સમજાય છે ? ભગવાનના કહેલા સાચા તત્ત્વો અને એનાથી વિરુદ્ધ અજ્ઞાનીઓના કહેલા. પરમેશ્વર વીતરાગ સર્વજ્ઞદેવે કહેલા તત્ત્વો, એનાથી વિરુદ્ધ અજ્ઞાનીઓના કહેલા તત્ત્વો બેયને જાણે કે, આમાં મોટી ભૂલ છે. મુંઝાય નહિ. અજ્ઞાની તત્ત્વવાળા ગુરુ આદિ હોય (એને) હાથીને હોદે પૂજે, રાજાઓ પૂજે, દેવો પૂજે તો એમ ન થાય કે, આમાં કાંઈક હશે ? આ શું છે ? એ તો બધા પુણ્યના ઠાઠ છે, એમાં ધૂળમાં શું આવ્યું ? સાચા-ખોટા તત્ત્વની પીછાણમાં ધર્મી મુંઝાય નહિ. ભાઈ ! પ્રવીણ થાય, એમ કહે છે. લીધું કે નહિ ? 'તત્ત્વોની (પીછાનૈ)...' પીછાને (એટલે) પ્રવીણ થાય, એમાં હોશિયાર થાય. સમ્યગ્દૃષ્ટિ ખોટા-સાચા તત્ત્વમાં મુંઝાય નહિ. સમજાણું ? કુતત્ત્વના માનનારની આબરુ દેખે, મોટી સભા દેખે, ઓ..હો..હો..! મોટા મોટા રાજા માને છે માટે હશે કાંઈક ? હવે રાજા માને કે દેવ માને. એમાં શું છે ? દેવ પણ માને, એવા મૂઢ દેવ ન હોય ? સમજ્યા ને ?

જેને સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ પરમાત્માએ કહેલા આત્માની શ્રદ્ધા થઈ છે એને વ્યવહાર શ્રદ્ધામાં કુતત્ત્વ અને સુતત્ત્વની શંકા હોય નહિ. મુંઝાય નહિ કે, આમાં શું નિર્ણય કરવો ? એક આમ કહે, એક આમ કહે, એક આમ કહે. ઓલા કહે કે, વ્યવહારથી થાય, ઓલા કહે કે, નિશ્ચય થાય તો વ્યવહારને વ્યવહાર કહેવાય. અરે...! આ તે

શું હશે પણ આ ? ભગવાન ! નિર્ણય કરવો જોઈએ, પ્રભુ ! બાપુ ! અનંત કાળે આવું માણસપણું મળ્યું છે, આંખ્યું મીંચાઈ જઈ ક્યાંક ચાલ્યો જઈશ, બાપા ! કોઈ શરણ નથી, કોઈ શરણ નથી. સમજાણું ? વીતરાગ પરમેશ્વરે કહેલા તત્ત્વોમાં કોના કુતત્ત્વ છે અને ભગવાનના સુતત્ત્વ શું છે ? (એમાં) મુંઝાય નહિ. મેળવણી કરીને બરાબર પીછાણ કરે. સમજાણું ?

'(નિજ ગુણ) પોતાના ગુણોને અને બીજાના અવગુણોને છુપાવે...' આહા..હા...! શું કહે છે ? પોતાના ગુણ પ્રગટ્યા હોય એ બહાર પાડવાનો ઢંઢેરો ન પીટે. આહા..હા...! એ..ઇ...! સમજાણું ? શું કામ છે ? દુનિયા માને તો ગુણની શુદ્ધિ વધે છે ? અને ન માને ને નિંદા કરે તો કાંઈ ગુણની શુદ્ધિ ઘટી જાય છે ? ભાઈ ! સમજાણું કાંઈ ? આહા..હા...! પોતાના ગુણને ઢાંકે. આહા..હા...! સમજાણું કાંઈ ? જે ગુણ પ્રગટ્યા હોય એની પ્રસિદ્ધિ થાય તો ઠીક, દુનિયા માને તો ઠીક, દુનિયામાં વધારે ખબર પડે તો ઠીક એવી એને ભાવના હોય નહિ. (પ્રસિદ્ધિ થાય) એથી શું લાભ ? દુનિયા વધારે સ્વીકારે એથી પોતાને શું લાભ ? અને દુનિયા ન સ્વીકારે એથી એને શું નુકસાન ? આહા..હા...! સમજાણું કાંઈ ?

'અને બીજાના અવગુણોને...' જગતના અવગુણ છે એને બહાર પાડું તો એની હિલના થાય એવી ઇચ્છા એને હોય નહિ. એના અવગુણ બહાર પડે તો એ તો પાપનો ઉદય હશે તો લોકો એનો અનાદર કરશે. બાકી અવગુણ બહાર પડે અને છતાં એના પુણ્ય હશે તો લોકો એનો આદર કરશે. તારે શું કામ છે ? એ.. આ પ્રાણી આવો છે, આ પ્રાણી આવો છે. સમજાય છે ? બીજાના અવગુણ બહાર પાડ્યે તને લાભ શું ? તારા ગુણ બહાર પાડ્યે તને લાભ શું ? તારા ગુણ બહાર ન પડે તો તને નુકસાન શું ? અને બીજાના અવગુણ દુનિયા ન જાણે તો તને નુકસાન શું ? આહા..હા...! જુઓને વ્યવહાર સમકિતમાં પણ કેટલી વાત છે !

મુમુક્ષુ :– કોની વાત કરો છો ?

ઉત્તર :– આત્માની. કોની વાત કરે છે આ ? આ કોના આત્મા માટે વાત ચાલે છે ? કોની માટે વાત ચાલે છે ?

મુમુક્ષુ :– વાત કોની છે ?

ઉત્તર :– વાત આત્માની. સમજાય છે ? આહા..હા...! પેલી તમારી છોડી નહોતી આવી ? જાતિસ્મરણવાળી અહીંયાં આવી હતી ને ? હવે આવશે. એને કહીએ છીએ ખરા, લાવે ત્યારે ખરા. એની પાછી સેવાચાકરી કરવી પડે ને ? થોડુંઘણું રાખવું પડતું હશે ને ? આ બધા માણસો જોવા માગે છે. આ (ભાઈના) ઘરેથી કહેતા હતા, લ્યો ! 'મુંબઈ' જવાના છે ? પણ છોડી ? અહીં આવે ને, હશે કે નહિ ? અહીં તમારા મોટા બેન નથી ? આ માણસો ઝાઝા આવે તો જોશે કે નહિ ? માણસો આવશે તો જોશે તો ખરા ને ! એને માટે તો પહેલેથી કહ્યું હતું. તમારું ઘર નથી ? મોટા બેનનું નથી ? મારે તો બીજું કહેવું હતું. એનું થોડું બહાર પડ્યું તો લોકોમાં એમ થઈ ગયું કે, આહા..હા..હા...! સમજાણું ? પછી મેં એક બેનને કહ્યું કે, બેન ! આ તમારી વાત ક્યાં ? ને આ ક્યાં ? (તો કહ્યું કે), બહાર પડવામાં શું કામ છે ? આહા..હા..! ઇ વખતની શૈલી જોઈ હોય તો ખબર પડે. સમજાણું કાંઈ ? બહાર શું છે પણ ? દુનિયા માને કે લોકો ઓળખે એનું અમારે કામ શું છે ? સમજાણું કાંઈ ?

અહીં કહે છે કે, એને એ જાતનો વિકલ્પ ન હોય. પોતાના ગુણ પ્રસિદ્ધ કરવા અને બીજાના અવગુણને ઢાંકવા, ઉઘાડવા નહિ. ઉઘાડું કરીને (એને) શું નુકસાન ? તને લાભ શું ? સમજાણું ? એ સમકિતનો ગુણ છે. સમજાય છે ? બીજા બોલો વિશેષ છે ઇ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

❊

## વીર સંવત ૨૪૯૨, મહા વદ ૨, સોમવાર
## તા. ૭-૨-૧૯૬૬, ગાથા ૧૨, ૧૩. પ્રવચન નંબર–૧૯

આ 'દૌલતરામજી' કૃત 'છ ઢાળા' છે. એની ત્રીજી ઢાળ ચાલે છે. એની ૧૨મી ગાથા છે (અને) ૧૩ મી અડધી છે. શું કહે છે ? પહેલી વાત આવી ગઈ છે કે, પરદ્રવ્યથી ભિન્ન આત્મરુચિ. ભલા હૈ, આવ્યું છે પહેલા. એ નિશ્ચય સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરી. નિશ્ચય એટલે સાચું–સત્ય દર્શન. આત્મા પરદ્રવ્ય એટલે શરીર, કર્મ, વાણી, પુણ્ય-પાપના વિકલ્પ રાગાદિથી ભિન્ન આત્મતત્ત્વ છે. એવા આત્માની અંતરમાં સ્વભાવ સન્મુખની, અંતર્મુખી અનુભવદૃષ્ટિ કરવી એનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન (કહે છે). ત્યાંથી ધર્મની પ્રથમ શરૂઆત થાય છે. એ મોક્ષમહેલની પહેલી સીડી છે. આગળ આવશે ને ? મોક્ષમહેલની પહેલી સીડી (છે). સમજાય છે કાંઈ ?

આત્મા આનંદ જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ, એની શાંતિ, એમાં – આત્મામાં વીતરાગતા ભરી છે, એને અંતરદૃષ્ટિમાં વીતરાગદૃષ્ટિ વડે વસ્તુના સ્વરૂપને નિઃશંકપણે અનુભવમાં પ્રતીતિ કરવી એનું નામ સમ્યગ્દર્શન, નિશ્ચય સત્યદર્શન કહેવાય છે. એની સાથે વ્યવહાર સમકિત હોય છે. આ નિશ્ચય સમ્યગ્દર્શન હોય ત્યાં વ્યવહાર સમ્યગ્દર્શન શુભ વિકલ્પ રાગરૂપે હોય છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધા એ શ્રદ્ધાનો ભાવ ભેદવાળો, રાગવાળો છે એથી એને વ્યવહાર શ્રદ્ધા કહેવામાં આવે છે. નિશ્ચય સમ્યગ્દર્શન આત્માનું ભાન, અનુભવદૃષ્ટિ હોય તો તે વ્યવહાર સમકિતને ઉપચારે સમકિત કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– આગળ પાછળ ચાલે છે.

ઉત્તર :– આગળ પાછળની વાત જ નથી. આગળ પાછળ શું હોય ? તેથી તો આમાં પહેલી ઇ વાત કરી અને પછી આ વાત કરે છે. શૈલી એવી લીધી છે. પહેલી નિશ્ચય અને પછી વ્યવહારની વાત લીધી છે અને પાછળ લીધી મુખ્ય-ઉપચાર. પાછળ છે ને શ્લોકમાં ? મુખ્ય-ઉપચાર. ત્યાં પણ મુખ્ય એટલે નિશ્ચયચ અને ઉપચાર

એટલે વ્યવહાર, ભાષા એમ લીધી છે. સમજાણું કાંઈ ?

આત્મા અંદર શાંત વીતરાગી સ્વભાવ, એને આ પુણ્ય-પાપના વિકલ્પથી અથવા વ્યવહારથી પણ આત્મા પ્રાપ્ત થાય એવો એ નથી. એ તો બપોરે ઘણું આવ્યું. ઝીણી વાત છે, ભાઈ ! આ અનંતકાળના જન્મ-મરણના નાશનો ઉપાય, એની સીડી–પહેલું જ પગથિયું ઉત્તમ છે. જેના સમકિત વિના એનું જ્ઞાન અને બધી ક્રિયા નિરર્થક છે.

મુમુક્ષુ :– દુઃખનું કારણ છે.

ઉત્તર :– હા, દુઃખનું કારણ કહ્યું, નિરર્થક કહ્યું પણ સાર્થક છે, દુઃખરૂપ છે. નિરર્થક એટલે એમાં પ્રયોજન સિદ્ધ થતું નથી. વ્યવહાર શાસ્ત્રનું જ્ઞાન, વ્યવહાર નવ તત્ત્વની શ્રદ્ધા, વ્યવહાર પંચ મહાવ્રતના પરિણામ એ આત્માના સમ્યગ્દર્શનને માટે બિલકુલ કાર્યગત નથી. સમજાણું કાંઈ ? પણ એ વ્યવહાર નિશ્ચય આત્માનું ભાન થયે, પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં એવો વ્યવહાર આવે છે. એની મર્યાદામાં એવા શુભયોગની સ્થિતિ હોય છે. એને વ્યવહાર સમકિત કહે છે. પણ એ વ્યવહાર સમકિત છે તેથી નિશ્ચય સમકિત છે એમ નથી. તેમ વ્યવહાર સમકિત છે એનાથી નિશ્ચય ઉત્પન્ન થયું છે એમ નથી. ખરેખર વ્યવહાર સમકિત અને વ્યવહાર શ્રદ્ધા કે વ્યવહાર જ્ઞાન કે પંચ મહાવ્રતના પરિણામ એ ત્રણે દુઃખરૂપ છે. વ્યવહાર રત્નત્રય જેને કહે (છે) એને દુઃખરૂપ કહ્યું છે. આહા..હા...! કાલે આવ્યું હતું. એનાથી આત્માનું કાર્ય બિલકુલ નથી.

મુમુક્ષુ :– અજ્ઞાનીને એમ છે.

ઉત્તર :– જ્ઞાનીને પણ એમ છે. અજ્ઞાનીને શું, જ્ઞાનીને પણ એ છે. એનાથી આત્માનું કાર્ય થતું નથી.

નિર્વિકલ્પ નિરપેક્ષ ભગવાનઆત્મા, એનો અંતરમાં અનુભવ વિકલ્પના વ્યવહારની અપેક્ષા વિનાની દૃષ્ટિ હોય છે. ત્યારે એની ભૂમિકામાં એ વ્યવહાર દુઃખરૂપ માને છે એને અહીંયાં વ્યવહાર રત્નત્રય કે નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? કહો, ભાઈ ! એવા વ્યવહાર સમકિતના આઠ ગુણ છે અને એમાં એના આઠ દોષનો ત્યાગ છે.

પહેલું નિઃશંક કહ્યું. નિઃશંક. જૈનવચનમાં નિઃશંક. સ્વરૂપની દૃષ્ટિ અનુભવ તો છે. વીતરાગ માર્ગ સર્વજ્ઞે કહેલો એમાં વ્યવહારમાં પણ સમ્યગ્દૃષ્ટિ નિઃશંક છે, શંકા નથી. શુભ વિકલ્પની મર્યાદામાં વ્યવહારમાં એને શંકા નથી. મહા અચળ દૃઢ છે.

નિઃકાંક્ષ. સમકિતદૃષ્ટિ બીજાને ઇચ્છતો નથી. બીજા ધર્મના ભાવને ઇચ્છતો નથી. બીજા ધર્મમાં કાંઈક હશે એવી એને કાંક્ષા હોતી નથી. આ વ્યવહાર સમકિતની અંદરમાં આટલી અટલ દૃઢતા હોય છે. નિશ્ચય સમ્યગ્દર્શન હોય ત્યાંની વાત છે. ભાઈ ! આહા..હા...! નિઃશંક અને નિઃકાંક્ષ (થયા).

નિર્વિચિકિત્સા. મુનિઓના શરીર મલિન દેખીને એની દુગંછા–ઘૃણા ન હોય. એવો ભાવ, સંતોની શરીરની દશા જ એવી હોય છે. સમજાય છે કાંઈ ? મહામુનિ હોય શરીર કાળું હોય, કુબડું હોય, શીતળા નીકળ્યા હોય, ઘોબાઘંટા હોય. સમજાય છે ? મલિન હોય. આત્માની દૃષ્ટિ જેને અંતર દૃષ્ટિ સમ્યક્ થયું છે એને વ્યવહાર સમકિતમાં પણ એવા મુનિઓ કે ધર્માત્મા–ધર્મી હોય, સમ્યગ્દૃષ્ટિ બીજા ધર્મી હોય, પુણ્ય ઓછા હોય, શરીર કાળા હોય, કુબડા હોય, ઘંટીઘોબડા નીકળ્યા હોય, પોતે રૂપાળો હોય. સમજાણું કાંઈ ? આમ દાંત બહાર નીકળ્યા હોય, દાઢ આમ હોય, આમ નીકળ્યું હોય એવું બધું હોય. આહા..હા..! એને (એની) ઘૃણા ન હોય. એ દેહની સ્થિતિ છે. સમ્યગ્દૃષ્ટિ પોતાના સાધર્મી જીવમાં – સમકિતી જીવમાં પણ એવું દેખે. એનો એને તિરસ્કાર કે ઘૃણા ન હોય. એ તો પાપના પ્રકાર છે. પુણ્યના પ્રકારના એવો હો. સમ્યગ્દૃષ્ટિ નિશ્ચયમાં વ્યવહાર સમ્યગ્દર્શનમાં ધર્મને પામેલા જીવની શરીરની દશા એવી હોય એની એને ઘૃણા ન હોય. સમજાય છે કાંઈ ? અમે મહા રૂપાળા છીએ, સુંદર છીએ, બીજાથી મોટા અધિક છીએ અને આ ધર્માત્મા છે એને પુણ્ય ઓછા છે, કાંઈ ઠેકાણું નથી એમ એને ન ગણે. સમજાણું કાંઈ ? એ તો વ્યવહાર સમ્યગ્દર્શનમાં (એમ જાણે છે) કે જે પુણ્યબંધનનું કારણ છે, કે જે નિશ્ચય અનુભવની દૃષ્ટિ હોય ત્યાં (આવું હોય છે). સમજાણું કાંઈ ? આહા..હા...!

સાચા અને ખોટા તત્ત્વોની ઓળખાણમાં મુંઝાય નહિ. છે ને ? મુંઝાય નહિ. સત્ય તત્ત્વ છે, સૂક્ષ્મમાં પણ ક્યાંક ફેર પડે તો સમ્યગ્દૃષ્ટિ વ્યવહારમાં મુંઝાય નહિ. નિશ્ચયમાં તો નહિ, વ્યવહાર પણ મુંઝાય નહિ એવી એની અંતરમાં અમૂઢતા હોય છે. આહા..હા...!

સમજાણું કાંઈ ? આ કેમ હશે ? આમ કાંઈક હશે ? આમાં કાંઈક માર્ગ હશે, એને ન થાય, મુંઝવણ ન થાય. કોઈ અન્યના દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રભાવના વર્તે, બહારમાં ઘણું બહુમાન વર્તે, દેવો એની પાસે આવતા હોય (તોપણ) શંકા ન પડે, એને મૂઢતા ન થાય કે, આમાં કાંઈક હશે ? ધર્માત્મા પાસે દેવ પણ ન આવતા હોય. સમજાણું કાંઈ ? આ એવી વાત છે. ધર્મી જીવ પાસે દેવ પણ ન આવે, અધર્મી પાસે બહારના પુણ્યને કારણે દેવ આવતા હોય. એની બહારમાં જબરી પ્રભાવના દેખાતી હોય. રાજા, મહારાજા માનતા હોય. એમાં કાંઈક તત્ત્વ હશે ? એમ મુંઝાય નહિ. સમજાણું કાંઈ ? એ ચાર થયા. પાંચમો કહ્યો હતો.

પોતાના ગુણોને ઢાંકે. આહા..હા...! ધર્માત્મા પોતાના ગુણને બહાર પ્રસિદ્ધ કરીને પોકારે નહિ. સમજાણું કાંઈ ? પોતાની શક્તિનો જે સ્વભાવ, ભાન થયા, અનેક ગુણો પ્રગટ્યા છે એની પ્રસિદ્ધ કરું તો મને ઠીક પડે એમ એને ભાવ હોય નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? ગુણોને ઢાંકે. અથવા બીજાના અવગુણોને (ઢાંકે). ધાર્મિક સાધર્મી જીવ હોય એમાં કોઈ સાધારણ દોષ આદિ (દેખે તો) વ્યવહારમાં પણ સમ્યગ્દષ્ટિ જીવના કોઈ એવા વ્યવહાર આદિ અવગુણ હોય તો ઢાંકે, બહાર ન પાડે. જુઓ ! આને આમ થયું, આમ થયું. સમજાય છે ? મિથ્યાદષ્ટિના તત્ત્વની ઊંધી વાત કરે. એ કંઈ બીજાના અવગુણ ખોલવાની વાત નથી. એ તો તત્ત્વનું વિરુદ્ધ છે, એ (ના) વિરુદ્ધ તત્ત્વની શ્રદ્ધાની વાત કરે. સમજાય છે કાંઈ ? પણ ધર્માત્મા સમ્યગ્દષ્ટિ જીવના કોઈ સાધારણ પ્રકૃતિનો ફેર હોય, અમુક હોય છતાં ભાનવાળા જીવ છે, એવાઓની વ્યવહાર સમકિતી જીવ નિશ્ચયવાળો એવા વ્યવહારના અવગુણને ઢાંકે. આહા..હા...! સમજાણું કાંઈ ? ઉઘાડા ન પાડે. ધર્મની નિંદા થઈ જાય. ધર્માત્મા છે, સમ્યગ્દષ્ટિ છે, અનુભવ છે અને વ્યવહારના કોઈ પરિણામમાં સહેજ બહારમાં ફેરફાર દેખાય. શરીરઆદિની કોઈ ચેષ્ટા (એવી હોય તો એને) ઢાંકે. લોકમાં ધર્મની નિંદા થાય. સમજાય છે કાંઈ ?

બાપુ ! જૈનમાર્ગ ખડગની ધાર જેવો છે. પણ ખડગની ધાર એટલે ? આકરો એમ નહિ. અહીં એક દાખલો આપ્યો છે ને ? 'રત્નકરંડ શ્રાવકાચાર'માં ખડગ અને જળનો દાખલો આપ્યો છે. તલવારની ધારનું જળ હોય ને ? જળ એટલે પાણી પાયું

હોય ને ? તેજ.. તેજ...! ગમે તેવા પ્રકાર હોય તો પણ એ તેજ ફરે નહિ. 'રત્નકરંડ શ્રાવકાચાર'માં એ દાખલો આપ્યો છે. સમજાણું કાંઈ ? જેમ તલવારનું પાણી હોય, પાણી પાયેલું હોય ને ? ઝીણી ધાર. એ કોઈથી ઘસાય નહિ. એમ સમ્યગ્દૃષ્ટિના પાણી તેજ વ્યવહારમાં સમકિતમાં પણ કોઈથી હણાય નહિ. સમજાણું કાંઈ ? અવગુણને પ્રશંસે નહિ. બીજાના, ધર્મીજીવના, હોં ! અજ્ઞાનીની તત્ત્વની વિરુદ્ધ હોય તો એ વાત સ્પષ્ટ કરે કે, આ શ્રદ્ધા મિથ્યાત્વ છે, આ શ્રદ્ધા અજ્ઞાન છે. એને પાછા ગોપવે ને કાંઈ ન કહે તો તો એની વાત કહેવાનો પાર આવે નહિ, એમ હોઈ શકે નહિ. સમજાય છે ? જેની દૃષ્ટિ જ મિથ્યાત્વ છે અને જેના આચરણ જ ખોટા છે એવાની વાતને સ્પષ્ટ કરે કે, આની દૃષ્ટિ ખોટી છે, આનો મિથ્યાત્વભાવ છે, શ્રદ્ધાભાવ ઊંધો છે. વીતરાગમાર્ગ છે એને માનતા નથી, એ તો સ્પષ્ટ કરે. ધર્મી જીવ સમ્યગ્દૃષ્ટિના વ્યવહારમાં કોઈ અવગુણ હોય તો એને ગોપવે. એ ઉપગૂહનનું કહ્યું.

હવે, 'પોતાના આત્મધર્મને વધારે...' એકમાં બે નાખ્યા. ઉપબૃહણ. એ પાંચમો બોલ છે ને એ બે છે. ઉપગૂહન છે અને ઉપબૃહણ છે. એટલે ઇ કહ્યું. પોતાના ધર્મને વધારે. પોતાની આત્માની શુદ્ધિને અંતરમાં વધારે. ઉપગૂહન અને ઉપબૃહણ બે શબ્દ છે. અવગુણને ગોપવવા અને ગુણની વૃદ્ધિ કરવી. એક કડીમાં બે ગુણો નાખી દીધા છે. ભાઈ ! ઉપગૂહન છે અને આ નિજ ધર્મ ઉપબૃહણ નાખી દીધું છે, પોતે નાખી દીધું છે. મૂળમાં જ પાઠ છે. પોતાની શુદ્ધિની વૃદ્ધિ થાય એ વાત રાખે. દુનિયા સાથે કામ નથી. દુનિયા કેમ જોવે, કેમ માને એની સાથે એને કામ નથી. સમજાણું કાંઈ ? 'નિર્મળ બનાવે...' ઉપગૂહન છે એમ કહીને ઉપબૃહણ નાખી દીધું. એમાં બે નાખી દીધા છે.




'કામ–વિકાર આદિ કારણોથી ધર્મથી ડગી જતાં...' કામ–વિકાર એટલે કોઈ પ્રકારની ઇચ્છાના તીવ્રતામાં આવી જાય, વિષય-વાસનાનો પ્રકાર આદિ (આવી જાય તો) એમાંથી ડગતા નથી. પોતાને અને પરને દૃઢ કરે.

આમાં દાખલો આપ્યો છે. એવા દાખલા છે. નિઃશંકમાં કઠિયારાનો દાખલો આપ્યો છે. માથે ભાર ભર્યો છે.

નિઃકાંક્ષિતમાં એ આપ્યું છે. ઇ શાસ્ત્ર મૂક્યા છે. ઠીક ! નિઃશંકતા એટલે ? નિઃકાંક્ષ – સર્પ કાઢ્યો, સર્પને ઠેકાણે ઇ કાઢ્યું લાગે છે. ફૂલમાળા કાઢી છે ને ભાઈએ ? નિર્વિચિકિત્સામાં તો સાધુ ઓકે છે, મુનિ ઓકે છે અને સમકિતી










જોવે છે ઇ શાંતિ રાખે છે અને અહીં તત્ત્વની અમૂઢ દૃષ્ટિ કરી છે. અહીંયાં ઉપગૂહન કર્યું છે. ગોપવે, કોઈ ચોર હોય, એવો ધર્મી હોય એણે કર્યું હોય તો એને જતું કરે. સમજાણું ?

કામાદિક એટલે ઇચ્છા આદિ. કોઈ રાગના લોભની વૃત્તિ આદિ થઈ. પોતાને પણ એ પ્રકારનો થયો, વ્યવહારનો, હોં ! નિશ્ચયમાં તો ભાન સમ્યક્ નિશ્ચય નિર્વિકલ્પ છે.




વ્યવહારના વિકલ્પમાં પોતે એને જતો અટકાવે, પોતાને સ્થિર કરે અને પરને પણ સ્થિર કરે. ધર્મી જીવ હોય એને પણ કોઈ વૃત્તિ અસ્થિરતા આદિ લોભાદિનો ભાગ આવ્યો હોય તો એને સમજાવે. નિશ્ચય સમ્યગ્દષ્ટિ છે એને વ્યવહારમાં ઠેકાણે પાડે–દઢ કરે એ સ્થિતિકરણ અંગ છે.

'ધર્મીસોં ગૌ-વચ્છ-પ્રીતિ સમ)...'




જુઓ ! એમાં પણ દાખલો આપ્યો છે, હોં ! જુઓ ! ગાય અને વાછરડુ. સમ્યગ્દષ્ટિ જીવ બીજા સમ્યગ્દષ્ટિ જીવને વાછરડા પ્રત્યે જેમ ગાયને પ્રેમ હોય એમ એને પ્રેમ હોય. સમજાણું કાંઈ ? દ્વેષ ન હોય કે, આ મારાથી વધી ગયો, મારાથી આમ થયું, મારે તો અમુક છે અને આને તો અવધિજ્ઞાન થઈ ગયું અને આ તો વખણાય જશે, દુનિયામાં આબરુ વધી જશે. સમજાણું કાંઈ ? અને હું તો એનાથી પહેલો સમકિતી હતો. સમજાણું કાંઈ ? એમ એને ન હોય. પ્રેમ હોય. વાછરડા ઉપર જેમ ગાયને પ્રેમ છે. ગાયને વાછરડા (પાસેથી) કાંઈ લેવું છે ?

મુમુક્ષુ :– ... દીકરો....

ઉત્તર :– દીકરો એટલે શું પણ ? પગ દાબશે ? ઘાસ લાવશે ? પાણી લાવશે ? વાછરડો શું કરશે ? હેં ?

મુમુક્ષુ :– ... હરીફ....

ઉત્તર :– હરીફ એટલે પણ એને શું મદદ કરશે ? ઇ મદદ શું કરશે ? છતાં એને (વાછરડા) ઉપર પ્રેમ છે. એમ બીજા ધર્માત્મા જીવો એ આત્માને કાંઈ કરતા

ન હોય પણ એના પ્રત્યે એને પ્રેમ હોય. નિશ્ચયનું ભાન છે, વ્યવહારમાં કોઈ (દોષાદિ) હોય તોપણ એનો પ્રેમ (છે). માને જેમ દીકરા ઉપર પ્રેમ છે એવો એને પ્રેમ હોય છે. સાધર્મીનો માહોંમાહે પ્રેમ હોય, અંદરઅંદર દ્વેષ, ઇર્ષા ન હોય. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– છોકરો આજ્ઞાકાંતિ હોય તો પ્રેમ હોય.

ઉત્તર :– માને પ્રેમ હોય જ. કાપી નાખ્યા. બે છોકરાનો દાખલો નહોતો આપ્યો ? એક પોતાનો છોકરો હતો, ઇ વધારે શોક પાસે રહેતો હતો. હવે વાંધા ઉઠ્યા, ઓલો કહે કે, મારો છોકરો, ઓલો કહે, મારો છોકરો. કોર્ટમાં લઈ ગયું. કોર્ટમાં કહે, હવે કોનું કરવું ? જજે હુકમ આપ્યો, કરો બે કટકા, અડધાઅડધા આપો. જેનો દીકરો હતો એ કહે, રહેવા દે. એને મારવો રહેવા દે. લાગી અંદરથી. જજે હુકમ કર્યો કે, એને આપી દો, એનો દીકરો છે. સમજાય છે ? પેલી હતી એ એમ ને એમ ઉભી રહી. (આ કહે), એને મારશો નહિ, એને આપી દો. સમજાણું કાંઈ ? અંદરમાં પ્રેમ છે. અરે...! મારો દીકરો ભલે એ લઈ જઈ પણ મારે નહિ, એને મારશો નહિ, હોં ! આહા..હા...! સમજાણું ? એને પ્રેમ હોય. સમજાણું ?

એમ સાધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ પ્રત્યે સમકિતીને ગૌ-વત્સલની પેઠે પ્રેમ હોય. સમજાણું ? એ શું કીધું ? 'પોતાના સહધર્મી જનોથી વાછરડા ઉપરની ગાયની પ્રીતિની માફક પ્રેમ રાખવો...' એ વાત્સલ્ય અંગ છે. એમ ન વધી જાય કે, હું સમકિતી છું, આ પણ સમકિતી છે. મારી પાસે પચાસ લાખની મૂડી છે, હું ખર્ચું છું, એ તો ખરચતો પણ નથી. બાયું બાયું હોય, આદમી આદમી હોય તો આ તો કાંઈ ખર્ચતી નથી અને આ વધારે ગણાય જાય છે. એમ ન હોય. એક મોટો કરોડપતિ ગૃહસ્થ હોય, બીજો સમકિતી સાધારણ હોય. ઓલો પચાસ લાખ ખર્ચતો હોય, પેલો ન ખર્ચતો હોય. બાપા ! ખર્ચવાની ક્રિયા એ તો



મંદ રાગની છે. એથી કરીને કાંઈ હું અધિક છું અને તમે ઓછા છો, એમ નથી. એમ જાણીને એનો પ્રેમ છોડે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ ? (એવું) વાત્સલ્ય અંગ છે.

'જૈનધર્મની શોભા વધારવી...' પ્રભાવના કરવી. પણ આત્માની નિશ્ચય પ્રભાવનાનું ભાન છે, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન (છે) એની સાથેની આ વાત છે, હોં ! એકલા એકલા શુભરાગ હોય (તો) પુણ્ય બાંધે, આત્માને કાંઈ લાભ ન મળે. સમજાણું કાંઈ ? આત્માના નિશ્ચય અનુભવદૃષ્ટિ વિના આવા આઠ બોલ એકલા હોય એને આત્માનો લાભ કાંઈ ન હોય. રાગ મંદ હોય તો મિથ્યાદૃષ્ટિ સહિત પુણ્ય બાંધે, મિથ્યાત્વ સહિત. અંદર લાળ તો પડી છે, આ ને આ ને આ મીઠાશ (પડી છે). મિથ્યાત્વ સહિત પુણ્ય બાંધે. આત્માનું કાર્ય એમાં જરીયે સિદ્ધ થાય નહિ. સમજાણું કાંઈ ? આ તો નિશ્ચય સમ્યગ્દષ્ટિવંતને આવો વ્યવહાર એની પ્રભાવનાનો હોય છે, ભાવ આવે છે છતાં એ સમજે છે (કે), શુભભાવથી મને કંઈ કાર્ય સિદ્ધ થાય છે, એમ નથી. મારું કાર્ય શુભભાવથી સિદ્ધ થાય છે એમ નહિ. અને શુભભાવ મને આવ્યો માટે બીજાને મારા ભાવથી કાર્ય સિદ્ધ થશે એમ પણ નહિ. આહા..હા...! ભાઈ ! એટલા બધા પડખાં છે. સત્યને પડખે ચડવું અલૌકિક વાત છે. ભાઈ !

ગૃહસ્થ સમકિતી હોય, કરોડપતિ હોય તો બે લાખ ફડાક કાઢી નાખે, લ્યો ! ઓલાને કહે, તમે ખરડામાં ભરો. તો (કહે) અમારી પાસે પાંચ રૂપિયા છે, પાંચ રૂપિયા. ભાઈ ! એની અધિકાઈ ન દેખાય એને. એનો પ્રેમ (છે), ઓ..હો...! મારો સાધર્મી ભાઈ (છે). બહારના ઓછાવત્તા આચરણ ઉપર એનો અપ્રેમ થઈ જાય કે પ્રેમ ઘટે એમ હોય નહિ. આહા..હા...! વીતરાગમાર્ગ અંતર દૃષ્ટિપૂર્વક એના વ્યવહારની કેટલી ઉજ્જવળતા હોય છે એ વાત તો યથાર્થ ભાન કરે એને સમજાય એવું છે. સમજાણું ? 'શોભા વધારવી...'

'એ ગુણથી ઊલટાં આઠ દોષ છે,...' એનાથી ઊંધા આઠ દોષ (છે). એ દોષોને હંમેશાં દૂર કરવા જોઈએ. બસ ! જેમ નિઃશંક છે તો શંકા ન કરવી. એમ સામે આઠને લઈ લેવા. ભાવાર્થમાં સાધારણ કહ્યું છે, જુઓ !

ભાવાર્થ :– '(૧) તત્ત્વ આ જ છે, આમ જ છે, બીજું નથી અને બીજા પ્રકારે

પણ નથી. આ પ્રમાણે યથાર્થ તત્ત્વોમાં અટલ શ્રદ્ધા થવી તે નિઃશંકિત અંગ કહેવાય છે. અવ્રતી સમ્યગ્દષ્ટિ જીવ ભોગોને ક્યારેય પણ આદરવા યોગ્ય માનતા નથી...' અહીં હવે નિઃકાંક્ષમાં લેવું છે. સમજાય છે ? અવ્રતી સમ્યગ્દષ્ટિ ભોગને ક્યારેય આદરવા યોગ્ય માનતો નથી. કોઈ કહે કે, સમ્યગ્દષ્ટિ છે અને આ છન્નુ હજાર સ્ત્રીને પરણે, ભોગ કરે તો એને એની ઇચ્છા હશે ? ના, ના. ભાઈ ! ઇચ્છા નથી. આદર નથી. સમ્યગ્દષ્ટિને છન્નુ હજાર અપ્સરા જેવી સ્ત્રી હોય, કરોડો ઇન્દ્રાણી હોય (તોપણ) આદર નથી. અરે...! અમારા આનંદ, અતીન્દ્રિય આનંદના પીંડલા પ્રભુ, અતીન્દ્રિય અનાકુળ આનંદનો નાથ ચૈતન્ય પ્રભુના આનંદ આગળ જગતમાં આનંદ છે ક્યાં ક્યાંય ? સમજાય છે ? એવા આનંદમાં જરી વિકલ્પ ઉઠે છે એ દુઃખ લાગે છે, એને આદર નથી. ભોગનો આદર નથી. આહા..હા...!

'જેવી રીતે કોઈ કેદી, કેદખાનામાં ઇચ્છા વિના પણ દુઃખ સહન કરે છે,...' કરે છે ને કેદી ? 'તેવી રીતે પોતાના પુરુષાર્થની નબળાઈથી ગૃહસ્થપદમાં રહે છે, પણ તેઓ રુચિપૂર્વક ભોગોની ઇચ્છા કરતા નથી, એટલે તેમને નિઃશંકિત અને નિઃકાંક્ષિત અંગ હોવામાં કાંઈ વાંધો આવતો નથી.' એમ. કાંઈક હશે, આમાં કાંઈક હશે, ભોગમાં કાંઈક સુખ હશે ? આ ભોગ લ્યે છે માટે કાંઈક સુખ એમાં હશે ? સમજાણું ? એમ છે નહિ. આ ભોગ લે છે માટે કાંઈક સુખ માનતા હશે. ભોગ લે છે, ભોગને મેળવવા માગે છે માટે એને કાંઈક એની ઇચ્છા હશે. ના. ભાઈ ! આહા..હા...!

બે વાત કરી. આ ભોગ ભોગવે છે તો સુખ માનતા હશે ને ? તે વિના કાંઈ ભોગવે ? બિલકુલ નહિ. નિઃશંક છે કે મારો આનંદ મારામાં છે. એ રાગની વૃત્તિ આવે છે, હટતી નથી, હટતી નથી એટલે ઉપસર્ગની પેઠે તેને ભોગવે એમ દેખાય છે. ખરેખર એ દુઃખ લાગે છે. આહા..હા...! એ ઇન્દ્રાણીના ભોગના રાગમાં જ્ઞાનીને દુઃખ લાગે છે. મિથ્યાદષ્ટિ વલખાં મારે છે. ક્યાંય મેળવું, કાંઈ મેળવું, કાંઈ માન, કાંઈ સન્માન, કાંઈ અધિકાઈ, કાંઈ મોટપ (મેળવું એમ વલખાં મારે છે). સમજાણું કાંઈ ? આ મળ્યા છે ને ? તમે સુખબુદ્ધિ વિના ભોગવો છો ? બાપા ! એ વાત રહેવા દે. સમજાણું ? કહે છે કે, શંકા નથી કે એમાં સુખબુદ્ધિ હશે કે નહિ ? ના, સુખબુદ્ધિ છે નહિ. અને ભોગવે (છે) માટે ઇચ્છા હશે કે નહિ ? આહા..હા...!

મુમુક્ષુ :– અજ્ઞાનીને ઇચ્છા રહે છે ?

ઉત્તર :– અજ્ઞાનીને રહે જ છે, એમાં સુખબુદ્ધિ જ છે. અંદર સુખબુદ્ધિ, મીઠાશ પડી જ છે. ક્ષણે ક્ષણે એ રાગની મીઠાશમાં જ તણાય છે. સમજાણું કાંઈ ? ચૈતન્ય આનંદગોળો છે એનું તો ભાન થયું નથી. અતીન્દ્રિય આનંદ તો દૃષ્ટિમાં, પ્રતીતમાં ભાન થઈને આવ્યો નથી. એટલે બહારમાંથી એના ઝાંવા ખસે જ નહિ. મીઠાશ, મીઠાશ, મીઠાશ... દુનિયા માને, દુનિયા આદરે, દુનિયા મોટો કહે, દુનિયામાં પ્રસિદ્ધ થાઉં, બીજાથી કાંઈક ઠીક ગણાઉં.. એવી મિથ્યાત્વની મીઠાશ અંદર પડી જ હોય છે. કહો, સમજાણું આમાં ? સમકિત એટલે બાપુ..! ઓ..હો..હો...! સિદ્ધનો પુત્ર થઈ ગયો. સમજાણું કાંઈ ?

કહે છે, એણે શંકા ન કરવી. એને શંકા નથી કે, આ ભોગવા માટે સુખ હશે. નિઃકાંક્ષિત — ઇચ્છા પણ (આવી), ભોગવવાની ઇચ્છા–એક વૃત્તિ આવી માટે એની ઇચ્છા છે, એમ નથી. ઇચ્છાની ઇચ્છા નથી. ભાવના તો અંતર અનાકુળ આનંદમાં છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એ ધર્મીના ખેલો ધર્મી જાણે. અજ્ઞાની ઉપરટપકે માનનારાને એની ખબર પડે નહિ. ઉપરટપકે માનનારા-દેખનારા, ઉપરથી જોનારા એને ખબર પડે નહિ (કે) એના અંદર હૃદય શું છે ? સમજાણું કાંઈ ?

'ધર્મ સેવન કરી તેના બદલામાં સંસારના સુખોની ઇચ્છા ન કરવી,...' એમાં નાખ્યો ખરો, પણ વિશેષ બીજો જુદો પાડ્યો. 'તેને નિઃકાંક્ષિત અંગ કહેવાય છે.' ધર્મનું સેવન કરે, દયા, દાન, ભક્તિ આદિના પરિણામ (કરે) એમાંથી કાંઈક સંસારના, દેવના સુખ આદિ (મળે એવી વાંછા ન હોય). હેં ?

મુમુક્ષુ :– સ્વર્ગમાં જાશું.

ઉત્તર :– સ્વર્ગમાં--ધૂળમાં શું છે ? એની ઇચ્છા હોય નહિ. કાંક્ષા નહિ, કાંક્ષા છૂટી ગઈ. આહા..હા...! અરે..! અતીન્દ્રિય આનંદની મીઠાશના સ્વાદ આગળ આત્માનો અતીન્દ્રિય સંતોષ, જેની સ્વર્ગના ઇન્દ્રો પાસે ગંધ ન મળે, એના સુખમાં, હોં ! સમજાણું કાંઈ ? એ સેવનના બદલામાં ઇચ્છે નહિ. નિઃકાંક્ષિત.. નિઃકાંક્ષિત (છે). એ એવજ ન લે, એવજ. એટલે ? બદલો. અવેજી.. અવેજી.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– હા, એવજમાં મૂકે. કાંઈ કામ કરે તો અવેજમાં એનો હેતુ બીજો ઊંડો હોય. સમજાય છે ? એ સમ્યગ્દૃષ્ટિને હોય નહિ. પેલાને તો ઊંડો અભિપ્રાય જ એમાં અંદર એવો હોય, એવજમાં કાંઈક બદલો વળે, આ કરું એનો કાંઈક બદલો મળે, કાં વર્તમાનમાં કાં લોકમાં કાં પૈસાનું, આબરુ કે પરલોકમાં. એવજ.. એવજ–બદલો. ભાઈ ! આહા..હા...! કાંઈક બોલીએ છીએ, પ્રરૂપીએ છીએ, કાંઈક દુનિયાને કહીએ છીએ એનો કાંઈક બદલો.. બદલો જોશે કે નહિ ? લોકો સારું કહે, દુનિયામાં પ્રસિદ્ધિ થાય. અજ્ઞાનીને બદલો લેવાની ઇચ્છા ખસતી નથી, જ્ઞાનીને બદલામાં કાંઈ લેવાની ઇચ્છા છે નહિ. આહા..હા..! ભારે વાત, ભાઈ ! સમજાણું કાંઈ ?

‘(૩) મુનિરાજ અથવા બીજા કો ધર્માત્માના શરીરને મેલાં દેખીને ઘૃણા ન કરવી તેને નિર્વિચિકિત્સા અંગ કહે છે.

(૪) સાચા અને ખોટા તત્ત્વોની પરીક્ષા કરીને મૂઢતાઓ અને અનાયતનોમાં ફસાવું નહિ...’ અનાયતન એટલે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માનનારા એમાં ફસાવું નહિ. એ અમૂઢદૃષ્ટિ (અંગ) છે.

‘(૫) પોતાની પ્રશંસા કરવાવાળા ગુણો અને બીજાની નિંદા કરવાવાળા દોષોને ઢાંકવા તથા આત્મધર્મને વધારવો (નિર્મળ રાખવો–દુષિત ન થવા દેવો) તે ઉપગૂહન અંગ છે. ઉપગૂહનનું બીજું નામ ઉપબૃંહણ...’ (છે). એમાં એ આવી ગયું. ‘જિનાગમમાં આવે છે, જેથી આત્મધર્મમાં વૃદ્ધિ કરવી તેને પણ ઉપગૂહન કહેવામાં આવે છે.’ એમાં પાઠમાં આવી ગયું છે, હોં ! ‘તે જ શ્રી અમૃતચંદ્રસૂરીએ પોતાના રચેલા પુરુષાર્થસિદ્ધ્યુપાયના શ્લોક નં. ૨૭માં કહ્યું છે.’

‘(૬) કામ, ક્રોધ, લોભ વગેરે કોઈ પણ કારણે (સમ્યક્ત્વ અને ચારિત્રથી) ભ્રષ્ટ થતી વખતે પોતાને અને બીજાને ફરીથી તેમાં સ્થિર કરવો તે સ્થિતિકરણ અંગ છે.’ સમજાણું ? એ ઉપબૃંહણની ગાથા છે (એનો) અર્થ આવી ગયો. પોતાના સ્વરૂપમાં કાંઈક રાગાદિ વિશેષ થઈ જતો હોય તો એને પાછો વાળવો. બીજા જીવો ધર્માત્મા ધર્મી હોય.... જુઓ ! એમાં તો કોઈકને ઊંચક્યો છે, ઊંચો (કર્યો છે). સ્થિતિ કરે,




સ્થિતિકરણ. સમ્યગ્દૃષ્ટિ જીવ, સમ્યગ્દૃષ્ટિ જીવને... સમ્યગ્દૃષ્ટિ જીવને, હોં ! એમાં કોઈ સાધારણ અસ્થિરતા હોય તો એને સ્થિર કરે. સમજાણું કાંઈ ?

'(૭) પોતાના સહધર્મી ઉપર, વાછરડાં ઉપર હેત રાખતી ગાયની માફક, નિરપેક્ષ પ્રેમ કરવો તે વાત્સલ્ય અંગ છે.' પ્રેમના બદલામાં કાંઈક લેવું છે (એમ નહિ). તમને પ્રેમ કરીએ તો તમે પણ ક્યારેક કોઈક ખરે વખતે કામ આવો કે નહિ ? ધૂળમાંય કામ આવતો નથી, મફતનો મૂઢ માને છે. એમ અજ્ઞાનીને કાંઈક કરતી વખતે ઊંડી અભિલાષા હોય છે કે, આનાથી આમ થાશે, આનાથી આમ મળશે. ધર્મી નિરપેક્ષ પ્રેમ કરીને પ્રેમ કરે છે. પ્રેમમાં કોઈ અપેક્ષા હોતી નથી. લેવાની, બદલાની, મોટપની, એ મને સારો કહે એવું બધું એને હોતું નથી.

'(૮) અજ્ઞાન-અંધકારને હઠાવીને...' પ્રભાવનાની વાત છે ને ? 'વિદ્યા, બળ વગેરેથી શાસ્ત્રોમાં કહેલ યથાયોગ્ય રીતિ પ્રમાણે અને પોતાના સામર્થ્ય પ્રમાણે જૈનધર્મનો પ્રભાવ પ્રગટ કરવો...' સમકિતી નિશ્ચય સમ્યગ્દૃષ્ટિની વાત છે. એને વ્યવહાર સમ્યગ્દર્શનમાં આવો વિકલ્પ હોય છે છતાં એને એ માને છે બંધનું કારણ. આહા..હા...! ભારે વાત, ભાઈ ! એ વિકલ્પથી મારા સ્વઆત્માનું કાર્ય થાય એમ માનતો નથી. આહા..હા...!

મુમુક્ષુ :– સમ્યગ્દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિને સ્થિતિકરણ કરાવે છે, મિથ્યાદૃષ્ટિને..?

ઉત્તર :– મિથ્યાદૃષ્ટિ સ્થિર થયો જ નથી ત્યાં શું સ્થિતિ કરે ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો વસ્તુ સમજાવે એ તો સમજવાનો પ્રસંગ છે એની વાત લીધી. અહીં એની વાત નથી. અહીં તો ધર્મ જે સમજ્યો છે એનાથી અસ્થિર થાય એને

કોઈ વ્યવહારમાં (અસ્થિરતા થાય), નિશ્ચયમાં દૃષ્ટિ બરાબર છે, સહેજ ફેર હોય તો એને સ્થિર કરે છે. સમજાણું ? 'પોતાના સામર્થ્ય પ્રમાણે જૈનધર્મનો પ્રભાવ પ્રગટ કરવો તે પ્રભાવના અંગ કહેવાય છે.' આ વિકલ્પ, એકલો શુભ વિકલ્પ (છે). કેટલાક લોકો તો આવા વ્યવહારને જ એકલો ધર્મ માનીને બેઠા છે. લ્યો, આ (ભાઈ) કહે છે, મોટે ભાગે (એવું છે). એણે તો ઘણું જોયું છે ને ઘણું સાંભળ્યું છે ને ? મોટે ભાગે આ નિશ્ચય સમકિત વિના આવા કોઈ સાધારણ વ્યવહારથી ધર્મ માનીને પડ્યા છે. એને તો આત્માનો જરીયે લાભ નથી. સમજાણું કાંઈ ? પણ નિશ્ચય સમ્યગ્દષ્ટિવંતને પણ આવા આઠ પ્રકારના વિકલ્પ, શુભયોગ હોય છે. સમજાણું ? એને નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. પોતાના શુદ્ધ સ્વરૂપમાં નિમિત્ત છે. પણ નિમિત્ત છે માટે કાર્ય થયું છે, એમ નથી. મારી શુદ્ધિમાં એને લઈને વધારો થશે, એમ નથી. આહા..હા... ભારે વાત, ભાઈ ! સમજાણું કાંઈ ?

'આ ગુણો (અંગોથી) ઊલટા ૧. શંકા, ૨. કાંક્ષા, ૩. વિચિકિત્સા, ૪. મૂઢદૃષ્ટિ, ૫. અનુપગૂહન, ૬. અસ્થિતિકરણ, ૭. છ અનાયતન, ૮. અપ્રભાવના–આ સમ્યક્ત્વના આઠ દોષ છે; તેને હંમેશાં દૂર કરવા જોઈએ.' લ્યો ! હવે ગાથા–૧૩નો ઉત્તરાર્ધ.

---

## ગાથા ૧૩ (ઉત્તરાર્ધ)

### મદ નામના આઠ દોષ

પિતા ભૂપ વા માતુલ નૃપ જો હોય, ન તો મદ ઠાનૈ;
મદ ન રૂપકૌ, મદ ન જ્ઞાનકૌ, ધન-બલકૌ મદ ભાનૈ. ૧૩.

## ગાથા ૧૪ (પૂર્વાર્ધ)

તપકૌ મદ ન, મદ જુ પ્રભુતાકૌ કરૈ ન, સો નિજ જાનૈ;
મદ ધારૈ તો યહી દોષ વસુ, સમકિતકૌ મલ ઠાનૈ.

અન્વયાર્થ :– [જે જીવ] (જો) જો (પિતા) પિતા વગેરે પિતૃપક્ષના માણસો (ભૂપ)

રાજા વગેરે (હોય) હોય (તો) તો (મદ) અભિમાન (ન ઠાનૈ) કરતો નથી, (વા) અને જો (માતુલ) મામા વગેરે માતૃપક્ષના માણસો (નૃપ) રાજા વગેરે (હોય) હોય તો (મદ) અભિમાન (ન ઠાનૈ) કરતો નથી, (રૂપકૌ) રૂપનું (મદ ન) ઘમંડ કરતો નથી, (જ્ઞાનકૌ) વિદ્યાનો (મદ ન) ઘમંડ કરતો નથી, (ધન) લક્ષ્મીનું (મદ ભાનૈ) અભિમાન કરતો નથી. (બલકૌ) શક્તિનું (મદ ભાનૈ) અભિમાન કરતો નથી. (તપકૌ) તપનું (મદ ન) અભિમાન કરતો નથી. (જુ) અને (પ્રભુતાકૌ) ઐશ્વર્ય-મોટાઇનો (મદ ન કરૈ) ઘમંડ કરતો નથી (સો) તે (નિજ) પોતાના આત્માને (જાનૈ) ઓળખે છે; [જો જીવ તેનું] (મદ) અભિમાન (ધારૈ) કરે છે (તો) તો (યહી) એ ઉપર કહેલ મદ (વસુ) આઠ (દોષ) દોષરૂપે થઇને, (સમકિતકૌ) સમ્યક્ત્વ-સમ્યગ્દર્શનમાં (મલ) દોષ (ઠાનૈ) કરે છે.

ભાવાર્થ :– પિતાના ગોત્રને કુળ અને માતાના ગોત્રને જાતિ કહે છે. (૧) પિતા વગેરે પિતૃપક્ષના રાજા વગેરે પ્રતાપી પુરુષ હોવાથી, (હું રાજકુમાર છું વગેરે) અભિમાન કરવું તે કુળમદ છે. (૨) મામા વગેરે માતૃપક્ષના રાજા વગેરે પ્રતાપી વ્યક્તિ હોવાનું અભિમાન કરવું તે જાતિમદ છે. (૩) શરીરની સુંદરતાનો ગર્વ કરવો તે રૂપમદ છે. (૪) પોતાની વિદ્યા (કલા-કૌશલ્ય અથવા શાસ્ત્રજ્ઞાન)નું અભિમાન કરવું તે જ્ઞાન (વિદ્યા) મદ છે. (૫) પોતાના ધન-દૌલતનો ગર્વ કરવો તે ધન (ઋદ્ધિ)નો મદ છે. (૬) પોતાના શરીરની તાકાતનો ગર્વ કરવો તેને બલમદ કહે છે. (૭) પોતાના વ્રત, ઉપવાસ વગેરે તપનો ગર્વ કરવો તે તપમદ છે તથા (૮) પોતાની મોટાઇ અને આજ્ઞાનું અભિમાન કરવું તે પ્રભુતા (પૂજા) મદ કહેવાય છે. ૧-કુલ, ૨-જાતિ, ૩-રૂપ (શરીર), ૪-જ્ઞાન (વિદ્યા), ૫-ધન (ઋદ્ધિ), ૬-બલ, ૭-તપ, ૮-પ્રભુતા (પૂજા) આ આઠ મદદોષ કહેવાય છે. જે જીવ આ આઠનો ગર્વ કરતો નથી તે જ જીવ આત્માની પ્રતીતિ (શુદ્ધ સમ્યક્ત્વની પ્રાપ્તિ) કરી શકે છે. જો તેનો ગર્વ કરે છે તો એ મદ સમ્યગ્દર્શનના આઠ દોષ થઇને તેને દૂષિત કરે છે. (૧૩ ઉત્તરાર્ધ તથા ૧૪ પૂર્વાર્ધ.)

મદ ન કરવો, મદ. સમ્યગ્દષ્ટિ, નિશ્ચય સમ્યગ્દષ્ટિવંત(ને) વ્યવહારના વિકલ્પમાં પણ આવા જાતિ, કુળ આદિનો મદ ન હોય.

પિતા ભૂપ વા માતુલ નૃપ જો હોય, ન તો મદ ઠાનૈ;
મદ ન રૂપકૌ, મદ ન જ્ઞાનકૌ, ધન-બલકૌ મદ ભાનૈ. ૧૩.

## ગાથા ૧૪ (પૂર્વાર્ધ)

**તપકૌ મદ ન, મદ જુ પ્રભુતાકૌ કરૈ ન, સો નિજ જાનૈ;**
**મદ ધારૈ તો યહી દોષ વસુ, સમકિતકૌ મલ ઠાનૈ.**

'જો પિતા વગેરે પિતૃપક્ષના માણસો રાજા વગેરે હોય...' અબજોપતિ શેઠિયા હોય એનો હું દીકરો છું એમ સમકિતીને પિતાના કુળના પક્ષનો મદ ન હોય. આહા..હા..! શેના મદ ? બાપા ! જ્યાં પૂર્ણાનંદ પ્રભુ દૃષ્ટિમાં આવ્યો એ પૂર્ણ પ્રગટ્યો નથી ત્યાં સુધી નરમ.. નરમ.. નરમ.. (હોય). જ્યાં પરમાત્મદશા મારી પૂર્ણ છે એ પ્રગટી નથી હું કોનું અભિમાન કરું ? સમજાણું કાંઈ ?

'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં તો લીધું છે કે, સમ્યગ્દષ્ટિને અનંતાનુબંધીનો અભાવ અને મિથ્યાત્વનો નાશ થઈને અનુભવ થયો છે એ આત્માને પરમાત્માની અપેક્ષાએ ધર્માત્મા અધિક થયાની અપેક્ષાએ પોતાને તુચ્છ માને છે. આ..હા..! ક્યાં એ પરમેશ્વર દશા, ક્યાં એ સંતની ચારિત્ર વીતરાગી આનંદની દશા (અને) ક્યાં મારી અલ્પ દશા ! સમજાણું કાંઈ ? સમ્યગ્દષ્ટિ ચોથા ગુણસ્થાનવાળો પાંચમા-છઠ્ઠાવાળાની અધિકતા, શાંતિને દેખે છે અને કેવળીની પૂર્ણ શાંતિ, વીતરાગતા દેખે છે, આ..હા...! એને પોતાને તુચ્છતા જાણ છે કે, અમે ક્યાં છીએ ! અરે...! આ વાત ક્યાં છે ? દૃષ્ટિમાં પ્રભુતા વસી છતાં પર્યાયમાં પામરપણું સમકિતી માને છે. કઈ અપેક્ષાએ ? અરે..! ક્યાં કેવળજ્ઞાન, ક્યાં એક સમયમાં અતીન્દ્રિય આનંદના ઉછાળા ! પૂર્ણ અનંત આનંદના (ઉછાળા) ! આ દશા ક્યાં અને આ ક્યાં ! કેવળીના અતીન્દ્રિય આનંદના ઢગલા જ્ઞાનમાં ભાળે છે ને ! અતીન્દ્રિય પૂર્ણ આનંદ ! કોનો મદ કરે ? અમારા બાપ. બાપ જ તારે ન હોય. બાપ કેવા ? કર્મના નિમિત્તથી શરીર અને શરીરના નિમિત્તે બાપ કહ્યા એ આત્માને હોઈ શકે નહિ. એનો મદ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– કઈ દુનિયાની આપ વાત કરો છો ?

ઉત્તર :– આત્માની દુનિયાની. અહીં તો એક જરી ભાઈ સારો થાય ત્યાં વખાણ કરે, બાયડી જરીક સારી થાય તો અમારે બહુ ફલાણું (છે). અમારા ભાઈને હજારનો પગાર છે. પણ તારે શું ? ભેગા ન હોય, આપતા ન હોય, લેવાદેવા (ન હોય). ગૌરવ લે. એ અભિમાન લે, બસ ! અભિમાન. અભિમાન લે, બસ ! અમારા સાળાની વહુ આવી છે, અમારા ફલાણાની વહુ (આવી છે). જગતના જડના ફળ એના અભિમાન શા ? કહે છે. એ તો કર્મની સામગ્રી છે. જેને ધર્મસામગ્રીના ભાન થયા એને કર્મસામગ્રીના અભિમાન શા ? એમ કહે છે. સમજાણું કાંઈ ?




પિતા મોટો રાજા આદિ હોય. હો, (પણ) મદ ન કરે. છોકરાનું આવતું હશે કે નહિ ? ભાઈ ! છોકરાનું. એ એમાં આવી જાય. છોકરા મોટા સારા પાક્યા હોય.. આવું ન આવે એનું શું કારણ છે ? છોકરા ને બાપ જુદા ન હોય, બાપ ને બધા ભેગા હોય એટલે એમાં (ન આવ્યું હોય). ભાઈ ! વાત સમજવા માટે તો બધી આવે કે નહિ ? એ..ઇ..! કારણ કે એવી વાત છે કે, બાપ ને દીકરા જુદા પડે નહિ. એટલે એ વાત આમાં ન લે. દીકરો વધી ગયો હોય તો બાપને એનો મદ હોય ઇ વાત આમાં ન લે. સમજાણું કાંઈ ? અહીં તો એનો બાપ (લીધો છે). આવા કુળમાં જન્મ થયો. અરે..! બાપા ! કુળ કોના ? કુળ કોના ? એ તો કર્મની સામગ્રીના કુળ (છે). સમજાય છે ? આહા..!

આત્માના કુળ–તીર્થંકરની જાતના કેડાયત આત્મા (છે). 'આનંદઘનજી' કહે છે ને ? અમે તો તીર્થંકરના કેડાયત છીએ. સમજાણું કાંઈ ?

'ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું, ભંગ મા પડશો હો પ્રીત જિનેશ્વર,
બીજો મનમંદિર આણું નહિ, એ અમ કુળવટ રીત જિનેશ્વર,
ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું.'

ધર્મ જિનેશ્વર. 'આનંદઘનજી' ગાય છે ને ?

'ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું, ભંગ મા પડશો રે નાથ પ્રીત પ્રભુજી
બીજો મનમંદિર આણું નહિ,'

પ્રભુ ! તારા કેડાયતના ધર્મ, સર્વજ્ઞ તીર્થંકરે લીધો એ કેડાને અમે નહિ છોડીએ. 'બીજો મનમંદિર આણું નહિ,' સમજાણું ? 'એ અમ કુળવટ રીત..' એ તો અમારા ચૈતન્યના કુળના વટની રીત છે. તીર્થંકરોના આત્મા જે કુળના છે એ કુળના અમે આત્મા છીએ. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ અમારું કુળ છે. તીર્થંકરનું કુળ (છે). ભાઈ ! આહા..હા...! એ અમ કુળવટ રીત. અમારા કુળનો વટ, બીજો હવે આવવા ન દઈએ, પ્રભુ ! અમારા સ્વરૂપ સિવાય બીજાની અધિકાઈ ધર્મી આવવા દે નહિ. પિતાનું અભિમાન ન મળે.




'(માતુલ) મામા...' મા મોટા મોસાળમાં થયેલી હોય, રાજાની દીકરી હોય, એની મા અબજોપતિની દીકરી હોય. અમારી મા.. આ..હા..! અરે..! મા તારે કે દી હતી ? સમજાણું કાંઈ ? મીઠાશ લેવા માટે ક્યાંકનું ક્યાંક અંદર ઊંધું ખેંચે. મિથ્યાદૃષ્ટિને મીઠાશ વેદવી છે ને ? અમારા મામા આવા, અમારા મામા આવા, હોં ! એમની બેન અમારી બા ! ઓ..હો...! એ કર્મના સામગ્રીનું અભિમાન – મદ સમકિતીને ન હોય. આહા..હા...! સમજાણું કાંઈ ?




'વિદ્યાનો (મદ ન) ઘમંડ...' કાંઈક ભણ્યો, કાંઈક બીજા કરતાં આવડ્યું (તો) અંદરથી ઘમંડ ઘમંડ થાય. 'ઓછું પાત્ર ને અદકું ભણ્યો, વઢકણી વહુએ દીકરો જણ્યો' તમારે ત્યાં એવું આવે છે ? આવતું હશે, તમને ખબર નથી, આવતું હોય તમને ખબર નથી. બીજી રીતે, ચૂલામાં ચારે કોર રાખ જ હોય. એવી કહેવત આવતી જ હોય. ઓછું પાત્ર હોય

અને અધિક ભણ્યો, એની મા હોય વઢકણી અને વઢકણી મા એ દીકરો જણ્યો. એક તો વઢકણીની દીકરો એટલે જ્યાં ત્યાં વઢ વઢ કરે, તોફાન જ (કરે). આહા..હા...! કહે છે, કાંઈક ભણ્યો (તો) બસ ! આમ ન હોય. ધર્માત્માનો અનાદર કરે, ધર્મીનો અનાદર કરે. એ.. તમને આવડતું નથી. સમજાણું કાંઈ ?

એ વિદ્યાનો મદ જ્ઞાનીને ન હોય. આહા..હા...! ચૌદ ચૌદ પૂર્ણ પ્રગટ્યા હોય પણ ક્યાં કેવળજ્ઞાન અને ક્યાં ચૌદ પૂર્વ ! અનંતમા ભાગનો અંશ છે એ તો. સમજાણું કાંઈ ? જેને અંતર્મુહૂર્તમાં ચૌદ પૂર્વની લબ્ધિ પ્રગટે તોપણ કેવળજ્ઞાનને તો અનંતમે ભાગે છે. કોનું વિદ્યા અભિમાન કરે ? કેટલા ભણતર હવે ? અત્યારના તો ભણતર શું હતા ? સમજાણું કાંઈ ? આહા..હા...! વિદ્યાનો મદ. ઘમંડ.. ઘમંડ લખ્યું છે ને ? ઘમંડ. અમે ભણ્યા છીએ, અમને આવડે છે, અમારી સામે કોઈ ઊભા રહી શકે નહિ. ઘમંડ ન હોય. એ તો ઓગળ્યો હોય, સમકિતી અંદર ઠર્યા હોય. આહા..હા..!




'લક્ષ્મીનું અભિમાન...' ન કરે. અબજોપતિ હોય, રાજ મોટા ઇન્દ્ર હોય કે બહારના વૈભવ (હોય), ચક્રવર્તી છ ખંડના ધણિ 'ભરત' ચક્રવર્તી. અમારા અંતર વૈભવ આગળ આ જડના વૈભવ અમારા નહિ, ભાઈ ! આહા..હા...! 'ભરત'ને છ ખંડના વૈભવ, હોં ! સમકિતી ઘરમાં વૈરાગી. ઉદાસ.. ઉદાસ.. ઉદાસ.. (છે). એને આત્મદૃષ્ટિની સંપદાના સ્વામીને આવા લક્ષ્મીના અભિમાન ન હોય. લાવો આપણે બેસીએ, ભરો, જે આંકડો તમે ભરો એથી હું વધુ ભરું. હોય છે કે નહિ ? શું છે ?

મુમુક્ષુ :– પૈસાનું જોર.

ઉત્તર :– પૈસાનું જોર કે આત્માનું જોર છે ? આમાં જોર કોનું લેવું ? ધૂળના જોર ? આહા..હા...! આ તો વીતરાગમાર્ગ છે, બાપા ! ઓગળીને ઓગળીને, રાગને ઓગાળીને અંદર ઠરવું એ માર્ગ છે. સમજાણું કાંઈ ? ધનનું મદ–અભિમાન.




બળનું મદ. શક્તિ.. શક્તિ. શરીરની, હોં ! અમારી શરીર શક્તિ (એવી કે) બળદને ઊભા રાખીએ એટલી અમારી શક્તિ છે. મોટરને ઊભી રાખે તો શું છે પણ ? જડની શક્તિ એ તો ધૂળની છે. સમકિતીને શરીરના બળનું અભિમાન નથી. સમજાણું ? 'નેમિનાથ' ભગવાનને અને 'શ્રીકૃષ્ણ'ને ચર્ચા થઈ હતી ત્યારે 'નેમિનાથ' બોલ્યા હતા, પણ ઇ અંદર (અભિમાન) ન મળે. આહા..હા...! સમજાણું ? જ્ઞાનીના હૃદય પરખવા ભારે કઠણ. પરીક્ષામાં બેઠા, બધા રાજાઓ બેઠેલા. બધા વખાણ કરવા મંડ્યા. કોઈ કહે, આનું જોર, કોઈ કહે કે, આનું જોર, કોઈ કહે પાંડવોનું જોર, કોઈ કહે, વાસુદેવનું જોર, વાસુદેવના બાપનું (જોર). ખૂબ વખાણ કર્યા. એક જણા બોલ્યા કે, જુઓ ! ભગવાન બેઠા છે ત્રણ જ્ઞાનના ધણી. ઇ તો બોલે નહિ, એક કોર બેઠા હોય. રાજાઓ બધા બેઠેલા, 'નેમિનાથ' ત્રણ જ્ઞાનના ધણી બેઠેલા. ગૃહસ્થાશ્રમમાં (હતા). તમે બધા ઓલા ઓલા કહો છો પણ આ ભગવાન ત્રણ જ્ઞાનના ધણી છે એ સૌથી મોટા છે, સૌથી બળવાળા છે.

મુમુક્ષુ :- શેના ?

ઉત્તર :- શરીરનું. અહીં તો શરીરની વાત છે, આત્માની વાત ક્યાં છે ? એમનું શરીરનું બળ એટલું હતું. સમજાણું કાંઈ ? ત્યારે વળી 'શ્રી કૃષ્ણ' કહે, આપણે (પરીક્ષા) કરીએ. ભાઈ ! તમે તો મોટા છો ને તમારી સાથે કાંઈ થાય ? આ પગ હેઠો મૂકું છું, એને જરી ઊંચો કરો. ભગવાન ત્રણ જ્ઞાનના ધણિ, ક્ષાયિક સમકિતી 'નેમિનાથ' પ્રભુ ગૃહસ્થાશ્રમમાં હતા. આ બધી વાત ચાલી છે ત્યારે કહે કે, લાવને, એક વિકલ્પ એવો આવ્યો, બસ ! આ લોકો આટલા બધા ભેગા (થયા છે). ઓલો કહે કે, આનું માન, પાંડવોએ આમ કર્યું, ફલાણાએ આમ કર્યું, વસુદેવ તો બોંત્તેર હજાર સ્ત્રી પરણ્યા. આ વાસુદેવના બાપ બહુ મોટા હતા. સૌના વખાણ કરતા કરતા (વાત કરતા હતા). પછી પોતે એટલું બોલ્યા, આપણે બે કરીએ. વડીલ બંધુ તમારી સાથે મારે ન હોય. ઓ..હો..હો...! તમે વડીલ કહેવાઓ. અરે...! તીર્થંકર ત્રણલોકનો નાથ. જેને ઇન્દ્ર તળિયા

ચાટે. વડીલ તમારાથી અમારે ન હોય, હોં ! આહા..હા...!

આ પગ હેઠે મૂક્યો છે. જુઓ ! આ સિંહાસન છે ને પગ હેઠે મૂક્યું છે. એ જરી ઊંચો કરો. ટીંગાઈને ટોળી થઈ તોપણ પગ ઊંચો ન થયો. અભિમાન નથી, હોં ! આમ બહાર ક્રિયા થઈ માટે ત્યાં આમ થયું છે ને ત્યાં ઇચ્છા છે ને આકાંક્ષા છે, (એમ) નથી. અને બળ બતાવવું છે, એમ નહિ. એક પ્રસંગ એવો ભજી ગયો, એક વિકલ્પ આવી ગયો. આહા..હા...!

મુમુક્ષુ :– .. એ નમાવવાની વાત આવી

ઉત્તર :– ઇ થવાની હતી ઇ આવી. અંદરમાં કાંઈ છે નહિ.

મુમુક્ષુ :– આંગળીની વાત નથી આવી, પગના અંગૂઠાની વાત..

ઉત્તર :– આંગળી કહે તોપણ ઇ છે. સમજાણું કાંઈ ? 'ભરત' ચક્રવર્તીએ આંગળી કરી હતી, લ્યોને. 'ભરત' ચક્રવર્તીને શરીરમાં બહુ બળ હતું. પછી રાત્રે ફરવા નીકળેલા. એમાં કો'ક કહે કે, આ 'ભરત' ચક્રવર્તી આપણી બધી પ્રજાને લઈને નભે છે, એકલા શું કરતા હતા. એનું કેટલું બળ ? 'ભરતે' સાંભળ્યું. ઘરે આવ્યા. બધાને કીધું કે, ભાઈ ! આ મારી આંગળી આડી થઈ ગઈ છે, સીધી કરો. બધાએ મથ્યા, મોટા મોટા જોધ્ધાઓ (ભેગા થયા). ત્યારે કહે કે, તમે છન્નુ કરોડ પાયદળ ભેગા થાઓ અને એક સોનાની લાંબી સાંકળ બનાઓ, ઇ અહીં ભરાવો અને છન્નુ કરોડ ખેંચો તો સવળી થાશે. છન્નુ કરોડ પાયદળ અને આટલી લાંબી સોનાની સાંકળ ખેંચે પણ (કાંઈ ન થયું). (પછી) પોતે જરી આમ કરીને મૂકી દીધી ત્યાં બધા ભૂ ભેગા પડ્યા ! અરે..! ભગવાન ! તમે આ શું કર્યું ? કો'ક કહેતો હતો કે, અમારું બળ નથી. આ પ્રધાન ને દિવાનના બળે નભે છે. બાપુ ! રહેવા દે, ભાઈ ! એમ રહેવા દે, બાપા ! અમે કુદરતના પુરુષો છીએ, અમે કુદરતના પુરુષો છીએ, કુદરતે અમે મોટા થઈને આવ્યા અને મોટા શરીરે છીએ એ કુદરતથી અમે છીએ. તમારા કરેલા નથી. કોણ સમજાવે બધાને ? જુઓ ! બાપા ! શરીરની આવી તાકાત છે, હોં ! રાગ કરીએ છીએ. એમ બતાવ્યું, ન્યાં અંદર ઇચ્છા નથી, હોં ! સમ્યગ્દષ્ટિ છે.

મુમુક્ષુ :– દાખલો એવો આપે છે....

ઉત્તર :– તેથી તો અહીં માથે કહ્યું હતું. નિઃકાંક્ષમાં નહોતું કહ્યું ? નિઃશંક અને નિઃકાંક્ષમાં કહ્યું હતું કે, ભોગની ઇચ્છા દેખાય છતાં ઇચ્છા નથી. ભોગને મેળવવાની ઇચ્છા થાય છતાં મેળવવાની ઇચ્છા અંતર ઊંડાણમાં નથી. એ ગજના આંકા આકરા બહુ છે. સમજાણું કાંઈ ?

બળનું–શક્તિનું મદ સમ્યગ્દષ્ટિને ન હોય. બીજા સાથે.. શું કહેવાય ઇ ? હોડ.. હોડ. હોડ કહેવાય છે ને ? હોડમાં ઊભા ન રહે (કે), અમારું બળ છે, જોઈ લ્યો ! ઇ આ કર્યું તોય અંદર નથી, હોં ! એ તો પ્રસંગ એવો ભજ્યો. સભા ભરાણી, હજારો રાજા (બેઠા હતા). 'નેમિનાથ' ભગવાન ત્રણ જ્ઞાનના ધણી અને શરીર નાનું. 'કૃષ્ણ' આદિથી નાના હતા. નાના નહોતા, એ મોટા હતા. સમજાય છે ? રાજાનો દીકરો નાનો ન કહેવાય. નાગનો નાનો કણિયો એ નાનો ન કહેવાય, ફણિધર હોય શું કહેવાય એ નાગનો કણો ? હમણા એક કણો નીકળ્યો હતો. નીકળ્યો નહોતો બહાર આપણે ? નહિ ? બહાર બારણા પાસે હતો. આમ દિશાએ જઈને આવતા હતા. આવડો કણો. મારી નાખશે કો'કને. એવો ઉછાળા મારતો હતો. એક કણબી કો'ક ઊભો હતો. ઇ કણા તો પણ નાગના. સમજાય છે ? એમ ધર્માત્મા પણ કેવળીના પુત્ર છે, કહે છે. એના બહારના બળ પણ પુણ્યને લઈને એટલા હોય. સમકિત પ્રગટ્યું હોય એની વાત છે, હોં ! કહે છે કે, એનું એને અભિમાન ન હોય.

તપનું અભિમાન ન હોય. જુઓ ! અમે અઠ્ઠમ કરીએ છીએ, અપવાસ કરીએ છીએ, મહિના-મહિનાના કરીએ છીએ અને આ તો અંક ટંક ખાય તો ઉં.. ઉં.. થઈ જાય છે. સમજાણું કાંઈ ? એક દી માં એક ટંક છોડવો હોય તો છોડી શકતા નથી અને અમે તો આઠ આઠ દી ના (અપવાસ કરીએ છીએ). એ અભિમાન સમકિતીને ન હોય. એ તો જડની ક્રિયા છે અને રાગ મંદ હોય તો પુણ્ય છે, એના અભિમાન શા ? આહાર ન થયો એ તો જડ ન આવ્યું. તપનું મદ એને હોય નહિ.






ઐશ્વર્ય–મોટાઈ. શેઠાઈનો મદ–'ઘમંડ કરતો નથી.' સમજાણું કાંઈ ? આત્માની મોટાઈ આગળ બીજાની ઘમંડ શેની પણ ? ધૂળની. આ..હા...! 'પોતાના આત્માને ઓળખે છે;...' લ્યો ! વજન અહીં આવ્યું. 'પ્રભુતાકૌ મદ ન કરે, નિજ જાને..' આત્માનું જ્ઞાન કરીને આનંદથી જાણે છે. આહા..હા...! અંતરમાં આનંદની વીણા વાગે એને બહારના અભિમાન શા ? બાપા ! આહા..હા...! સમજાણું કાંઈ ? એ પોતાના આત્માને આનંદમય છે એને ઓળખે છે. શુદ્ધ આનંદમય, અતીન્દ્રિય આનંદસ્વરૂપ જ હું છું. એમ ઓળખે છે. તેથી એને આઠ પ્રકારનો મદ હોતો નથી.

'(જો જીવ તેનું) અભિમાન કરે છે તો એ ઉપર કહેલ મદ આઠ દોષરૂપે થઈને સમ્યક્ત્વ–સમ્યગ્દર્શનમાં દોષ કરે છે.' લ્યો ! જો કરે તો એ સમકિતમાં મેલ છે. સમજાય છે ? માટે જ્ઞાની એમ કરતા નથી. (વિશેષ કહેશે...)

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

વીર સંવત ૨૪૯૨, મહા વદ ૩, મંગળવાર
તા. ૮-૨-૧૯૬૬, ગાથા ૧૪, ૧૫. પ્રવચન નંબર–૨૦

---

## ગાથા ૧૪ (ઉત્તરાર્ધ)
## છ અનાયતન દોષ અને ત્રણ મૂઢતા દોષ

**કુગુરુ-કુદેવ-કુવૃષસેવકકી, નહિં પ્રશંસ ઉચરૈ હૈ;**
**જિન મુનિ જિનશ્રુત વિન કુગુરાદિક, તિન્હૈં ન નમન કરૈ હૈ.**

અન્વયાર્થ :– [સમ્યગ્દષ્ટિ જીવ] (કુગુરુ-કુદેવ-કુવૃષસેવકકી) કુગુરુ, કુદેવ, કુધર્મ, કુગુરુસેવક અને કુધર્મસેવકની (પ્રશંસ) પ્રશંસા (નહિં ઉચરૈ હૈ) કરતો નથી. (જિન) જિનેન્દ્રદેવ (મુનિ) વીતરાગ મુનિ [અને] (જિનશ્રુત) જિનવાણી (વિન) સિવાય [જે] (કુગુરાદિક) કુગુરુ, કુદેવ, કુધર્મ (તિનૈ.......) તેને (નમન) નમસ્કાર (ન કરૈ હૈ) કરતો નથી.

ભાવાર્થ :– ૧- કુગુરુ, ૨-કુદેવ, ૩-કુધર્મ, ૪-કુગુરુસેવક, ૫-કુદેવસેવક અને ૬-કુધમંસેવક, એ છ અનાયતન (ધર્મના અસ્થાન) દોષ કહેવાય છે. તેની ભક્તિ, વિનય અને પૂજન વગેરે તો દૂર રહો પણ સમ્યગ્દષ્ટિ જીવ તેની પ્રશંસા પણ કરતા નથી, કારણ કે તેની પ્રશંસા કરવાથી પણ સમ્યક્ત્વમાં દોષ લાગે છે. સમ્યગ્દષ્ટિ જીવ જિનેન્દ્રદેવ વીતરાગ મુનિ અને જિનવાણી સિવાય કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્ર વગેરેને [ભય, આશા, લોભ અને સ્નેહ વગેરેથી પણ] નમસ્કાર કરતા નથી, કારણ કે તેને નમસ્કાર કરવામાત્રથી પણ સમ્યક્ત્વ દૂષિત થઇ જાય છે અર્થાત્ કુગુરુ-સેવા, કુદેવ સેવા અને કુધર્મ-સેવા એ ત્રણ સમ્યક્ત્વના મૂઢતા નામના દોષ છે. (૧૪ ઉત્તરાર્ધ.)

---

હવે 'છ અનાયતન દોષ અને ત્રણ મૂઢતા દોષ' (કહે છે). ચૌદમી (ગાથાનો) અર્ધો ભાગ.

કુગુરુ-કુદેવ-કુવૃષસેવકકી, નહિં પ્રશંસ ઉચરૈ હૈ;
જિન મુનિ જિનશ્રુત વિન કુગુરાદિક, તિન્હૈં ન નમન કરૈ હૈ.

સમ્યગ્દષ્ટિ મહાન અલૌકિક આત્માના અંતરનું ભાન (થયું છે), સમ્યક્ ચૈતન્યમૂર્તિનું જ્યાં અંતરમાં પ્રતીત અને ભાન થયું છે એ નિશ્ચય સમ્યગ્દર્શનમાં એને વ્યવહારમાં આવા પચીસ દોષ આદિ હોય નહિ. જ્યાં વીતરાગભાવ જ અધિકપણે દષ્ટિમાં ભાસ્યો એવા ધર્મીને રાગાદિ અને રાગના ફળમાં કે જે મિથ્યાદષ્ટિ આદિ હોય એની એને સેવા અને પ્રશંસા હોઈ શકે નહિ. એ વાત કરે છે, જુઓ !

'(કુગુરુ-કુદેવ-કુવૃષસેવકકી) કુગુરુ, કુધર્મ, કુગુરુસેવક, કુદેવસેવક અને કુધર્મસેવકની પ્રશંસા કરતો નથી.' જેને આત્માના શાંત અવિકારી ધર્મનું ભાન છે અને (જે) એ વિકારી દશામાં ધર્મ માને છે એ વાસ્તવિક નવ તત્ત્વથી વિરુદ્ધ તત્ત્વની જેની દષ્ટિ છે એવા કુગુરુ-કુદેવ અને કુશાસ્ત્ર અને એના માનનારાની પ્રશંસા એને કેમ હોય ? જેવું આત્માનું સ્વરૂપ શુદ્ધ આનંદ અને જ્ઞાયકમૂર્તિ (છે), એક સમયની પર્યાયવાળું અને ત્રિકાળ દ્રવ્યવાળું એવું જેને વાસ્તવિક અંતર દષ્ટિમાં ભાસ્યું એવો નિશ્ચય સમ્યગ્દષ્ટિ વ્યવહારમાં પણ કુગુરુ-કુદેવની સેવા કરતો નથી અથવા પ્રશંસા કરતો નથી. સેવા તો ઠીક પણ પ્રશંસા કરતો નથી એમ અહીં તો કહે છે. 'નહિ પ્રશંસ ઉચરૈ...' સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :- લૌકિકમાં મેળ રાખવા સારા.

ઉત્તર :- લૌકિક સાથે મેળ રાખે જ નહિ, એને કાંઈ મેળ છે જ નહિ. કોઈ રાજાદિ હોય એને હાથ જોડીને લૌકિક વાત કરે એ જુદી વાત છે. ધર્મબુદ્ધિથી કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર અને એના માનનારાની (પ્રશંસા ન કરે કે) તમે બહુ સારુ કરો છો, ઠીક સંગ કરો છો, સત્ સમાગમ ઠીક કરો છો. અમે હંમેશાં વાંચીએ છીએ, સત્સમાગમ કરીએ છીએ, ઊંધા શાસ્ત્ર વાંચીએ (છીએ) એને કહે કે, ઠીક તમે એટલું તો કરો છો, સમ્યગ્દષ્ટિ એમ પ્રશંસા (કરે નહિ). ખોટા શાસ્ત્રના વાંચનારા, ખોટા દેવને માનનારા, ખોટા ગુરુને માનનારા અને ખોટા દેવ-ગુરુ અને શાસ્ત્ર (એમ) છની

પ્રશંસા કરતો નથી.

'જિનેન્દ્રદેવ, વીતરાગ મુનિ...' દિગંબર સંત આત્મજ્ઞાની ભાવલિંગી સંત અને 'જિનવાણી...' જુઓ ! વીતરાગની વાણી. સર્વજ્ઞ પરમેશ્વરે કહેલી વાણી. એ પરંપરા જે વીતરાગની વાણી આવી હોય એ સિવાય 'કુગુરુ, કુદેવ, કુધર્મ તેને નમસ્કાર કરતો નથી.' સમજાણું કાંઈ ? પહેલામાં પ્રશંસા કરતો નથી એમ કીધું, આને નમસ્કાર કરતો નથી એમ બે બોલ છે. સમજાણું કાંઈ ? જેને માલ સાચવવો હોય એની આ વાત છે. માલ પ્રગટ્યો છે, આત્મા આનંદ અને જ્ઞાયકમૂર્તિની દૃષ્ટિમાં જેને એ માલ સાચવવો છે એના વ્યવહારમાં પણ આવા કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને ધર્મબુદ્ધિએ નમન કરે નહિ. સમજાણું કાંઈ ? એ છ અનાયતન ધર્મના દોષ કહેવાય છે. તેની ભક્તિ, વિનય ને પૂજન વગેરે તો દૂર રહો પણ સમ્યગ્દૃષ્ટિ તેની પ્રશંસા પણ કરતો નથી. જગતની સાથે અતડા જેવું થઈ જાય એવી વાત છે.

પૂર્ણાનંદ પ્રભુ, એક સમયમાં અખંડ આત્મા, જેની એક સમયની પર્યાયમાં ત્રણકાળ ત્રણલોકનું જાણવું થાય એવી પર્યાયના અનંત પર્યાયનો ધણી દ્રવ્ય, એની જેને અંતરમાં અનુભવમાં સમ્યક્ પ્રતીતિ થઈ છે એ એવા અજ્ઞાનીને જેને હજી દ્રવ્ય અખંડ શું છે, ખંડ ખંડ માને, અનેક ન માને, બધું થઈને એક જ માને, અનેક પ્રકારના વ્યવહારના વિકલ્પ આદિથી ધર્મ માને એવા જીવની ધર્મી ભક્તિ, બહુમાન, વિનય, પૂજન વગેરે તો દૂર રહો (પણ) પ્રશંસા કરતો નથી.

મુમુક્ષુ :– સમ્યગ્દર્શન થયા પછી ને ?

ઉત્તર :– પછીની વાત છે, પણ પહેલા એની શ્રદ્ધા સાચી થવી જોઈએ કે નહિ ? પહેલા પણ એ સાચી શ્રદ્ધા કરવા માટે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા (કરવી). કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની શ્રદ્ધા છોડવી જોઈએ કે નહિ ? પહેલા છૂટ્યા વિના એને સ્વદ્રવ્યની શ્રદ્ધા કેમ થશે ? ખરેખર તો પહેલો એવો વિકલ્પ છે. તેથી કહ્યું છે ને, 'ત્યાગ વૈરાગ્ય ન ચિત્તમાં' એટલે એનો અર્થ ઇ છે. કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર નવ તત્ત્વથી વિરુદ્ધ માન્યતાવાળા, એવાની શ્રદ્ધા, રાગની તીવ્રતામાંથી ખસે નહિ અને મંદ રાગ ન થાય તો એને આત્મદર્શન થાય નહિ. છતાં એનાથી આત્મદર્શન થાય નહિ. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– મેળ રાખવો જોઈએ...

ઉત્તર :– વિરોધ કોણે કર્યો ? એ પ્રશ્ન કોણે કર્યો ? વિરોધ તો કોઈ પ્રત્યે નહિ. વિરોધનો પ્રશ્ન શું ? કોઈ વ્યક્તિ પ્રત્યે વિરોધ હોય ? બધા સાથે પ્રેમ હોય. 'तत्त्वेषु मैत्री, गुणेषु प्रमोदम्, किलषेषु कृपा करत्वम्।' અને બહુ વિપરીત હોય એના ઉપર મધ્યસ્થતા જ આવે. વ્યક્તિ વિરોધ કોઈ પ્રત્યે હોય નહિ. સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે, એની અનુકૂળતાનો આદર ને વિનય ને ભક્તિ (ન કરે). તમે બહુ સારા, તમે ઠીક છો, તમે પણ ધર્મના સારા કામ કરો છો એમ પ્રશંસા કરે નહિ. આખી વાત જ ફેર હોય, ઊંધે રસ્તે દોરાણો હોય પણ સવળે રસ્તે જનાર ઊંધા રસ્તાવાળાની પ્રશંસા શી રીતે કરે ? સમજાણું કાંઈ ? ન્યાયથી પણ વાત છે ને ?

સર્વજ્ઞ પરમાત્મા અને મહા સંત લ્યોને 'કુંદકુંદાચાર્યદેવ' બિરાજતા હોય અને એમનાથી વિરુદ્ધ માન્યતાવાળા જીવો હોય એનો પણ આદર કરે અને આનો પણ આદર કરે, એને પણ પગે લાગે, આને પણ પગે લાગે. એનો શું અર્થ થયો ? એ તો તત્ત્વનો વિરોધ થયો. સમજાણું કાંઈ ? એ તત્ત્વનો વિરોધ છે. સામાને માટે નથી, પોતાની શ્રદ્ધામાં નિશ્ચય ભાનમાં વ્યવહારમાં વિરુદ્ધ શ્રદ્ધા ન થાય એ માટેની આ વાત છે. બીજી વ્યક્તિ માટે વાત નથી. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– મધ્યસ્થતા..

ઉત્તર :– હા, મધ્યસ્થ થઈ જવું. બેય (સરખા માને તો) મિથ્યા મૂઢ છે. ઝેર અને અમૃત બેય સરખા (માને) એ તો મૂઢ છે. મિથ્યા મૂઢ છે. વિવેકનું ભાન ન મળે. ખાવા માટે વિષ્ટા પણ સાચું અને અમૃત પણ સાચું, એમ (હોય) ? જાણવું તો બરાબર જાણવું જોઈએ. જાણવામાં ક્યાં પ્રશ્ન છે ?

'કારણ કે તેની પ્રશંસા કરવાથી પણ સમ્યક્ત્વમાં દોષ લાગે છે.' આ વ્યવહાર સમકિતની વાત ચાલે છે, હોં ! જિનેન્દ્રદેવ પરમેશ્વર પૂરા પરમાત્મા, વીતરાગ મુનિ એમ લીધું, જોયું ? અંદરમાં જેનો રાગ ટળી, ત્રણ કષાય ટળી અને ભાવલિંગી મુનિ થયા છે, બાહ્યમાં નગ્ન દ્રવ્યલિંગ છે.

મુમુક્ષુ :– .. દોષ....

ઉત્તર :– દોષમાં દોષ કરે તો દોષ છે. એ વાત છે. દોષ છે એ તો નિશ્ચયની અપેક્ષાએ દોષ છે. પણ અશુદ્ધના ટળવાની અપેક્ષાએ એ વ્યવહારે લાભ છે. સમજાણું કાંઈ ? કુદેવ-કુગુરુથી છૂટે છે ને ? એટલી અપેક્ષાએ એને વ્યવહારે લાભ પણ કહેવાય. નિશ્ચયથી લાભ નથી, નિશ્ચયે બંધનું, દુઃખનું કારણ છે. પણ તીવ્ર જે મિથ્યાત્વ આદિના પોષણ કરતા આવા જે મંદ રાગાદિ હોય એમાં એને મંદ બંધ પડે છે. પેલામાં તીવ્રમાં આકરો બંધ પડે છે. એ અપેક્ષાએ ફેર (છે). બંધની અપેક્ષાએ નિશ્ચયમાં આદરણીય છે નહિ. એ જુદી વાત છે. આ તો વ્રત લે એમાં અતિચાર ટાળે. વ્રત છે એ વિકલ્પ છે, વિકલ્પ છે એ દોષ છે. આ તો દોષમાં દોષ કીધું ને એટલે (સ્પષ્ટ કર્યું).

ખરેખર તો આત્મદર્શનપૂર્વક જ્યાં સ્વરૂપની સ્થિરતા છે ત્યાં બાર વ્રતનો વિકલ્પ આવે. પણ વિકલ્પ છે એ ખરેખર તો દોષ છે, બંધનું કારણ છે. પણ એની મર્યાદા પ્રમાણે જે મંદતા છે એનાથી વિરુદ્ધ હોય તો એને ટાળવો જોઈએ, એમ કહે છે. સમજાણું કે નહિ ? વ્રતને અનાચાર તરીકે ન કરવા, અતિચાર ટાળવા એનો અર્થ શું છે ? જે મંદ દોષ છે એમાંથી તીવ્ર દોષ થવો ન જોઈએ, એમ એનો અર્થ છે.

વીતરાગદેવ પરમેશ્વર સર્વજ્ઞદેવ અરે...! જેને સર્વજ્ઞદેવનું વસ્તુનું સ્વરૂપ અંતરદૃષ્ટિમાં બેઠું એને સર્વજ્ઞદેવ જ વિકલ્પમાં, પ્રતીતમાં હોય છે. નિશ્ચયમાં સ્વ આત્મા, વ્યવહારમાં વિકલ્પમાં ભગવાન પરમેશ્વર. સમજાણું કાંઈ ? અને કાં વીતરાગ મુનિ. વીતરાગદૃષ્ટિ થઈ છે, વીતરાગભાવનો આદર થયો છે તો વિકલ્પમાં પણ વીતરાગી મુનિનો જ આદર વ્યવહારે હોય છે.

'જિનવાણી...' વીતરાગની વાણી પરમેશ્વરે કહેલી. અંદર ગડબડ કરીને ઊંધું કહ્યું હોય એ જિનવાણી નહિ. પરમેશ્વર સર્વજ્ઞદેવે જેમાં વીતરાગતાની સ્થિતિ સ્થાપન કરી છે, વીતરાગતાની શુદ્ધિ બતાવી છે, વીતરાગતાની વૃદ્ધિ કહી છે એવી વીતરાગની વાણી હોય. સમજાય છે કાંઈ ? એવી વીતરાગની વાણી સિવાય 'કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર વગેરેને (ભય, આશા, લોભ અને સ્નેહ વગેરેથી પણ) નમસ્કાર કરતા નથી.' સમજાણું કાંઈ ? જેના હજી વ્યવહારના ઠેકાણા નથી એને નિશ્ચય તો હોય નહિ, એમ કહે છે. પણ નિશ્ચય જેને હોય એને વ્યવહાર આવો હોય છે, એને ખોટો વ્યવહાર હોતો નથી. સમજાણું કાંઈ ?

ભયથી. જો અહીં નહિ કરું તો મારે નોકરી છૂટી જશે કે ફલાણું થશે કે પાલનપોષણ (રહેશે નહિ), કુટુંબનો આધાર નહિ રહે એવા ભયથી પણ સમ્યગ્દષ્ટિ એવા કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રનો વિનય, આદર કરતો નથી. આશાથી–કાંઈક લાભ થશે. લોભથી–દીકરા-દીકરી પરણશે અથવા લગ્ન આદિ પ્રસંગ થશે અથવા પ્રેમ થયો, ભાઈબંધ તરીકે. એવા પ્રેમથી પણ એને નમસ્કાર કરતા નથી.

'કારણ કે તેને નમસ્કાર કરવામાત્રથી પણ સમ્યક્ત્વ દૂષિત થઈ જાય છે અર્થાત્ કુગુરુ-સેવા, કુદેવ-સેવા અને કુધર્મ-સેવા એ ત્રણ સમ્યક્ત્વના મૂઢતા નામના દોષ છે.' લ્યો ! મૂઢતાના દોષ છે, અમૂઢપણામાં એ દોષ હોઈ શકે નહિ. હવે અહીંયાં કહે છે, જુઓ ! સમ્યક્ત્વની મહિમા. ઓ..હો...! સમ્યગ્દર્શન એટલે.. આહા..હા...! લોકોને કિંમત જ નથી, શું સમ્યગ્દર્શન છે !

## અવ્રતી સમ્યગ્દષ્ટિની ઇન્દ્ર વગેરેથી પૂજા અને ગૃહસ્થાપણામાં અપ્રીતિ

**દોષ રહિત ગુણ સહિત સુધી જે, સમ્યગ્દરશ સજૈ હૈં;**
**ચરિતમોહવશ લેશ ન સંજમ, પૈ સુરનાથ જજૈ હૈં.**
**ગેહી પૈ ગૃહમેં ન રચૈં, જ્યોં જલતૈં ભિન્ન કમલ હૈ;**
**નગરનારિકો પ્યાર યથા, કાદેમેં હેમ અમલ હૈ. ૧૫.**

અન્વયાર્થ :– (જે) જે (સુધી) બુદ્ધિમાન પુરુષ [ઉપર કહેલાં] (દોષ રહિત) પચીશ દોષ રહિત [અને] ગુણ સહિત) નિઃશંકાદિ આઠ ગુણો સહિત (સમ્યગ્દરશ) સમ્યગ્દર્શનથી (સજૈ હૈં) ભૂષિત છે [તેમને] (ચરિતમોહવશ) અપ્રત્યાખ્યાનાવરણીય ચારિત્રમોહનીય કર્મના ઉદયના વશે (લેશ) જરાપણ (સંજમ) સંયમ (ન) નથી (પૈ) તોપણ (સુરનાથ) દેવોના સ્વામી ઇન્દ્ર [તેમની] (જજૈ હૈં) પૂજા કરે છે. [તેઓ જોકે] (ગેહી) ગૃહસ્થ છે (પૈ) તોપણ (ગૃહમેં) ઘરમાં (ન રચૈં) રાચતા નથી. (જ્યોં) જેવીરીતે (કમલ) કમળ (જલતૈં) પાણીથી (ભિન્ન) અલગ (હૈ) રહે છે [તથા] (યથા) જેમ (કાદેમેં) કીચડમાં (હેમ) સુવર્ણ (અમલ) શુદ્ધ (હૈ) રહે છે [તેમ તેઓનો ઘરમાં] (નગરનારિકો)

વેશ્યાના (પ્યાર યથા) પ્રેમની માફક પ્યાર [હોય છે.]

ભાવાર્થ :– જે વિવેકી ૨૫ દોષ રહિત અને અંગરૂપ ૮ ગુણ સહિત સમ્યગ્દર્શન ધારણ કરે છે તેને અપ્રત્યાખ્યાનાવરણીય કષાયના તીવ્ર ઉદયમાં જોડવાથી જોકે સંયમભાવ લેશમાત્ર પણ હોતો નથી તોપણ ઇન્દ્ર વગેરે તેની પૂજા (આદર) કરે છે. જેવી રીતે પાણીમાં રહેવા છતાં કમળ પાણીથી અલિપ્ત રહે છે તેવી રીતે સમ્યગ્દષ્ટિ ઘરમાં રહે છે તોપણ ગૃહસ્થપણામાં લેપાઇ જતો નથી, નિર્મોહ (ઉદાસી) રહે છે. જેવી રીતે વેશ્યાનો* પ્રેમ ફક્ત પૈસામાં જ હોય છે, મનુષ્ય ઉપર હોતો નથી તેવી રીતે સમ્યગ્દષ્ટિનો પ્રેમ સમ્યક્ત્વમાં જ હોય છે પણ ગૃહસ્થપણામાં હોતો નથી. વળી જેવી રીતે સોનું કાદવમાં પડયું રહે છે છતાં નિર્મળ અને જુદું જ રહે છે તેવી રીતે સમ્યગ્દષ્ટિ જીવ જોકે ગૃહસ્થદશામાં રહે છે તોપણ તેમાં રાચતો નથી, કારણ કે તે અને ત્યાજ્યx (છોડવાયોગ્ય) માને છે.*

---

'અવ્રતી સમ્યગ્દષ્ટિની ઇન્દ્ર વગેરેથી પૂજા અને ગૃહસ્થપણામાં અપ્રીતિ.'

દોષ રહિત ગુણ સહિત સુધી જે, સમ્યગ્દરશ સજૈ હૈં;
ચરિતમોહવશ લેશ ન સંજમ, પૈ સુરનાથ જજૈ હૈં.
ગેહી પૈ ગૃહમેં ન રચૈં, જ્યોં જલતૈં ભિન્ન કમલ હૈ;
નગરનારિકો પ્યાર યથા, કાદેમેં હેમ અમલ હૈ. ૧૫.

ત્રણ તો દૃષ્ટાંત દીધા. જુઓ ! ભાષા ફક્ત શુદ્ધિ વાપરી છે. સમજાય છે ? પાઠમાં 'સુધી' (છે), સમ્યગ્દષ્ટિ જ સુધી છે. સુધી એટલે સાચી બુદ્ધિવાળો છે. સમજાણું કાંઈ ? અને એ સાધ્યમાં છે, બાકી બધા અસાધ્યમાં છે.

---

* અહીં વેશ્યાના પ્રેમ સાથે ફક્ત અલિપ્ત માત્રની સરખામણી છે.

x विषयासक्त: अपि सदा सर्वारम्भेषु वर्तमान: अपि ।
मोहविलास: एष: इति सर्व मन्यने हेयं ।। ३१४।।

* રોગીને ઔષધિસેવન અને કેદીને કારાગૃહ, એ પણ આના દૃષ્ટાંત છે.

આત્મા ચૈતન્યજ્યોત ભગવાન પૂર્ણાનંદનું ભાન જ્યાં (થયું), ભલે ગૃહસ્થાશ્રમમાં ચક્રવર્તીનું રાજ હોય, સમજાય છે ? ઘણા ભોગો હોય, ઇ હમણા કહેશે. અને વિષયાસક્ત પણ હોય. આસક્ત, હોં ! રુચિ જુદી અને આસક્ત જુદી (વસ્તુ છે). છતાં આત્મા અંદરમાં એ વિકલ્પથી પાર નિર્વિકલ્પ ભગવાનઆત્માની દૃષ્ટિ, અનુભવદૃષ્ટિ થઈ છે એવા સમ્યગ્દૃષ્ટિ જીવને.. કહે છે, અમે બુદ્ધિમાન કહીએ છીએ. એ બુદ્ધિમાન છે. કહો, સમજાણું કાંઈ ? ઓછું જાણ્યું કે બહારનું વધારે જાણ્યું એની સાથે સંબંધ નથી. આહા..હા...!

'(સુધી) બુદ્ધિમાન પુરુષ (ઉપર કહેલા) (દોષ રહિત)...' ઉપર કોણ કીધા ? પચીસ દોષ કીધાં ને ? એવા 'પચીસ દોષરહિત (અને) નિઃશંકાદિ આઠ ગુણ સહિત...' એની સામે (આઠ ગુણ). શંકાદિ દોષ રહિત અને નિઃશંકાદિ ગુણ સહિત. 'સમ્યગ્દર્શનથી (સજૈ હૈં) ભૂષિત છે...' સમ્યગ્દર્શનથી ભૂષિત છે. એ સમ્યગ્દર્શનના આભુષણથી જે સજિત છે. આહાહા..! સમજાણું કાંઈ ?

'(તેમને) ચારિતમોહવશ...' આ શબ્દ પડ્યો છે. કર્મને કારણે નહિ. પણ 'અપ્રત્યાખ્યાનાવરણીય ચારિત્રમોહનીય કર્મના ઉદયના વશે...' સમજાણું કાંઈ ? બીજી ચોકડીનો ઉદય છે એમાં એ તાબે થઈ ગયો છે, વશ છે. ભાઈ ! ચારિત્રમોહનો ઉદય છે એમાં એ વશ, તાબે થઈ ગયો છે. તાબે થાય છે, હોં ! પોતાથી, પરથી નહિ. એટલી ભાષા તેથી વાપરી, જુઓ ! કેટલી વિવેકી ભાષા છે ! કર્મને લઈને આરંભમાં પડ્યો છે અને વિષયની આસક્તિમાં પડ્યો છે એમ નથી. આત્માના આનંદની રુચિ છે, વિષયમાં આનંદ માનતો નથી, આરંભમાં આરંભ છે એ ઠીક કરું છું એવી રુચિ નથી. હિંસા, જૂઠું, વિષય વગેરે વેપાર-ધંધા, મોટા કરોડો-અબજોના ધંધા હોય, સમકિતીને !

મુમુક્ષુ :– ... ધંધો કરી શકે ?

ઉત્તર :– ધંધો હોય એટલે એની પાસે હોય એમ અહીં તો બતાવવું છે. હેં ? એની પાસે દેખાય કે આ મહાધંધા, વેપાર આવા કરે છે. વહાણવટીના મોટા વેપાર હોય. સમજાણું કાંઈ ? પણ આત્માના સ્વરૂપના આનંદના પ્રેમ આગળ કોઈ પ્રેમ લૂંટી જતું નથી, કોઈ ચીજમાં પ્રેમ આવતો નથી. સમજાણું કાંઈ ? આહા..હા...!

'અપ્રત્યાખ્યાનાવરણીય ચારિત્રમોહનીય કર્મના ઉદયના વશે...' સમજાણું ? 'તીવ્ર' શબ્દ નથી વાપર્યો. ભાવાર્થમાં 'તીવ્ર' (શબ્દ) વાપર્યો છે. વશ છે. મૂળ તીવ્ર છે. તીવ્રનો અર્થ શું ? હજી પાંચમું આદિ આવ્યું નથી. ભાવાર્થમાં 'તીવ્ર' (શબ્દ) વાપર્યો છે ને ? મૂળ પાઠમાં પણ વાપર્યો છે. તીવ્રનો અર્થ કે એને જરી પણ મંદ (નથી), પંચમ ગુણસ્થાનને યોગ્ય જે જોઈએ એવું પણ હજી થયું નથી. કાંઈક આમ લાયકાત (જોઈએ તે નથી). અપ્રત્યાખ્યાન બીજી ચોકડીના ઉદયમાં તદ્દન જોડાઈ ગયો છે, વશ છે. વશ છે ઇ સમ્યગ્દર્શનનો દોષ નથી. એ ચારિત્રદોષ છે. બેય આકરા (છે). આસક્તિ અને રુચિ બેમાં મોટો અનંતગુણો ફેર છે. સમજાણું કાંઈ ?

વિષયોમાં રુચિ એ મિથ્યાત્વ છે અને વિષયોની આસક્તિ એ ચારિત્રદોષ છે. બેય આખી જુદી ચીજ છે. બાહ્યમાં વિષયોનો ત્યાગી હોય અને અંદર ઊંડે રાગની રુચિ પડી છે તે વિષયની જ એને રુચિ છે. કારણ કે રાગનું ફળ જ વિષય છે અને એનો ભોગવટો (છે). સમજાણું કાંઈ ? ભગવાનઆત્માના આનંદની જ્યાં રુચિ નથી અને જેના રાગના, શુભરાગની, એક મંદ રાગની પણ રુચિ અને પ્રેમ છે એને રાગના ફળરૂપે વિષયો (મળે) એનો એને અંદર પ્રેમ છે જ. એને વિષય છૂટ્યા નથી. એને રાગનો પ્રેમ (છે). રાગ તો પરવસ્તુના લક્ષે થયેલો (છે) અને રાગના ફળ પણ પરવિષય મળે છે. સમજાણું કાંઈ ? રાગથી ભિન્ન આત્માના ભાનમાં સજ્જિત થયેલ છે.

બીજાઓ એમ કહે કે, આ શ્રીખંડ, પુરી ખાય અમે રોટલી ખાઈએ, ભાઈ ! આ સમકિતી અને હંમેશાં શિરો-પુરી ઉડાવે. અને અમે રોટલી ખાઈએ, છાશ-પાણી અને બે-ત્રણ આમ ખાઈએ. હવે, સાંભળને ભાઈ ! જેને રાગના વિકલ્પનો પ્રેમ અને રસનો ભોગ છે એના બાહ્યના ત્યાગમાં ગમે એટલો ત્યાગ વર્તતો હોય... સમજાણું કાંઈ ? એને મિથ્યાદષ્ટનો જ ભોગ છે. અને આત્મદર્શનની દૃષ્ટિમાં સંયોગની ક્રિયા કોઈ અઘાતિને કારણે ઘણી બની જાય અને ઘાતિકર્મના ઉદયમાં વશ થતાં આસક્તિ પણ થાય, છતાં એ ચારિત્રદોષ છે, મહાન અલ્પ દોષ છે, મહાન અલ્પ દોષ છે. આહા..હા...! એ બેના આંતરા પાડવા એ જગતને (કઠણ પડે). સ્વ અને પર વિવેક (જોઈએ). સમજાણું કાંઈ ?

કેટલાક એને બહાને એમ કહે કે, જુઓ ! સમકિતીને પણ આવા ભોગ હોય

છે ને ! ફલાણું હોય છે ને ! અમારે ચારિત્રમોહનો ઉદય છે માટે આ છે. મરી જઈશ. અંદર મીઠાશ પડી છે અને તું ચારિત્રમોહના ઉદયને વશ કહે છો (મરી જઈશ). સમજાય છે ? આમ આબરુ, વિષયભોગ આવતા અંદરમાં ગલગલીયા (થવા મંડે), ઊંડે મીઠાશ આવે છે. એ મીઠાશ મિથ્યાત્વની મીઠાશ છે. ઇ ભલે બહારમાં ઘણો બધો ત્યાગ હોય. ભાઈ !

મુમુક્ષુ :– એકને અલ્પ દોષ છે અને એકને મહાદોષ છે !

ઉત્તર :– એકને અલ્પ દોષ છે અને એકને મહા મિથ્યાત્વનો દોષ છે. એક જ ઘરમાં રહેલા કરોડોપતિના બે દીકરા હોય, લ્યો ! એ કો'ક કહેતું હતું કે, સમ્યગ્દષ્ટિનો પક્ષપાત છે. ભેર ભેર કરો છો, (એમ કહેતા હતા). પણ કાંઈ ભાન ન મળે. બાપા ! સમ્યગ્દર્શન એટલે શું ? ભાઈ ! એ તો પરમાત્માનો પુત્ર થઈ ગયો. હવે એને પરમાત્માનો વારસો લેવાની તૈયારી છે. આહા..હા...! કેવળજ્ઞાન ! ઇ આગળ કહેશે, જુઓ ! સમ્યગ્દર્શન તો મોક્ષમહેલની પહેલી સીડી છે. મોક્ષમહેલની પ્રથમ સીડી. ઇ સત્તરમા શ્લોકમાં છે, આનો છેલ્લો શ્લોક છે ને ? ત્રીજી (ઢાળનો).

મોક્ષમહલકી પરથમ સીઢી, યા વિન જ્ઞાન ચરિત્રા;
સમ્યક્તા ન લહે, સો દર્શન ધારો ભવ્ય પવિત્રા.

પવિત્રતા.. પવિત્રતા.. પવિત્રતા. આહા..હા..! અરે..! ભાઈ ! કહે છે, ચારિત્રમોહના અંતર ઉદયના વશે પડ્યો છતાં 'જરાપણ સંયમ નથી...' જરા પણ, ભાષા કેટલી વાપરી છે ? લેશ પણ સંયમ નથી. આહા..! અરે..! સંયમ નથી. અસ્થિરતાનો નથી. બાકી આખો લોકાલોકનો સંયમ દૃષ્ટિમાં નિષેધ થઈ ગયો છે. સમજાણું કાંઈ ? ઇ વાત એ માટે તો અહીં કહે છે.


સમ્યક્ત્વ મહિમા

'જરાપણ સંયમ નથી તોપણ (સુરનાથ)...' દેવના ઇન્દ્રો. ઇન્દ્રો આવીને સેવા કરે. આમાં લખ્યું છે, હોં ! ચિત્રમાં કર્યું છે, ચિત્રમાં કર્યું છે. ચિત્ર બધા કર્યા

છે. આ ચિત્ર કર્યું છે, જુઓ ! સમકિતી બેઠો છે, લૂગડાં પહેરેલા છે, હોં ! છે એમાં ? ઇન્દ્ર આવીને હાથ જોડે છે, જુઓ ! ઓ..હો...! ધન્ય અવતાર.. ધન્ય અવતાર.. ધન્ય અવતાર ! ભવના કર્યા અભાવ, ધન્ય અવતાર તારા..! ભવનો કર્યો અભાવ એ તારો અવતાર. આહા..હા...! સમજાણું કાંઈ ? લ્યો, આ ઇન્દ્ર તો ત્રણ જ્ઞાનના ધણી છે, સમકિતી છે તોપણ ઓ..હો..! મનુષ્યપણામાં જે આત્મદર્શન પામ્યા (તેમને ધન્ય છે). સમજાણું કાંઈ ? સમ્યગ્દર્શન (પામ્યા પછી) જરા પણ સંયમ ન હોય. અજ્ઞાની (કહે), અમે તો લૂખું ખાઈએ છીએ, છાશ પીએ છીએ, બે દ્રવ્ય ઓછા કરીએ છીએ, હેઠે સૂઈએ છીએ, ગોદડામાં સૂઈએ છીએ. શું છે તારે ? અને આ તો આવું કરે છે, ફલાણું કરે છે.

એક ફેરી નહોતું કહ્યું ? ઘણા વર્ષ પહેલા (એક ભાઈએ) પૂછ્યું હતું, મહારાજ ! આ બધા બે બે ગાદલા રેશમના ગાદલા ઉપર સૂવે એને તમે કહો કે નિર્જરા થાય, એને ધર્મ થાય. કીધું, સૂવાથી ધર્મ થાય એમ કીધું હતું ? અને અમે અહીં હેઠે સૂઈએ, ગાદલું જૂનું હોય (તો તમે કહો), તમે મિથ્યાદૃષ્ટિ છો, તમને એમાં ગૃદ્ધિ છે. ભાઈ ! (એક ભાઈએ) પૂછ્યું હતું. પહેલેથી હોંશિયાર માણસ છે. આમ બુદ્ધિમાં પહેલેથી તર્ક (કરે). કીધું, બાપા ! એ બે ગાદલે સૂતો નથી. એ તો આત્માના આનંદમાં પડ્યો છે. એને બહારની આસક્તિ ભલે હોય પણ અંદર રુચિ નથી. ત્રણકાળ ત્રણલોકની રુચિ ઊડી ગઈ છે, ફડાક દઈને.. ! એક સમયમાં ઊડી ગઈ છે. આનંદના પ્રેમ જ્યાં જાગ્યા, અનુભવ (થયો તો) એક સમયમાં ત્રણકાળ ત્રણલોક દૃષ્ટિમાંથી ખસી ગયા. અજ્ઞાની બહારથી હજારો રાણીનો ત્યાગ કરીને બહારથી ખાતો-પીતો ન હોય અને ઓછું ખાતો હોય અને ઓછું બોલતો હોય અને કોઈની પ્રકૃતિ એવી હોય કે, હળવે હળવે બોલવાનું થાય, એથી કાંઈ વસ્તુ છે નહિ. સમજાણું કાંઈ ?

જેને ભગવાનઆત્મા નજરે પડ્યો નથી અને રાગ ને પુણ્યના વર્તનોમાં જેની બુદ્ધિ–એકત્વ વર્તે છે એવા મિથ્યાદૃષ્ટિ જીવ કરતાં સમ્યગ્દૃષ્ટિને ઇન્દ્રો આવી પૂજે છે. લ્યો, આ અવિરતી છે. આહા..હા...! સમજાણું કાંઈ ? બહુમાન આપે છે કે ઓ..હો...! મનુષ્યપણે તમે આવા કામ કર્યા. અમે તો દેવ છીએ. ભગવાનનો જોગ હતો, અમે તો ધર્મ પામ્યા. તમે આ..હા..! સાધર્મી તરીકે એને બહુ પ્રેમ આવે છે. સમજાણું

કાંઈ ? અરે..! આવા માંસના ઢીંગલામાં આત્માને જાણ્યો, આવા શરીરમાં રોગ અને આવામાં (તમે આત્મા જાણ્યો). અમે તો વૈક્રિયક શરીરના ધણી, પૂર્વના પુણ્ય પણ ઘણા અને અમે તો પવિત્રતા લઈને આવ્યા છીએ. જુઓને ! પાછો શબ્દ કેવો વાપર્યો છે !

'ચરિતમોહવશ લેશ ન સંજમ, પૈ સુરનાથ જજૈ હૈં.' છતાં દેવોનો સ્વામી ઇન્દ્ર જજૈ નામ પૂજા કરે છે એટલે બહુમાન કરે છે. બહુમાન કરે છે, ઓ..હો...! અરે..! ભંગી હોય અને આત્મજ્ઞાન હોય, ભંગી ! આત્મદર્શન (હોય) અને ભંગી હોય. ઘરમાં કાંઈ ન મળે, બાયડી કાળીકુબડી હોય, છોકરાના ઠેકાણા ન હોય. રહેવાના બંગલા શાના હોય ? સાંઠીકડા નાખ્યા હોય, સાંઠીકડા. થોડા આમ સાંઠીકડા અને થોડા આમ સાંઠીકડા. માથેથી વીંછી પડતા હોય. (આ ભાઈને ત્યાં) બેઠા હતા ને એક ફેરી વીંછી પડ્યો. (એક ભાઈ) અને અમે બે બેઠા હતા અને વાંચતા હતા અને વચ્ચે વીંછી પડ્યો. લ્યો ! આવડો મોટો, હોં ! ચકલા જેવો. એક ફેરી હું ઓરડીમાં ઉઘાડો બેઠો હતો અને ઉપરથી આમ પડ્યો. આવડો (મોટો) વીંછી. કારણ કે જૂનું મકાન છે ને ! બે વીંછી. જૂનું (મકાન) ઘણું ને ! આ તો હજી દેખાવ પણ ઠીક છે. ન્યાં તો કોર્ટ હતી. (બાકી) તો સમજવા જેવા. અમે એક મકાન જોયું હતું. ઉતર્યા હતા ને ન્યાં ? 'મોરબી'ની આની કોર એક મકાન હતું. વેલા. વેલાના મકાનમાં ઉતર્યા હતા. મકાન સમજવા જેવું હતું. એ તો એકવાર ઇ હોય ને એકવાર આ હોય. ત્યાં 'સરા' ગયા હતા ને, 'સરા' ? સાંઠીકડા. હમણા પડશે કાંઈક અંદરથી, એવું બધું (હતું). સમ્યગ્દષ્ટિને બહારમાં એવું પણ હોય. દેવ આવીને પૂજે, બહુમાન આપે એમ અહીં કહે છે. આહા..હા...! બહારના સંયોગની અપેક્ષા છે નહિ.

એકલો સ્વભાવ ચિદાનંદ જેને રુચ્યો છે, જેણે ભવના અભાવ કર્યા, એને હવે ભવ છે નહિ. એ તો થોડો રાગ (હોય અને) એકાદ-બે (ભવ હોય એ જુદી વાત છે). સમજાણું કાંઈ ? આ સમ્યગ્દર્શનની મહિમા કહે છે. સમ્યગ્દર્શન એટલે શું અને એનું મહિમા એટલે શું ? એનું સ્વરૂપ શું ? સમજાણું ? 'ઇન્દ્ર (જજૈ હૈં).'

'ગૃહસ્થ છે,...' જોયું ? ગૃહસ્થમાં રહ્યા છે. બાયડી, છોકરા હોય, કુટુંબ હોય. સમજાય છે કાંઈ ? સમ્યગ્દષ્ટિ હોય. બાયડી હોય, છોકરા હોય, કુટુંબ હોય, વેપાર



હોય, ધંધા હોય. જુઓ ! ગૃહસ્થ છે ને ? 'ગૃહસ્થ છે તોપણ ઘરમાં રાચતા નથી.' અંદર રાગમાં રુચિ જરીયે નથી. આહા..હા...! એ સમજાય છે ? સમ્યગ્દર્શનમાં સ્વ-પરનો વિવેક થયો છે એટલે પરનો પ્રેમ, પોતાથી ભિન્નમાં પ્રેમ અંદરમાં ઊડી ગયો છે, આખા લોકનો પ્રેમ ઊડી ગયો છે.

સ્વ-પરનું જ્ઞાન છે ને ? સ્વ-પર કોને કહેવા ? ભગવાનઆત્મા અનાકુળ શાંતરસનું સ્વરૂપ તે સ્વ અને વિકલ્પથી માંડી અને પુણ્ય-પાપથી માંડી આખી દુનિયા તે પર. આહા..હા..! અંતરમાંથી લોકાલોકનો ત્યાગ દૃષ્ટિમાંથી થઈ ગયો છે અને ભગવાન પરમાત્મા અનંત અનંત કેવળજ્ઞાનનો કંદ ભગવાનઆત્મા આદરમાં આવી ગયો છે, પણ અસ્થિરતામાં ગૃહસ્થાશ્રમમાં રહ્યો હોય.. સમજાય છે ? તો કહે છે, ગૃહસ્થમાં હોય. આદમી હોય તો બૈરાં પણ હોય અને બૈરાં હોય તો એને ધણી પણ હોય, પુરુષ પણ હોય, પણ રાચતો નથી. સમજાણું કાંઈ ? અરે...! અમારા આનંદ જ્યાં જોયા એ ઘરમાં અમે જવા માગીએ કે આમાં આવવા માગીએ ? સમજાય છે કાંઈ ? આહા..હા...!

'રાચતા નથી.' ગૃહસ્થાશ્રમમાં ક્યાંય એનું દિલ ઠરતું નથી, ક્યાંય મન ઠરતું નથી. ઠર્યું છે ત્યાંથી ખસતું નથી. સમજાણું કાંઈ ? આઠ વર્ષની બાલિકા સમ્યગ્દૃષ્ટિ હોય. આઠ વર્ષની કન્યા ! સમજાણું કાંઈ ? નિર્વિકલ્પ દૃષ્ટિ અનુભવ (થયા હોય). ઘરમાં એના માતા-પિતા પણ કહે, દીકરી ! ધન્ય છે તને ! તારા અવતારને ધન્ય છે ! સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– અમારે સાંભળીને રાજી રહેવું ને ?

ઉત્તર :– સાંભળીને રાજી રહેવું એટલે ? સમજવું, એને સમજવું. એટલે શું ? એનો ખુલાસો કરો તો કહીએ. સમજાણું કાંઈ ?

'રાચતા નથી. જેવી રીતે...' હવે ત્રણ દૃષ્ટાંત આપે છે. આ..હા..! બહારનો બીજો કાંઈ ત્યાગ નથી, એમ કહે છે. અને રાગ પણ હજી આસક્તિનો, વિષય અને ભોગનો વર્તે છે. અંદર દૃષ્ટિમાં ઠરી ગયેલ છે. ક્યાંય રસ નથી, રસ નથી. કોની પેઠે ? 'કમળ

પાણીથી અલગ રહે છે...' દાખલો આપે છે. કમળ અને જળ. કમળ અને જળ બે તદ્દન જુદાં છે. એમ આત્મા અને જ્ઞાન, આત્મદર્શી એને અને આ બધી બાહ્ય ચીજો તદ્દન ભિન્ન ભાસે છે. જેને ભિન્ન ભાસ્યા તેમાં અહંપણું કેમ આવે ? જેમાં સ્વ ભાસ્યું એમાં એની અંતરની મહાસત્તાનું અસ્તિત્વપણું કેમ ખસે ? સમજાણું કાંઈ ?

'કમળ પાણીથી અલગ...' છે ને ? શાસ્ત્રમાં દાખલો આપ્યો છે ને ? આમ પાણી અડેલું દેખાય, કમળને અડેલું (દેખાય). એ કમળના રૂંવાટાં એવા હોય છે ને કે પાણી એને અડ્યું જ નથી, અડ્યું જ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? એમ ચૈતન્ય સમ્યગ્દષ્ટિ જીવને... આમાં નથી આવતું ? આમ સાધારણ ભાષા નથી આવતી ? તમે બોલતા નથી ? 'સમ્યગ્દષ્ટિ જીવડો કરે કુટુંબ પ્રતિપાલ' એ બધું બોલતા હતા કે નહિ ?




'સમ્યગ્દષ્ટિ જીવડો કરે કુટુંબ પ્રતિપાલ, અંતરંગ સે ન્યારો રહે, જ્યોં ધાઉ ખીલાવે બાલ' એ બાળક મારી જંઘાનો નહિ. હું તો એને પાળનાર છું. મને પચીસ-ત્રીસ (રૂપિયા) જે આપવા હોય એ આપે. મોટો થાય એટલે એ મારું પોષણ કરશે એમ એ માનતી નથી. છતાં દીકરાને જેમ સાચવે એવી રીતે નવરાવે, ધવરાવે, ખવડાવે, સૂવડાવે, રમાડે. સમજાય છે ? અંદરમાં કાંઈ ન મળે. મારો દીકરો જ નથી ને. આહા..હા...! પાછી બોલે પણ ખરી, બેટા ! તને કેમ છે ? દીકરા ! મારું આમ છે. એમ કહે કે નહિ ? અંદરમાં કાંઈ લેવાદેવા ન મળે. સમજાણું ? 'ધાઉ ખીલાવે બાલ' એમ સમ્યગ્દષ્ટિ જગતના ખેલમાં ઊભો દેખાય (છતાં) અંદરમાં એને ખેલના પ્રેમ નથી. આહા..હા..! સમજાણું ?

'કીચડમાં સુવર્ણ...' એ કાદવમાં સુવર્ણ સો વર્ષ રહે (તોપણ) એને કાટ લાગે નહિ. હજારો વર્ષ રહે તો કાદવ જેને એક સમય લાગે નહિ, એને કોઈ દી ન લાગે. સોનું કાદવમાં પડ્યું (હોય). કેવો ચીકણો કાદવ, હોં ! આમ દરિયાના.. આવે છે

ને ? શું કહેવાય આ ? સિમેન્ટ. એવા કાદવ. એ કાદવમાં પડ્યા પણ સોનાને કાંઈ કાટ ચડતા હશે ? ભાઈ ! આહા..હા..! એમ જ્યાં આત્માની દૃષ્ટિ, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન ભાન થયા (તો) કહે છે, કીચડમાં જેમ સોનું શુદ્ધ રહે છે એમ દરેક પ્રસંગમાં સંસારમાં રહ્યા છતાં એને લેપ લાગતો નથી. કહો, સમજાણું કાંઈ ?

'સમયસાર નાટક'માં તો એક ઠેકાણે બહુ કહ્યું છે. ચાલે છે તો કહે છે કે, એ પોતે સ્થિર છે. બોલે છે તો કહે છે કે, મૌન છે. એવું આવે છે ને ? એક ઠેકાણે આવે છે. સમજાણું ? એ વિકલ્પો આવે છે એ ખરી જાય છે. આહા..હા..! અજ્ઞાની બાહ્ય ત્યાગ કરીને બેઠો હોય એમાં એને અંદરમાં રાગના પ્રેમમાં પડ્યો (છે) એને સમયે સમયે અનંત સંસાર વધતો જાય છે. અનંત એટલે કે મિથ્યાત્વ. મિથ્યાત્વની સાથે સંબંધ કરનારો અનંતાનુબંધી, એ પુષ્ટ થતું જાય છે. સંસાર બીજો ક્યો વળી ?

કીચડમાં જેમ સોનું શુદ્ધ રહે છે એમ સમ્યગ્દૃષ્ટિને ગૃહસ્થાશ્રમમાં પણ લેપ લાગતો નથી. '(તેમ તેઓ ઘરમાં) (નગરનારિકો) વેશ્યાના (પ્યાર યથા)...' દેખો ! દાખલો આપ્યો. દાખલામાં શું ? વેશ્યાનો પ્યાર. વેશ્યાને પૈસાની સોબત છે. પૈસા દેનારો એક ભંગ્યો આવે તોપણ રમે પણ ઊંડાણમાં એને પ્રેમ નથી. આ તો એક દાખલો આપ્યો છે, હોં ! ઇ કહેશે. વેશ્યાનો પ્રેમ ફક્ત પૈસામાં હોય છે. સમજાણું ? એને મનુષ્ય ઉપર પ્રેમ હોતો નથી. ઇ મનુષ્ય જે આવ્યો એના ઉપર પ્રેમ હોતો નથી, એને પૈસા ઉપર (પ્રેમ) છે. એમ ધર્મીને આનંદ ઉપર પ્રેમ છે. અતીન્દ્રિય આનંદનો પ્રેમ છે. જગતની કોઈ ચીજની અંદર રુચિ નથી. સમજાણું કાંઈ ? હેઠે ખુલાસો કર્યો છે, હોં ! 'અહીં વેશ્યાના પ્રેમ સાથે ફક્ત અલિપ્ત માત્રની સરખામણી છે.' (કોઈને એમ થાય કે) આવી ઉપમા કેમ આપી ? આવી ઉપમા કેમ આપી ? ઉપમામાં સિદ્ધાંત સિદ્ધ કરવો છે. વેશ્યા પૈસા દેનાર હોય (અને) ત્રણ હજાર આપે તો ભંગ્યો હોય તો એની સાથે રમે. એને છે કાંઈ ? રમે છે એટલે પ્રેમ કોનો છે ? ભંગ્યાનો છે ? માણસનો છે ? ઇ દૃષ્ટાંત છે. એમ જ્ઞાનીને આત્માના આનંદ આગળ બીજામાં ક્યાંય પ્રેમ આવતો નથી. ક્યાંય મન ઠરતું નથી, મન ક્યાંય વિશ્રામ પામતું નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

'નગરનારિ...' નગરનારિ કહેવાણી. કારણ કે કોઈ એક ઘરની નારી નથી, એમ.

ભાષા એવી વાપરી છે ને ? નગરની નારી. એટલે જે કોઈ માણસ આવે એની સ્ત્રી, એમ. એનો જેમ પ્યાર–પ્રેમ છે એની માફક પ્રેમ હોય છે. એને જેમ અંદર પ્રેમ નથી એમ ધર્માત્માને કુટુંબમાં, શરીરમાં, કર્મમાં (પ્રેમ નથી). બહારથી જુઓ તો ઓહો..હો..! એવા ઘરે કરોડોના, અબજોના ખર્ચ થતા હોય, ઘરે છોકરાના લગ્ન થતા હોય.. સમજાય છે ? આમ દાગીના પહેરીને પોતે બેઠો હોય, દાગીના પેલાને (પહેરાવ્યા) હોય, ઘોડેસવાર, હાથીઓ (હોય). ચક્રવર્તીને ૮૪ લાખ હાથી (હોય). એના ચક્રવર્તીના પોતાના લગ્ન હોય ત્યારે કેટલું હોય ? અથવા છોકરાના લગ્ન હોય એને કેટલો વૈભવ હોય ? સમજાણું ? ઇ તો અઘાતિના ઉદયનો સંયોગ છે. સ્વરૂપ અને રાગ વચ્ચે ઘા પડી ગયા છે, રાગ અને સ્વભાવ વચ્ચે ઘા પડી ગયો છે, ભેદ પડી ગયો છે. ભેદ થયો એ હવે અભેદ થાય નહિ, એમ કહે છે. રાગ અને પર પ્રત્યેથી જ્યાં ભેદજ્ઞાન થયા એને બહારની ચીજ લાખ, કરોડ હોય અને કદાચિત્ આસક્તિ પણ હોય, પણ એ આસક્તિ અને પરથી જેને અંદર ભેદ પડી ગયો છે. સમજાણું કાંઈ ?

ભાવાર્થ :– 'જે વિવેકી ૨૫ દોષ રહિત...' એ ૨૫ દોષ થયા ને ? 'અને અંગરૂપ આઠ ગુણ સહિત સમ્યગ્દર્શન ધારણ કરે છે તેને અપ્રત્યાખ્યાનાવરણીય કષાયના તીવ્ર ઉદયમાં જોડાવાથી...' એવો શબ્દ એમાં છે. એ અપેક્ષાથી (વાત) છે. 'જોકે સંયમભાવ લેશમાત્ર પણ હોતો નથી...' એમ સિદ્ધ કરવું છે. સંયમનો અંશ પણ નથી એથી અપ્રત્યાખ્યાનની તીવ્રતા છે, એમ કહેવું છે. 'તોપણ ઇન્દ્ર વગેરે...' ઇન્દ્ર વગેરે, હોં ! ઇન્દ્ર મોટો હોય એ તો દૃષ્ટાંતમાં આપ્યો છે. સુરનાથ જજૈ હૈં. દૃષ્ટાંતમાં ઇન્દ્ર આપ્યા પણ મોટા નગરશેઠ અબજોપતિ (હોય એ આવીને પૂજે). સમજાણું કાંઈ ? આહા..હા...! એક ભંગીની દીકરી અનુભવ પામીને સમ્યગ્દર્શન પામી હોય અને એને ખબર પડે તો અબજોપતિ (ત્યાં જાય), ઓ..હો...! માતા ! પેલી પાછી પરણવાની હોય, હોં ! ભાઈ !

અગમ પ્યાલા પિઓ મતવાલા, ચિન્હી અધ્યાત્મ વાસા,<br>
આનંદઘન ચેતન વહૈ ખેલે, દેખે લોક તમાસા.

કહે છે, એને ઇન્દ્ર આદિથી માંડીને (બધા નમે છે). ઇન્દ્ર (કહીને) મોટામાં મોટી વાત કરી. ગામના નગરશેઠ હો, રાજા હો, દિવાન હો... સમજાણું ? સમ્યગ્દષ્ટિને

આદર કરે છે, બહુમાન આપે છે. ધન્ય.. ધન્ય..! એવું સમ્યગ્દર્શનનું માહાત્મ્ય છે. સમજાણું કાંઈ ? થોડામાં ઘણું ભરી દીધું છે ને !

'જેવી રીતે પાણીમાં રહેવા છતાં કમળ પાણીથી અલિપ્ત રહે છે...' લેપાતું નથી 'તેવી રીતે સમ્યગ્દષ્ટિ ઘરમાં રહે છે તોપણ ગૃહસ્થપણઆમાં લેપાઈ જતો નથી, નિર્મોહ (ઉદાસી) રહે છે.' નિર્મોહ રહે છે. આહા..હા...! નાળિયેરના કાચલામાં ગોટો છૂટો રહે એમ છૂટો ગોટો રહે છે, કહે છે.

'જેવી રીતે વેશ્યાનો પ્રેમ ફક્ત પૈસામાં જ હોય છે, મનુષ્ય ઉપર હોતો નથી તેવી રીતે સમ્યગ્દષ્ટિનો પ્રેમ સમ્યક્ત્વમાં જ હોય છે પણ ગૃહસ્થપણામાં હોતો નથી.' એમ કહે છે. 'જેવી રીતે સોનું કાદવમાં પડ્યું રહે છે છતાં નિર્મળ અને જુદું જ રહે છે...' જુદું અને નિર્મળ બેય. 'તેવી રીતે સમ્યગ્દષ્ટિ જીવ જોકે ગૃહસ્થદશામાં રહે છે તોપણ તેમાં રાચતો નથી, કારણ કે તે એને ત્યાજ્ય માને છે.' હેય માને છે, છોડવા યોગ્ય માને છે. છોડવા યોગ્ય માને એના પ્રેમ શા ? સમજાણું કાંઈ ? નીચે 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'ની ગાથા (આપી છે).

**विषयासक्तः अपि सदा सर्वारम्भेषु वर्तमानः अपि।**
**मोहविलासः एषः इति सर्व मन्यने हेयं।।३१४।।**

જુઓ ! એ 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'ની ગાથા છે. સમ્યગ્દષ્ટિ જીવ વિષયાસક્ત હોવા છતાં 'सदा सर्वारम्भेषु' તે જીવ 'सर्वारम्भेषु' બધા પ્રકારના જે સંસારના આરંભ છે, એને યોગ્ય, હોં ! 'वर्तमानः अपि' વર્તમાન વર્તતો છતાં. 'मोहविलासः एषः' એ તો મોહનો વિલાસ છે, મારો નહિ. સમજાણું ? આ મારું સ્વરૂપ નહિ. 'इति सर्व मन्यने हेयं' સમજાણું ? શું અર્થ કર્યો છે એમાં ? મોહવિલાસ. ૩૧૪ છે ને ? મોહવિલાસ. મોહનીયકર્મ વિલાસ. 'विलसनम्' એ ચેષ્ટા છે, મારું સ્વરૂપ નથી.

'सर्व विषयादि कर्म हेयं त्याज्यं मन्यते प्रत्यक्ष मोहविलास मोहनीयकर्म विलास विलसनम् चेष्टा।' મારી ચેષ્ટા નહિ, આત્મસ્વભાવની ચેષ્ટા નહિ. સમજાણું ? 'पुत्र कलत्र धनधान्य सुवर्ण गृहादि परद्रव्यं सर्ववस्तु त्याज्य मन्यते, जानाति मन्युते। सदा निरंतरो विषयासक्तोपि' જુઓ ! ન્યાં સદા નાખી દીધું છે. પાઠમાં સદા છે

ને ? 'इन्द्रियाणांविशेषो आसक्तिप्रीतिगतोऽपि .. विरक्तसन् सर्व हेयं परवस्तु त्याज्यं' સ્વ અને પરના જ્યાં વિવેક છે અને પરનો વિવેક ન હોય એને પરનો પ્રેમ હોય. પર અને સ્વનો જ્યાં વિવેક થયો ત્યાં સ્વના પ્રેમમાં પરનો વિવેક કેમ રહે ? તો સ્વ અને પરનો એને અંતરમાં વિવેક થયો નથી. 'सर्व आरंभेषुअसिमसिकृषिपशुपालनादि वर्तमानोऽपि' પશુ પાલન આદિ બધું કહ્યું. 'सर्वव्यापारकरोऽपि सर्वहेयं भरतचक्रीवत् मन्यते' દાખલો આપ્યો છે. 'ભરત' ચક્રવર્તીવત માને છે. શું કહે છે ? 'अपिशब्दा सर्वआगमेषु' પ્રવર્તમાન કહ્યું પણ 'विरक्तएव सर्वहेयं मन्यते'. પ્રવર્તમાન કહ્યું પણ વિરક્ત લેવું પાછું. એમ કહે છે, એમ ગુલાંટ ખાય છે. સમજાણું ? જુઓ ! એનો દાખલો આપ્યો છે. 'धात्रिबालासतिनाथपद्मिनीजलबिन्दुवत' એવા દાખલા આપ્યા છે. ધાત્રિ સમજ્યા ને ? માતા, સતિ, નાથ, પદ્મિની, જલબિન્દુવત. '... आभासम भुंजनम् राज्यं ...' બહારથી ભોક્તા દેખાય છે. ઠીક ઠીક ટીકા કરી છે. આ ગાથા છે.

જેને છોડવા યોગ્ય માને. હાથમાં સર્પ ઝાલ્યો છે એ કાંઈ પ્રેમથી (ઝાલ્યો) નથી, છોડવા માટે છે. ઓ..હો...! જેને આત્માના આનંદની પ્રેમ-રુચિ થઈ એને આસક્તિ આદિ બધી ચીજો છોડવા લાયક છે એથી તેનો એને લેપ લાગતો નથી. સમજાણું કાંઈ ? હવે એની મહિમા કહેશે. એ જીવ ક્યાં ક્યાં ન ઊપજે એ વાત કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

❊

## વીર સંવત ૨૪૯૨, મહા વદ ૪, બુધવાર
## તા. ૯-૨-૧૯૬૬, ગાથા ૧૫ થી૧૭. પ્રવચન નંબર–૨૧

ત્રીજી ઢાળની પંદરમી ગાથા ચાલી ને ? જુઓ ! છેલ્લે એમાં કહ્યું કે, જે કોઈ સમ્યગ્દષ્ટિ જીવ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહેલા છ દ્રવ્ય અને નવ તત્ત્વોમાંથી પોતાનો આત્મા એકસ્વરૂપે અનંત ગુણનો પિંડ, એને રાગથી ભિન્ન કરીને અંતર અનુભવમાં પ્રતીતિ કરવી એનું નામ સમ્યગ્દર્શન–ધર્મની પહેલી સીડી છે. એ હમણા ૧૭ (મી ગાથામાં) આવશે. સમજાણું ? એ સમ્યગ્દર્શન પ્રાપ્ત (થયેલા જીવને) ચારિત્રમોહના ઉદયને વશ થતાં વિષયાસક્તિ ભોગાસક્તિ આરંભના પરિણામ હોવા છતાં તે સમ્યગ્દષ્ટિને દેવના ઇન્દ્રો પણ એને આદરે છે. સમજાણું કાંઈ ? બહુ ઝીણું. આવો વિષયકષાય, એવા ત્રણ કષાયના પરિણામ સમ્યગ્દષ્ટિને હોય છે. એથી એને તાબે વિષયની આસક્તિ હોય છે અને આરંભ, પરિગ્રહ પણ અંદર ત્રણ કષાયના પરિણામ ઘણા હોય છે. ત્રણ કષાયના (પરિણામ). છતાં અનંતાનુબંધીના ક્રોધ, માન, માયા, લોભનો ભાવ નથી. તેથી તે વિકારનું સ્વામીપણું નથી અને અનંત ગુણનો ચૈતન્યપિંડ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો, જોયેલો એવો આત્મા એ આત્માને અંતરમાં દર્શન–શ્રદ્ધા નિર્વિકલ્પ પ્રતીતમાં લેતાં અનંતાનુબંધીનો અભાવ થતાં એને આત્માની શાંતિ અને આનંદના અનુભવમાં ત્રણ કષાયને વશ હોવા છતાં દેવ તેને પૂજે છે. એવું એ સમ્યગ્દર્શનનું માહાત્મ્ય છે. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– પહેલામાં પહેલો ધર્મ આ.

ઉત્તર :– પહેલામાં પહેલો ધર્મ ઇ. ઇ આમાં હમણા કહેશે. સમ્યગ્દર્શન શું છે ? એ ચીજ કેમ કહેવાય ? અન્યમતિમાં જૈન સિવાય તો ક્યાંય એ વાત તો ત્રણકાળ ત્રણલોકમાં હોઈ શકે નહિ.

સમ્યગ્દષ્ટિ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને તો અભ્યંતરમાં કોઈ રીતે માને નહિ, એનો આદર કરે નહિ, એનો વિનય કરે નહિ, એનું બહુમાન કરે નહિ. એ તો વ્યવહાર

સમ્યગ્દર્શનમાં (એવું હોય છે). નિશ્ચય સમ્યગ્દર્શનમાં તો આત્મા એક સ્વરૂપે અખંડ આનંદ અનંત ગુણસ્વરૂપે એકરૂપ, હોં ! એની અંતરમાં નિર્વિકલ્પ રાગરહિતની અનુભવ થઈને પ્રતીતિ (થઈ તે નિશ્ચય સમ્યગ્દર્શન). એની સાથે વ્યવહાર સમકિતમાં કુદેવ, કુગુરુ-કુશાસ્ત્રને આદરે નહિ, સેવે નહિ, બહુમાન કરે નહિ, એનું બહુમાન એને અંતરમાં થાય નહિ. સમજાણું કાંઈ ? એવા જીવને...

અહીં તો એમ કીધું ને ?

**દોષ રહિત ગુણ સહિત સુધી જે, સમ્યગ્દરશ સજૈ હૈં;**
**ચરિતમોહવશ લેશ ન સંજમ, પૈ સુરનાથ જજૈ હૈં.**

પણ અન્યાય ન હોય, હોં ! એને અન્યાયના એવા કર્તવ્ય ન હોય. એ અનંતાનુબંધી ગયો છે એથી આત્મદર્શીને અનંતાનુબંધીને યોગ્ય જે અન્યાયના કાર્ય (હોય) એવા કાર્ય એને ન હોય. 'ભાવ દીપિકા'માં 'દીપચંદજી'એ એનો વિસ્તાર બહુ લીધો છે. સમજાણું કાંઈ ?

'ચરિતમોહવશ લેશ...' સંયમના સ્થાન જે કહેવાય. સંયમના સ્થાન, હોં ! બીજા કષાયના, ત્રીજા કષાયનો અભાવ થઈને જે સંયમ સ્થાન કહેવાય તે સંયમ સ્થાન એને નથી. પણ સ્વરૂપમાં દૃષ્ટિપૂર્વક સ્વરૂપાચરણ છે તે અહીં નથી લીધું. કેમકે સંયમનું વજન આગળ લેશે. ચારિત્રના ભાગમાં સંયમનું વજન આપશે. સ્વરૂપાચરણ એટલે સંયમનું સ્વરૂપાચરણ કેવું હોય એની વ્યાખ્યા આગળ કરશે. અહીંયાં સંયમના સ્થાનરૂપી સંયમ નથી એને એને સ્વરૂપાચરણ નથી કહ્યું, એટલું અહીંયાં કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– 'સીતાજી'ને અન્યાય નહોતો થયો ?

ઉત્તર :– એ અન્યાય નથી. એને લોકની લાઈનમાં હજી એટલો રાગ હતો. એ રાગને લઈને લૌકિક એટલું હોય છે. આનંદનો અનુભવ જ્ઞાનમાં વર્તે છે. અરે..! આ આત્માનો અતીન્દ્રિય આનંદ... સમ્યગ્દર્શનમાં, હોં ! તેથી એને ક્યાંય આનંદનો સંતોષ થાય એવી એને પ્રીતિ અને રુચિ થતી નથી. વાત આ છે જરી. સમજાણું ?

કહે છે, 'સુરનાથ જજૈ હૈં.' પણ એથી કરીને એને એમાં ગૃદ્ધિ છે, એકાકાર છે,

એમાં વિષયભોગમાં (તન્મય છે એમ નથી). આમ લોકો કહે છે ને કે, અમારે ક્રમમાં આવ્યું હોય તો ? ભાઈ ! એમ ન હોય. જેને ક્રમમાં આવ્યું હોય એવી જેની માન્યતા છે એને તો મિથ્યાત્વ અને અનંતાનુબંધી ટળી ગયો હોય છે. સમજાય છે આમાં ? જેને ક્રમમાં આવેલી વાત (છે), એમ જે માને એને તો મિથ્યાત્વ એટલે ભ્રમણા અને અનંતાનુબંધી ટળી ગયા છે. સમજાણું કાંઈ ? એને આત્માનો અનુભવ પ્રતીતિ અને આત્માનો આનંદ આવ્યો છે એ આનંદ પાસે એ ક્રમબદ્ધ આવે એને જાણે છે એમ કહેવામાં આવે છે.

અજ્ઞાની થઈને (એમ કહે કે), અમારે ક્રમમાં આમ આવવાનું હતું (તો એ બરાબર નથી). આ જુઓ ! સમકિતીને સંયમ નથી. માટે અમારે પણ આવો તીવ્ર અસંયમ હોય કે આવું હોય તો એને શું બાદ ? એમ ન હોય, એમ ન હોય. સમ્યગ્દર્શનમાં તો આત્માના અતીન્દ્રિય આનંદની દૃષ્ટિ વર્તે છે. સમજાણું કાંઈ ? આ તો જરી વિચાર શું આવ્યો ? કે, લેશ સંયમ નથી માટે કોઈ (એમ કહે કે) એવા અમારા ક્રમમાં આવા પરસ્ત્રીના ભોગ આવ્યા. સમજાય છે ? માંસ ખાવાની ક્રિયા કે એવી થાય તો (તે કહે) ક્રમમાં (થાય). નથી સમજતો, એ વસ્તુને સમજતો નથી. સમજાણું કાંઈ ?

જેને ક્રમબદ્ધની પર્યાયનો નિશ્ચય થયો છે.. અહીં તો ક્રમબદ્ધને નામે સ્વચ્છંદ સેવે, આ બ્હાને (સેવે) એમ ન હોય (એમ કહેવું છે). સમજાણું કાંઈ ? ક્રમબદ્ધમાં એ ન હોય, એમ મારું (કહેવું છે), હજી તો એ સિદ્ધ કરવું છે. સમ્યગ્દર્શનમાં ક્રમબદ્ધમાં સમ્યગ્દર્શન આવી જાય છે. સમજાણું કાંઈ ? જે દેહાદિની કે સ્વની ક્રમસર પર્યાય થાય એવો જેને અંતર્મુખમાં અનુભવમાં નિર્ણય હોય એને આત્માના આનંદનો અનુભવ હોય છે. એને ક્રમ(સર) થાય તેનો એ જાણનાર હોય છે. એની હદ આવી હોય છે. સમજાણું કાંઈ ? આવી વાત છે, ભાઈ !

મુમુક્ષુ :– આનંદનો અનુભવ થયો એ જ ક્રમબદ્ધને માને છે ને ?

ઉત્તર :– એ જ ક્રમબદ્ધને માને છે, બીજો માનતો નથી. કેમ ? કેમકે એને રાગ અને પરની ક્રિયાની કર્તાપણાની બુદ્ધિ છૂટી ગઈ છે. એને એ બુદ્ધિ ઘુસી છે જ્ઞાન અને આનંદમાં. આહા..હા...! એ અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ ભગવાન અને અતીન્દ્રિય

આનંદ પ્રભુ આત્મા, એના અનુભવમાં એ ક્રમબદ્ધમાં જાણનાર રહે છે. એને લેશ સંયમ ભલે ન હોય, તો પણ એને સમ્યગ્દર્શન અને આનંદનું ભાન છે અને અસંયમમાં વર્તતો હોય છે, એના ક્રમમાં એ ભાવ આવ્યો છે. સમજાણું કાંઈ ? છતાં એને દેવ, દેવના ઇન્દ્રો પણ જેને સાધર્મી તરીકે બહુમાન આપે છે. ઓ..હો...! અમે દેવપણે આવ્યા પણ મનુષ્યપણામાં પામેલા આવા રોગના શરીર, મેલા, આવા શરીર, એની અંદર આવા કાળ એમાં તું આ આત્મદર્શન પામ્યો ઓ..હો..! એને બહુમાન આપે છે, એમ કહે છે. સમજાણું કાંઈ ? એ વાત મહાન કિંમતી ચીજની કરે છે. આ..હા..હા...!

કહે છે, ગૃહસ્થમાં રહ્યો છતાં જળથી ભિન્ન કમળ (જેમ હોય તેમ) એનો એને લેપ નથી, લેપ નથી. આહા..! જેણે અતીન્દ્રિય આનંદના ચૈતન્યના દરબાર ખોલ્યા છે એને એ વિકલ્પમાં પ્રેમ ક્યાં છે ? સમજાણું કાંઈ ? અસંયમ છે, હોં ! પણ એ અસંયમના એને રસ, પ્રેમ નથી. શું કરે, આવી જાય છે, સ્થિરતા નથી એટલે વેઠે છે, વેઠની પેઠે (વેઠ ઉતારે છે). સમજાણું કાંઈ ?

કહે છે કે, નગરનારીનો પ્યાર. જેમ પેલાને વેશ્યાનો પ્યાર બહાર દેખાય (પરંતુ) અંદરમાં છે નહિ. કાંઈ નથી, કાંઈ નથી. એક પૈસાનો પ્રેમ (છે), એનો (પ્રેમ) નથી. એમ ધર્મીને આત્માના આનંદના પ્રેમ આગળ ગૃહસ્થાશ્રમમાં પડ્યો છતાં પરમાં રુચિ છે નહિ.

હેમ અમલ. જેમ કાદવમાં સોનું (છે) એમ ભગવાનઆત્મા દેહ, વાણી... જુઓ ! દેહ, વાણીની અસ્તિ છે, હોં ! દેહ છે, કર્મ છે, વાણી છે, પુણ્ય-પાપના વિકલ્પો પણ છે, એ બધી હયાતી રાખીને એનાથી રહિત ચિદાનંદના અનુભવની દૃષ્ટિ થઈ. એકલો એમ કહે કે, આત્મા એક જ છે અને બીજું કાંઈ છે નહિ. એ તો મૂઢ મિથ્યાદૃષ્ટિ (છે), એને વ્યવહાર સમ્યગ્દર્શનની ખબર નથી. સમજાણું કાંઈ ? આહા..હા..! અહીં તો કહે છે કે, આત્મા છે, એને અનંત ગુણ છે, એની અનંતી પર્યાય છે. એમાં વિકારની અવસ્થા પણ છે, એને સંયોગે શરીર, કર્મ આદિ બધું છે. એ છેમાંથી એકલો આત્મા કાઢ્યો. પેલા (સંયોગોને) રાખ્યા છે ઊડાવી નથી દીધા.

મુમુક્ષુ :– કાદવમાં હેમ?

ઉત્તર :– હા, કાદવમાં કાદવ છે, કાદવ છે, હેમ પણ છે એમ કહે છે. એમ પુણ્ય-પાપના ભાવ સમ્યગ્દૃષ્ટિને છે, શરીરાદિ છે, સ્ત્રી આદિ છે, ભોગાદિની વાસના

છે. આહા..હા...! પણ એ કાદવમાં જેમ સોનું અડતું નથી, સોનાને કાટ લાગતો નથી એમ અંતરદૃષ્ટિ ચૈતન્ય ઉપર સર્વજ્ઞસ્વભાવી ભગવાનઆત્મા, સર્વજ્ઞસ્વભાવી ભગવાનઆત્માના પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ ઉપર દૃષ્ટિ હોવાથી એને આ વિષય વાસનાદિ હોવા છતાં લેપ નથી. છે ખરું, હોં ! છે એની વાત છે. બધું ઊડી ગયું, થઈ રહ્યું જાઓ, એકલો આત્મા (છે એમ નથી). સમ્યગ્દર્શન થયું એટલે પછી એકલો આત્મા (જ છે,) બીજું કાંઈ નથી, એમ નથી. એમ વાત કરે છે, ભાઈ ! પેલો અસંયમ છે એમ સિદ્ધ કરીને સમ્યગ્દર્શન, આત્મભાન થયું માટે એને હવે બીજું કાંઈ રહ્યું નથી, અસંયમભાવ રહ્યો નથી, વિષયવાસના રહી નથી, વિકલ્પમાં આરંભનો ભાવ જ નથી, શરીરના સંયોગનો સંબંધ જ નથી, બહાર વસ્તુ જ નથી એમ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? બધી ચીજ હો અને પોતે પણ અંદર બીજો જુદો છે એ જુદાના ભાનમાં જુદી ચીજમાં એને એકત્વ થતું નથી, એમ કહે છે.

હેઠે છેલ્લો દાખલો આપ્યો છે ને ? રોગીને ઔષધીસેવન. સમજાય છે ? રોગી ઔષધ સેવે છે પણ પ્રેમ હશે ? રહેજો સદા ઔષધ (એમ હશે) ? રોગ સદા રહેજો અને ઔષધ સદાય (રહેજો). (ડૉક્ટરને) વારંવાર બોલાવજો, (લોકો) જોવા આવે, એમ હશે ? ધર્મીને એ રોગની જેમ રોગી ઔષધી માને છે એમ રાગાદિની વાસનામાં એ સંયોગમાં દેખાય છે. એને અંદરમાં ભાવના હોતી નથી.

કેદીને કારાગૃહ. બીજો દાખલો આપ્યો છે ને ? નીચે છે ને ? ભાઈ ! કેદીને કારાગૃહ. આહા..હા..! કારાગૃહમાં જેમ કેદી પડ્યો છે એમ ધર્મીને એ પુણ્ય-પાપના વિકલ્પો, શરીર, વાણી એ બધા કારાગૃહમાં પોતે જુદો કેદી છે. એની એને હોંશ નથી. કારાગૃહની હોંશ હશે કે આમાં રહું ? લાંબો કાળ વધે તો ઠીક. ગરીબ માણસને રોટલા ન મળતા હોય તો એમ થાતું હશે કે અહીં રહીએ, બહાર રોટલા મળતા નથી. એમ કેદીને કારાગૃહના પ્રેમ ન હોય. કારાગૃહ કહ્યો છે ને ? સાધારણ જેલ નહિ. સમજાય છે ? આકરી જેલ, મજૂરી કરાવીને થડ કાઢી નાખે. આ પેલા કાઠીયાને બેસાડી દે એવું નથી ત્યાં. બંદીખાને ના ના કરો જેમ કેદીને હોંશ નથી એમ. ભગવાનઆત્મા શુદ્ધ સ્વરૂપે અનંત ગુણનો પિંડ, અનંત ગુણ.. અનંત ગુણરૂપે એક છે, એકલો એક છે એમ છે નહિ. સમજાણું કાંઈ ? એવા આત્માના ભાનમાં

ગૃહસ્થાશ્રમમાં એ રાચતો નથી. કારણ કે તેને કારાગૃહ સમાન, રોગાની ઔષધી સમાન માને છે.

---

## સમ્યક્ત્વનો મહિમા, સમ્યગ્દષ્ટિના અનુત્પત્તિસ્થાન તથા સર્વોત્તમ સુખ અને સર્વધર્મનું મૂળ

પ્રથમ નરક વિન ષટ્ ભૂ જ્યોતિષ વાન ભવન ષંઢ નારી;
થાવર વિકલત્રય પશુમેં નહિં, ઉપજત સમ્યક્ધારી.
તીનલોક તિહુંકાલ માહિં નહિં, દર્શન સમ સુખકારી;
સકલ ધરમકો મૂલ યહી ઇસ બિન કરની દુખકારી. ૧૬.

અન્વયાર્થ :- (સમ્યક્ધારી) સમ્યગ્દષ્ટિ જીવ (પ્રથમ નરક વિન) પહેલી નરક સિવાય (ષટ્ ભૂ) બાકીની છ નરકો વિષે, (જ્યોતિષ) જ્યોતિષી દેવોમાં, (વાન) વ્યંતર દેવોમાં, (ભવન) ભવનવાસી દેવોમાં, (ષંઢ) નપુંસકોમાં, (નારી) સ્ત્રીઓમાં, (થાવર) પાંચ સ્થાવરોમાં (વિકલત્રય) દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવોમાં તથા (પશુમેં) કર્મભૂમિના પશુઓમાં (નહિં ઉપજત) ઊપજતાં નથી. (તીનલોક) ત્રણ લોક (તિહુંકાલ માહિં) ત્રણ કાળમાં (દર્શન સમ) સમ્યગ્દર્શન જેવું (સુખકારી) સુખદાયક (નહિં) બીજું કાંઇ નથી, (યહી) આ સમ્યગ્દર્શન જ (સકલ ધરમકો) બધા ધર્મોનું (મૂલ) મૂળ છે; (ઇસ બિન) આ સમ્યગ્દર્શન વિના (કરની) સમસ્ત ક્રિયાઓ (દુખકારી) દુઃખદાયક છે.

ભાવાર્થ :- સમ્યગ્દષ્ટિ જીવ આયુ પૂર્ણ થતાં જ્યારે મરે છે ત્યારે બીજાથી સાતમી નરકના નારકી, જ્યોતિષી, વ્યંતર, ભવનવાસી, નપુંસક, સર્વ પ્રકારની સ્ત્રી, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચતુરિન્દ્રિય, અને કર્મભૂમિના પશુ થતા નથી; (નીચ કુળવાળા, ઓછા અંગવાળા, અલ્પાયુવાળા અને દરિદ્રી થતા નથી;) વિમાનવાસી દેવ, ભોગભૂમિના મનુષ્ય અથવા તિર્યંચ જ થાય છે. કર્મભૂમિના તિર્યંચ પણ થતાં નથી. કદાચ નરકમાં* જાય તો પહેલી નરકથી નીચે જતાં નથી. ત્રણ લોક અને ત્રણ કાળમાં સમ્યગ્દર્શન જેવી સુખદાયક બીજી કોઇ વસ્તુ નથી. આ સમ્યગ્દર્શન જ સર્વ ધર્મોનું મૂળ છે.

આ વિના જેટલા ક્રિયાકાંડ છે તે બધાં દુઃખદાયક હોય છે.

---

હવે એ સમકિતની મહિમા અને સમ્યગ્દષ્ટિના અનુત્પત્તિના સ્થાન. સમ્યગ્દષ્ટિ ક્યાં ક્યાં ન ઊપજે (એ કહે છે). અહીં તો આવું છે પણ હવે ભવિષ્યમાં પણ ક્યાં ક્યાં ન ઊપજે એમ વાત કરે છે, ભાઈ ! શું કીધું ? આત્માની અંતર દૃષ્ટિવંત સમ્યગ્દષ્ટિને અત્યારે અહીંયાં પણ પરની એકત્વબુદ્ધિ નથી. વસ્તુ બધી છે પણ હવે મર્યા પછી હવે ભવિષ્યમાં પણ એને આવા સ્થાન ન હોય, એનું પુણ્ય એવું જોડે હોય છે, કહે છે. પવિત્રતા તો આવી છે હવે એની જોડે સમ્યગ્દષ્ટિને પુણ્ય પણ એવું હોય કે ભવિષ્યમાં અમુક સ્થાનમાં એ ઊપજે નહિ. આ..હા...! અને 'સર્વોત્તમ સુખ અને સર્વધર્મનું મૂળ.' એ ચાર આમાં વર્ણવે છે.

પ્રથમ નરક વિન ષટ્ ભૂ જ્યોતિષ વાન ભવન ષંઢ નારી;
થાવર વિકલત્રય પશુમેં નહિં, ઉપજત સમ્યક્ધારી.
તીનલોક તિહુંકાલ માહિં નહિં, દર્શન સમ સુખકારી;
સકલ ધરમકો મૂલ યહી ઇસ બિન કરની દુખકારી. ૧૬.

જુઓ ! આમાં ખૂબી શું કહે છે ? આ બધા સ્થાનો છે. કેટલાક એમ કહે છે કે, કાંઈ નથી, આ બધું કાંઈ નથી. એક જ આત્મા, એક જ આત્મા, બધું કાંઈ નથી. એમ નથી. સમજાણું કાંઈ ?

---

આવી અવસ્થામાં સમ્યગ્દષ્ટિની પહેલી નરકના નપુંસકોમાં પણ ઉત્પત્તિ થાય છે; એનાથી જુદા બીજા નપુંસકોમાં તેની ઉત્પત્તિ થવાનો નિષેધ છે.

નોંધ- જે જીવ સમ્યક્ત્વ પામ્યા પહેલાં, આગામી પર્યાયની ગતિ (આયુ) બાંધે છે તે જીવ આયુ પૂર્ણ થવાથી જ્યારે મરણ પામે છે ત્યારે નરકગતિમાં પણ ઉત્પન્ન થાય છે; પણ ત્યાં તેની સ્થિતિ (આયુષ્ય) અલ્પ થઇ જાય છે. જેવી રીતે શ્રેણિક રાજા સાતમી નરકનું આયુષ્ય બાંધ્યા પછી સમક્તિ પામ્યા હતા તેથી, જોકે તેને નકરમાં તો જવું પડયું પણ આયુષ્ય સાતમી નરકથી ઓછું થઇને પહેલી નરકનું જ રહ્યું. એ રીતે જે જીવ સમ્યગ્દર્શન પામ્યા પહેલાં તિર્યંચવા મનુષ્યનો બંધ કરે છે તે ભોગ-ભૂમિમાં જાય છે પરંતુ કર્મભૂમિમાં તિર્યંચ અથવા મનુષ્યપણે ઉપજે નહિ.

પ્રથમ નરક વિન ષટ્ ભૂ જ્યોતિષ વાન ભવન ષંઢ નારી;
થાવર વિકલત્રય પશુમેં નહિં, ઉપજત સમ્યક્ધારી.

સમ્યક્ધારી હજી સમ્યગ્દર્શન થયું છતાં એને ભવ હજી હોય છે. સમ્યગ્દર્શન થઈ ગયું એટલે હવે ભવમુક્ત થઈ ગયો, આત્માનુભવ થયો એટલે થઈ રહ્યું એટલે જાઓ, અનંતમાં અનંત ભળી ગયો, એમ નથી. એને (–એમ કહેનારને) કાંઈ ભાન નથી. એને ભાન જ નથી, આત્મા શું ? સમ્યગ્દર્શન શું ? બસ ! થઈ રહ્યું, આત્માનો સાક્ષાત્કાર થયો એટલે બધામાં ભળી ગયો. એને વળી પછી બે શું ને અનુભવ શું અને આ શું ?

અહીં તો ત્યાં સુધી કહે છે કે, અનુભવ ઉપરાંત એને અસંયમભાવ છે અને અસંયમમાં એવા અશુભ અસંયમ હોવા છતાં, એને આવો અશુભ અસંયમ હોવા છતાં એની વાસનમાં એવો શુભભાવ હશે કે જેમાં વૈમાનિક સ્વર્ગ આદિમાં જાય એવા જેના પુણ્ય હોય છે. સમ્યગ્દષ્ટિ થયો એટલે એને એ ભવે મોક્ષ થઈ જાય, પછી બીજું કાંઈ નથી, એને ભવ-બવ કાંઈ નથી એમ નથી, એમ સિદ્ધ કરે છે.

તીનલોક તિહુંકાલ માહિં નહિં, દર્શન સમ સુખકારી;
સકલ ધરમકો મૂલ યહી ઇસ બિન કરની દુખકારી.

'(સમ્યક્ત્વધારી) સમ્યગ્દષ્ટિ જીવ (પ્રથમ નરક વિન)...' એમ કરીને સાત નરક સિદ્ધ કરી. સાત નારકી છે, ગતિ સાત નારકી છે. નીચે સાત નારકીના સ્થાન છે. અધોલોક છે, કાંઈ નથી એમ નહિ. એમાં 'પહેલી નરક સિવાય બાકીની છ નરકો વિષે,...' ઉપજે. સમજાણું કાંઈ ? પહેલી નરકમાં જાય. આયુષ્ય બંધાઈ ગયું હોય, સમ્યગ્દર્શન પહેલાં આયુષ્ય બંધાઈ ગયું હોય, સમ્યગ્દર્શન (થયા) પછી (નરકનું) આયુષ્ય ન બંધાય. અહીં તો સમુચ્ચય વાત કરી છે ને ? સમ્યગ્દષ્ટિને આત્મદષ્ટિ થઈ, અનુભવ થયો છતાં એને અસંયમભાવ આદિ રહ્યો, હવે એને અસંયમ હોવા છતાં એને પુણ્ય એવું બંધાશે.. સમજાય છે ? કે, એ છ નરકમાં તો નહિ જ જાય. પહેલી નરક વિષે (જાય).

'જ્યોતિષી દેવોમાં,...' ન જાય. જ્યોતિષ દેવ સિદ્ધ કર્યા. જ્યોતિષ દેવ છે. સમજાણું

કાંઈ ? એ જ્યોતિષમાં ન ઊપજે. કોઈ કહે કે, એ તો સમકિત છે, દેવમાં જાય. દેવમાં જાય પણ જ્યોતિષમાં ન જાય. 'વ્યંતરદેવોમાં,...' ન જાય. હેઠે વ્યંતરદેવની ભૂમિ છે, આ જ્યોતિષ દેવો છે એમાં ન જાય. 'ભવનવાસી દેવોમાં,...' ન જાય. સમજાણું ? 'નપુંસકોમાં,...' પહેલી નરકમાં નપુંસક થાય. એ સિવાય સ્ત્રી, પુરુષ નપુંસકમાં ન જાય.

મુમુક્ષુ :– પહેલી નરકમાં જાય છે...

ઉત્તર :– પહેલી નરકનું આયુષ્ય બંધાય ગયું, કીધું ને ? પહેલા આયુષ્ય બંધાઈ ગયું. નરક અને તિર્યંચનું પહેલું આયુષ્ય બંધાઈ ગયું હોય... સમજાય છે ? તિર્યંચનું બંધાઈ ગયું હોય તો ભોગભૂમિમાં જાય. નરકનું આયુષ્ય બંધાઈ ગયું હોય તો પહેલી નરકે જાય. બંધાઈ ગયું હોય એની વાત છે. સમકિત પહેલાં મનુષ્યનું આયુષ્ય બંધાઈ ગયું હોય તો એ ભોગભૂમિમાં જુગલિયામાં ઊપજે. મનુષ્ય અને તિર્યંચ સમકિતી આયુષ્ય પહેલા ન બાંધ્યું હોય તો સ્વર્ગમાં જ જાય, એ વાત અત્યારે વધારે સિદ્ધ કરવી છે. વૈમાનિકમાં જાય. અહીં નપુંસકમાં ના પાડે છે એ ક્યા નપુંસક ? સ્ત્રી, પુરુષના નપુંસક, મનુષ્ય અને તિર્યંચના નપુંસક. સમજાય છે કાંઈ ? નરકનો નપુંસક થાય એ વાત તો પહેલી કીધી. ઓ..હો..હો...! વાત કેટલી સિદ્ધ કરે છે !

ત્રણ વેદ છે, આટલા દેવોના સ્થાન છે, આટલા નારકીના સ્થાન છે તેમાં એ પહેલી નરકે જાય, છએ ન જાય. દેવના આટલા સ્થાન જ્યોતિષ, ભવનપતિ અને વ્યંતરમાં ન જાય. મનુષ્યમાં ત્રણ વેદ છે–સ્ત્રી, પુરુષ અને નપુંસક, તો એ નપુંસકમાં ન અવતરે. સમજાય છે ?

મુમુક્ષુ :– સ્ત્રીમાં ન અવતરે.

ઉત્તર :– ઇ તો પછી કહેશે. અહીં તો પહેલું આ (કહે છે).

હવે '(નારી) સ્ત્રીઓમાં,...' ન અવતરે. સમજાણું કાંઈ ? સમ્યગ્દૃષ્ટિ જીવ મરીને સ્ત્રી ન થાય. વૈમાનિક દેવમાં પણ ઇન્દ્રાણી ન થાય. આ બધા સ્થાનો છે એને યોગ્ય પરિણામ સમકિતીને આવા જ હોય છે એની વિધિ, રીત કહે છે. સમજાણું કાંઈ ? એને નવ તત્ત્વનું જેમ છે તેમ બરાબર જ્ઞાન હોય છે એમ કહે છે. સમજાણું

કાંઈ? આહા..હા...! સ્ત્રીમાં ન ઊપજે. ઇન્દ્રાણી પણ સ્ત્રી થાય એ મિથ્યાદૃષ્ટિ હોય એ થાય. પછી ત્યાં ભલે સમકિત પામે અને એકાવતારી થાય. સુધર્મ દેવલોકની ઇન્દ્રાણી 'શચિ' છે એ એકાવતારી છે, પણ અહીંથી ઊપજી છે ત્યારે મિથ્યાત્વ લઈને ઊપજી છે. આ બધું અસ્તિત્વ છે. આ અસ્તિત્વમાં આટલા અસ્તિત્વ આખો આત્મા પૂર્ણ અસ્તિત્વને અંતર(માં) સ્વીકાર્યો એને હજી અસંયમનું અસ્તિત્વ હોવા છતાં એને આવા અમુક અમુક અસ્તિત્વમાં તેને ઊપજવું હોતું નથી, એમ અહીંયાં સિદ્ધ કરે છે. આહા..હા...!

મૂઢ છે, મૂઢ થઈ જશે, મૂઢ. વિકલ્પ તોડો, વિકલ્પ તોડો, શું વિકલ્પ તોડે ? વસ્તુ શું છે ? અસ્તિ શું અસ્તિ ? એક સમયનો અનંત ગુણનો પિંડ ભગવાન એક એક આત્મા અખંડ એ કોણ ? વિકલ્પ તોડી નાખો, વિકલ્પ ઘટાડી નાખો. બસ ! કોનો વિકલ્પ ઘટે ? નાસ્તિ થઈ જઈશ. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– નજીકમાં છે.

ઉત્તર :– નજીકમાં છે ? આ 'રજનીશ' ને ? હા, એ ગપ્પેગપ મારે છે. બિચારા જૈનો ભ્રમણામાં પડ્યા છે, કેટલા બિચારાને ભાન ન મળે. એકલું વેદાંત.. વેદાંત. ભણેલાને બિચારાને વાતું સારી લાગે. તદ્દન મૂઢતાની વાત છે, વીતરાગદર્શનથી એકેએક વાત તદ્દન ઊલટી (છે). બધી તદ્દન ઊલટી (વાત છે).

આ તો સર્વજ્ઞ પરમેશ્વરે સર્વ જે જોયું, સર્વજ્ઞે સર્વ જોયું એમાં સર્વજ્ઞ સ્વભાવ આત્માની પ્રતીતવાળાને આ બધા સ્થાનોમાં આવું સ્થાન ન હોય. એને નિર્વિકલ્પ દશા પ્રગટી છે માટે. પણ છતાં વિકલ્પો હજી છે. એમ નથી કે બધું એક થઈ ગયું છે. સમજાણું કાંઈ ? એમ કહે છે ને કે, 'ઇસુ', 'મહાવીર', 'બૌદ્ધ' અને ' ગાંધી' બધા એક જ છે. મહા મૂઢ છે. આહા..હા...! ઘણા હોય છે, ઘણા જોયા છે ને. ત્યાં આવ્યો હતો ને ? એનો માણસ છે. 'મલ્હારગઢ' ચોપડી લઈને આવ્યો હતો ને ? મહારાજ ! આ જુઓ. અમે કીધું, ગૃહીત (મિથ્યાદૃષ્ટિનું) અમે વાંચતા નથી. એને જરી સારું ન લાગ્યું. એ બધી મિથ્યાત્વની ચોપડીઓ છે, બધી મિથ્યાત્વની ચોપડીઓ છે, કીધું. 'મલ્હારગઢ' લાવ્યો હતો, એનો એક માણસ દાઢીવાળો હતો. નહોતો આવ્યો ? હજી જૈનમાં રહેલાને જૈનની ખબર ન મળે.

મુમુક્ષુ :– લૌકિક વાતો કરે.

ઉત્તર :– લૌકિક વાતું નહિ, ઇ વાતું લોકોત્તર કરે, લૌકિક તમારા જેવી ન હોય. બિચારા લોકો એમાં મુંઝાય ને ? આમ બસ ! ‘મહાવીરે’ કહેલા વિચાર છોડી દેવા, ‘બૌદ્ધે’ કહેલા વિચાર છોડી દેવા. ત્યારે પેલા કહે, ઓ..હો..! આપણે પણ ‘કાનજીસ્વામી’ કહે છે કે, વિકલ્પ છોડી દેવા. બધું લાગે છે એક, હોં ! ‘શ્રીમદ્’ પણ એમ કહે છે કે, વિકલ્પ છોડી દેવા. સમજાણું કાંઈ ? કાંઈ ખબર નથી.

અહીં તો સર્વજ્ઞ પરમેશ્વરે અનંત દ્રવ્યો જોયા. એમાંથી આ એક ભગવાન દ્રવ્ય પૂરો આખો અખંડ એક દ્રવ્ય (છે), એવા અખંડ અનંત આત્માઓ (છે). એવા એક અખંડ આત્માના ભાન સહિત થયા છતાં હજી એનું ખંડપણું પર્યાયમાં બાકી છે. આહા..હા...! એ ખંડમાં પણ એ અસંયમને વશ હોવા છતાં એને શુભભાવ એવો આવે ત્યારે આયુષ્ય બંધાય, અશુભભાવ ટાણે આયુષ્ય બંધાય નહિ, એવી એની મર્યાદા છે. આહા..હા...! સમજાણું કાંઈ ? સમ્યગ્દષ્ટિ લડાઈમાં હોય (એવા) અશુભભાવ વખતે આયુષ્ય ન બંધાય. એવી એની મર્યાદા છે. સમજાણું કાંઈ ? આહા..હા...! ઇ વસ્તુનિ સ્થિતિની હદ જ એવી છે.

કહે છે, એ સ્ત્રીમાં ન ઊપજે. લ્યો, સમજાણું ? ‘પાંચ સ્થાવરોમાં,...’ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, (વનસ્પતિ) વસ્તુ છે, હોં ! પાંચ સ્થાવર જીવો છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અનંતા જીવ છે. ઇ અનંત જીવમાં સમ્યગ્દષ્ટિ, રાગ અને પરથી ભિન્ન થયેલી દશા એમાં ન ઊપજે. ઉપજશે ખરો હજી ભવ બાકી છે એટલે, પણ ક્યાં ? વૈમાનિક સ્વર્ગમાં પુરુષવેદે. મનુષ્ય, તિર્યંચનું આયુષ્ય બંધાઈ ગયું હોય તો ભોગભૂમિમાં જુગલિયામાં ઊપજે એ જુદી વાત છે. સમજાણું ?

‘દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવોમાં...’ નહિ ઊપજે. આ બધી કેટલી વિચારણા માગે ? ‘કર્મભૂમિના પશુઓમાં ઊપજતાં નથી.’ એટલો ખુલાસો કર્યો. કેમ ? સમજાણું ? કે, સમ્યગ્દષ્ટિ પહેલું જો તિર્યંચનું આયુષ્ય બંધાઈ ગયું હોય તો ભોગભૂમિમાં (ઊપજે). એ ભોગભૂમિ સિદ્ધ કરી. જુગલિયા છે, ત્રણ પલ્યના મોટા આયુષ્ય કેટલાકના (છે). સમજાય છે ? ત્રણ ગાઉના.. ત્રણ ગાઉના ઊંચા ને ? છે. એ સમ્યગ્દષ્ટિને પહેલાથી પશુનું આયુષ્ય બંધાઈ ગયું હોય (તો) ત્યાં જાય. કર્મભૂમિના

પશુમાં ન જાય. આહા..હા...! સમજાણું કાંઈ ?

'ત્રણલોક ત્રણકાળમાં સમ્યગ્દર્શન જેવું સુખદાયક બીજું કાંઈ નથી,...' આહા..હા...! ત્રણલોક અને ત્રણકાળમાં. કેટલું વજન છે !

**તીનલોક તિહુંકાલ માહિં નહિં, દર્શન સમ સુખકારી;**
**સકલ ધરમકો મૂલ યહી ઇસ બિન કરની દુખકારી.**

એ વિના ક્રિયા, પંચ મહાવ્રત, દયા, દાન, વ્રત, ભક્તિ, શાસ્ત્રના જ્ઞાન, સમ્યગ્દર્શન વિના શાસ્ત્રના ભણતર, એ ક્રિયાકાંડ બધાં દુઃખકારી છે. અહીં કરની દુઃખકારી આવી છે, આપણે ત્રણે દુઃખકારી આવ્યું હતું. 'પરમાત્મ પ્રકાશ'. સમજાણું કાંઈ ? આહા..હા...! ભગવાનઆત્મા પૂર્ણ સર્વજ્ઞસ્વભાવી (છે) એવી જ્યાં અંતર દૃષ્ટિ અને અનુભવ થયો, કહે છે કે, એ સમ્યગ્દર્શન જેવું સુખકારી જગતમાં કોઈ નથી. જુઓ ! સુખકારી (એટલે) શેનું સુખ ? આત્માના આનંદ (જેવું) સુખકારી બીજું કોઈ નથી. કહો, સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– સંયોગી સુખ હશે ને એમાં ?

ઉત્તર :– ક્યાં છે ધૂળમાં ? એ તો વાત કરી. સંયોગનું સુખ છે કે નહિ એને ? આ બાયડી, છોકરા, અસંયમમાં પડ્યો ઇ. એમાં સુખ માને તો સમ્યગ્દર્શન ક્યાં છે ? એ વાત તો પહેલી થઈ ગઈ. હોય છે, દેખાય છે કે, આ જુઓ, બાયડી સાથે બેઠો છે. અંદરમાં લેશ અડતો નથી. ઇ તો કાદવમાં સોનું કીધું ને ? ઇ છન્નુ હજાર ઇન્દ્રાણીના વૃંદમાં સમકિતી બેઠો હોય, એની સાથે વાત કરતો હોય, દાંત કાઢતો હોય, આ કરતો હોય. અંદરમાં લેવાદેવા કાંઈ નથી. આ તે વાત ! સમજાણું કાંઈ ?

મિથ્યાદૃષ્ટિ ત્યાગી બ્રહ્મચારી, બાળ બ્રહ્મચારી હોય અને આખી જિંદગી સ્ત્રીનું સેવન (ન કર્યું હોય).. સમજાણું ? પંચ મહાવ્રત ધાર્યા હોય, ભગવાને કહ્યા હોય એવા વ્યવહાર, હોં ! પંચ મહાવ્રત ભગવાને કહ્યા તે અને નગ્ન દિગંબર થયો હોય.. સમજાણું ? પણ અંતરમાં ભેદ, રાગ અને પરથી ભેદજ્ઞાન નથી એથી બે ભેદ નથી તે બે એક છે. અનેકને અનેક તરીકે ન માનતા, અનેકને એક તરીકે અંતર પ્રતીતમાં અનુભવે છે. મૂઢ છે, કહે છે. એને કાંઈ ત્યાગ નથી, કહે છે. ઠીક ! શું થઈ ગયું

પણ એમાં ? એ ક્રિયા તો દેહની છે. આહા..હા...!

ભગવાનઆત્મા રાગ અને પરના પર્યાયથી તદ્દન ભિન્ન. બધી વસ્તુ છે, હોવા છતાં તેના અસ્તિત્વમાં આ નહિ અને આના અસ્તિત્વમાં એ નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? માણસને પણ પેલી બહારની કિંમત લાગે, હોં ! બાહ્ય ત્યાગ હોય. ભાઈ ! (સમ્યગ્દૃષ્ટિને) ભવ જ નથી. આ ભવ અને ભવનો ભાવ તેનો આદર નથી. હવે પ્રશ્ન ક્યાં ? કહો. એકલો ભવ વિનાના સ્વભાવનો આદર છે, કહો ! છતાં નબળાઈને લઈને આવો કોઈ રાગ આવે તો એને ભવ રહે છે ખરો, તેથી તો કહ્યું છે. સમજાણું કાંઈ ? કહેશે, કોઈ સ્વર્ગમાં જાય, કોઈ મોક્ષમાં જાય. અહીં તો સ્વર્ગમાં જ જાય. અહીં તો આગળ વધેલાની વાત નથી કરવી ને ? ચોથાની વાત કરવી છે. સમજાણું કાંઈ ?

'સમ્યગ્દર્શન જેવું સુખદાયક બીજું કાંઈ નથી,...' બીજું કાંઈ નથી. એનો અર્થ શું છે ? કે, ચારિત્ર સુખદાયક નથી કે સમ્યગ્જ્ઞાન (સુખદાયક નથી) એમ નથી લેવું. અહીં તો સમ્યગ્દર્શન સિવાયની બીજી ચીજો(ની વાત છે). સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર સુખદાયક છે જ. એ સુખદાયક નથી એમ નહિ. અહીં તો ત્રણમાં પહેલી ચીજ જે સમ્યગ્દર્શન છે એ સિવાય બીજી કોઈ પણ ચીજ હો, દયા, દાન ભાવ, શુભ મહાવ્રતના પરિણામ, બાળ બ્રહ્મચારી, બાહ્ય ક્રિયાકાંડ, લાખો સ્ત્રીઓ છોડી, હજારો સ્ત્રીઓ છોડીને બાહ્ય ત્યાગી થયો હોય છતાં અંદર આત્મદર્શન શું છે એનું ભાન નથી તો એ મિથ્યાદૃષ્ટિ (છે). સમ્યગ્દર્શન જેવું કોઈ સુખ નથી અને (મિથ્યાદર્શન) જેવું દુઃખ નથી. મિથ્યાદર્શન જેવું દુઃખ નથી. એ દુઃખી છે. આહા..હા...! અનાકુળ ભગવાનઆત્મા આકુળતાની હયાતીમાં ભિન્ન છે, એવા અનાકુળ તત્ત્વના ભાન વિના એકલી આકુળતા સાથે એકતા છે એ દુઃખી છે. અને આકુળતા અને અનાકુળતાના ભેદ ભાન છે એના જેવો કોઈ સુખી નથી, એમ કહે છે. આહા..! કહો, સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :- સુખ માટે પૈસાનું પૂછે.

ઉત્તર :- પૈસાનું પૂછે. દુનિયામાં તો ઇ જ પૂછે ને ? કેટલા પૈસા છે ? ધૂળ છે ? આ છે ? અહીં તો કહે છે કે, તારા વિકલ્પો ઊઠે છે એ દુઃખદાયક છે. સમ્યગ્દૃષ્ટિને

વિકલ્પ તો આ પુણ્યબંધના કારણભાવ આવ્યા એ ભાવ દુઃખદાયક છે. આવે છે, હોય છે, પણ દુઃખદાયક છે. સમજાણું કાંઈ ? ઓ..હો..હો...!

'સમ્યગ્દર્શન જેવું સુખદાયક...' સુખ કરનાર 'બીજું કાંઈ નથી,...' કાંઈ નથી એટલે સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની વાત કહેશે એ તો વિશેષ છે, એ તો મહાસુખદાયક છે, એ તો વિશેષ કહેશે. સમજાણું ? આ તો સમ્યગ્દર્શન સિવાયની ક્રિયા પુણ્ય-પાપના પરિણામ, દયા, દાન, વ્રત, ભક્તિના (પરિણામ) કે બહારના સંયોગો એ બધા સમ્યગ્દર્શન સિવાય બીજામાં ક્યાંય સુખ નથી એમ કહેવું છે, હોં !

'આ સમ્યગ્દર્શન જ બધા ધર્મોનું મૂળ છે;...' બધા ધર્મ એટલે ? અજ્ઞાનીઓએ કહેલા ધર્મ ઇ (નહિ). આત્મા ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે અનંતા આત્મા જોય, એ માહેલો આ એક આત્મા, એની જે શ્રદ્ધા-જ્ઞાન, શાંતિ, આનંદ, ક્ષમા આદિના અનંત ધર્મો એમાં આ બધાનું મૂળ છે. સમ્યગ્દર્શન ધર્મનું મૂળ છે. આત્માની બધી નિર્મળ પર્યાય, બધી નિર્મળ પર્યાયો, ક્ષમા, શાંતિ, નિર્માનતા, નિર્લોભતા, અમાલપણા? સમજાય છે ? વગેરે વગેરે નિશ્ચય સમિતિ, ગુપ્તિ વગેરે જે જીવની ધર્મપર્યાયો એમાં બધાનું મૂળિયું આ સમ્યગ્દર્શન છે. કારણ કે આખો આત્મા પ્રતીતમાં, અનુભવમાં લીધા વિના એમાંથી શક્તિની વ્યક્તિનું કારણ તો આ છે. સમજાય છે કાંઈ ?

'આ સમ્યગ્દર્શન જ બધા ધર્મોનું મૂળ છે;...' સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો આત્મા, એનું જે સમ્યગ્દર્શન, એની બધી ભગવાને કહેલી નિશ્ચય ધર્મની પર્યાયોમાં મૂળ તો આ છે. આ વિના સમ્યગ્જ્ઞાન ન હોય, એ વિના ચારિત્ર ન હોય, એ વિના ક્ષમા આદિ (ન હોય). નિર્માન, આમ શાંત દેખાય, પ્રકૃતિ શાંત.. શાંત.. એ બધી શાંતિ સમ્યગ્દર્શન વિના જૂઠી (છે). સમજાણું કાંઈ ? આહા..હા...! એ વિના.. લ્યો, આ તો પોતે કહે છે.

'આ સમ્યગ્દર્શન વિના સમસ્ત ક્રિયાઓ દુઃખદાયક છે.' સમજાણું ? એક સમ્યગ્દર્શન આત્માના નિર્વિકલ્પ અનુભવદૃષ્ટિ વિના જેટલી શાસ્ત્રના ભણવાની ક્રિયા, દયા, દાન, વ્રત, ભક્તિની ક્રિયા, પૂજાની ક્રિયા, ભાન વિનાના અંતર ધ્યાનની ક્રિયા, સમ્યગ્દર્શન વિનાના ધ્યાનની ક્રિયા દુઃખદાયક છે. સમજાણું કાંઈ ? એ પણ આમ ધ્યાન તો કરે ને ? શેના ધ્યાન ? વસ્તુના ભાન વિના ધ્યાન ક્યાં આવ્યું તારું ?

મુમુક્ષુ :– મસ્તી તો માણે છે.

ઉત્તર :– મસ્તી માણે છે ને અજ્ઞાનની. આર્તધ્યાન હોય, આર્તધ્યાન. એની મસ્તી હોય. એવા ઘણા બાવા હોય. મસ્ત.. મસ્ત આમ જાણે. હોય મૂઢ મિથ્યાદૃષ્ટિ. આહા..હા...!

'આ સમ્યગ્દર્શન વિના...' બધી ક્રિયાઓમાં શું બાકી રહ્યું ? દયા, દાન, શાસ્ત્ર સ્વાધ્યાય, ધર્મકથા, મંદિર કરવાનો ભાવ, મંદિર તો પર ન્યાં રહી ગયું. ભાઈ ! શું થયું આ ? આહા..હા...! ભાઈ ! જેના મૂળ નથી તેના ઝાડ ફાલ્યા કેમ કહેવા ? 'मूलं नास्ति कुतो शाखा' જ્યાં પહેલી વસ્તુ જ શું છે ? એક ભગવાન પૂર્ણાનંદ એક એક આત્મા ભિન્ન, એના અંતરમાં ભાન નથી એવા અનંત પરમાત્માઓ આત્મા ભિન્ન ભિન્ન બધા સ્વતંત્ર છે. બધા આત્માઓ પરમાત્મા થઈ શકે છે. એક નહિ, હોં ! એક થઈ શકે નહિ, ત્રણ કાળમાં કોઈ દી એક ન થાય. આહા..હા..! એવા આત્માના ભાન વિના સમસ્ત ક્રિયાઓ દુઃખદાયક છે, દુઃખની દાતા છે. પુણ્યભાવ કરે એ દુઃખનો દાતા છે, એમ કહ્યું, લ્યો ! એમ કહ્યું કે નહિ એમાં ? વ્રતના પરિણામ, પંચ મહાવ્રતના પરિણામ દુઃખના દેનારા છે, એમ કહે છે લ્યો !

મુમુક્ષુ :– શાસ્ત્રનું જ્ઞાન તો સુખ દેનારું છે ને?

ઉત્તર :– બધું દુઃખનું દેનાર છે. એને લઈને પાછા ધર્મ થાતા હશે ? અરે..! ભગવાન ! આખો આત્મા પ્રભુ પડ્યો રહ્યો. અસ્તિ આખી પડી રહી. અસ્તિ મોટું તત્ત્વ ભગવાન આખું આત્મતત્ત્વ શું છે એ વિનાની વાતું બધી દુઃખદાયક છે, કહે છે.

'સમ્યગ્દષ્ટિ જીવ આયુ પૂર્ણ થતાં જ્યારે મરે...' મરે એટલે સમજાવવું શું ? દેહ છૂટે એનું નામ મરે. આત્મા મરે છે ક્યાં ? સમજાવવાની શૈલી શું હોય ? પણ દેહ એને હજી હોય છે, આ દેહ છૂટે છે એવું બધું સિદ્ધ કરવું છે. 'ત્યારે બીજાથી સાતમી નરકના નારકી,...' એમાં ન જાય. 'જ્યોતિષી, વ્યંતર, ભવનવાસી, નપુંસક...' પહેલી નરકના નપુંસક સિવાય. 'સર્વ પ્રકારની સ્ત્રી,...' સર્વ પ્રકારની સ્ત્રીમાં ન જાય.

આમાં ચિહ્ન કર્યું છે, નહિ ? જુઓ ! આ બધું કર્યું છે, હોં ! જુઓ ! ગતિ કરી છે. છ નરક લીધી છે. આ લખ્યું છે, શું કહેવાય ? જ્યોતિષી. આ ચંદ્ર જ્યોતિષી (દેવ)



છે. આ વ્યંતર, સ્થાવર બધા જુદા જુદા લીધા છે. એ તો ઠીક, અહીં જુઓ ! મોક્ષનો મહેલ લીધો, જુઓ ! પગથિયું. સમ્યગ્દર્શન પહેલું પગથિયું લીધું (છે). અને અહીંયાં પેલા નપુંસકને ક્યાં લીધા છે ? આ રહ્યા, જુઓ ! નપુંસક. એકે સ્ત્રીનો વેશ પહેર્યો છે પણ છે નપુંસક. ઢોલ વગાડે છે ઇ. એવા નપુંસક પણ અત્યારે હોય છે. પોતે (નપુંસક) હોય પણ પછી સ્ત્રીના કપડાં પહેરે, આમ ઢોલ વગાડે. જુઓ ! આ વગાડે. સમજ્યા ને ? મનુષ્યના નપુંસકમાં ન ઊપજે એણ બતાવવા. સમજાણું ?

'એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચતુરિન્દ્રિય અને કર્મભૂમિના પશુ થતા નથી;...' એટલે પહેલું બંધાઈ (ગયું હોય તો) ભોગભૂમિના થાય. '(નીચ ફળવાળા, ઓછા અંગવાળા, અલ્પાયુવાળા અને દરિદ્રી થતા નથી);...' સમજાણું ? 'વિમાનવાસી દેવ, ભોગભૂમિના મનુષ્ય અથવા તિર્યંચ થાય છે.' વિમાનવાસી દેવ થાય કાં આયુષ્ય બંધાઈ ગયું હોય તો ભોગભૂમિનો મનુષ્ય અને તિર્યંચ થાય. 'કર્મભૂમિના તિર્યંચ પણ થતાં નથી. કદાચ નરકમાં જાય તો પહેલી નરકથી નીચે જતાં નથી. ત્રણ લોક અને ત્રણ કાળમાં સમ્યગ્દર્શન જેવી સુખદાયક બીજી કોઈ વસ્તુ નથી. આ સમ્યગ્દર્શન જ સર્વ ધર્મોનું મૂળ છે.' ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહેલા બધા ધર્મો એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, ઉત્તમ ક્ષમા આદિ પરમાત્માએ કહેલા, હોં ! એ બધાનું મૂળિયું સમ્યગ્દર્શન છે. 'આ વિના જેટલા ક્રિયકાંડ છે તે બધાં દુ:ખદાયક હોય છે.' નીચે

ખુલાસો કર્યો છે. ઠીક, વાત થઈ ગઈ છે. કહો, સમજાણું ?

---

### સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્રનું મિથ્યાપણું

**મોક્ષમહલકી પરથમ સીઢી, યા વિન જ્ઞાન ચરિત્રા;**
**સમ્યક્તા ન લહે, સો દર્શન ધારો ભવ્ય પવિત્રા.**
**'દૌલ' સમજ સુન ચેત સયાને, કાલ વૃથા મત ખોવૈ;**
**યહ નરભવ ફિર મિલન કઠિન હૈં, જો સમ્યક્ નહિં હોવૈ.**

અન્વયાર્થ :- [આ સમ્યગ્દર્શન જ] (મોક્ષમહલકી) મોક્ષરૂપી મહેલનું (પરથમ) પહેલું (સીઢી) પગથિયું છે, (યા વિન) આ સમ્યગ્દર્શન વિના (જ્ઞાન ચરિત્રા) જ્ઞાન અને ચારિત્ર (સમ્યક્તા) સાચાપણું (ન લહે) પામતા નથી; તેથી (ભવ્ય) હે ભવ્ય જીવો ! (સો) આવા (પવિત્રા) પવિત્ર (દર્શન) સમ્યગ્દર્શનને (ધારો) ધારણ કરો, (સયાને દૌલ) હે સમજુ દૌલતરામ ! (સુન) સાંભળ, (સમજ) જાણ અને (ચેત) સાવધાન રહે, (કાલ) તારો વખત (વૃથા) નકામો-બિનજરૂરી (મત ખોવૈ) ગુમાવ નહિ; [કારણ કે] (જો) જો (સમ્યક્) સમ્યગ્દર્શન (નહિં હોવૈ) ન થયું તો (યહ) આ નરભવ) મનુષ્ય પર્યાય (ફિર) ફરીને (મિલન) મળવી (કઠિન હૈં) મુશ્કેલ છે.

ભાવાર્થ :- આ *સમ્યગ્દર્શન જ મોક્ષરૂપી મહેસમાં ચડવાને માટે પહેલું પગથિયું છે. આ વિના જ્ઞાન અને ચારિત્ર સમ્યક્પણાને પામતાં નથી, એટલે કે જ્યાં સુધી સમ્યક્દર્શન ન થાય ત્યાં સુધી જ્ઞાન તે મિથ્યાજ્ઞાન અને ચારિત્ર કહેવાતાં નથી. માટે દરેક આત્મહિતેચ્છુએ આવું પવિત્ર સમ્યગ્દર્શન અવશ્ય ધારણ કરવું જોઇએ. પંડિત દૌલતરામજી પોતાના આત્માને સંબોધીને કહે છે કે, હે વિવેકી આત્મા ! તું આવા પવિત્ર સમ્યગ્દર્શનના સ્વરૂપને જાતે સાંભળીને બીજા અનુભવી જ્ઞાની પાસેથી પ્રાપ્ત કરવામાં સાવધાન થા, તારા અમૂલ્ય મનુષ્યજીવનને ફોગટ ન ગુમાવ. આ જન્મમાં જો સમ્યક્ત્વ ન પામી શક્યો તો પછી મનુષ્યપર્યાય વગેરે સારા યોગ ફરીફરી પ્રાપ્ત થતા નથી.

## ત્રીજી ઢાળનો સારાંશ

આત્માનું કલ્યાણ, સુખ પ્રાપ્ત કરવામાં છે. આકુળતા (ચિંતા, કલેશ)નું મટી જવું તે સાચું સુખ છે. મોક્ષ જ સુખરૂપ છે; એટલા માટે દરેક આત્મહિતેચ્છુએ મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરવી જોઇએ.

નિશ્ચયસમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર એ ત્રણેની એકતા મોક્ષમાર્ગ કહેવાય છે. તેનું કથન બે પ્રકારે છે. નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો 'ખરેખર' મોક્ષમાર્ગ છે અને વ્યવહારસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ નથી પણ ખરેખર બંધમાર્ગ છે; પણ નિશ્ચયમોક્ષમાર્ગમાં સહચર હોવાથી તેને વ્યવહારમોક્ષમાર્ગ કહેવાય છે.

આત્માનું પરદ્રવ્યોથી ભિન્નપણાનું યથાર્થ શ્રદ્ધાન તે નિશ્ચયસમ્યગ્દર્શન અને આત્માનું પરદ્રવ્યોથી ભિન્નપણાનું યથાર્થ જ્ઞાન તે નિશ્ચયસમ્યગ્જ્ઞાન છે. પરદ્રવ્યોનું આલંબન છોડીને આત્મસ્વરૂપમાં લીન થવું તે નિશ્ચયસમ્યક્ચારિત્ર છે. તથા સાતે તત્ત્વોનું જેમ છે તેમ ભેદરૂપ અટળ શ્રદ્ધાન કરવું તે વ્યવહારસમ્યગ્દર્શન કહેવાય છે. જોકે સાત તત્ત્વોની ભેદથી અટળ શ્રદ્ધા શુભરાગ છે તેથી તે ખરેખર સમ્યગ્દર્શન નથી પણ નીચલી દશામાં ચોથા-પાંચમા-છઠ્ઠા ગુણસ્થાનમાં નિશ્ચયસમક્તિની સાથે-સહચર હોવાથી તે વ્યવહારસમ્યગ્દર્શન કહેવાય છે.

૮ મદ, ૩ મૂઢતા, ૬ અનાયતન અને શંકા વગેરે ૮-એ ૨૫ સમ્યક્ત્વના દોષ છે; તથા નિઃશંક્તિ વગેરે ૮ સમ્યક્ત્વના અંગ (ગુણ) છે. એને સારી રીતે જાણીને દોષોનો ત્યાગ અને ગુણોનું ગ્રહણ કરવું જોઇએ.

જે વિવેકી જીવ નિશ્ચયસમ્યક્ત્વને ધારણ કરે છે તેને કમજોરી છે ત્યાં સુધી પુરુષાર્થની મંદતાના કારણે જોકે જરા પણ સંયમ હોતો નથી. તોપણ તે ઇન્દ્રાદિક દ્વારા પૂજાય છે. ત્રણલોક અને ત્રણકાળમાં નિશ્ચયસમ્યક્ત્વ સમાન સુખકારી બીજી કોઇ વસ્તુ નથી. બધાં ધર્મોનું મૂળ સાર અને મોક્ષમાર્ગનું પહેલું પગથિયું આ સમ્યક્ત્વ જ છે, તેના વિના જ્ઞાન અને ચારિત્ર સમ્યક્પણું પામતાં નથી પણ મિથ્યા કહેવાય છે.

આયુષ્યનો બંધ થયા પહેલાં સમ્યક્ત્વ ધારણ કરનાર જીવ મરણ પામ્યા પછી બીજા ભવમાં નારકી, જ્યોતિષી, વ્યંતર, ભવનવાસી, નપુંસક, સ્ત્રી, સ્થાવર, વિકલત્રય,

પશુ, હીનાંગ, નીચકુળવાળો, અલ્પાયુ અને દરિદ્રી થતો નથી; મનુષ્ય અને તિર્યંચ સમ્યગ્દષ્ટિ મરીને વૈમાનિકદેવ થાય છે, દેવ અને નારકી સમ્યગ્દષ્ટિ મરીને કર્મભૂમિમાં ઉત્તમ ક્ષેત્ર મનુષ્ય જ થાય છે. જો સમ્યગ્દર્શન થયા પહેલાં ૧-દેવ, ૨-મનુષ્ય, ૩-તિર્યંચ કે ૪-નરકનું આયુષ્ય બંધાઇ ગયું હોય તો, તે મરીને ૧- વૈમાનિક દેવ, ૨-ભોગભૂમિનો મનુષ્ય, ૩-ભોગભૂમિનો તિર્યંચ કે ૪-પહેલી નરકનો નારકી થાય છે. આથી અધિક નીચેના સ્થનમાં જન્મતા નથી. આ પ્રમાણે નિશ્ચયસમ્યગ્દર્શનનો મહિમા અપાર છે.

માટે દરેક આત્મહિતેચ્છુએ સત્‌શાસ્ત્રનો સ્વાધ્યાય, તત્ત્વચર્ચા, સત્સમાગમ તથા યથાર્થ તત્ત્વવિચાર વડે નિશ્ચયસમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું જોઇએ, કેમકે જો આ મનુષ્યપર્યાયમાં નિશ્ચયસમક્તિ ન પામ્યો તો પછી ફરીને મનુષ્યપર્યાય પ્રાપ્તિ વગેરેનો સુયોગ મળવો કઠણ છે.

---

હવે 'સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્રનું મિથ્યાપણું.'

**મોક્ષમહલકી પરથમ સીઢી, યા વિન જ્ઞાન ચરિત્રા;**
**સમ્યક્તા ન લહે, સો દર્શન ધારો ભવ્ય પવિત્રા.**
**'દૌલ' સમજ સુન ચેત સયાને, કાલ વૃથા મત ખોવૈ;**
**યહ નરભવ ફિર મિલન કઠિન હૈં, જો સમ્યક્ નહિં હોવૈ.**

'મોક્ષમહલકી પરથમ સીઢી, યા વિન જ્ઞાન ચરિત્રા;' 'યા વિન જ્ઞાન ચરિત્રા' નામ તો આપ્યું, હોં ! મોક્ષમહેલની પ્રથમ સીડી. મોક્ષમહેલની પ્રથમ સીડી–પહેલું પગથિયું એ છે. પહેલા પગથિયાં ન હોય એને બીજા પગથિયા હોય નહિ, એમ કહે છે.

મુમુક્ષુ :– ચારિત્ર છે માટે સમ્યગ્દર્શન જ હોય.

ઉત્તર :– ક્યાં પણ ચારિત્ર ? ચારિત્ર હોય ત્યાં સમ્યગ્દર્શન હોય જ (એમ કહે છે). પણ એ ચારિત્ર હતું કે દી ? પંચ મહાવ્રતના પરિણામ, દયા, દાન, અહિંસા એ બધા વિકલ્પો તો શુભભાવ છે. ઇ ચારિત્ર કેવું ? સમજાણું કાંઈ ?




'મોક્ષરૂપી મહેલનું પહેલું (સીઢી) પગથિયું છે,...' પહેલું જ પગથિયું એ છે હજી. જ્યાં પહેલું પગથિયું જ હાથ નથી આવ્યું એ મોક્ષમાં ચડવા માંડે (એમ બને નહિ). સમજાય છે કાંઈ ? પહેલું પગથિયું (આવ્યું ન હોય અને) કૂદકો મારીને બીજે, ત્રીજે જાય તો ? હોય જ નહિ પણ. સમ્યગ્દર્શન વિના કોઈ જ્ઞાન પણ સાચું ન હોય અને વ્રત પણ સાચા ન હોય. ખોટેખાટા જ્ઞાન પુણ્યબંધનું કારણ દુઃખદાયક હોઈ શકે. આહા..હા...!

મુમુક્ષુ :– કૂદકો મારીને ચડે.

ઉત્તર :– ઇ હોય જ નહિ, ચડી જ ન શકે ઇ. ઇ ખ્યાલ છે. મગજમાં એ ખ્યાલ હતો.

'આ સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્ર...' 'મોક્ષરૂપી મહેલનું પહેલું પગથિયું છે,...' અહીં તો એમ સિદ્ધ કરે છે, પૂર્ણાનંદની આત્માની પ્રાપ્તિરૂપી મોક્ષ, મોક્ષ એટલે પૂર્ણ શુદ્ધ દશા. દશા-પર્યાય છે. મોક્ષ એ પર્યાય છે.

મુમુક્ષુ :– આમાં મોટો મહેલ બતાવ્યો છે.

ઉત્તર :– હા, કીધું ને. મોટા મહેલની પર્યાય છે, નિર્મળ પર્યાય છે. મોક્ષ એ કંઈ ગુણ નથી, દ્રવ્ય નથી. આત્માની પૂર્ણ નિર્મળ શુદ્ધ આનંદદશા છે, પર્યાય છે, હાલત છે એનું નામ મોક્ષ. એ મોક્ષમહેલું પહેલું પગથિયું સમ્યગ્દર્શન સંવર, નિર્જરા સ્વરૂપ છે. લ્યો ! સમજાણું કાંઈ ? એનું લક્ષ ઠેઠ છે. સમ્યગ્દષ્ટિનું લક્ષ પૂર્ણ શુદ્ધ અને આનંદ પ્રગટવા માટે છે અને એના વિના પૂર્ણ શુદ્ધની શ્રેણીની ધારા ક્યાંથી ચાલે ? સમજાણું કાંઈ ? સમ્યગ્દષ્ટિને વચમાં રાગ હોય, આસ્રવ હોય, પુણ્ય હોય, છઠ્ઠે ગુણસ્થાને મુનિને, સાચા સમ્યગ્દર્શન સહિતને વ્રત પણ આવે પણ એ આસ્રવ

છે. એમાં એની બુદ્ધિ સ્થિર થતી નથી. એની તો શુદ્ધતા.. પૂર્ણ શુદ્ધતા એ શુદ્ધતાના અંશો વધતા જાય છે, પણ એ શુદ્ધતાના અંશો, પર્યાયો વધી અને પૂર્ણ શુદ્ધ થાય એની શરૂઆતની શુદ્ધતા સમ્યગ્દર્શનથી થાય છે. એ વિના શુદ્ધતા (પૂર્ણ થાય નહિ). આ શુદ્ધતા, હોં ! શુભભાવની શુદ્ધતા નહિ. આહા..હા...!

મુમુક્ષુ :– શુભભાવ....

ઉત્તર :– ના, ના. શુભભાવ પહેલા પગથિયાનું ફળ નહિ અને શુભભાવનું એ ફળ નહિ. કહો, સમજાણું કાંઈ ?

એ ચૈતન્યગોળો અનંત ગુણનો પિંડ શુદ્ધ આનંદકંદ, જેની શક્તિમાં અનંતા પરમાત્મા પડ્યા છે. એક આત્મામાં ! એવા અનંત આત્માનું પરમાત્મસ્વરૂપની દૃષ્ટિ વિના કહે છે, પૂર્ણ પરમાત્મા એવી મોક્ષગતિની શ્રેણી આ વિના એનું બધું ખોટું (છે), પહેલી શ્રેણી જ આ છે.

'આ સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્ર...' શું ભાષા લીધી છે ? જુઓ ! 'સાચાપણું પામતા નથી;...' જૂઠાપણું ભલે પામો. જૂઠું જ્ઞાન અને ચારિત્ર. સમજાણું કાંઈ ? ગમે એટલું ભણ્યો હોય, અગિયાર અંગ ને નવ પૂર્વ (ભણ્યો હોય), હજારો-લાખો માણસને રંજન કરતો હોય. ઓ..હો..હો...! શું ભણતર ને શું એનું જ્ઞાન ! ધારાવાહી.. વગર પુસ્તકે બે-બે, પાંચ-પાંચ કલાક મોઢેથી વાતું કરે. પણ સમ્યક્ ભાન, અંતર દૃષ્ટિના આ ભાન વિના તે બધું જ્ઞાન સાચાપણાને પામતું નથી. લ્યો !

'અને ચારિત્ર...' સમ્યગ્દર્શન વિના પંચ મહાવ્રત ધારે, નગ્ન દિગંબર થઈ જાય, મુનિ, હોં ! દ્રવ્યલિંગી, દ્રવ્યસમકિત અને દ્રવ્યચારિત્ર. દ્રવ્યસમકિત એટલે એની વ્યવહાર શ્રદ્ધા હોય, દેવ-ગુરુ-શાસ્ત્રની (શ્રદ્ધા હોય). નિશ્ચય વિના, હોં ! એ બધું એનું સાચાપણું પામતું નથી. સમજાણું કાંઈ ? આહા..હા...! એમ કીધું કે, સમ્યગ્દર્શન હોય પછી જ્ઞાન, ચારિત્ર પણ હોય છે. એમ ભેગું કહ્યું ને ? પણ એના વિના જ્ઞાન, ચારિત્ર હોતાં નથી એટલે સાચું નામ પામતા નથી, બધું ખોટું.

'તેથી હે ભવ્ય જીવો ! આવા પવિત્ર સમ્યગ્દર્શનને ધારણ કરો,...' દેખો ! પહેલામાં પહેલો ભગવાનઆત્મા નવ તત્ત્વમાં અજીવ, આસ્રવ, બંધ, પુણ્ય-પાપથી જુદો એવો પૂર્ણ અખંડ આત્મા, એકરૂપે પોતાનું અભેદ દ્રવ્યની શ્રદ્ધા પહેલામાં પહેલી પ્રગટ

કરો. એ પવિત્ર શ્રદ્ધા વિના ધર્મનું એક ડગલું પણ થશે નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...! થોડામાં પણ ઘણું ભરી દીધું. 'હે ભવ્ય જીવો !' ભાષા એમ લીધી છે ને ? અભવ્ય નથી લીધા. 'ધારો ભવ્ય પવિત્રા.' અભવિને હોતું નથી એટલે ભવિ લીધો છે, જુઓ ! જગતમાં અભવિ જીવ છે એ સિદ્ધ કરે છે. કોઈ દી મુક્તિ ન પામે એવા અભવિ જીવો જગતમાં અનંતા છે. અનાદિકાળના છે અને (અનંતકાળ) રહેશે. ત્યારે ભવ્ય નામ આવ્યું ને ? હે ભવ્ય ! તારવીને કહ્યું, ઓલા અભવ્યમાંથી તારવીને કહ્યું. સમજાણું કાંઈ ? આહા..હા..! વળી જીવના બે ભાગ ? ભવિ અને અભવિ. (વળી એના) વાંધા. અજ્ઞાનીને તો ક્ષણે અને પળે વાંધા (હોય). બે ભાવ છે, બે ભાવ.

હે ભવ્ય ! 'આવા પવિત્ર સમ્યગ્દર્શનને ધારણ કરો,..' એમ ભલામણ કરી. હવે ઇ પોતે એક ભલામણ પોતાને કરશે અને બીજાને કરશે, એ એક શૈલી બાકી છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## વીર સંવત ૨૪૯૨, મહા વદ ૫, ગુરુવાર
## તા. ૧૦-૨-૧૯૬૬, ગાથા ૧૭. પ્રવચન નંબર–૨૨

'છ ઢાળા' કી તીસરી ઢાલ હૈ, ઉસકી આખીર કી ૧૭વીં ગાથા હૈ. હે ન ?

**મોક્ષમહલકી પરથમ સીઢી, યા વિન જ્ઞાન ચરિત્રા;**
**સમ્યક્તા ન લહે, સો દર્શન ધારો ભવ્ય પવિત્રા.**
**'દૌલ' સમજ સુન ચેત સયાને, કાલ વૃથા મત ખોવૈ;**
**યહ નરભવ ફિર મિલન કઠિન હૈં, જો સમ્યક્ નહિં હોવૈ.**

ઉસકા અર્થ, ઉસકા અન્વયાર્થ હૈ ન ? દેખો ! ક્યા કહતે હૈં ? '(યહ સમ્યગ્દર્શન) (મોક્ષમહલ કી) મોક્ષરૂપી મહલ કી પ્રથમ સીઢી હૈ;...' દેખો ! પહલી બાત યહ આઇ. સમ્યગ્દર્શન પહલી સીઢી તો યહ હૈ. આત્મા મેં અન્દર આનંદ શુદ્ધ પડા હૈ, વહ પૂર્ણ આનંદ કી પ્રાપ્તિ હોના ઉસકા નામ મોક્ષ હૈ. પૂર્ણ અતીન્દ્રિય આનંદ આત્મા મેં અંદર પડા હૈ, ઉસકી પર્યાય મેં–અવસ્થા મેં પૂર્ણ આનંદ પ્રાપ્ત હોના ઉસકા નામ મોક્ષ (હૈ). ઉસ મોક્ષ મહલ કી પ્રથમ સીઢી–સોપાન સમ્યગ્દર્શન હૈ. સમ્યગ્દર્શન બિના મોક્ષ કી શુરૂઆત ભી હોતી નહી. ક્યોંકિ મોક્ષમાર્ગ મેં પહલે તો સમ્યગ્દર્શન હૈ.

'મોક્ષરૂપી મહલ કી પ્રથમ સીઢી હૈ; (યા બિન) ઇસ સમ્યગ્દર્શન કે બિના...' સમ્યગ્દર્શન ક્યા (હૈ) ? વહ બાત ચલી હૈ, પહલે આ ગઈ હૈ. પરદ્રવ્ય સે ભિન્ન.. વહ આ ગયા હૈ ન ? પરદ્રવ્ય સે ભિન્ન આત્મા કી રુચિ ભલી હૈ. ભગવાનઆત્મા શરીર, કર્મ, પુણ્ય ઔર પાપ કા વિકારી ભાવ સે ભિન્ન અપના સ્વરૂપ શુદ્ધ આનંદકંદ હૈ, ઉસકી અંતર મેં દૃષ્ટિ હોના ઉસકા નામ સમ્યગ્દર્શન કહને મેં આયા હૈ. સમજ મેં આયા ?

પરદ્રવ્ય સે ભિન્ન આત્મરુચિ. આત્મા અર્થાત્ જ્ઞાનાનંદ શુદ્ધ આનંદસ્વરૂપ આત્મા હૈ (ઉસકી) પરદ્રવ્ય સે ભિન્ન ઔર પુણ્ય-પાપ કા ભાવ જો આસ્રવ હોતા હૈ ઉસસે ભી ભિન્ન અપના આત્મા આનંદ ઔર જ્ઞાયકસ્વરૂપ હૈ, ઉસકા અંતર મેં ભાન હોકર

પ્રતીત હોના ઉસકા નામ પ્રથમ સમ્યગ્દર્શન હૈ. ઇસ સમ્યગ્દર્શન બિના ઉસકા જ્ઞાન હો યા વર્તન આદિ હો વહ સબ મિથ્યા હૈ. યહ કહતે હૈં, દેખો ! 'છ ઢાલા' યહ તો સાદી હિન્દી ભાષા હૈ. 'દૌલતરામ' કૃત 'છ ઢાલા' હૈ. સમજ મેં આયા ?

'ઇસ સમ્યગ્દર્શન બિના...' અપના આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વરૂપ હૈ, ઉસકા અંતર મેં અનુભવ હુએ બિના, ઉસકા સમ્યગ્દર્શન–અંતર મેં પ્રતીત હુએ બિના કોઈ 'જ્ઞાન ઔર ચારિત્ર સચ્ચાઈ પ્રાપ્ત નહીં કરતે;...' ચાહે જિતના પઢા હૌ પરંતુ સમ્યગ્દર્શન બિના વહ જ્ઞાન જ્ઞાન કહને મેં આતા નહીં. સમજ મેં આયા ? અનંતકાલ મેં યહ ક્યા ચીજ હૈ વહ ઉસને યથાર્થપને સુની નહીં. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમાત્મા ઉનકો જો એક સમય મેં તીન કાલ તીન લોક દેખને મેં આયે ઐસે કેવલી પરમાત્મા ને આત્મા કા સ્વરૂપ ઐસા દેખા કિ, પુણ્ય-પાપ કા વિકારી ભાવ હોતા હૈ ઉસસે ભિન્ન દેખા હૈ.

મુમુક્ષુ :– કિસકો ?

ઉત્તર :– આત્મા કો. પર કે આત્મા કો ભી (ઐસા દેખા હૈ). સમજ મેં આયા ? ઐસે આત્મા મેં... રાત કો સબ પ્રશ્ન ચલે થે ઉસકા અર્થ એક હી હૈ, **'भूदत्थमस्सिदो खलु'** વહ બાત વિશેષ ચલેગી, લેકિન અભી નહીં. સમજ મેં આયા ? વહ જબ ચલેગી તબ ચલેગી. આત્મા જ્ઞાયકસ્વરૂપ હૈ ઉસકા જ્ઞાન હોના વહી સબ કા સાર હૈ. ક્રમબદ્ધ કા, વ્યવસ્થિત પર્યાય હોના, સર્વજ્ઞ ને દેખા ઐસા હોના, સબ કા એક હી લક્ષ ઔર એક હી સ્વરૂપ હૈ. સમજ મેં આયા ?

ચૈતન્ય ભગવાનઆત્મા ચૈતન્ય જ્ઞાયકસૂર્ય હૈ. જ્ઞાયકસૂર્ય આત્મા (હૈ), ઉસમેં શુભાશુભભાવ ઉઠતે હૈં, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ કા ભાવ (હોતા હૈ) વહ ભી આસ્રવતત્ત્વ હૈ, વહ આત્મા મેં નહીં હૈ. સમજ મેં આયા ? વસ્તુસ્વભાવ મેં નહીં હૈ. ઐસા આત્મા કા અંતર મેં સ્વલક્ષ્ય કરકે ત્રિકાલી જ્ઞાયકભાવ કા રાગ સે રહિત હોકર, સ્વભાવ મેં એકત્વ હોકર અનુભવ મેં પ્રતીત કરની વહી અનંતકાલ મેં નહીં પ્રાપ્ત કી ઐસી સમ્યગ્દષ્ટિ હૈ. ઇસ સમ્યગ્દર્શન કે બિના ચાહે જિતના જ્ઞાન કરે, ચાહે જિતના વ્રત, તપ કરે.. તો કહતે હૈં કિ, ઇસકે બિના 'જ્ઞાન ઔર ચારિત્ર (સમ્યક્તા) પ્રાપ્ત નહીં કરતે;...' સચ્ચાઇપના ઉસે મિલતા નહીં, સચ્ચાઈ કી છાપ

ઉસે મિલતી નહીં.

મુમુક્ષુ :- ક્યોં નહીં મિલતી ?

ઉત્તર :- જૂઠા હૈ, પ્રતીત મેં તત્ત્વ હી જૂઠા હૈ. જો વસ્તુ જ્ઞાયક ચિદાનંદ હૈ ઉસકા તો ભાન હૈ નહીં, તો જ્ઞાન તો ઉસકા કરના હૈ. પર કા જ્ઞાન નહીં (કરના) હૈ. સમજ મેં આયા ? આત્મા મેં જ્ઞાન હૈ, આનંદ હૈ, શ્રદ્ધા હૈ, શાંતિ આદિ અનંત ગુણ હૈં. જબ ઉસકી પ્રતીતિ હુઈ તો જ્ઞાન જ્ઞાન કહને મેં આતા હૈ. ઔર ઉસકા ભાન હુઆ તો જ્ઞાન કે પશ્ચાત્ સ્વરૂપ મેં સ્થિરતા (હો), અંતર આનંદ મેં સ્થિર હો ઉસે ચારિત્ર કહતે હૈં. લેકિન સમ્યગ્દર્શન હી નહીં હૈ, ક્યા ચીજ હૈ ઉસકી હી ઉસે ખબર નહીં.

કહતે હૈં કિ, 'ઇસ સમ્યગ્દર્શન કે બિના જ્ઞાન ઔર ચારિત્ર સચ્ચાઈ પ્રાપ્ત નહીં કરતે;...' ઉસે સમ્યક્તા લાગૂ નહીં હોતી. સમ્યગ્જ્ઞાન ઔર સમ્યક્ચારિત્ર નહીં કહને મેં આતા હૈ. સમજ મેં આયા ? ક્યોંકિ મોક્ષમહલ કી પ્રથમ સીઢી હૈ. ઉસમેં કહા હૈ ન ? ઉસમેં લિખા હૈ, દેખો ! બડા મહલ હૈ ન ? મહલ હૈ, દેખો ! પહલે સમ્યગ્દર્શન હૈ, બાદ મેં સમ્યગ્જ્ઞાન હૈ, બાદ મેં સમ્યક્ચારિત્ર હૈ. દેખો, હૈ ? મહલ મેં ચઢને કી સીઢી બનાઈ હૈ. સીઢી મેં પહલે સમ્યગ્દર્શન લિયા હૈ.

મુમુક્ષુ :- પુણ્ય ક્યોં નહીં લિયા હૈ ?

ઉત્તર :- પુણ્ય ક્યા હૈ, પુણ્ય તો વિકાર હૈ. સમજ મેં આયા ? પુણ્ય કી પ્રતીતિ, આત્મા કી પ્રતીતિ કરને સે પુણ્ય કા ભાવ મેરે મેં નહીં હૈ, ઐસી પ્રતીતિ આતી હૈ. પુણ્યતત્ત્વ ભિન્ન હૈ, નવ તત્ત્વ મેં પુણ્યતત્ત્વ ભિન્ન હૈ. આત્મતત્ત્વ ભિન્ન હૈ, બંધતત્ત્વ ભિન્ન હૈ, સંવર, નિર્જરા તત્ત્વ ભિન્ન હૈં. પહલી સીઢી યહ લી હૈ. થોડે છોટે અક્ષર હૈં. મહલ લિયા હૈ ન ? દેખો ના ! મોક્ષમહલ. મોક્ષમહલ કી પ્રથમ (સીઢી).

અંતર ભગવાનઆત્મા...! ક્રમબદ્ધ મેં ભી વહ આતા હૈ. ક્રમબદ્ધ કા જ્ઞાન કરનેવાલા કૌન ? આત્મા. આત્મા કા જ્ઞાન હુએ બિના ક્રમબદ્ધ કા જ્ઞાન ઉસે યથાર્થ હોતા નહીં. દર્શન બિના જ્ઞાન યથાર્થ નહીં હોતા, ઐસા કહા. સમજ મેં આયા ?

મૂલ ચીજ કી ખબર નહીં ઔર અનાદિ સે ઐસે હી ચલતા હૈ. કહતે હૈં કિ, સમ્યક્ આત્મા કા અંતરબોધ બિના દયા, દાન કા વિકલ્પ જો રાગ આતા હૈ, વહ ભી પુણ્યબંધ કા કારણ હૈ. ઐસા સમ્યગ્દર્શન હો તો ભાન, જ્ઞાન હોતા હૈ, નહીં તો જ્ઞાન સચ્ચા હોતા નહીં. સમજ મેં આયા ?

'હે ભવ્ય જીવો !' દેખો ! અબ સ્વયં સંબોધન કરતે હૈં. 'દૌલતરામજી' સ્વયં અપને કો (સંબોધન કરતે હૈં). (હિન્દી મેં) પોતે નહીં બોલતે ? 'દૌલતરામજી' અપને કો સબંધોન કરતે હૈં ઔર દૂસરોં કો ભી સંબોધન કરતે હૈં. 'હે ભવ્ય જીવો ! ઐસે પવિત્ર સમ્યગ્દર્શન કો ધારણ કરો...' હૈ ? યહ તો સાદી હિન્દી ભાષા મેં હૈ. હિન્દી ભાષા (મેં) યહ 'છ ઢાલા' હૈ. 'છ ઢાલા' હૈ, સાધારણ હિન્દી ભાષા મેં હૈ, લેકિન ગાગર મેં સાગર ભર દિયા હૈ. સારે જૈનદર્શન કા સાર ગાગર મેં ભર દિયા હૈ.

કહતે હૈં કિ, 'પવિત્ર સમ્યગ્દર્શન...' પવિત્ર ક્યોં લિયા હૈ ? નિશ્ચય હૈ ઇસલિયે. વ્યવહાર સમ્યગ્દર્શન હૈ વહ વિકલ્પ હૈ, રાગ હૈ. નિશ્ચય સમ્યગ્દર્શન હૈ વહાં વ્યવહાર હોતા હૈ. દેવ-ગુરુ-શાસ્ત્ર કી શ્રદ્ધા, નવ તત્ત્વ કી ભેદવાલી શ્રદ્ધા હોતી હૈ લેકિન વહ રાગ હૈ. રાગ હૈ વહ વ્યવહાર સમ્યગ્દર્શન હૈ, પવિત્ર સમ્યગ્દર્શન નહીં. પવિત્ર સમ્યગ્દર્શન તો ભગવાનઆત્મા, વિકલ્પ જો શુભ-અશુભરાગ હૈ ઉસસે હટકર સ્વયં કી અખંડ આનંદમય જ્ઞાયકમૂર્તિ હૈ ઉસકા અંતર મેં જ્ઞાન કરકે પ્રતીત કરની, અનુભવ મેં ભાસ હોકર પ્રતીત કરની ઉસકા નામ પવિત્ર સમ્યગ્દર્શન કહને મેં આતા હૈ.

ઇસલિયે લિયા હૈ, દેખો ! 'હે ભવ્ય જીવો ! ઐસે...' ઐસે અર્થાત્ ઉપર કહા ઐસે સમ્યગદર્શન કો. પરદ્રવ્ય સે ભિન્ન અપને સ્વરૂપ કા જ્ઞાન. 'પવિત્ર સમ્યગ્દર્શન કો ધારણ કરો...' સમજ મેં આયા ? 'ધારણ કરો...' અર્થાત્ તુમસે પ્રગટ હોતા હૈ. કર્મ સે, કર્મ નીકલે તો ધારણ હોતા હૈ ઔર ઉસકે પુરુષાર્થ બિના ધારણ હોતા હૈ, ઐસા નહીં. સમજ મેં આયા ?

પર્યાય વ્યવસ્થિત હૈ, સર્વજ્ઞ ને દેખી હૈ તો પુરુષાર્થ બિના વ્યવસ્થિત કા જ્ઞાન કિસને કિયા ? યહ આત્મા શુદ્ધ અખંડ જ્ઞાન હૈ ઐસા અંતરબોધ હુએ બિના પ્રતીત કહાં સે આયેગી ? ઔર પુરુષાર્થ બિના સ્વભાવ કા નિર્ણય કહાં સે હોગા ? પુરુષાર્થ સે હોતા હૈ, કર્મ સે નહીં. સમજ મેં આયા ?

કહતે હૈં કિ, 'હે ભવ્ય જીવો ! ઐસે પવિત્ર સમ્યગ્દર્શન કો ધારણ કરો...' અપને આપ હી પ્રગટ હોગા, જબ કાલલબ્ધિ આયેગી, ભગવાન ને દેખા હોગા તબ હોગા, ઐસા યહાં નહીં કહા હૈ.

મુમુક્ષુ :– દૂસરી જગહ પર કહા હૈ.

ઉત્તર :– દૂસરી જગહ પર દૂસરી બાત હૈ. વહાં કહા હૈ કિ, ઐસા આત્મા જબ તુમ્હારી દૃષ્ટિ મેં આયેગા તો ભગવાન ને ઐસા દેખા હૈ. તુમ્હારા પુરુષાર્થ સંયોગ સે, વિકાર સે હટકર અપને સ્વભાવ કે પુરુષાર્થ સે સ્વભાવ કા ભાન હુઆ તો ઉસી સમય મેં સમ્યગ્દર્શન પર્યાય હોનેવાલી થી, વહી ભાવ થા, વહી કર્મ કા અભાવ સમય મેં હૈ ઐસા ભગવાન ને દેખા હૈ. પરંતુ કરતા કૌન હૈ ? ભગવાન કરતે હૈં યા તુમ કરતે હો ? તુમ્હારે શ્રદ્ધાગુણ કી પર્યાય તુમ કરતે હો યા ભગવાન કરતે હૈં ? ભગવાન તો સર્વજ્ઞ હૈં, વે તો પર હૈં. ભગવાન (અન્ય કે) આત્મા કે કર્તા નહીં. જૈસે જગત કા કોઈ ઈશ્વરકર્તા નહીં હૈ, ઐસે આત્મા કે શ્રદ્ધાગુણ કી પર્યાય કે કર્તા ભગવાન નહીં હૈં. ભગવાન તો જાનનેવાલે હૈં. ઇસ કારણ સે કહતે હૈં, ભાઈ ! કર્તા હોકર તુમ ધારણ કરો, ઐસા કહતે હૈં. આહા..હા...! બહુત થોડે શબ્દોં મેં બહુત ભર દિયા હૈ. 'દૌલતરામજી' પંડિત. પહલે કે પંડિત ને બહુત અચ્છી બાત (કહી હૈ), ગાગર મેં સાગર ભર દિયા હૈ.

ભગવાનઆત્મા કી સમ્યક્ પ્રતીતિ, પવિત્રતા ધારણ કરો. દેખો ! યહાં સે પવિત્રતા શુરૂ હોતી હૈ. રાગ નહીં, પુણ્ય નહીં, વિકલ્પ નહીં, શુભભાવ નહીં. સમજ મેં આયા ? આહા..હા...! અબ કહતે હૈં, ઐસા પવિત્ર સમ્યગદર્શન તુમને અનંતકાલ મેં પ્રાપ્ત નહીં કિયા. ઉસકે બિના આતમજ્ઞાન બિન અનંત બૈર સબ બાતેં કી. સમજ મેં આયા ? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પર આતમજ્ઞાન બિન...' વહ ભી 'દૌલતરામજી' કહતે હૈં, યહ ભી 'દૌલતરામજી' (કહતે હૈં). આગે આયેગા ન ? આગે. ઇસમેં આગે આયેગા. કહાં હૈ ? કૌન-સી (ગાથા) હૈ ? કૌન-સી (ગાથા કી) પંક્તિ હૈ ? જ્ઞાન મેં હોગી. ઇસ (ચૌથી) ઢાલ મેં હોગી. ચૌથી ? દેખો ! વહી (ગાથા) આયી. દેખો ! પાંચવીં (ગાથા) હૈ. દેખો ! ચૌથી ઢાલ, પાંચવાં શ્લોક. ઇસી મેં હૈ, દેખો ! તીસરી (ઢાલ કા) અંતિમ શ્લોક ચલ રહી હૈ, ઇસકે બાદ કી ચૌથી (ઢાલ). તીસરી

ઢાલ કા અંતિમ શ્લોક ચલ રહા હૈ ઔર સમ્યગ્જ્ઞાન ચલેગા, ઉસકી યહ પંક્તિ હૈં. પાંચવીં હૈ, દેખો ! પાંચવીં.

'કોટિ જન્મ તપ તપૈં, જ્ઞાન બિન કર્મ ઝરૈં જે;' ૯૯ પન્ના હૈ. 'કોટિ જન્મ તપ તપૈં, જ્ઞાન બિન કર્મ ઝરૈં જે;' ક્રોડ જન્મ તપ કરો, ક્રોડ વર્ષ કે કરો ઔર ક્રોડ ભવ કરો લેકિન આત્મા જ્ઞાન ચિદાનંદમૂર્તિ કા આનંદ કા સ્વાદ આયે બિના, કર્મ ઝરૈ (નહીં). 'જ્ઞાનીકે છિનમેં ત્રિગુપ્તિ તૈં સહજ ટરૈં તે.' સમ્યગ્જ્ઞાની-આત્મજ્ઞાની અંતર આત્મા મેં વિકલ્પ સે રહિત હોકર અંતર ધ્યાન મેં અંતર્મુહૂર્ત રહેં તો ભી જો ક્રોડ ભવ મેં ક્રોડ વર્ષ તપ કરેં ઉસસે જો કર્મ ખિરતે હૈં, ઇસસે અનંતગુના કર્મ સમ્યગ્દષ્ટિ કો ઝરતે હૈં.

'મુનિવ્રત ધાર અનન્તબાર ગ્રીવક ઉપજાયો; પૈ નિજ આતમજ્ઞાન બિના,...' 'પૈ નિજ આતમજ્ઞાન' પૈ નિજ આતમ, હાં ! ભગવાન કા જ્ઞાન ભગવાન કે પાસ હૈ. નિજ આત્મજ્ઞાન બિના 'સુખ લેશ ન પાયૌ.' યહ તો જ્ઞાન કા અધિકાર હૈ, યહ ચલ રહા હૈ વહ દર્શન કા અધિકાર હૈ. દર્શન કે બાદ જ્ઞાન અધિકાર મેં યહી જ્ઞાન લેંગે. જ્ઞાન યાની આત્મજ્ઞાન. દર્શન જૈસે આત્મા કા દર્શન, વૈસે જ્ઞાન ભી આત્મા જ્ઞાન, પર કે જ્ઞાન કી બાત યહાં નહીં હૈ. આત્મા કા જ્ઞાન હુએ બિના અનંત બૈર મુનિવ્રત ધારણ કિયા. ઉપર કહા ન ? 'ગ્રીવક ઉપજાયો' ઉત્તમ ગ્રૈવેયક હૈં વહાં જન્મ ધારણ કિયા લેકિન આતમજ્ઞાન બિના સુખ લેશ (ન પાયો). એક સમ્યગ્દર્શન, જ્ઞાન બિના આનંદ કે એક અંશ કા અનુભવ ઉસે હુઆ નહીં, ઉસકે બિના ઉસે ધર્મ હુઆ નહીં. સમજ મેં આયા ? વહ બાદ મેં કહેંગે. યહ તો તીસરી (ઢાલ ચલ રહી હૈ).

'હે સમઝદાર દૌલતરામ !' સ્વયં અપને કો કહતે હૈં. 'દૌલતરામજી' અપને કે કહતે હૈં, દેખો ! હે '(સયાને)' સયાને.. સયાને. 'હે સમઝદાર દૌલતરામ ! (સુન-સુન)...' સ્વયં કો કહતે હૈં, સુન ! ઔર દૂસરે કો ભી કહતે હૈં, સુન ! હે 'દૌલતરામ' ! યહ દૌલત, આત્મા કા આનંદરામ, અંતર મેં અંતર સંપદા (હૈ). અંતર અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ શાંતિ આત્મા મેં પડી હૈ. ઐસી દૌલત કા રામ-આત્મા, આત્મારામ દૌલતરામ હૈ. હે દૌલતરામ ! સમઝદાર 'દૌલતરામ'. ઐસી ભાષા લી હૈ. સયાને હો, ભૈયા ! તુમ તો સયાને આત્મા હો. વિકાર ઔર પર સે પ્રભુ !

વિવેક કરનેવાલે સમઝદાર હો, તુમ મૂઢ નહીં હો. તેરી ચીજ ઐસી હૈ, ઐસા કહતે હૈં. આહા..હા...! સમજ મેં આયા ? અરે..! પ્રભુ ! તુમ તો સયાને હો ના ! સમઝદાર હો ના ! તેરે આત્મા મેં આનંદ હૈ ઔર પુણ્ય-પાપ કા વિકાર દુઃખરૂપ હૈ, ઉસસે ભિન્ન ઐસે તુમ સમઝદાર હો. કહતે હૈં કિ, 'દૌલતરામ' સુન ! હમ તુમકો કહતે હૈં, આત્મા કો આત્મા કહતે હૈં, ઐસા યહાં કહતે હૈં. આહા..હા...! સમજ મેં આયા ?

ભગવાનઆત્મા આત્મા કો સંબોધન કરતા હૈ. હે આત્મા ! તેરા સ્વરૂપ દેહ, વાણી, મન, કર્મ ઔર વિકાર સે ભિન્ન હૈ, ઐસા તુમ સમ્યગ્દર્શન ધારણ કરો, ઐસે તુમ સયાને હો, તુમ વિવેકી હો, તુમ સમજદાર હો, ઐસા આત્મા કો કહતે હૈં. સુન, સમજ. અંતર મેં સુન ઔર સમજ ઔર ચેત. તીન શબ્દ લિયે હૈં. સુન, સમજ (ઔર) ચેત, તીન શબ્દ લિયે હૈં. યહ તો હિન્દી ભાષા સાદી હૈ ના ? ક્યોં ? ભાઈ ! યહ માસ્ટરજી જૈસી સૂક્ષ્મ ભાષા નહીં હૈ.

કહતે હૈં કિ, હે પ્રભુ ! આત્મા સુન ! માત્ર સુન ઐસા નહીં, સમજ ઔર સાવધાન હોઓ. સમજ ઔર સાવધાન હોઓ. દેખા ! વહાં મોહ કા અભાવ દિખાતે હૈં. આહા..! તેરી ચીજ તેરે પાસ હૈ. હિરન કી નાભિ મેં કસ્તૂરી હૈ, ઢૂંઢતા હૈ બહાર. ઐસે ભગવાનઆત્મા મેં અંતર મેં આનંદ, શાંતિ આદિ જો સર્વજ્ઞ પરમેશ્વર ને પ્રકટ કિયા વહ સબ આત્મા મેં હૈં. સમજ મેં આયા ? કહતે હૈં કિ, હે સયાને ! સુન, સમજ, સાવધાન હો. 'સમય કો વ્યર્થ ન ગંવા;....' આહા..હા...! કાલ વૃથા મત ગંવા, ભગવાન ! અનંતકાલ મેં મુશ્કિલ સે સમય મિલા હૈ, અનંતકાલ કે પરિભ્રમણ મેં રખડતે-રખડતે મુશ્કિલ સે મનુષ્ય કા દેહ અલ્પકાલ કે લિયે મિલા હૈ. ઐસે કાલ મેં પ્રભુ! તુમ વ્યર્થ કાલ મત ગંવા, ઐસા આત્મા કો કહતે હૈં. આહા..હા...! સમજ મેં આયા ?

સબ કો કહતે હૈં, અરે...! આત્મા ! અનાદિકાલ સે પ્રભુ ! તુમ રખડ રહે હો, ભગવાન ! ચાર ગતિ મેં ચૌરાસી (લાખ યોનિ કે) અવતાર મેં તુઝે મુશ્કિલ સે મનુષ્યદેહ મિલા. ઉસ મનુષ્યદેહ મેં સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ જો આત્મા કહતે હૈં ઉસે સુન. આહા..! આત્મા કો સુન, ઐસા કહા. ભગવાનઆત્મા જ્ઞાન કા સૂર્ય આનંદમૂર્તિ હૈ, ઉસે તુ સમજ. ઉસમેં વિકાર હૈ નહીં, શરીર, કર્મ ઉસમેં હૈ નહીં.

ભગવાન ! તેરા સમજને કા કાલ હૈ. આહા..હા...! કિતના સંબોધન કિયા હૈ ! ગૃહસ્થાશ્રમ મેં રહતે થે. ગૃહસ્થાશ્રમ મેં થે કે નહીં ? સ્ત્રી-પુત્ર સબ થે, હો, વે ઉનકે પાસ રહે, વે કહાં ઘૂસ ગયે હૈં ? આત્મા મેં કહાં ઘૂસ ગયે હૈં ? વે ઉનમેં હૈં, દેહ દેહ મેં હૈ, સ્ત્રી સ્ત્રી મેં હૈ, પૈસા-પૈસા ધૂલ મેં હૈ, પૈસા ધૂલ ઔર ધૂલ મેં હૈ, આત્મા મેં કહાં ઘૂસ ગયા હૈ ? સમજ મેં આયા ? ગૃહસ્થાશ્રમ મેં કહતે હૈં, ભાઈ ! ગૃહસ્થાશ્રમી પૈસાવાલે કો ઐસા કહતે હૈં ? ધૂલ કહાં ઉસકી હૈ ? ધૂલ તો જડ કી હૈ. વહ તો મિટ્ટી હૈ, અજીવતત્ત્વ હૈ. અજીવ સે તેરી ચીજ તો ભિન્ન હૈ. અજીવ કી મમતા કરતા હૈ ઉસસે ભી તેરી ચીજ ભિન્ન હૈ. વહ બાત તો યહાં કહતે હૈં, તુ એકબાર બાત સુન ! સમજ મેં આયા ?

ભગવાનઆત્મા અજીવતત્ત્વ સે તો તેરી ચીજ ભિન્ન હૈ ઔર અજીવ પર તૂ મમતા કરતા હૈ કિ, મેરા હૈ, મમતા કરતા હૈ ઉસ મમતા સે ભી તેરી ચીજ ભિન્ન હૈ. મમતા તો વિકાર હૈ, આસ્રવતત્ત્વ હૈ, આસ્રવતત્ત્વ જીવતત્ત્વ નહીં હોતા. સમજ મેં આયા ? ક્યા કરે ? ઐસે હી કાલ ગંવાતા હૈ. મૂઢપને અનંતકાલ ગંવાયા.

કહતે હૈં કિ, હે સયાને ! સમય વ્યર્થ ન ગંવા. આહા..હા...! તેરે એક એક સમય કી કીમત હૈ, પ્રભુ ! અનંતકાલ મેં મહા કૌસ્તુભમણિ મિલના ભી સુલભ હૈ લેકિન ઐસા મનુષ્યદેહ, ઉસમેં ઐસા આત્મા કા ભાન કરને કા અવસર મહા મહા દુર્લભ હૈ. સમજ મેં આયા ? નવમી ગ્રૈવેયક અનંત બાર ગયા તો ભી ઉસને આત્મા કા જ્ઞાન કિયા નહીં. જ્ઞાન કરને કા તેરા અવસર હૈ, ઐસા કહતે હૈં. દેખો ! આ..હા...!

'વ્યર્થ ન ગંવા;...' ઐસા નહીં કહતે હૈં કિ, અભી હમારી કાલલબ્ધિ પરિપક્વ નહીં હુઈ તો ક્યા કરેં ? એ..ઇ..! જબ કાલલબ્ધિ હોગી તબ પુરુષાર્થ હોગા. ભગવાને દેખા હોગા તબ હોગા, ઐસા નહીં કહતે હૈં. સમજ મેં આયા ? ભગવાન ને દેખા ઐસા હોગા, ઐસા જિસને માના ઔર કાલલબ્ધિ હૈ ઉસકા જિસે જ્ઞાન હોતા હૈ ઉસે આત્મા મેં પુરુષાર્થ કરકે (નિર્ણય) હોતા હૈ. કાલ વ્યર્થ ન ગંવા, પ્રભુ ! કાલ વ્યર્થ ન ગંવા. આહા..હા...! આત્મા કો સમજને કા, પ્રતીત કરને કા, શ્રદ્ધા કરને કા તેરા કાલ હૈ. દેખો ! વહી કહતે હૈં. તુજે ક્ષયોપશમ હૈ (પરંતુ) ક્ષયોપશમ કા જ્ઞાન તુમ પર કી ઓર લગાતે હો. તેરા ક્ષયોપશમ તો હૈ (લેકિન) પર મેં લગાતે

હો, વહ તેરા કાલ વ્યર્થ હો રહા હૈ. લગા... આત્મા મેં. આહા..હા...! સમજ મેં આયા ?

'સમય કો વ્યર્થ ન ગંવા;...' ? ગજબ બાત કહી હૈ. કાલ કો નિરર્થક મત છોડ, સાર્થ કર દે. ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ તુમ હો ના ! સાવધાન હોકર અંતર મેં પ્રતીત કર, સાવધાન હોકર શ્રદ્ધા કર, કાલ કો વૃથા મત ગંવા. '(ક્યોંકિ)...' ક્યોંકિ કહતે હૈં ના ? 'યદિ સમ્યગ્દર્શન નહીં હુઆ...' દેખો ! આત્મદર્શન–દેહ, વાણી, મન, કર્મ, ધૂલ સે ભિન્ન, પુણ્ય-પાપ કા વિકલ્પ જો દયા, દાન, કામ, ક્રોધ શુભાશુભભાવ આસ્રવ સે ભિન્ન, ઐસે આત્મા કા અંતર મેં સમ્યગ્દર્શન નહીં હુઓ તો તેરા પરિભ્રમણ નહીં મિટેગા. આહા..! ભાઈ !

ક્યા પરપદાર્થ તુજે કામ આતે હૈં ? ઔર પરપદાર્થ કો તુમ કામ આતે હો ? ક્યા પુણ્ય-પાપ કા વિકાર તેરે કામ આતે હૈં ? વહ તો વિકાર હૈ. ભગવાનઆત્મા અનંત અનંત શાંતરસ, આનંદકંદ પ્રભુઆત્મા હૈ ઉસે કામ મેં લે, ઐસા કહતે હૈં. આહા..હા...! સમજ મેં આતા હૈ ? સમજ મેં આયા ? આ..હા...! યહ આપકે લિયે હિન્દી ચલતી હૈ, નહીં તો ગુજરાતી મેં ચલતા થા. હમેં બહુત હિન્દી નહીં આતી હૈ, સાધારણ-સાધારણ ચલતી હૈ. સમજ મેં આયા ?

ભગવાન ! યહાં તો આત્મા કો ભગવાન કહકર હી બુલાતે હૈં. 'સમયસાર' મેં 'આસ્રવ અધિકાર' મેં 'કુંદકુંદાચાર્ય' મહારાજ દિગંબર સંત દો હજાર વર્ષ પહલે જંગલ મેં રહનેવાલે (થે), ઉનકે બાદ 'અમૃતચંદ્રાચાર્ય' હુએ. આજસે નૌસે વર્ષ પહલે (હુએ). 'કુંદકુંદાચાર્યદેવ' કે બાદ ૧૧૦૦ વર્ષ બાદ હુએ. જંગલ મેં રહનેવાલે આત્મધ્યાન મેં, આનંદ મેં મસ્ત 'અમૃતચંદ્રાચાર્યદેવ' દિગંબર મુનિ ઉન્હોંને તાડપત્ર પર ટીકા લીખી. વે કહતે હૈં કિ, અરે...! ભગવાનઆત્મા ! ઐસા કહતે હૈં. 'આસ્રવ અધિકાર' કી ૭૨ ગાથા હૈ ન ? હે ભગવાનઆત્મા ! આ..હા..હા...! જૈસે માતા બાલક કો ઝુલે મેં ઝુલાતી હો તબ માતા કહતી હૈ, સયાના હૈ, મેરા બેટા હોશિયાર હૈ. વૈસે આચાર્યદેવ આત્મા કો કહતે હૈં. દિગંબર મુનિ વનવાસ મેં રહનેવાલે ૯૦૦ વર્ષ પહલે ટીકા બનાઈ. કહતે હૈં કિ, અરે...! ભગવાનઆત્મા ! પુણ્ય-પાપ કા વિકાર તો પ્રભુ આસ્રવ હૈ ના ! વહ તો દુઃખદાયક હૈ ના ! વહ તો અશુચિ હૈ ના ! વહ તો જડ હૈ ના ! તુમ તો ચૈતન્ય હો ના ! તુમ તો આનંદ હો ના ! તુમ તો વિકાર સે

રહિત ચેતન હો ના ! આહા..હા...! ઐસા સંબોધન કરકે જગાતે હૈં. ઉસકી માતા ગાના ગાકર ઝુલે મેં સુલાતી હૈ. યહાં ભગવાનઆત્મા કો આચાર્ય, સંતોં, જ્ઞાનિયોં જગાતે હૈં, જાગ..! તુમ કૌન હો ? સમજ મેં આયા ?

અરે...! સમ્યગ્દર્શન, ઐસા ભાન... 'શ્રેણિક રાજા'. ઇસમેં આ ગયા થા, કલ નહીં લિયા થા. પહલે સાતવી નરક કા આયુષ્ય બાંધા થા. ૮૨ વે પન્ને પર નીચે હૈ. 'જિસ પ્રકાર શ્રેણિક રાજા સાતવેં નરક કી આયુ કા બંધ કરકે ફિર સમ્યક્ત્વ કો પ્રાપ્ત હુએ થે,...' 'શ્રેણિક' રાજા, હજારો રાનિયાં થી, રાજપાટ બડા થા. મહા સુંદર શરીર થી, 'ચેલના' જૈસી ધર્મી રાની થી. ઐસે જીવ કો સમ્યગ્દર્શન, આત્મા કા ભાન હુઆ. ભગવાન તીર્થંકરદેવ ત્રિલોકનાથ 'મહાવીર' ભગવાન કે સમવસરણ મેં ક્ષાયિક સમકિત હુઆ. કહતે હૈં કિ, પહલે સાતવેં નરક કા આયુષ્ય બંધ ગયા થા. મિથ્યાદૃષ્ટિ મેં મુનિ કી અશાતના કી થી. બાદ મેં આત્મા કા ભાન (હુઆ કિ), આત્મા અખંડ આનંદ જ્ઞાતા-દૃષ્ટા (સ્વરૂપ હૈ). વહ રાગ, વિકલ્પ ઉઠતા હૈ ઉસકા ભી કરનેવાલા નહીં. આત્મા મેં ઉસકા સંબંધ હૈ હી નહીં. ઐસા ક્ષાયિક સમકિત હુઆ તો ભી 'ઉન્હેં નરક મેં તો જાના હી પડા થા કિન્તુ આયુ સાતવેં નરક સે ઘટક પહલે નરક કી હી રહી.' પહલી નરક કી રહ ગઈ. સમ્યગ્દર્શન પ્રાપ્ત કિયા તો પહલે જો સાત નરક કા આયુષ્ય બંધા થા ઉસે તોડકર પહલી નરક મેં જાના પડા. ચૌરાસી હજાર વર્ષ કી સ્થિતિ મેં અભી પહલી નરક મેં હૈ.

નીચે સાત નરક હૈ ના ? સાત નરક હૈ. ઉસમેં પહલી નરક મેં (ગયે હૈં). ભગવાન કે પાસ ઉન્હોં ને ક્ષાયિક સમકિત પાયા થા. 'શ્રેણિક' રાજા. ત્યાગ નહીં કિયા થા, વ્રતાદિ નહીં થે, આત્મભાન હુઆ. સમ્યગ્દર્શન જો અનંતકાલ મેં પ્રાપ્ત નહીં કિયા ઐસા પ્રાપ્ત કિયા. ગૃહસ્થાશ્રમ મેં રાજપાટ મેં રહનેપર ભી આત્મા કા અંતર અનુભવ હોને સે સાતવી નરક કા આયુષ્ય જો પહલે મિથ્યાદૃષ્ટિ મેં બંધા થા, (ઉસે) તોડકર પહલી નરક મેં ચૌરાસી હજાર (વર્ષ કા રહ ગયા). ગતિ નહીં ફિરતી, સ્થિતિ (ફિર ગઈ). સમજ મેં આયા ? લડ્ડુ બનાયા હો, ચુરમા કા લડ્ડુ. જો બન ગયા ઉસમેં સે ગુડ, આટા નિકાલકર દૂસરા પકવાન નહીં હોતા, વહ તો ઉસે ખાના હી પડેગા. થોડે સમય ઐસા હી રહેગા તો ઘી, ગુડ સૂક જાયેગા, લેકિન ઉસમેં સે ઘી નિકાલકર

પૂડી બનાયે ઐસા નહીં બનતા. ઉસી પ્રકાર એકબાર ગતિ કા આયુષ્ય બંધ ગયા તો ગતિ નહીં ફિરતી, લેકિન આત્મા કે ભાન દ્વારા સ્થિતિ લંબી થી ઉસે તોડ દી. પહલી નરક મેં ચૌરાસી હજાર વર્ષ કી સ્થિતિ મેં હૈ, પરંતુ સમ્યગ્દર્શન હૈ.

સજ્ઝાય આતી હૈ. કિસમેં આતા હૈ ? 'બાહિર નારકી કૃત દુ:ખ ભોગત, અંતર સુખ કી ગટાગટી' સર હુકમીચંદ યહાં પહલીબાર આયે થે તબ યહ બોલે થે. શેઠ આયે થે ના ? વે પહલે બોલે થે. ક્યા ? 'બાહિર નારકી કૃત દુ:ખ ભોગત, અંતર સુખ કી ગટાગટી' સમ્યગ્દર્શન હૈ તો નરક મેં નારકી હોનેપર ભી (સુખ ભોગતે હૈં). સમ્યગ્દર્શન ક્યા ચીજ હૈ ઉસકી દુનિયા કો ખબર નહીં. 'શ્રેણિક' રાજા નરક મેં ચૌરાસી હજાર વર્ષ કી સ્થિતિ મેં હૈં, અઢાઈ હજાર વર્ષ ગયે, ૨૫૦૦ વર્ષ ગયે ઔર સાઢે ઇક્યાસી હજાર વર્ષ બાકી હૈં. બાદ મેં પહલે તીર્થંકર હોંગે. આગામી કાલ મેં જગતગુરુ ત્રિલોકનાથ જૈસે 'મહાવીર' ભગવાન હુએ, વૈસે હોંગે. એક સમ્યગ્દર્શન કા પ્રતાપ !! સમજ મેં આયા ? સમ્યગ્દર્શન ક્યા હૈ ઉસકી જગત કો ખબર નહીં. ઇસકે બિના જ્ઞાન ઔર વ્રત બિના અંક કે શૂન્ય હૈં. સમજ મેં આયા ? વહ તો પહલે કહા. સાતવી નરક કી (સ્થિતિ તોડકર) પહલી નરક મેં ચૌરાસી હજાર વર્ષ કી સ્થિતિ મેં ગયે. વહાં ભી આનંદ હૈ. બાહર મેં દુ:ખ હૈ, અંદર મેં રાગ સે ભિન્ન આત્મા કા ભાન હૈ. નરક મેં ભી ! નરક મેં યાની નારકી આનંદ આનંદ કા વેદન કરતે હૈં. ઓ..હો..હો...! નરક મેં નારકીપને હોનેપર ભી સમ્યગ્દષ્ટિ કો આનંદરસ કા વેદન હૈ.

કહતે હૈં કિ, 'યદિ સમ્યગ્દર્શન નહીં હુઆ તો યહ મનુષ્ય પર્યાય પુનઃ મિલના દુર્લભ હૈ.' આહા..હા...! ભગવાનઆત્મા કો કહતે હૈં કિ, હે આત્મા ! દુનિયા કી બાત છોડ દે. દુનિયા દુનિયા મેં રહી. તેરે આત્મા કા ભાન કર લે નહીં તો ઐસા મનુષ્યદેહ પાના દુર્લભ.. દુર્લભ.. દુર્લભ હૈ. સમજ મેં આયા ? શાસ્ત્ર મેં તો બહુત દૃષ્ટાંત દિયે હૈં. ચિંતામણિ રત્ન. હાથ મેં હો ઔર વહ સમુદ્ર મેં ચલા જાયે. જાને કે બાદ વહ પાના મુશ્કિલ હૈ. રત્ન સમુદ્ર કે તલવે મેં ચલા ગયા, કહાં સે મિલેગા ? ઐસા મનુષ્યદેહ ફિર મિલના બહુત કઠિન હૈ. યદિ આત્મદર્શન નહીં કિયા તો તેરા સબ વ્યર્થ હૈ. પાંચ-પચાસ લાખ, કરોડ-દો કરોડ પૈદા કિયે હો યા ત્યાગી હોકર

વ્રત ઔર નિયમ ધારણ કિયે હો પરંતુ સમ્યગ્દર્શન બિના તેરા મનુષ્યદેહ વ્યર્થ હૈ. ઐસા કહતે હૈં, દેખો ! દેખો ! 'દૌલતરામજી' તીસરી ઢાલ કી અંતિમ ગાથા (મેં ઐસા કહતે હૈં). 'યહ (નર ભવ) મનુષ્ય પર્યાય પુનઃ મિલના દુર્લભ હૈ.' થોડા ભાવાર્થ લિયા હૈ. ભાવાર્થ લિયા હૈ ના ?

ભાવાર્થ :– 'યહ સમ્યગ્દર્શન હી...' (મૂલ પુસ્તક મેં) નીટે (ફૂટનોટ મેં) લિખા હૈ.

સમ્યગ્દષ્ટિ જીવકો, નિશ્ચય કુગતિ ન હોય.
પૂર્વબંધ તે હોય તો સમ્યક્ દોષ ન કોય.

આત્મા સમ્યગ્દર્શન હુઆ, કદાચિત્ ઉસકો કુગતિ તો નહીં હોતી, પરંતુ પૂર્વ કા બંધ હો ગયા હો તો સમ્યક્ દોષ નહીં હોતા, ઉસે સમ્યગ્દર્શન મેં દોષ લગતા નહીં. સમજ મેં આયા ? આહા..હા...! 'પરમાત્મ પ્રકાશ' મેં કહા હૈ, સમ્યગ્દર્શન સહિત નરક મેં જાના અચ્છા હૈ, લેકિન મિથ્યાદષ્ટિ સહિત સ્વર્ગ મેં જાના બુરા હૈ. સ્વર્ગ મેં દેવ, દેવિયાં લાખો, કરોડો, અરબોં વર્ષ આત્મા કે સમ્યગ્દર્શન બિના મિથ્યાશ્રદ્ધા કરકે ચલા ભી ગયા (તો ભી) તેરા સ્વર્ગ દુઃખરૂપ હૈ. સમ્યગ્દર્શન–આત્મા કા ભાન કરકે નરક મેં ગયા તો ભી વહાં સુખરૂપ હૈ. વહાં સે નિકલકર 'શ્રેણિક' રાજા તીર્થંકર હોંગે. સમજ મેં આયા ? 'શ્રેણિક' રાજા ઉસી ભવ મેં કેવલજ્ઞાન પ્રાપ્ત કરકે મોક્ષ મેં જાયેંગે. નરક સે સીધે નિકલકર, સીધે નિકલકર તીર્થંકર હોંગે. તીન લેકર તો પહલી નરક સે આયેંગે ઔર ક્ષાયિક સમકિત તો સાથ હૈ. ભાન.. ભાન.. ભાન.. (હૈ). રાગ નહીં, શરીર નહીં, દૌલત નહીં. યહ જન્મ હૈ વહ મેરા નહીં. માતા કે પેટ મેં આયા વહ જન્મ મેરા નહીં, માતા મેરી નહીં હૈ. મૈં તો આનંદકંદ શુદ્ધ ચૈતન્ય હૂં. માતા કે પેટ મેં આયેંગે તો ભી ઐસા ભાન રહેગા. આહા..હા...! સમજ મેં આયા ?

'સમ્યગ્દર્શન હી મોક્ષરૂપી મહલ મેં પહુંચને કી પ્રથમ સીઢી હૈ. ઇસકે બિના જ્ઞાન ઔર ચારિત્ર સમ્યક્પને કો પ્રાપ્ત નહીં હોતે અર્થાત્ જબ તક સમ્યગ્દર્શન ન હો તબ તક જ્ઞાન વહ મિથ્યાજ્ઞાન...' દેખો ! સમજ મેં આયા ? સર્વજ્ઞ ભગવાન ને કહા ઐસા આત્મા. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ ભગવાન ને ઐસે અનંત આત્મા દેખે હૈં. ત્રિલોકનાથ પરમેશ્વર કહતે હૈં, વર્તમાન મેં ભી મહાવિદેહ ક્ષેત્ર મેં

'સીમંધર' પરમેશ્વર મનુષ્યદેહ મેં બિરાજમાન હૈં. એક કરોડ પૂર્વ કા આયુષ્ય હૈ, પાંચસો ધનુષ કા ઊંચા દેહ હૈ. દો હજાર હાથ ઊંચા. મહાવિદેહક્ષેત્ર મેં ભગવાન બિરાજતે હૈં. ઇસ જમીનપર મહાવિદેહ ક્ષેત્ર મેં મનુષ્યદેહ મેં બિરાજતે હૈં. મહાવિદેહ ક્ષેત્ર દૂર હૈ. મહાવિદેહ ક્ષેત્ર દૂર હૈ, બહુત દૂર હૈ. યહ ભરત ક્ષેત્ર હૈ ના ? ઉસસે બહુત દૂર હૈ. જમીન પર હૈ, બહુત દૂર હૈ, હજારો જોજન દૂર હૈ. વહાં ભગવાન વર્તમાન મેં બિરાજતે હૈં. 'સીમંધર' તીર્થંકરદેવ. ણમો અરિહંતાણં પદ મેં બિરાજતે હૈં. ચૌબીસ તીર્થંકર ણમો સિદ્ધાણં મેં બિરાજતે હૈં. ચૌબીસ તીર્થંકર તો સિદ્ધપદ મેં હૈ, સિદ્ધ મેં બિરાજતે હૈં, ઉનકો શરીર નહીં હૈ. યહાં થે તબ શરીર થા. અબ સિદ્ધ હો ગયે. ભગવાન બિરાજતે હૈં તો શરીર હૈ, વાણી ભી હૈ, ઉપદેશ હોતા હૈ, સૌ-સૌ ઇન્દ્ર કી ઉપસ્થિતિ હૈ, સમવસરણ મેં હયાતી હૈ. ભગવાન કી દિવ્યધ્વનિ ૐકાર નિકલતા હૈ ઔર વર્તમાન મનુષ્યક્ષેત્ર મેં ઇન્દ્રોં આદિ કો સુનાતે હૈં. સમજ મેં આયા ? વે ભગવાન કહતે હૈં કિ, ભાઈ ! ભગવાન ને કહા વહી સબ જ્ઞાનિ કહતે હૈં.

'ઇસકે બિના જ્ઞાન ઔર ચારિત્ર સમ્યક્પને કો પ્રાપ્ત નહીં હોતે અર્થાત્ જબ તક સમ્યગ્દર્શન ન હો તબ તક જ્ઞાન વહ મિથ્યાજ્ઞાન...' હૈ. આહા..હા...! શાસ્ત્ર કા પઢના, ગ્યારહ અંગ કા પઢના, નવ પૂર્વ કા પઢના, સબ આત્મદર્શન શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન, આનંદ કી અંતર પ્રતીત, ભાન બિના વહ સબ જ્ઞાન મિથ્યાજ્ઞાન હૈ. હૈ ના ? 'ઔર ચારિત્ર વહ મિથ્યાચારિત્ર કહલાતા હૈ.' આત્મા જ્ઞાતા-દૃષ્ટા કા અનુભવ અંતર દૃષ્ટિ બિના બાહર કી ક્રિયાકાંડ મિથ્યાચારિત્ર કહલાતા હૈ. વહ ચારિત્ર સમ્યક્ હૈ નહીં. 'સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્ર નહીં કહલાતે.' અસ્તિ-નાસ્તિ કી હૈ.

આત્મદર્શન અનુભવ બિના, આત્મજ્ઞાન જ્ઞાતા-દૃષ્ટા કે અનુભવ બિના જો કોઈ ક્રિયાકાંડ હોતી હૈ ઉસકો ભગવાન ચારિત્ર કહતે નહીં. 'ઇસલિયે પ્રત્યેક આત્માર્થી કો...' પ્રત્યેક આત્માર્થી કો, પ્રત્યેક જીવ કો–આત્માર્થી કો 'ઐસા પવિત્ર સમ્યગ્દર્શન અવશ્ય ધારણ કરના ચાહિયે. પંડિત દૌલતરામજી અપને આત્મા કો સંબોધન કરકે કહતે હૈં કિ–હે વિવેકી આત્મા !' દેખો ! સયાના કહા હૈ ના ? સયાના. 'હે વિવેકી આત્મા ! તૂ ઐસે પવિત્ર સમ્યગ્દર્શન કે સ્વરૂપ કો સ્વયં સુનકર...' સ્વયં સુનકર. કોઈ સુનાયે ઐસા નહીં, તૂ સ્વયં સુનકર, ઐસા કહતે હૈં.

મુમુક્ષુ :– કોઈ સુનાનેવાલે હો તો સુને ના ?

ઉત્તર :– કહતે હૈં કિ, ધર્માત્મા જ્ઞાની કે પાસ આત્મા કે સમ્યગ્દર્શન કા સ્વરૂપ સ્વયં સુનકર, તુ સુનકર. દૂસરે ને કહા ઔર દૂસરે ને (સુન) લિયા, ઐસા નહીં. 'સ્વયં સુનકર અન્ય અનુભવી જ્ઞાનિયોં સે પ્રાપ્ત કરને મેં...' પ્રાપ્ત કરને મેં 'સાવધાન હો;...' દો બાત કહી હૈ. દો શબ્દ હૈં ના ? સુન, સમજ ઔર સાવધાન હો (ઐસે) તીન શબ્દ હૈં ના ? બહુત થોડે શબ્દ મેં બહુત ભર દિયા હૈ. સમજ મેં આયા ?

'અપને અમૂલ્ય મનુષ્યજીવન કો વ્યર્થ ન ગંવા.' મનુષ્યદેહ કીંમત સે નહીં મિલતા. એક અબજ રૂપયા દેને સે ઐસી આંખ મિલતી હૈ ? એક નખ કા ટુકડા ભી કરોડ રૂપયા દે તો નયા નહીં મિલતા. અનંતકાલ મેં ઐસા દેહ મિલા, યદિ આત્મા કા ભાન નહીં કિયા તો વ્યર્થ હૈ, ઐસા કહતે હૈં. ઓ..હો..હો...!

મુમુક્ષુ :– રૂપયે નહીં મિલે તો વ્યર્થ હૈ.

ઉત્તર :– રૂપયા તો બહુત મિલા હૈ, ધૂલ મેં ક્યા હૈ ? ભાઈ ! ઉનકે પાસ રૂપયે હૈં. પુત્ર કે પાસ દો કરોડ રૂપયે હૈં. કામ નહીં આતે ? ક્યા હૈ ? સમજ મેં આયા ? ઉસકે પુત્ર કે પાસ દો કરોડ હૈં.

મુમુક્ષુ :– ઉસે ક્યા કામ આતે હૈં ?

ઉત્તર :– બાપ તો કહલાતા હૈ ના ? પિતા તો કહને મેં આતા હૈ યા નહીં ? ભલે હી પુત્ર પૈસા નહીં દેતા હો.

મુમુક્ષુ :– તીન-ચાર સાલ સે છોડ દિયા હૈ.

ઉત્તર :– છોડ દિયા તો ક્યા કરે ? પહલે સે છોડ દિયા હૈ, લિખકર દિયા હૈ, તુમ અલગ ઔર હમ અલગ. વૈસે ભી ભિન્ન હી હૈ, એક કૌન હૈ ? કલ્પના કી કલ્પના હૈ. ધૂલ મેં હૈ ક્યા ? પાંચ કરોડ હો યા દસ કરોડ હો, મિટ્ટી–ધૂલ હૈ. આત્મા કો કહાં કામ આતી હૈ ? આત્મા કે સુખ મેં વહ ચીજ કહાં મદદ કરતી હૈ ? વહ તો મિટ્ટી હૈ, ધૂલ હૈ, અજીવતત્ત્વ હૈ. અજીવ મેં સુખ હૈ ? અજીવ ધૂલ મેં સુખ હૈ ? એ..ઇ...!

મુમુક્ષુ :– લડકે કો બડા કિયા.

ઉત્તર :- લડકે કો બડા કિયા ? ધૂલ મેં ભી બડા નહીં કિયા. વહ તો ઉસકે આયુષ્ય કે કારણ બડા હુઆ હૈ. સમજ મેં આયા ?

કહતે હૈં, અરે...! 'અમૂલ્ય મનુષ્યજીવન કો વ્યર્થ ન ગંવા. ઇસ જન્મ મેં હી યદિ સમ્યક્ત્વ પ્રાપ્ત નહીં કિયા તો ફિર મનુષ્યપર્યાય આદિ અચ્છે યોગ પુનઃ પુનઃ પ્રાપ્ત નહીં હોતે.' મનુષ્યદેહ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ કી યથાર્થ વાણી.. સમજ મેં આયા ? ઐસા પ્રાપ્ત હોના અનંતકાલ મેં મહામુશ્કિલ હૈ. તીસરી ઢાલ (સમાપ્ત) હુઇ. સાંરાશ મેં હૈ વહ સબ આ ગયા હૈ. ચૌથી ઢાલ લો, ચૌથી.

# ચોથી ઢાળ

## સમ્યગ્જ્ઞાનનું લક્ષણ અને તેનો સમય

(દોહા)

સમ્યક્ શ્રદ્ધા ધારિ પુનિ, સેવહુ સમ્યગ્જ્ઞાન;
સ્વ-પર અર્થ બહુ ધર્મજુત, જો પ્રગટાવન ભાન. ૧.

અન્વયાર્થ :– (સમ્યક્ શ્રદ્ધા) સમ્યગ્દર્શન (ધારિ) ધારણ કરીને (પુનિ) વળી (સમ્યગ્જ્ઞાન) સમ્યગ્જ્ઞાન (સેવહુ) સેવો [જે સમ્યગ્જ્ઞાન] (બહુ ધર્મજુત) અનેક ધર્માત્મક (સ્વ-પર અર્થ) પોતાનું અને બીજા પદાર્થોનું (પ્રગટાવન) જ્ઞાન કરાવવામાં (ભાન) સૂર્ય સમાન છે.

ભાવાર્થ :– સમ્યગ્દર્શન સહિત સમ્યગ્જ્ઞાન દૃઢ કરવું જોઇએ. જેવી રીતે સૂર્ય બધા પદાર્થોને અને પોતે પોતાને જેમ છે તેમ બતાવે છે તેવી રીતે જે અનેક ધર્મયુક્ત પોતે પોતાને (આત્માને) અને પદાર્થોને* જેમ છે તેમ બતાવે છે તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે.

---

'સમ્યગ્જ્ઞાન કા લક્ષણ ઔર ઉસકા સમય.' સમજ મેં આયા ? સમ્યગ્દર્શન કી વ્યાખ્યા કહી. અબ ચૌથી ઢાલ મેં સમ્યગ્જ્ઞાન કી વ્યાખ્યા ચલતી હૈ. સમ્યગ્દર્શન કે સાથ હી સમ્યગ્જ્ઞાન હોતા હૈ. લેકિન સમ્યગ્દર્શન કે સાથ સમ્યગ્જ્ઞાન કા વિશેષ આરાધન કરના કિ જિસસે જ્ઞાન કી બહુત નિર્મલતા હો. ઇસલિયે દર્શન કે બાદ યહાં જ્ઞાન કા અધિકાર લિયા હૈ. મોક્ષમાર્ગ મેં ભી તીન લિયે હૈં ન ? 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' 'ઉમાસ્વામી'.

દો હજાર વર્ષ પહલે 'કુંદકુંદાચાર્ય' મહારાજ દિગંબર સંત પ્રભુ થે, મહાન મુનિ

*स्वापूर्वार्थव्यदसायात्मकं ज्ञानं प्रमाणम् (પ્રમેયરત્ન સૂત્ર–૧)

થે. વે ભગવાન કે પાસ ગયે થે. 'કુંદકુંદાચાર્ય' દો હજાર વર્ષ પહલે 'વંદેવાસ' હૈ ના ? 'વંદેવાસ' ગાંવ હૈ. વહાં સે પાંચ મિલ 'પોન્નુર હિલ' હૈ, 'મદ્રાસ'. વહાં દિગંબર મુનિ દો હજાર વર્ષ પહલે રહતે થે. વહાં સે ભગવાન કે પાસ ગયે. 'સીમંધર' ભગવાન અભી બિરાજતે હૈં, ઉસ સમય ભી બિરાજતે થે. બહુત બડા આયુષ્ય હૈ ના ? વહાં ગયે થે, આઠ દિન રહે થે ઔર વહાં સે આકર 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર' તાડપત્ર મેં લિખે હૈં. મહાસંત ! 'પોન્નુર હિલ', 'મદ્રાસ' સે ૮૦ માઈલ દૂર હૈ. પર્વત હૈ. હમ દો બાર ગયે હૈં, પૂરા સંઘ સાથ મેં થા. 'કુંદકુંદાચાર્ય' ને ભગવાન કે પાસ (સુનકર) યહાં શાસ્ત્ર બનાયે. વે કહતે હૈં કિ, સમ્યગ્દર્શન હોને કે બાદ સમ્યગ્જ્ઞાન કા આરાધન કરના ચાહિયે.

(દોહા)

સમ્યક્ શ્રદ્ધા ધારિ પુનિ, સેવહુ સમ્યગ્જ્ઞાન;
સ્વ-પર અર્થ બહુ ધર્મજુત, જો પ્રગટાવન ભાન. ૧.

પ્રગટાવન સૂર્ય હૈ. સચ્ચે આત્મદર્શનપૂર્વક જ્ઞાન કા ભાનુ સૂર્ય હૈ. અંતર સૂર્ય ચૈતન્ય ભગવાન. અનંત ધર્મયુક્ત, ઐસા લેગેં. દેખો ! 'સમ્યગ્દર્શન ધારણ કરકે...' પહલે સમ્યગ્દર્શન બાદ મેં જ્ઞાન, હાં ! સમ્યગ્દર્શન ન હો ઔર માત્ર જ્ઞાન કો સમ્યગ્જ્ઞાન કહતે નહીં.



'(બહુ ધર્મજુત) અનેક ધર્માત્મક...' કહતે હૈં કિ, જ્ઞાન મેં અનેક ધર્મયુક્ત આત્મા ઔર અનેક સ્વભાવયુક્ત જડ, ઉસકા જ્ઞાનસૂર્ય મેં ભાન હોતા હૈ. અનંત ધર્મયુક્ત આત્મા, અનંત ગુણ(સ્વરૂપ) આત્મા. ભગવાનઆત્મા જિતને સિદ્ધ મેં અનંત ગુણ પ્રગટ હુએ વે સબ અનંત ગુણ યહાં આત્મા મેં હૈં. ઐસે અનંત ગુણ કા જ્ઞાન–બોધ કરાતે હૈં. વિશેષ લેના હૈ ના ? ભાઈ ! દર્શન અભેદ થા ના ? વિસ્તાર કરતે હૈં. જ્ઞાન સ્વપરપ્રકાશક (હૈ), ઐસે લેના હૈ ના ? દેખો !

'સમ્યગ્જ્ઞાન કા સેવન કરો;...' ક્યોં ? '(જો સમ્યગ્જ્ઞાન) અનેક ધર્માત્મક (સ્વ-પર અર્થ) અપના ઔર દૂસરે પદાર્થોં કા જ્ઞાન કરાને મેં સૂર્ય કે સમાન હૈ.' ક્યા કહતે હૈં ? સમ્યગ્દર્શન મેં તો અપને આત્મા કી પ્રતીત હોતી હૈ, ઉસમેં ભેદ નહીં હોતા. મૈં આત્મા હૂં, ઉસમેં આનંદ હૈ, ઉસમેં જ્ઞાન હૈ ઐસા ભેદ સમ્યગ્દર્શન મેં નહીં હોતા. સમજ મેં આયા ? આહા..હા...! સમ્યગ્દર્શન મેં અખંડાનંદ ભગવાનઆત્મા અનંત ગુણરૂપ એકસ્વરૂપ, અનંત ગુણરૂપ એકરૂપ (હૈ) ઐસી અંતર મેં નિર્વિકલ્પ પ્રતીતિ હોની, ઉસમેં ભેદ નહીં આતા કિ, યહ જ્ઞાન હૈ, યહ આત્મા હૈ ઔર યહ આનંદ હૈ, ઔર યહ આત્મા હૈ, ઐસા ભેદ નહીં. એસી અંતર પ્રતીતિ કો સમ્યગ્દર્શન કહતે હૈં. આહા..!

સમ્યગ્જ્ઞાન આત્મા મેં અનંત ગુણ હૈં, ઐસા સમ્યગ્જ્ઞાન જનાતા હૈ. સમજ મેં આયા ? સર્વજ્ઞ પરમેશ્વર ને એક આત્મા મેં અનંત ગુણ દેખે હૈં. કહા થા ના ? બહુત બાર કહતે હૈં. આકાશ કે પ્રદેશ હૈં ના ? આકાશ કે પ્રદેશ. અમાપ અમાપ આકાશ હૈ ના ? લોક કે બાહર ચારોં ઓર (આકાશ હૈ). અમાપ અનંત પ્રદેશ. અનંત પ્રદેશ સે (અનંતગુને) ગુણ એક આત્મા મેં હૈં. ભગવાન જાને, અપને કો પતા નહીં, અપને તો આત્મા કો માનો. ઐસા કહતે હૈં કિ, (ઐસા માનના ઉસે) માનના નહીં કહતે. જિસે આત્મદૃષ્ટિ હુઈ ઉસકે જ્ઞાન મેં આત્મા અનંતગુણમય હૈ ઐસા ઉસકા ભાન હોતા હૈ. એક ગુણ (હૈ), ઐસા નહીં. એક આનંદમય હૈ, ઐસા નહીં. અનંત ગુણ હૈં. આહા..હા...! સર્વજ્ઞ પરમેશ્વર કે અલાવા, વીતરાગ તીર્થંકરદેવ કે અલાવા. બરાબર હિન્દી નહીં આતી, શબ્દ મેં થોડા ફર્ક પડ જાતા હૈ. ભગવાન કે અલાવા યહ બાત દુનિયા મેં, ઓર કહીં નહીં હૈ. પરમેશ્વર વીતરાગ તીર્થંકરદેવ કે કથન કે અલાવા યહ બાત તીનકાલ તીનલોક મેં અન્યત્ર કહીં દૂસરે મેં હોતી નહીં. સમજ મેં આયા ?

ઇસલિયે 'દૌલતરામજી' કહતે હૈં કિ, સમ્યગ્જ્ઞાન... કૈસે લિખા હૈ, દેખા ના ! '(બહુ ધર્મજુત)...' સમજ મેં આયા ? 'અનેક ધર્માત્મક અપના ઔર દૂસરે પદાર્થોં કા જ્ઞાન કરાને મેં સૂર્ય કે સમાન હૈ.' સમજ મેં આયા ? જો જ્ઞાન દર્શન–પ્રતીતિ હુઈ ઉસમેં યહ અનંત ગુણમય આત્મા હૈ (ઐસા ભાન હુઆ). એક એક જ્ઞાન મેં

અનંત પર્યાય હોને કી તાકત હૈ. એક એક ગુણ મેં અનંતી સામર્થ્યતા હૈ. એક એક જ્ઞાનગુણ મેં અનંત પર્યાય જો કેવલજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ, કેવલજ્ઞાન, ઐસે કેવલજ્ઞાન કી જો અનંતી પર્યાય હૈં, વહ જ્ઞાનગુણ મેં પડી હૈં. ઐસા-ઐસા અનંત ગુણમય આત્મા હૈ, ઐસા સમ્યગ્જ્ઞાન જ્ઞાન કરાતા હૈ. સમજ મેં આયા ? અજ્ઞાની કહતે હૈં કિ, એક આત્મા કરો, આત્મ કરો. લેકિન આત્મા ક્યા ? આત્મા હૈ કૌન ? ઔર ઉસમેં ગુણ કિતને હૈં ? જિતને ગુણ હૈં ઉતની ઉસકી પર્યાય હોતી હૈં, અવસ્થા હોતી હૈં. ઐસા ભાન હુએ બિના ઉસકા સમ્યગ્જ્ઞાન હોતા નહીં. સમજ મેં આયા ? અચ્છી બાત કહી હૈ, દેખો ! યહાં લિખા હૈ.

'સ્વ-પર અર્થ બહુ ધર્મજુત, જો પ્રગટાવન ભાન.' આહા..હા...! યહ વાચાજ્ઞાન કી બાત નહીં હૈ. અંતરજ્ઞાન જિસે સમ્યગ્જ્ઞાન કહતે હૈં, જો દર્શનપૂર્વક હુઆ તો વહ જ્ઞાન આત્મા મેં અનંત ગુણ હૈં, ઐસા બતાતા હૈ ઔર વહ જ્ઞાન પરમાણુ આદિ અનંત જડ પદાર્થ હૈં ઉસમેં ભી અનંત ગુણ હૈં, ઐસા વહ જ્ઞાન બતાતા હૈ. એક એક જડ પરમાણું હૈં, યહ મિટ્ટી હૈ ના ? બહુત રજકણ ઇકટ્ઠે હુએ હૈં. જડ હૈ, મિટ્ટી–ધૂલ હૈ. એક-એક પરમાણુ મેં.. એક-એક કહતે હૈં, ક્યા કહતે હૈં ? પ્રત્યેક પરમાણુ મેં અનંત ગુણ હૈં, અનંતાનંત. જિતને જીવ મેં હૈં, ઉતને ઉસમેં હૈં. ઇસમેં જ્ઞાન ઔર આનંદ હૈ, ઐસા ઉસમેં નહીં હૈ, લેકિન સંખ્યા સે ઇતને હૈં. ઇતને ગુણ કો સમ્યગ્જ્ઞાન બતાતા હૈ, ઐસા કહતે હૈં. આહા..હા...! સમજ મેં આયા ?

મુમુક્ષુ :– ઉસકા નામ જ્ઞાન કહતે હૈં ?

ઉત્તર :– ઉસકા નામ જ્ઞાન. આહા..! જ્ઞાન હો ગયા, લેકિન ક્યા જ્ઞાન હુઆ ? અંદર કુછ જાનને મેં આતા થા. લાલ-પીલા દિખતા થા. ધ્યાન.. ધ્યાન.. ધ્યાન.. કિસકા ધ્યાન ? ખરગોશ કે સિંગ ? ખરગોશ હોતા હૈ ના ? ઉસે સિંગ નહીં હોતે. ઐસે આત્મા ક્યા ચીજ હૈ ? એક સમય મેં અનંતગુણમય અનંત ધર્મસ્વભાવ ઔર અનંતી પર્યાયમય ઐસા જ્ઞાન નહીં હુઆ તો ઉસે જ્ઞાન હી નહીં કહતે. સમજ મેં આયા ? દેખો !

અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, પ્રભુત્વ, સ્વચ્છતા ઐસે અનંત ગુણ, સંખ્યા સે અનંત ગુણ. દ્રવ્ય એક, ગુણ અનંત. દ્રવ્ય એક–વસ્તુ એક, ગુણ અનંત. કિતને અનંત ?

કિ, આકાશ કે પ્રદેશ સે અનંતગુને. ઐસે-ઐસે અનંત ગુણ પરમાણુ મેં હૈં. સમ્યગ્જ્ઞાન અપને અનંત ગુણ કા ઔર પરમાણુ કે અનંત ગુણ કા બોધ કરાતા હૈ. સમજ મેં આયા ? ઓ..હો..હો...! 'અનેક ધર્માત્મક (સ્વ-પર અર્થ) અપના ઔર દૂસરે પદાર્થોં કા જ્ઞાન કરાને મેં સૂર્ય સમાન હૈ.' ચૈતન્ય કા અંદર જ્ઞાન સ્વ કા ઔર પર કા સૂર્ય સમાન હૈ. બાહર કા સૂર્ય તો ધૂલ હૈ.

ભાવાર્થ :- 'સમ્યગ્દર્શન સહિત સમ્યગ્જ્ઞાન કો દઢ કરના ચાહિયે.' સમ્યગ્દર્શન સહિત, હાં ! ઉસકે બિના જ્ઞાન હોતા નહીં. 'સમ્યગ્જ્ઞાન કો દઢ કરના ચાહિયે. જિસ પ્રકાર સૂર્ય સમસ્ત પદાર્થોં કો તથા સ્વયં અપને કો યથાવત્ દર્શાતા હૈ,...' દેખો ! સૂર્ય અપને કો દિખાતા હૈ, સૂર્ય પર કો દિખાતા હૈ. 'ઉસીપ્રકાર જો અનેક ધર્મયુક્ત સ્વયં અપને કો...' અનેક ગુણયુક્ત અપને કો ઔર અનેક ગુણયુક્ત પરપદાર્થોં કો 'જ્યોં કા ત્યોં બતલાતા હૈ ઉસે સમ્યગ્જ્ઞાન કહતે હૈં.' આહા..હા...! અભેદ દૃષ્ટિપૂર્વક જ્ઞાન મેં સબ ભેદ જાનને મેં આતે હૈં. સ્વ-પર કા ભેદ, રાગ કો જાનના, પુણ્ય કો જાનના, પુણ્ય હૈ, રાગ હૈ, પુણ્ય કો જાનના. જ્ઞાન જાનતા હૈ કિ, યહ પુણ્ય હૈ, પાપ હૈ. આત્મા મેં અનંત ગુણ હૈં, પર મેં અનંત ગુણ હૈં. ઐસા સમ્યગ્જ્ઞાન દર્શનપૂર્વક હોતા હૈ ઉસકો સમ્યગ્જ્ઞાન-મોક્ષ કે માર્ગ કા દૂસરા ભાગ કહતે હૈં. પહલા સમ્યગ્દર્શન, બાદ મેં સમ્યગ્જ્ઞાન. ઉસકી વિશેષ બાત કહેંગે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

## વીર સંવત ૨૪૯૨, મહા વદ ૬, શુક્રવાર
## તા. ૧૧-૨-૧૯૬૬, ગાથા ૧, ૨. પ્રવચન નંબર–૨૩

'ઉનમેં સકલ ચારિત્ર કા પાલન મુનિરાજ કરતે હૈં...' શ્રાવક કો યહ ભૂમિકા હોતી નહીં. 'દેશ ચારિત્ર કા પાલન શ્રાવક કરતે હૈં.' પંચ અણુવ્રત કા પાલન શ્રાવક કો હોતા હૈ. પંચ મહાવ્રત કા પાલન તો મુનિ કો હોતા હૈ. 'ઇસ ચૌથી ઢાલ મેં દેશચારિત્ર કા વર્ણન કિયા ગયા હૈ.' ઇસ ચૌથી ઢાલ મેં. 'સકલ ચારિત્ર કા વર્ણન છઠવીં ઢાલ મેં કિયા જાયેગા.' આખિર મેં (કરેંગે).

'ત્રસ જીવોં કી સંકલ્પી હિંસા કા સર્વથા ત્યાગ કરકે...' દેખો ! સંકલ્પી હિંસા. મૈં ઇસ પ્રાણી કો માર દૂં, ઐસી હિંસા કા ભાવ પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવક કો હોતા નહીં. 'નિષ્પ્રયોજન સ્થાવર જીવોં કા ઘાત ન કરના સો અહિંસા અણુવ્રત હૈ.' પ્રયોજન બિના... શ્રાવક હૈ, નીચે કહેંગે, દેખો ! ટિપ્પણી હૈ ના નીચે ? નીચે ટિપ્પણી

હૈ. '(૧) અહિંસાણુવ્રત કા ધારણ કરનેવાલા જીવ 'યહ જીવ ઘાત કરને યોગ્ય હૈ, મૈં ઇસે મારું' ઇસપ્રકાર સંકલ સહિત કિસી ત્રસ જીવ કી સંકલ્પી હિંસા નહીં કરતા;...' એક મખ્ખી કો ભી સંકલ્પ સે મારના (કિ), મૈં માર દૂં, ઐસા ભાવ શ્રાવક કો નહીં હોતી. એક મખ્ખી ભી. મુજે ઊલટી નહીં હોતી, ઊલટી. બહુત દુઃખ રહા હૈ તો ઇસ મખ્ખી કો માર દૂં. ઐસે નહીં હોતા. સંકલ્પી હિંસા કા ત્યાગ હૈ. પંચમ ગુણસ્થાન પ્રગટ હુઆ હૈ. શાંતિ.. શાંતિ.. શાંતિ.. અંદર બહુત શાંતિ (હૈ), દો કષાય કે અભાવ (પૂર્વક) શાંતિ વર્તતી હૈ.

કહતે હૈં કિ, 'ઇસપ્રકાર સંકલ્પ સહિત કિસી ત્રસ જીવ કી સંકલ્પી હિંસા નહીં કરતા; કિન્તુ ઇસ વ્રત કા ધારી આરમ્ભી,...' આરંભી હિંસા હૈ, ઉસકા ત્યાગ નહીં. ખાના બનાતે હૈં, ચલતે હૈં આદિ આરંભ હોતા હૈ ના ? (વહ) આરમ્ભી. 'ઉદ્યોગિની...' વ્યાપાર. પંચમ ગુણસ્થાન મેં વ્યાપાર હોતા હૈ. વહાણ કા વ્યાપાર હોતા હૈ, ધંધે કા વ્યાપાર હોતા હૈ. ઉસ હિંસા કા ત્યાગ નહીં હૈ. વહ તો હૈ ના ? પંચમ ગુણસ્થાન મેં ઇતના પરિણામ તો (હોતા હૈ). 'ઉદ્યોગિની ઔર વિરોધિની હિંસા કા ત્યાગી નહીં હોતા.' વિરોધિની હિંસા કા ત્યાગી નહીં. રાજા હો ઔર લડાઈ કરને આયે તો અપની રક્ષા કે લિયે સામને લડને કા ભાવ હોતા હૈ. માનતે હૈં કિ, યહ પાપ હૈ. વિરોધિની હિંસા ભી પાપ હૈ, ઉદ્યોગિની હિંસા ભી પાપ હૈ, આરમ્ભી હિંસા ભી પાપ હૈ. પરંતુ છોડ નહીં સકતે. પંચમ ગુણસ્થાન મેં છોડ નહીં સકતે. વહ છૂટ જાયે તો અંદર મેં મુનિપના હો જાયે. સમજ મેં આયા ? સંકલ્પી હિંસા કા ત્યાગ કરતે હૈં ઔર ત્રસ, સ્થાવર કી બિના કારણ હિંસા નહીં કરતે.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ઉસે કહાં હૈ ? ત્રસ કી હિંસા નહીં હૈ. સંકલ્પ-વિકલ્પ નહીં હૈ. તીન જ્ઞાન કે ધનિ, કુછ તો જાતિસ્મરણજ્ઞાની હૈં. વે ક્યા કહતે હૈં સમજ મેં આયા ? અઢાઈ દ્વિપ કે બાહર અસંખ્ય શ્રાવક હૈં. યહ અઢાઈ દ્વિપ કા મનુષ્ય ક્ષેત્ર હૈ ના ? અઢાઈ દ્વિપ મેં મનુષ્ય ક્ષેત્ર (હૈ). ઉસકે બાહર અસંખ્ય દ્વિપ, સમુદ્ર મેં, સ્વયંભૂરમણ સમુદ્ર મેં સચ્ચે સમકિતી શ્રાવક હૈં. હૈ ના, શાસ્ત્ર મેં પાઠ હૈ ના ? સમકિતી અણુવ્રતધારી. અસંખ્ય મૃગ હૈ, મચ્છી હૈ, મગર હૈ, કુત્તા હૈ, સિંહ હૈ, વાઘ હૈ, ઐસે

અસંખ્ય હૈં. સિદ્ધાંત મેં પાઠ હૈ, 'ધવલ' મેં પાઠ હૈ. ભગવાન ને કેવલજ્ઞાન મેં દેખા હૈ કિ, અઢાઈ દ્વિપ કે બાહર (ઐસે જીવ હૈં). અઢાઈ દ્વિપ મેં તો બહુત થોડે શ્રાવક હૈં. મનુષ્ય થોડે હૈં ના ? ઔર બાહર મેં અસંખ્ય હૈં. એક સમકિતી ઔર અસંખ્યાતા મિથ્યાદૃષ્ટિ. તો ભી અસંખ્ય સમકિતી ઔર અસંખ્ય શ્રાવક પંચમ ગુણસ્થાનવાલે બાહર મેં હૈં. હજાર-હજાર જોજન કા શરીર હૈ. ચાર હજાર ગાઉ કા મચ્છ કા શરીર (હૈ). પંચમ ગુણસ્થાનવાલા હૈ, કોઈ અવધિજ્ઞાની (હૈં). તીન જ્ઞાન કે ધનિ હૈં. તો ભી વે ત્રસ કી હિંસા કરતે નહીં. સંકલ્પ સે ત્રસ કી હિંસા નહીં (કરતે). પાની મેં કોઈ ત્રસ આ જાયે તો (અલગ બાત હૈ). વહાં સ્થાવર તો હૈં, સ્થાવર કી હિંસા હૈ.

મુમુક્ષુ :– .. એ ચાલે છે ને ?

ઉત્તર :– લેકિન વહ તો પ્રયોજન કા હૈ ના. બિના પ્રયોજન કી હિંસા કહાં હુઈ ? ચલતા હૈ (તો) સ્થાવર જીવ કી હિંસા હોતી હૈ. સમજ મેં આયા ? જલ મેં હૈ ના ? પંચમ ગુણસ્થાન હૈ. ચલતા હૈ, હજાર જોજન ચલે. મચ્છી, કિતના લંબા દેહ ! પાની બહુત હૈ. તિર્યંચ ભી ઐસે હોતે હૈં. યહ બાત ક્યા ચલતી હૈ ? તિર્યંચોં પંચમ ગુણસ્થાનવાલે હોતે હૈં. ભગવાન તીર્થંકરદેવ ને કહા હૈ. ઐસે બહુત અસંખ્ય બાહર પડે હૈં.

દેખો ના, હાથી ! 'ત્રિલોકમંડન' હાથી. 'ત્રિલોકમંડન' થા ના ? જો 'રાવણ' કા હાથી થા. જબ 'રામચંદ્રજી' લાયા, વહ 'ભરત' કા મિત્ર થા. 'ભરત' દીક્ષા લેતે હૈં ના, દેખો, 'ભરત' દીક્ષા લેતે હૈં. દેખો ! ચારોં બૈઠકર જાતે હૈં. હાથીપર 'ભરત', 'રામ', 'લક્ષ્મણ', 'શત્રુઘ્ન' જાતે હૈં. 'ભરત' દીક્ષા લેતે હૈં, વહ તો પૂર્વ કા મિત્ર થા. જાતિસ્મરણ હો ગયા, તિર્યંચ કો જાતિસ્મરણ હો ગયા. અ..હો...! મૈં તો 'ભરત' કા મિત્ર થા. અરે..! યે દીક્ષા (લે રહા હૈ), મૈં તો મનુષ્યપના હાર ગયા. વૈરાગ્ય હો ગયા, સમ્યગ્દર્શન હો ગયા. સમજ મેં આયા ? યે તો યહાં અઢાઈ દ્વિપ મેં હૈ. અઢાઈ દ્વિપ કે બાહર અસંખ્ય હૈં. અસંખ્ય ! અબજો, અબજો, અબજો.. સમકિતી શ્રાવક. મિથ્યાદૃષ્ટિ ઉનસે અસંખ્યાતગુને હૈં.

મિથ્યાદૃષ્ટિ તિર્યંચ તો અસંખ્યગુના બાહર મેં હૈં પરંતુ સમકિતી ભી અસંખ્ય હૈં. વહ ચલે તબ, પૂંછ હિલાયે તો સ્થાવર જીવ બહુત મર જાતે હૈં. પરંતુ વહ તો

શરીર કી ગતિ કા પ્રયોજન હૈ. હિંસા લગતી હૈ, હિંસા લગતી હૈ લેકિન ઉસ હિંસા કા ત્યાગ ઉસે નહીં હૈ. સમજ મેં આયા ? વહ (ક્રિયા) બિના પ્રયોજન નહીં હૈ. શરીર ચલતા હૈ, વહાં પાની મેં લીલ-ફૂગ ભી હૈં. લીલ-ફૂગ સમજે ? (–કાઈ).

મુમુક્ષુ :– ...

ઉત્તર :– સામાયિક કરે, પોષા કરે. પૂછો ના, ભાઈ ! સામાયિક કા અર્થ – અંતર અખંડાનંદ ભગવાન, ઉસમેં સમતા–વીતરાગી સમતા મેં સ્થિર હો જાતા હૈ, ઉસકા નામ સામાયિક. વહાં કુછ બિછાને કા નહીં હૈ કિ, બિછા લે. કપડા, મકાન નહીં હૈ, વહ તો જલ મેં હૈ. ઔર કિતને પશુ સ્થલ મેં પડે હૈં. સિંહ, વાઘ સમકિતી શ્રાવક (હૈં). અંતર આનંદમૂર્તિ કા અનુભવ સમ્યગ્દર્શન મેં હુઆ હૈ ઉસમેં લીન હો જાતે હૈં. લીન.. સમતા.. સમતા.. સમતા.. સમતા.. સમતારસ કા ઝરના અંદર સામાયિક મેં પીતે હૈં. પૌષધ મેં આત્મા કા પોષણ કરતે હૈં. સમકિત મેં શુદ્ધ આનંદકંદ કી દૃષ્ટિ, અનુભવ હુઆ હૈ, બાદ મેં ઉસમેં એકાગ્ર હોતે હૈં, પોષણ કરતે હૈં ઉસકા નામ પૌષધ. તિર્યંચ ભી સામાયિક ઔર પૌષધ કરતે હૈં. આહા..હા...! આત્મા હૈ ના ! વહ આત્મા કી ક્રિયા હૈ. જડ કી જડ કી ક્રિયા હૈ. જડ મેં ક્યા હૈ ? સમજ મેં આયા ? કઠિન બાત, ભાઈ !

યહાં તો ઇતના કહતે હૈં કિ, શ્રાવક પંચમ ગુણસ્થાન મેં જહાં અપને સ્વરૂપ કા અનુભવ ઔર દૃષ્ટિ હુઈ હૈ બાદ મેં જબ પાંચ અણુવ્રત ગ્રહણ કરતે હૈં ઉસમેં ત્રસ જીવ કી સંકલ્પી હિંસા કા ત્યાગ (હૈ). ઉદ્યોગિની, આરમ્ભિની ઔર વિરોધિની હિંસા કા ત્યાગ નહીં હોતા. કોઈ વિરોધ કરતા હો તો ઐસા ભાવ આવે. માને, સમજે કિ પાપ હૈ. વિરોધ કરના ભી હૈ તો પાપ. વ્યાપાર કરને કા ભાવ હોતા હૈ વહ હૈ તો પાપ. પરંતુ ઉસ પાપ કા ત્યાગ પંચમ ગુણસ્થાન મેં નહીં હો સકતા. સમજ મેં આયા ? આતા હૈ, ઉસે ઉતના રાગ હૈ, અભી મોહ હૈ. સ્ત્રી હો, શ્રાવક હો તો ખાના બનાના પડતા હૈ. સ્ત્રી પંચમ ગુણસ્થાન મેં આત્મધ્યાની, જ્ઞાની સ્ત્રી હો. પંચમ ગુણસ્થાન મેં ઉસે ભોજન કરના પડે, જલ ગરમ કરના પડે તો ઉસમેં જીવ કિ હિંસા હોતી હૈ, કોઈ ત્રસ ભી મરતે હૈં. (લેકિન) સંકલ્પ સે મારતે નહીં.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઉસે જલાયે નહીં. છાંટકર નિકાલ દે. લકડા હો ઉસ પર રખ દે. સમજે ના ? ક્યા કહતે હૈં ? ચીમની ગરમ કરકે ઉસ પર નહીં ડાલતે ? ચીમની હોતી હૈ ના ચીમની ? સીસે કી ગરમ-ગરમ ચીમની હોતી હૈ ના ? કિતને તો ઐસે હોતે હૈં કિ, માકડ હો ઉસ પર ગરમ-ગરમ ફિરાયે તો મર જાયે. પ્રાણ જાયે તો ભી શ્રાવક કરતે હી નહીં. ત્રસ જીવ કો ઐસા નહીં કરે. સમજ મેં આયા ? શ્રાવક હૈ, કરુણાવંત હૈ, ઉસમેં દયા હૈ. ઐસે ત્રસ કી હિંસા તો કરતે નહીં. જૂં હોતી હૈ ના ? જૂં. જૂં કો ક્યા કહતે હૈં ? જૂં કહતે હૈં ના ? જૂં નિકાલકર ઐસા કરતે હૈં.

મુમુક્ષુ :– વિરોધિની હૈ.

ઉત્તર :– વહ વિરોધિની નહીં. ઠીક કહતે હૈં. વિરોધિની નહીં હૈ, વહ તો બેચારી સાધારણ પ્રાણી હૈ. કુછ ઔરતેં જૂં નિકાલતી હૈં, કામ કરતી જાયે. જૈન મેં ભી હોતે હૈં, દેખે હૈં. નામધારી જૈન. નામધારી જૈન, ભાવ જૈન ક્યા ? સમજ મેં આયા ? હમારે યહાં મહાજન લોગ હૈં, એક બાઈ કહને લગી, ઉસ જૂં કો મારને કા ત્યાગ મુજ સે નહીં હો સકતા. જૂં નિકલે તો તુરંત મર ડાલતી હૂં. (નહીં) મારે તો કહાં જાયે ? (છોડ દે તો) ઔર કિસી કો કાટે. આહા..હા..! શ્રાવક કો ઐસી હિંસા કા ભાવ હોતા હી નહીં. બિલકુલ નહીં હોતા. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન કા ભાવ હૈ. મૈં સિદ્ધ સમાન (હૂં), સબ સિદ્ધ સમાન આત્મા હૈં. સબ આત્મા જ્ઞાનમય ભગવાન હૈં. સમજ મેં આયા ? સબ જીવ ભગવાન પરમાત્મસ્વરૂપ હૈં, પર્યાય મેં ભૂલ હૈ તો મિથ્યાત્વ આદિ હૈ, તો રખડતે હૈં. સમજ મેં આયા ? આહા..હા..! સમતાભાવ સબ જીવ હૈ. કોઈ વિરોધી, દુશ્મન હૈ નહીં. સમકિતી કિસી કો દુશ્મન માનતે નહીં. કોઈ લડાઈ કરને કો આવે તો મારને કા ભાવ આતા હૈ, પરંતુ હમારા દુશ્મન હૈ ઐસા નહીં માનતે. આહા..હા...! સમજ મેં આયા ?

વ્રતધારી શ્રાવક 'આરમ્ભી, ઉદ્યોગિની તથા વિરોધિની હિંસા કા ત્યાગી નહીં હોતા.' સંકલ્પ હિંસા કા ત્યાગી હો સકતા હૈ. 'દૂસરે કે પ્રાણોં કો ઘાતક, કઠોર તથા નિંદ્યનીય વચન ન બોલના (તથા દૂસરોં સે ન બુલવાના, ન અનુમોદના સો સત્ય-અણુવ્રત હૈ).' દેખો ! શ્રાવકપના યાની.. ઓ..હો..હો..! જહાં એકાવતારી એકભવતારી સર્વાર્થસિદ્ધિ દેવ, એકભવતારી, એકભવતારી હૈ ના ? એક ભવ કરકે

મુક્તિ મેં જાયેંગે. ઉસસે ભી યે (શ્રાવક) ગુણ મેં બઢ ગયા. પંચમ ગુણસ્થાન (હૈ). ગુણ મેં બઢ ગયા. બાહર સે માત્ર વ્રત લિયે ઐસા નહીં. અંતર શાંતિ ઔર સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત કહા ના ? 'સમ્યગ્જ્ઞાની હોય, બહુર દિઢ ચારિત લીજૈ' આત્મા કા અનુભવ હુઆ હૈ, આનંદકંદ શુદ્ધ નિર્વિકલ્પ, નિર્વિકલ્પ આનંદ કા અનુભવ હુઆ હૈ, નિર્વિકલ્પ આત્મા કી અંતર સમ્યક્ દૃષ્ટિ હુઈ હૈ, બાદ મેં સ્વરૂપ કી સ્થિરતા મેં ઐસે પાંચ અણુવ્રત કા ભાવ આતા હૈ. આહા..હા...! ઐસી બાત હૈ, ભાઈ ! સમજ મેં આયા ? વહ એક શ્લોક હુઆ. દૂસરા શ્લોક.

---

### અચૌર્યાણુવ્રત, બ્રહ્મચર્યાણુવ્રત, પરિગ્રહપરિમાણાણુવ્રત તથા દિગ્વ્રતનું લક્ષણ

જલ મૃતિકા વિન ઔર નાહિં કછુ ગહૈં અદત્તા;
નિજ વનિતા વિન સકલ નારિસોં રહૈ વિરત્તા.
અપની શક્તિ વિચાર, પરિગ્રહ થોરો રાખૈ;
દશ દિશ ગમન પ્રમાણ ઠાન, તસુ સીમ ન નાખૈ. ૧૧.

અન્વયાર્થ :– (જલ મૃતિકા વિન) પાણી અને માટી સિવાયની (ઔર કછુ) બીજી કોઇ ચીજ (અદત્તા) દીધા વિના (નાહિં) ન (ગહૈં) લેવી [તેને અચૌર્યાણુવ્રત કહે છે]. (નિજ) પોતાની (વનિતા વિન) સ્ત્રી સિવાય (સકલ નારિસોં) બીજી સર્વ સ્ત્રીઓથી (વિરત્તા) વિરક્ત (રહૈ) રહે [તે બ્રહ્મચર્યાણુવ્રત છે.] (અપની) પોતાની (શક્તિ વિચાર) શક્તિ વિચારીને (પરિગ્રહ) પરિગ્રહ (થોરો) મર્યાદિત (રાખૈ) રાખવો [તે પરિગ્રહપરિમાણાણુવ્રત છે]. (દશ દિશ) દશ દિશાઓમાં (ગમન) જવા-આવવાની (પ્રમાણ) મર્યાદા (ઠાન) રાખીને (તસુ) તેની (સીમ) હદનું (ન નાખૈ) ઉલ્લંઘન કરવું [તે દિગ્વ્રત નામનું વ્રત છે.]

ભાવાર્થ :– જુ સમુદાય માટે જ્યાં અટકાયત ન હોય અને કોઇ ખાસ વ્યક્તિની માલિકી ન હોય એવા પાણી અને માટી જેવી વસ્તુ સિવાયની-પોતાની માલિકી ન

હોય એવી-પારકી વસ્તુને તેના માલિકે દીધા વગર ન લેવી [તથા ઉપાડીને બીજાને ન દેવી] તેને અચૌર્યાણુવ્રત કહે છે. પોતાની પરણેલી સ્ત્રી સિવાય બીજી સર્વ સ્ત્રીઓથી વિરક્ત રહેવું તે બ્રહ્મચર્યાણુવ્રત છે. [પુરુષોએઅન્ય સ્ત્રીઓને માતા, બહેન અને પુત્રી સમાન માનવી અને સ્ત્રીઓએ પોતાના સ્વામી સિવાય સર્વ પુરુષોને પિતા, ભાઇ અને પુત્ર સમાન સમજવા.]

પોતાની શક્તિ અને પોતાની યોગ્યતાનો ખ્યાલ રાખીને જીવન પર્યંતને માટે ધન, ધાન્ય આદિ બાહ્ય પરિગ્રહોનું પરિમાણ (મર્યાદા) કરીને તેનાથી વધારેની ઇચ્છા ન કરવી તેને * પરિગ્રહપરિમાણાણુવ્રત કહે છે. દશે દિશાઓમાં જવા-આવવાની મર્યાદા નક્કી કરીને જિંદગી સુધી તેનું ઉલ્લંઘન ન કરવું તેને દિગ્વ્રત કહે છે. તેમાં દિશાઓની મર્યાદા નક્કી કરવામાં આવતી હોવાથી તેને 'દિગ્વ્રત' કહેવાય છે.

---

દૂસરે મેં 'અચૌર્યાણુવ્રત, બ્રહ્મચર્યાણુવ્રત, પરિગ્રહપરિમાણાણુવ્રત તથા દિગ્વ્રત કા લક્ષણ.' ચાર કી (વ્યાખ્યા કહેંગે). દો કી પહલે આ ગઈ, ઇસમેં ચાર કી (વ્યાખ્યા કહેંગે).

જલ મૃતિકા વિન ઔર નાહિં કછુ ગહૈં અદત્તા;
નિજ વનિતા વિન સકલ નારિસોં રહૈ વિરત્તા.
અપની શક્તિ વિચાર, પરિગ્રહ થોરો રાખૈ;
દશ દિશ ગમન પ્રમાણ ઠાન, તસુ સીમ ન નાખૈ. ૧૧.

'છહ ઢાલા' મેં થોડે મેં બહુત ભર દિયા હૈ. ગાગર મેં સાગર ભર દિયા હૈ. દર્શન કા અધિકાર ભી ઇતના, સમ્યગ્જ્ઞાન કા ઇતના, ચારિત્ર કા (ભી ઇતના). સબ

(૨) પ્રમાદ અને કષાયમાં જોડાવાથી જ્યાં પ્રાણઘાત કરવામાં આવે છે ત્યાં જ હિંસાને દોષ લાગે છે; જ્યાં તેવું કારણ નથી ત્યાં પ્રાણઘાત હોવા છતાં પણ હિંસાનો દોષ લાગતો નથી. જેમ પ્રમાદ રહિત મુનિ ગમન કરે છે; વૈદ-ડોકટર રોગીનો કરુણાબુદ્ધિથી ઉપચાર કરે છે; ત્યાં સામે નિમિત્તમાં પ્રાણઘાત થતાં હિંસાનો દોષ નથી.

(૩) નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન પૂર્વક પ્રથમના બે કષાયોનો અભાવ થયો હોય તે જીવને સાચા અણુવ્રત હોય છે, નિશ્ચયસમ્યગ્દર્શન હોય તેના વ્રતને સર્વજ્ઞદેવે બાળવ્રત (અજ્ઞાનવ્રત) કહેલ છે.

થોડેં સારા સાર ભર દિયા હૈ, પરંતુ લોગ વિચાર નહીં કરતે, તોતે કી ભાંતિ રટ લેતે હૈં. પરંતુ ઉસકા ભાવ ક્યા હૈ (વહ વિચારતે નહીં). ઇસીલિયે તો ઉન્હોં ને કહા કિ, 'લાખ બાતકી બાત' શુભાશુભ વિકલ્પ સે, રાગ સે ભિન્ન આત્મા હૈ ઐસા દૃષ્ટિ, અનુભવ પહલે કરો. ઉસકે બિના સમ્યગ્દર્શન, જ્ઞાન હોતા નહીં ઔર સમ્યગ્દર્શન, જ્ઞાન બિના તેરા શ્રાવકપના, મુનિપના કુછ હોતા હી નહીં, બિના એક કે સબ શૂન્ય હૈં. શૂન્ય હૈ, એક બિના શૂન્ય હૈ.

પહલે આત્મા કા સમ્યગ્દર્શન ઐસા દૃઢ પ્રગટ કરો. મૈં શુદ્ધ આનંદકંદ હી હૂં. પુણ્ય-પાપ કા રાગ હોતા હૈ વહ મેરી ચીજ નહીં, વહ તો આસ્રવતત્ત્વ હૈ. શરીર, વાણી, મન જડ કી ક્રિયા કા કર્તા મૈં નહીં. ક્યોંકિ જડ પદાર્થ કી પર્યાય, દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત જડ હૈ. પ્રત્યેક પરમાણુ અપને દ્રવ્ય-ગુણ-પર્યાય સે હૈં. દ્રવ્ય ત્રિકાલી શક્તિ કા પિંડ, ગુણ શક્તિ ઔર પર્યાય ચલતી હૈ વહ ઉસકી હૈ, મેરી નહીં. વહ મેરે સે હોતી નહીં. આહા..હા..! સમજ મેં આયા ? ઐસા સમ્યગ્દર્શન-જ્ઞાન પૂર્વક જહાં શ્રાવક કે અણુવ્રત હૈ વહાં તો અલૌકિક શાંતિ હૈ. પંચમ ગુણસ્થાન નરક મેં તો હોતા નહીં. દેવ મેં હોતા નહીં, એક પશુ મેં હોતા હૈ. પંચમ ગુણસ્થાન પશુ મેં.. સમજ મેં આયા ? તિર્યંચ મેં પંચમ ગુણસ્થાન હોતા હૈ, ઉસકો છઠ્ઠા નહીં હોતા. મનુષ્ય મેં ચૌથા હોતા હૈ, પાંચવાં હોતા હૈ ઔર છઠ્ઠા ભી હોતા હૈ. તીન કી ભૂમિકા અનુભવસહિત હોતી હૈ. સમજ મેં આયા ?

'(જલ-મૃતિકા બિન) પાની ઔર મિટ્ટી કે અતિરિક્ત અન્ય કોઈ વસ્તુ બિના દિયે નહીં લેના...' અચૌર્યવ્રત. સમજે ના ? નીચે ટિપ્પણી હૈ ના ? થોડી ટિપ્પણી (હૈ). 'પ્રમાદ ઔર કષાય મેં યુક્ત હોને સે જહાં પ્રાણઘાત કિયા જાતા હૈ વહીં હિંસા કા દોષ લગતા હૈ;' '**प्रमत्तयोगात्प्राणव्यपरोपणं हिंसा**' ઐસા 'તત્ત્વાર્થ સૂત્ર' (અધિકાર–૭, સૂત્ર–૧૩) મેં હૈ ના ? ભગવાન 'ઉમાસ્વામી' 'તત્ત્વાર્થ સૂત્ર' મેં 'મોક્ષ શાસ્ત્ર' મેં ફરમાતે હૈં કિ, '**प्रमत्तयोगात्प्राणव्यपरोपणं हिंसा**' પ્રમત્ત યોગ સે હિંસા કા ભાવ હો ઉસકા નામ હિંસા કહતે હૈં. 'પ્રમાદ ઔર કષાય મેં યુક્ત હોને સે જહાં પ્રાણઘાત કિયા જાતા હૈ વહીં હિંસા કા દોષ લગતા હૈ; જહાં વૈસા કારણ નહીં હૈ વહાં પ્રાણઘાત હોને પર ભી હિંસા કા દોષ નહીં લગતા.' મારને કા પ્રમાદ નહીં, કષાય નહીં (હૈ).

મર ગયા. મુનિ કા દૃષ્ટાંત દેતે હૈં, દેખો !

'જિસપ્રકાર–પ્રમાદરહિત મુનિ ગમન કરતે હૈં...' મુનિ હૈં ના ? પ્રમાદ રહિત ગમન કરતે હૈં. આત્મા કા ધ્યાન, જ્ઞાન, આનંદ, શાંતિ હૈ. પ્રમાદ ન આ જાયે ઐસે ચલતે હૈં. (ફીર ભી) કોઈ જીવ આ ગયા તો ઉસકા પાપ ઉનકો નહીં લગતા. ભાવ નહીં હૈ, ત્રસ આ ગયા. કોઈ ઉડતા પ્રાણી આ ગયા, મર જાયે. (લેકિન) ભાવ નહીં હૈ, પ્રમાદભાવ નહીં હૈ તો વહ ત્રસ મરે તો ઉસકા પાપ નહીં હૈ. 'વૈદ્ય ડૉક્ટર કરુણાબુદ્ધિપૂર્વક રોગોં કા ઉપચાર કરતે હૈં; વહાં સામનેવાલે કા પ્રાણઘાત હોનેપર ભી હિંસા કા દોષ નહીં હૈ.' મારને કા ભાવ હૈ નહીં. કરુણાબુદ્ધિ (હૈ). ઉસે હિંસા કા પાપ નહીં લગતા.

'(૩) નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક...' નીચે હૈ ટિપ્પણી મેં ? નિશ્ચય સમ્યગ્દર્શન, હાં ! ચૌથે ગુણસ્થાન મેં નિશ્ચય સમ્યગ્દર્શન હોતા હૈ. કોઈ કહે કિ, વ્યવહાર સમ્યગ્દર્શન ચૌથે, પાંચવે, છટ્ઠે હૈ, ઐસા નહીં. વહ તો રાગ હૈ. વ્યવહાર તો પરાશ્રિત હૈ, નિશ્ચય સ્વઆશ્રિત હૈ. સમજ મેં આયા ? નિશ્ચય સમ્યગ્દર્શન, અપના શુદ્ધ ભગવાનઆત્મા કે આશ્રય સે અંતર અનુભવ મેં પ્રતીત હોના ઉસકા નામ સચ્ચા નિશ્ચય સમ્યગ્દર્શન ચૌથે ગુણસ્થાન સે હોતા હૈ. સમજ મેં આયા ? ઔર દેવ-ગુરુ-શાસ્ત્ર કી શ્રદ્ધા વહ શ્રદ્ધા કા વિકલ્પ હૈ વહ વ્યવહાર સમકિત હૈ. વહ વ્યવહાર સમકિત હૈ. વ્યવહાર સમકિત કોઈ સમકિત હૈ નહીં. પરંતુ નિશ્ચય સમ્યગ્દર્શન હુઆ, અપને શુદ્ધ સ્વરૂપ કી અનુભવ પ્રતીતિ (હુઈ) તો સાથ મેં નૌ તત્ત્વ કી ભેદવાલી શ્રદ્ધા, સચ્ચે દેવ-ગુરુ-શાસ્ત્ર કી શ્રદ્ધા કા રાગ કો વ્યવહાર સમકિત કા આરોપ દેને મેં આતા હૈ. સમ્યક્ત્વ એક હી પ્રકાર કા સચ્ચા હૈ. નિશ્ચય હૈ વહી. પરંતુ સાથ મેં ઐસા રાગ (હૈ). સચ્ચે દેવ-ગુરુ-શાસ્ત્ર, સચ્ચે અરિહંત પરમેશ્વર, ગુરુ નિર્ગ્રંથ ચારિત્રવંત, સમજ મેં આયા ? પરમ દિગંબર સંત મહા આત્મધ્યાની, જ્ઞાની ઔર ભગવાન સર્વજ્ઞ ને કહે હુએ અનેકાંતમય શાસ્ત્ર. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ ને કહે હુએ અનેકાંતમય શાસ્ત્ર. યે તીનોં કી શ્રદ્ધા શુભરાગ હૈ. ઉસકો વ્યવહાર સમકિત કહને મેં આતા હૈ. વર્તમાન મેં બહુત ગડબડ ચલતી હૈ. ચૌથે, પાંચવેં ગુણસ્થાન મેં વ્યવહાર સમકિત હોતા હૈ. આઠવેં સે નિશ્ચય સમકિત હોતા હૈ, ઐસા (હૈ) નહીં. નિશ્ચય સમ્યક્ત્વ

ચૌથે સે હી હોતા હૈ. સ્વઆશ્રય (સે) હોતા હૈ.

મુમુક્ષુ :– ... નિર્મલ પર્યાય....

ઉત્તર :– સમ્યગ્દર્શન તો શ્રદ્ધા ગુણ કી નિર્મલ પર્યાય હૈ. વ્યવહાર સમકિત તો શુભરાગ હૈ, પરઆશ્રિત વિકલ્પ ઉઠતા હૈ. સમજ મેં આયા ? વર્તમાન મેં બહુત ગડબડ હૈ. દેવ-ગુરુ-શાસ્ત્ર કી શ્રદ્ધા કરો. નૌ તત્ત્વ કી ભેદ શ્રદ્ધા કરો, ઐસા નહીં.

મુમુક્ષુ :– પરદ્રવ્ય તૈં ભિન્ન આપ મેં રુચિ..

ઉત્તર :– પરદ્રવ્ય સે ભિન્ન. ભિન્ન હૈ. ઐસી રુચિ, પરદ્રવ્ય સે ભિન્ન, પરદ્રવ્ય સે ભિન્ન અપને સ્વરૂપ કી રુચિ. હૈ ના વહ ? કૌન-સા શ્લોક હૈ ? પન્ના–૫૬.'પરદ્રવ્યનતૈં ભિન્ન આપમેં રુચિ, સમ્યક્ત્વ ભલા હૈ;' દેખો ! 'આપરૂપકો જાનપનોં, સો સમ્યગ્જ્ઞાન કલા હૈ.' અપના જ્ઞાન. શાસ્ત્ર જ્ઞાન તો પરજ્ઞાન હૈ. દેખો ! ભાષા કિતની લી હૈ ! ઉન્હોંને પહલે સે લિયા હૈ. સમજ મેં આયા ? યહાં (ટેપ) મેં સબ આ ગયા હૈ, સબ વ્યાખ્યાન હો ગયા હૈ, ઉતર ગયા હૈ. ચૌથી ઢાલ ચલતી હૈ ના ? સબ ચલ ગયા.

'પરદ્રવ્યનતૈં ભિન્ન...' પરદ્રવ્ય કી ક્યા શ્રદ્ધા ? ઉસકી .. ક્યા હૈ ? દેવ-શાસ્ત્ર-ગુરુ પરદ્રવ્ય હૈ. શરીર પરદ્રવ્ય હૈ, કર્મ પરદ્રવ્ય હૈ, ઉસસે ભિન્ન (હૈ). વાસ્તવ મેં પુણ્ય-પાપ કા ભાવ ભી ઉસસે પર હૈ. ઉસસે ભિન્ન અપના સમ્યક્ ભલા હૈ. વહ સ્વરુચિ નિશ્ચય સમકિત હૈ. ઔર 'આપરૂપકો જાનપનોં,...' દેખો ! ભાષા દેખો ! 'છહ ઢાલા' (હૈ). 'આપરૂપકો.. આપરૂપ' શુદ્ધ જ્ઞાનાનંદ આપરૂપ હૈ. ઉસકા જ્ઞાન. શાસ્ત્રજ્ઞાન તો વ્યવહાર જ્ઞાન હુઆ. હોતા હૈ, વિકલ્પ હોતા હૈ. વહ નિશ્ચય નહીં, નિશ્ચય તો અપને સ્વરૂપ કા જ્ઞાન વહ જ્ઞાન હૈ. હૈ ના ઉસમેં ? ભૈયા ! દેખો ! તીસરા શબ્દ ક્યા હૈ ? 'આપરૂપમેં લીન રહે થિર, સમ્યગ્ચારિત સોઈ;' અણુવ્રતાદિ વિકલ્પ તો વ્યવહાર હૈ. 'આપરૂપમેં લીન રહે થિર, સમ્યગ્ચારિત સોઈ;' ભગવાનઆત્મા...!

મુમુક્ષુ :– ..

ઉત્તર :– વહ બાદ મેં. અંદર સ્થિરતા હોતી હૈ ના ? સ્વરૂપ મેં સ્થિરતા હોતી હૈ ઉસકા નામ ચારિત્ર હૈ, ઐસા કહતે હૈં. ચારિત્ર કોઈ બાહર કી ચીજ નહીં હૈ.

પંચ મહાવ્રતાદિ પરિણામ તો વ્યવહાર ચારિત્ર હૈ. સ્વરૂપ મેં સ્થિર હોના, ઠરના, છટ્ઠે ગુણસ્થાન મેં તીન કષાય રહિત સ્થિર હો ઉસકા નામ ચારિત્ર હૈ. આહા..હા...! બહુત ગડબડ હો ગઈ, ઇતની ગડબડ હો ગઈ. બહારમેં વહ સબ સચ્ચા હો ગયા. નિશ્ચય બિના કા વ્યવહાર માત્ર હો ગયા.

'અબ વ્યવહાર મોક્ષમાર્ગ સુનિયે, હેતુ નિયતકો હોઈ.' નિશ્ચય મેં ઐસા એક વ્યવહાર નિમિત્ત હૈ. નિમિત્ત (હૈ). વ્યવહાર સમકિત, વ્યવહાર જ્ઞાન, વ્યવહાર ચારિત્ર નિમિત્ત હૈ. હેતુ હૈ ના ? હેતુ યાની નિમિત્ત. સમજ મેં આયા ?

૧૧૦ પન્ને પર તીસરી ટિપ્પણી ચલતી હૈ. 'પહલે દો કષાયોં કા અભાવ હુઆ હો ઉસ જીવ કો સચ્ચે અણુવ્રત હોતે હૈં. જિસે નિશ્ચયસમ્યગ્દર્શન ન હો ઉસકે વ્રત કો સર્વજ્ઞદેવ ને બાલવ્રત (અજ્ઞાનવ્રત) કહા હૈ.' આત્મા કા પરદ્રવ્ય સે ભિન્ન સ્વરૂપ કા ભાન નહીં ઔર સ્વરૂપ કી પ્રતીતિ–અંતર નિર્વિકલ્પ શ્રદ્ધા નહીં (હૈ) તો ઇનકે વ્રતાદિ ધારણ કરે (વહ) અજ્ઞાનવ્રત હૈં. આહા..હા...! સમજ મેં આયા ? માસ-માસ ખમણ કે ઉપવાસ કરે. બાલતપ હૈ. સર્વજ્ઞ ને 'સમયસાર' મેં કહા હૈ, '....' સર્વજ્ઞ ઉસે બાલતપ કહતે હૈં.

આત્મા અપના નિજ સ્વરૂપ બિલકુલ શુદ્ધ આનંદ (હૈ), ઐસી અંતર્મુખ દૃષ્ટિ કા અનુભવ હુએ બિના, ઉસકા જ્ઞાન હુએ બિના ઠરના કિસમેં ? અંદર મેં ઠરના વહ ચારિત્ર હૈ. પરંતુ સ્વરૂપ કી દૃષ્ટિ ઔર જ્ઞાન તો હુઆ નહીં, ઠરના કિસમેં ? ચારિત્ર કા અર્થ ઠરના, લીન હોના, ચરના. ચારિત્ર યાની ચરના, અંદર મેં રમના. તો દર્શન-જ્ઞાન નહીં હૈ તો રમના કહાં સે આયા ? સમજ મેં આયા ? જગત કો બહુત કઠિન લગતા હૈ. (ફિર કહતે હૈં), એકાંત.. એકાંત.. (હૈ). અરે.. ભગવાન ! સુન તો સહી.

કહતે હૈં કિ, 'નિશ્ચય સમ્યગ્દર્શન ન હો ઉસકે વ્રત કો સર્વજ્ઞદેવ ને બાલવ્રત (અજ્ઞાનવ્રત) કહા હૈ.' અબ ઉસકા અર્થ, ગ્યારહવીં ગાથા કા (અર્થ). શ્રાવક પંચમ ગુણસ્થાનવાલા... ૧૧૦ પન્ને પર. 'પાની ઔર મિટ્ટી કે અતિરિક્ત...' પંચમ ગુણસ્થાનવાલા શ્રાવક પાની ઔર મિટ્ટી કે અલાવા 'અન્ય કોઈ વસ્તુ બિના દિયે નહીં લેના...' પાની તો નદીં મેં ચલે ઐસા પાની, મિટ્ટી. વહ અચૌર્યઅણુવ્રત હૈ.

શ્રાવક કા પંચમ ગુણસ્થાન કા તીસરા અણુવ્રત હૈ.

'અપની (વનિતા બિન)...' દેખો ! 'સ્ત્રી કે અતિરિક્ત અન્ય સર્વ સ્ત્રિયોં સે વિરક્ત રહના...' યહાં તો પંચમ ગુણસ્થાનવાલે કો પરસ્ત્રી નહીં હોતી, ઐસા કહતે હૈં. નહીં હોતી હૈ. પાપ માનતે હૈં. સ્વસ્ત્રી કે વિષય મેં ભી માનતે હૈં પાપ, પરંતુ છોડ નહીં સકતે. સમજ મેં આયા ? આ..હા..! પાપ તો પાપ હી હૈ ના ! જિતના સ્થાવર હિંસા કા ભાવ, સ્ત્રી કે વિષય કા ભાવ, ... ભાવ ભી હૈ તો પાપ. પરંતુ ઉસ પાપ કા ત્યાગ પંચમ ગુણસ્થાન મેં હો નહીં સકતા. શ્રાવક હૈ ના ! ઉસ પાપ કા ત્યાગ, મુનિ આત્મા કે ધ્યાન મેં વિશેષ સ્થિરતા બઢ જાયે ઉનકો સ્વસ્ત્રી કા ત્યાગ હો જાતા હૈ. સમજ મેં આયા ?

'અન્ય સર્વ સ્ત્રિયોં સે વિરક્ત રહના...' સર્વ સ્ત્રી. પશુ કી સ્ત્રી હો, દેવાંગના હો કિ દૂસરી મનુષ્યણી હો. પંચમ ગુણસ્થાન મેં દેવાંગના આકર યદિ લાલચ કરે... આત્મા કી શાંતિ પ્રગટ હુઈ હૈ, અતીન્દ્રિય આનંદ કા સ્વાદ આયા હૈ. પંચમ ગુણસ્થાન મેં ચૌથે ગુણસ્થાન સે (અધિક) આત્મા કા અતીન્દ્રિય આનંદ કા સ્વાદ આયા હૈ. પંચમ ગુણસ્થાન મેં અતીન્દ્રિય આનંદ કા તો બહુત સ્વાદ હૈ. ... સ્વ-સ્ત્રી કા રાગ આતા હૈ, ઉસે હમ નહીં છોડ સકતે. દૂસરે કી મા-બહન, બેટી (દેખતે હૈં).

મુમુક્ષુ :– ...

ઉત્તર :– વહ કુછ નહીં, વહ અલગ વ્યવહાર હૈ, ઉસકા વ્યવહાર અલગ હૈ. સમજ મેં આતા હૈ ? યહાં તો મનુષ્ય કે વ્યવહાર કી બાત ચલ રહી હૈ.

'અન્ય સર્વ સ્ત્રીયોં સે વિરક્ત રહના (વહ બ્રહ્મચર્યાણુવ્રત હૈ).' અબ પરિગ્રહ કા ત્યાગ. પાંચવેં ગુણસ્થાન મેં આત્મજ્ઞાની કો સ્વરૂપ મેં સ્થિર હોને કી સ્થિતિ મેં ઐસા શુભભાવ હોતા હૈ. 'અપની શક્તિ કા વિચાર કર...' દેખો ! શક્તિ વિચાર, હાં ! અપની શક્તિ કા વિચાર કરકે પરિગ્રહ કા માપ કરે. આતા હૈ ના ? ભાઈ ! તીર્થંકર ગોત્ર મેં.. શક્તિ તપ ત્યાગ. સોલહ બોલ આતે હૈં ના ? તીર્થંકર ગોત્ર કા નહીં (આતા) ? ક્યા કહતે હૈં ? ષોડશ કારણ ભાવના. ષોડશ કારણ ભાવના મેં શક્તિ તપ ત્યાગ. અપની શક્તિ વિચારે કિ, હમારી ઇતની શક્તિ હૈ, વિશેષ નહીં. એકદમ સબ લે લે, હઠ લે લે ઐસા નહીં હૈ.

મુમુક્ષુ :- પરંપરા લે.

ઉત્તર :- પરંપરા લે ક્યા કરે ? (ઐસા કહતે હૈં) વ્રત કી હવા ચલી હૈ, વ્રત કી બાઢ ચલી હૈ. ઐસે વ્રત લે લેતે હૈં ?

મુમુક્ષુ :- ઐસે વ્રત લે તો આકુલતા હો જાય.

ઉત્તર :- તો આકુલતા હો જાયે. ઐસી બાત હૈ, ઐસી બાત હૈ. અપની શક્તિ વિચારે કિ, મુજે તો ત્યાગ કરના હૈ (લેકિન) ઇતના પરિગ્રહ છોડ સકતા હૂં, વિશેષ નહીં છોડ સકતા. દુનિયા એકદમ છોડ દે ઔર કર દે ઔર સ્વયં હઠ મેં જુડ જાયે, ઐસા નહીં. અપની શક્તિ કી મર્યાદા દેખે, દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ કિતના હૈ, મેરા સામર્થ્ય કિતના હૈ, મૈં સમતા કિતની રખ સકતા હૂં, ઇતના ત્યાગ હો તો ભી મુજે આકુલતા ન હો, (ઉસ કે અનુરૂપ) પરિગ્રહ કા પરિમાણ કરે.

મુમુક્ષુ :- સંભાલ સકતા હૈ.

ઉત્તર :- કૌન સંભાલ સકતા હૈ ? ધૂલ. ... વહ તો સમ્યગ્દર્શન મેં માનતે હૈં કિ, એક પાઈ ભી મૈં રખ નહીં સકતા, વહ તો જડ હૈ. પરપદાર્થ કી મૈં રક્ષા કરતા હૂં યા વ્યાજ ઉત્પન્ન કરકે વ્યવસ્થા કર સકતા હૂં વહ બાત તો માનતે હી નહીં. વહ તો મિથ્યાદૃષ્ટિ માને કિ, જડ કી અવસ્થા મૈં કર સકતા હૂં. વહ તો હૈ હી નહીં. પરંતુ પર કે ત્યાગ મેં મેરા રાગ ઇતના ત્યાગ કરતા હૂં કિ, મેરી મર્યાદા મેં ઇતના પરિમાણ કર સકતા હૂં, વિશેષ નહીં. ઇતના ચારિત્ર મેં રાગ કા અભાવ કરતે હૈં. પર કે એક રજકણ કી ક્રિયા ભી કર સકતા હૂં, ઐસા માને તો પરદ્રવ્ય કી ક્રિયા કરનેવાલા કર્તા મિથ્યાદૃષ્ટિ હુઆ. સમજ મેં આયા ?

જૈસે ઈશ્વરકર્તા પરદ્રવ્ય કા, જગત કા કર્તા હૈ, ઐસા કહતે હૈં, વૈસે યહ જૈન નામ ધારણ કરકે જડ કી પર્યાય (મૈં કરતા હૂં ઐસા માનતા હૈ). પરમાણુ સ્વતંત્ર પદાર્થ હૈ. એક-એક પરમાણુ મેં અનંત ગુણ હૈ. અનંત ગુણ કી એક સમય મેં અનંતી પર્યાય હોતી હૈ. અનંતી પર્યાય ઉસકે પરમાણુ કા કાર્ય હૈ. વહ કાર્ય ક્યા આત્મા કર સકે ? સમજ મેં આયા ? સમ્યગ્દર્શન હુઆ તબ સે ઉસે ભાન હુઆ હૈ. નહિ, જગત કે સબ પદાર્થ અપની પર્યાય પ્રવાહ સે ચલતે હૈં, મૈં ઉસકા કર્તા-હર્તા નહીં. આહા..હા...!

મુમુક્ષુ :– ... માપ કરતે હે.

ઉત્તર :– નહીં, નહીં. પહલે સે હી વ્રત લેતે વક્ત માપ કરતે હૈં કિ, મૈં ઇતના ત્યાગ કર સકતા હૂં. મુજે પાંચ હજાર યા દસ હજાર હો, ઇતની મેરી મમતા છૂટતી નહીં. ઇતના પરિમાણ કરે. એકદમ છોડકર કુછ નહીં રખે ઔર ફિર આકુલતા ઉત્પન્ન હો, ઐસા નહીં કરતે. સમ્યગ્દષ્ટિ વિવેકી હૈ. સમ્યગ્દર્શન હુઆ હૈ, આત્મા કા ભાન (હુઆ હૈ), વિવેક સે કામ લેતા હૈ. હઠ સે કામ નહીં લેતા. અજ્ઞાની તો હઠ સે એકદમ (કહતા હૈ), છોડ દો..! ક્યા છોડે ? વસ્તુ કિ સ્થિતિ કે ભાન બિના ક્યા છોડે ? આગ્રહ હુઆ હૈ, આગ્રહ મેં છોડ દિયા. મૈંને ઐસા છોડ દિયા. સમજ મેં આયા ?

'મર્યાદિત રખના પરિગ્રહપરિમાણાણુવ્રત હૈ. દસ દિશાઓં મેં જાને-આને કી મર્યાદા રખકર...' દસ દિશા મેં મર્યાદા કરે. આજીવન. ઇસમેં આજીવન કી હૈ. .... રોજ કી આતી હૈ. ઇતની મમતા કમ કરે. મુજે ઇતને સે બાહર નહીં જાના. પાંચસો જોજન, હજાર જોજન.. સારી જિંદગી, હાં ! 'આને-જાને કી મર્યાદા રખકર ઉસ સીમા કા ઉલ્લંઘન ન કરના.' જો મર્યાદા બાંધી હૈ ઉસકી મર્યાદા કા ઉલ્લંઘન નહીં કરના. ઇતની હદ મેં ઉસે રહના, ઐસા વિકલ્પ (આતા હૈ) ઉસકો છઠ્ઠા દેશવ્રત કહતે હૈં. દેખો ! ભાવાર્થ હૈ.

ભાવાર્થ :– 'જન સમુદાય કે લિયે જહાં રોક ન હો તથા કિસી વિશેષ વ્યક્તિ કા સ્વામિત્વ ન હો–ઐસી પાની તથા મિટ્ટી જૈસી વસ્તુ કે અતિરિક્ત પરાયી વસ્તુ (જિસ પર અપના સ્વામિત્વ ન હો) ઉસકે સ્વામી કે દિયે બિના ન લેના...' સ્વામી કી આજ્ઞા બિના ન લે. '(તથા ઉઠાકર દૂસરે કો ન દેના)...' હો કિસી કી ચીજ ઔર ઉઠાકર કિસી કો નહીં દેતા. 'ઉસે અચૌર્યાણુવ્રત કહતે હૈં. અપની વિવાહિત સ્ત્રી કે સિવા અન્ય સર્વ સ્ત્રીયોં સે વિરક્ત રહના સો બ્રહ્મચર્યાણુવ્રત હૈ. (પુરુષ કો ચાહિયે કિ અન્ય સ્ત્રિયોં કો માતા, બહિન ઔર પુત્રી સમાન માને, તથા સ્ત્રી કો ચાહિયે કિ અપને સ્વામી કે અતિરિક્ત અન્ય પુરુષોં કો પિતા, ભાઈ તથા પુત્ર સમાન સમજે.' પંચમ ગુણસ્થાન.. ઓ..હો..હો...!

'સીતાજી' કહતે હૈં કિ, મેરે સ્વપ્ન મેં 'રામ' કે અલાવા દૂસરા કોઈ આયા હો

અગ્નિ જલા દો. 'રામચંદ્રજી' કહતે હૈં, ગિરના પડેગા. અગ્નિ જલતી હૈ. અરે..! અગ્નિ 'રામ' કે અલાવા મેરે સંકલ્પ મેં, વિકલ્પ મેં કોઈ દૂસરા પતિ આયા હો તો જલા દેના. ધ્યાન રખના, યદિ દૂસરા પતિ નહીં આયા ઔર જલા દિયા તો ધર્મ કી ઇજ્જત જાયેગી. હમારે હૃદય મેં 'રામ' કે અલાવા દૂસરા (કોઈ) હૈ નહીં. પુણ્ય થા, અનુકૂલ પુણ્ય થા તો હો ગયા. (પુણ્ય ન હો તો) જલ ભી જાયે. સમજ મેં આયા ? ઐસા બ્રહ્મચર્યાણુવ્રત મેં સ્ત્રી ભી અપને મેં દૃઢ હૈ. પુરુષ ભી અપને બ્રહ્મચર્યવ્રત મેં (દૃઢ હૈ).

'સુદર્શન' શેઠ નહીં આતે હૈં ? 'સુદર્શન' શેઠ. રાની બુલાતી હૈ. (કહતે હૈં), માતા ! મૈં પુરુષ નહીં. આહા..હા...! મૈં આત્મા હૂં, મૈં શ્રાવક હૂં. મેરે દૂસરી સ્ત્રી ન હો, પ્રાણ જાય (તો ભી) ન હો. આહા..! સમજ મેં આયા ? ઐસા અંતર દૃષ્ટિ કા અનુભવ, સમ્યગ્દર્શન હૈ, ઇસકે અલાવા દૂસરે કષાય કા અભાવ (હૈ). પરસ્ત્રી કા ત્યાગ, ત્યાગ (હૈ). સપને મેં ભી હમે પરસ્ત્રી ન હો. સપને મેં ન હો. સમજ મેં આયા ? સજ્જન કિસકો કહે ? આહા..હા...! આહા..હા...!

'અપની શક્તિ ઔર યોગ્યતા કા ધ્યાન રખકર જીવનપર્યંત કે લિયે ધન-ધાન્યાદિ બાહ્ય-પરિગ્રહ કા પરિમાણ (મર્યાદા) બાંધકર ઉસસે અધિક કી ઇચ્છા ન કરે ઉસે પરિગ્રહપરિમાણાણુવ્રત કહતે હૈં.' ઉસકા નીચે સ્પષ્ટીકરણ દિયા હૈ. 'નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક પ્રથમ દો કષાયોં કા અભાવ હુઆ હો ઉસ જીવ કો સચ્ચે અણુવ્રત હોતે હૈં. જિસે નિશ્ચયસમ્યગ્દર્શન ન હો ઉસકે...' નહીં હોતે હૈં. યહ બાત પહલે આ ગઈ હૈ. 'દસોં દિશાઓં મેં આને-જાને કી મર્યાદા નિશ્ચિત કરકે જીવનપર્યંત...' આજીવન 'ઉસકા ઉલ્લંઘન ન કરના સો દિગ્વ્રત હૈ. દિશાઓં કી મર્યાદા નિશ્ચિત કી જાતી હૈ ઇસલિયે ઉસે દિગ્વ્રત કહા જાતા હૈ.' દિગ–દિશા, મર્યાદા કરે. ઉસકા નામ છઠ્ઠા વ્રત કહતે હૈં. દૂસરા દેશાવગાશિક વ્રત આયેગા.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

❋

## વીર સંવત ૨૪૯૨, ફાગણ સુદ ૬, શનિવાર
## તા. ૨૬-૨-૧૯૬૬, ગાથા–૧૧ થી ૧૪. પ્રવચન નંબર–૩૭

આ 'છ ઢાળા', એની ચોથી ઢાળ ચાલે છે, ૧૧મો શ્લોક પૂર્વાર્ધ છે. શું અધિકાર ચાલે છે આ ? વ્રતનો.. વ્રતનો. શ્રાવકના જે બાર વ્રત છે ને ? એનો. પહેલા કહી ગયા, સમ્યગ્જ્ઞાની હોય પછી સમ્યક્ચારિત્ર દૃઢપણે ગ્રહણ કરવું. પહેલાં તો શુદ્ધ સ્વરૂપ પૂર્ણ અખંડ અભેદ છે એની રુચિ અને સન્મુખની દૃષ્ટિ થયા વિના જે મિથ્યાત્વ છે–એક રાગના અંશના કણનો પણ જે આદર કરે એ અનંતા શુદ્ધ સ્વભાવનો અનાદર કરે એવા મિથ્યાત્વ ભાવમાં અનંત નરક ને નિગોદ ભવની શક્તિ પડી છે. એ ભવની શક્તિનો પહેલો નાશ કરે. સમજાય છે કાંઈ ? તેથી કહ્યું ને ? પ્રથમ જ્ઞાન થઈને આવ્યું હતું ને શું (હતું) ?

'સમ્યગ્જ્ઞાની હોય, બહુરિ દિઢ ચારિત લીજૈ;' છે ને ? ભાઈ ! એનો અર્થ શું ? કે, એક સમયમાં આત્મા, વિકાર, રાગ, ભ્રમણા આદિ એક ક્ષણનો છે પણ એ ભ્રમણાનો અર્થ – પરમ શુદ્ધ ચૈતન્ય અનંત ગુણ સમાજ સ્વરૂપ વીતરાગ પિંડ આત્મા, એની રુચિ ન કરીને રાગની રુચિ (કરવી) એ જ મિથ્યાત્વ છે. સમજાતું નથી ? એ..ઇ..! ભાઈ !

અહીં તો વ્રત ક્યારે હોય ? કે, એવી ભૂમિકા જેની અંતર શુદ્ધ અનંત જ્ઞાન આદિ સ્વભાવ, એક સમયનો જે વિકાર એનાથી રહિત એની દૃષ્ટિ રુચિ થયે, એનું જ્ઞાન થયે પછી સ્વરૂપમાં સ્થિરના અંશો પ્રગટે એને આવા બાર વ્રતના વિકલ્પો હોય છે. નહિતર સ્વરૂપ શુદ્ધ પૂર્ણ (છે) એની જ્યાં રુચિ ને આદર અંતરમાં નથી અને એક રાગનો મંદ કણ (છે) એનો પણ જ્યાં આદર છે તો એનું નામ સ્વભાવ અનંત ગુણનો અનાદર નામ મિથ્યાત્વ છે. આ મિથ્યાત્વનું પાપ, એનું અનર્થપણું જ્યાં સુધી ન ભાસે અને સમ્યક્ના અર્થપણું પ્રયોજનભૂત મોક્ષ, સમ્યગ્દર્શન એટલે કે આત્માનો મોક્ષ સ્વભાવ જેણે અંતરમાં પ્રતીત કર્યો એની કિંમત ન ભાસે ત્યાં

સુધી આ વ્રત આદિના વિકલ્પો એને સાચા હોતા નથી. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– આ વસ્તુનું સ્વરૂપ (છે), આ રીતે દૃષ્ટિ થઈ હોય ત્યારે અંતરમાં સ્થિરતાનો અંશ વધ્યો હોય ત્યારે આવા વિકલ્પો એને હોય. એને વ્યવહાર, વ્રત ને પુણ્યબંધનું કારણ કહેવાય છે. કહો, સમજાણું આમાં ? ઇ દૃઢ ચારિત્ર સ્વરૂપમાં સ્થિરતાનો અંશ થાય ત્યારે આવા વ્રતના વિકલ્પ એને આવે, ઇ લ્યે એમ કહેવામાં આવે. કહો ! તેથી કહ્યું ને પહેલું ? વસ્તુ જે છે અનંત ચૈતન્ય ગુણ ધામ, એનું બહુમાન થઈને જ્યાં અંતર રુચિ અને દૃષ્ટિ થઈ નથી (એ) તો રાગ ને નિમિત્તના પ્રેમમાં–રુચિમાં પડ્યો છે એ તો મિથ્યાત્વ છે. સત્ય વસ્તુનો અનાદર છે ને અસત્યનો આદર (છે) એનું નામ મિથાત્વ.

વાત ઇ છે કે, ઇ મિથ્યાત્વનું અનર્થપણું અને સમ્યગ્દર્શનનું પ્રયોજન અને અર્થપણું એની કિંમત જ્યાં સુધી ન આવે ત્યાં સુધી વસ્તુની દૃષ્ટિ થાય નહિ. રાગની મંદતા એ તો એક વ્યવહાર પરિમિત દોષ છે. ચારિત્રદોષ છે એ પરિમિત, પરિમિત–હદવાળો, હદવાળો દોષ છે. એ બેહદ દોષ ટળ્યા પછી (ટળે). બેહદ દોષ એટલે કે મિથ્યાત્વ. ભાઈ ! બેહદ સ્વભાવ એટલે કે આત્મા. શું કીધું ? બેહદ દોષ એટલે મિથ્યાત્વ, બેહદ સ્વભાવ એટલે આત્મા. અનંત, અનંત જ્ઞાન, દર્શન, આનંદની મૂર્તિ આત્મા, એનું પડખું છોડી દઈને પુણ્ય-પાપના રાગના પડખે રુચિમાં ઊભો એ મહા અનંત મિથ્યાત્વ શક્તિમાં (ઊભો છે). અનંત નરક ને નિગોદ કરવાની મિથ્યાત્વમાં શક્તિ છે. સમજાય છે કાંઈ ?

ભગવાનઆત્મા ! ઇ બહિર્મુખની વૃત્તિની રુચિ છોડી અંતર્મુખ સ્વભાવ શુદ્ધ શુદ્ધ પૂર્ણ બેહદ અનંત જ્ઞાન, અનંત દર્શન આદિ એક એક ગુણ બેહદ (છે), એવું આખું તત્ત્વ બેહદ સ્વરૂપી પ્રભુ મુક્તસ્વરૂપ, વીતરાગસ્વરૂપ (છે) એની અંતરમાં રુચિ થતાં બેહદ મિથ્યાત્વનો, પાપનો નાશ અને બેહદ મુક્તિના ઉપાયની કણિકા જાગી. આહા..! શું થાય ? આ તો રાત્રે ઓલા કહેતા હતા ને ? વ્યવહારના ઉપદેશ જરૂર પડશે. આ બધા વિચારો... અરે..! આ શું કહે છે ? ભાઈ !

મુમુક્ષુ :– વ્યવહારનો વિકલ્પ....

ઉત્તર :– પણ વિકલ્પ ઉઠવો ઉપદેશ એ જ વ્યવહાર છે. આ નિશ્ચયનો ઉપદેશ કરવો એ પણ વિકલ્પ અને વ્યવહાર છે.

મુમુક્ષુ :– સાંભળવું ઇ ?

ઉત્તર :– ઇ પણ વ્યવહાર છે. શું વ્યવહાર નથી શું ? ભાઈ ! આ વ્રત ક્યારે હોય એટલી ભૂમિકા માટે આ પહેલો ઉપોદ્ઘાત થાય છે. સમજાણું કાંઈ ? આજ તો હવે ગુજરાતી છે ને, આજ કાંઈ (હિન્દી) નથી. વધારે સ્પષ્ટ થાય છે, એમ ભાઈના કહેવા પ્રમાણે.

અહીં તો ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ભ્રમણા એક સમયની, મિથ્યાત્વ એક સમયનો કાળ, એમાં ભાવ અનંત અનંત નરક ને નિગોદની શક્તિનું તત્ત્વ મિથ્યાત્વમાં છે. કેમ ? કે જે વસ્તુ છે એ ભવના ભાવ વિનાની ચીજ છે. વસ્તુ છે એ ભવ અને ભવનો ભાવ–મિથ્યાત્વ, રાગ-દ્વેષ આદિ ભવનો ભાવ, એના વિનાની એ ચીજ છે. આહાહા..! એવો વસ્તુ સ્વભાવ અંતરમાં એને પ્રેમમાં, રુચિમાં, અંતરમાં ન આવે અને રાગનો, મંદ કષાયનો મંદ ભાવ(નો) ભલે કણ હો, એનો આદર આવે તો એ મિથ્યાત્વમાં અનંત ભવની શક્તિ છે, તેણે ઉત્પન્ન કરી છે.

ભગવાનઆત્મા એક એક ગુણની અચિંત્યતા ને અપરિમિતતા ને બેહદ સ્વભાવ એવા અનંત ગુણનું એક સ્વરૂપ ભગવાનઆત્મા જે મુક્ત સ્વરૂપ, શુદ્ધ સ્વરૂપ એકરૂપ અભેદરૂપ એની અંતર દૃષ્ટિ થતાં અનંત ભવના ભાવનો નાશ (થાય છે). એક પરિમિત રાગાદિ થોડા રહ્યા એનો એકાદ બે ભવ થાય એવો પરિમિત દોષ રહ્યો. અપરિમિત મિથ્યાત્વનો દોષ, અપરિમિત અનંત આનંદના સ્વભાવના આદરમાં અપરિમિત દોષનો નાશ થયો. આહા..! આ તો રાત્રે જરીક આવ્યું હતું ને કે, વ્યવહારનો ઉપદેશ એને સમજાવો. અરે..! ભગવાન ! ભાઈ ! વ્યવહાર કોને કહેવા ? બાપુ ! આહાહા..!

એ રાગની મંદતાની ક્રિયા હો પણ એના પ્રેમમાં પડ્યો છે કે, આ હું ઠીક કરું છું, આ મારા હિતને રસ્તે છું ત્યાં હિતનો રસ્તો જે ભગવાનઆત્મા એવા શુદ્ધ ભગવાન પરમાનંદની મૂર્તિ એમાંથી હિતનો પંથ નીકળે છે. રાગમાં હિતનો પંથ નથી. આહાહા..!

સમજાણું કાંઈ ? એ સ્વભાવ જ પોતે બેહદ છે, અચિંત્ય છે. ભગવાનઆત્માનો એક એક સ્વભાવ અપરિમિત છે. અપરિમિત એટલે પરિમિત–હદ નથી. બેહદ સ્વભાવ, એક એક ગુણનો બેહદ સ્વભાવ ઓ..હો..! એવો ભગવાન આખો જેને અનાદરમાં વર્તે અને રાગના કણ કે નિમિત્તનો એકલો આદરમાં પડ્યો હોય એ તો આખા ભગવાનને પડખેથી ખસી ગયો છે અને વિકારને ને સંયોગને પડખે ઊભો રહ્યો છે.

ન્યાયથી જોશો ને ? બાપુ ! આ કાંઈ કોઈ સમાજ હાલ નાખે એવું નથી, દુનિયા સારો કહે કે, આહાહા..! ભારે ભાઈ આનું ! ઇ કાંઈ ન્યાં હાલ નાંખે એવું નથી. અને દુનિયા નિંદા કરે, પ્રતિકૂળતા થાય એ કાંઈ અંદર નુકશાન કરતી નથી. આહાહા..! દુનિયા માને, ન માને એની સાથે સ્વભાવ અને વિભાવને સંબંધ નથી. બેયની સાથે કહ્યું, હોં ! સમજાણું કાંઈ ?

અહીંયાં તો કહે છે કે, સમ્યગ્જ્ઞાની હોય પછી ચારિત્ર દઢ લીજે. સમ્યગ્જ્ઞાનીનો અર્થ – અપરિમિત ભગવાનઆત્મા જેના પ્રેમમાં પડ્યો, જેના પ્રેમમાં–રુચિમાં પડ્યો આ એને રાગના પ્રેમની કટ દશા થઈ ગઈ, એની સાથે કટ્ટી કરી. એવું જે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અપરિમિત અનંત ગુણનો આદર કરનાર અને અપરિમિત મોક્ષની પર્યાયનું કારણ, એને પ્રગટ કરીને એ રાગ થોડો પરિમિત દોષ બાકી રહે છે, એમાં આ સ્થિરતાનો અંશ આ બાજુ પ્રગટ કરી અને એના આવા બાર વ્રતના વિકલ્પો, એને શુભભાવ આ ભૂમિકામાં આવા આવે છે, આ એની વ્યાખ્યા ચાલે છે. કહો, સમજાણું આમાં ?

મુમુક્ષુ :– ... ઉપોદ્‌ઘાત..

ઉત્તર :– ઉપોદ્‌ઘાત. ભાઈ ! વ્રતનો અર્થ કે, જેમાં સ્વરૂપ અપરિમિત જ્ઞાનાનંદ દૃષ્ટિ, જ્ઞાને જમાવી છે. ભ્રમણા ટાળીને રાગની એકતા મટી છે, રાગની એકતા મટીને રાગ જે રહી ગયો છે. હવે આત્મા તરફની સ્થિરતાના અંશને પ્રગટ કરી, પંચમ ગુણસ્થાન, એ ભૂમિકામાં આવા બાર વ્રતના શુભ વિકલ્પોની મર્યાદા હોય છે. એની વાત કરવામાં આવે છે. નિશ્ચય દૃષ્ટિ અને નિશ્ચય અંશની સ્થિરતા (થઈ છે) એ ભૂમિકામાં આવા બાર વ્રતના શુભ રાગનો વિકલ્પ છે એને વ્યવહાર ચારિત્ર કહેવામાં

આવે છે. પણ નિશ્ચય અંદર સ્થિરતા છે તેથી એને સમ્યક્ ચારિત્રપણું ઉપચારથી કહેવામાં આવ્યું. આહાહા..!

આખી દુનિયા વિરોધ કરે તેથી વિભાવ ઉત્પન્ન થાય એમ નથી અને આખી દુનિયા હા, પ્રશંસા કરે તો એ સ્વભાવને લાભ થાય એમ નથી. કહો બરાબર છે ? દુનિયા આખી પ્રશંસા કરે અને વિભાવની એકતાનો ભાવ જેને પડ્યો છે એને જરીએ કંઈ આત્માનો લાભ નથી. સમજાણું કાંઈ ? ભાઈ ! શું હશે આમાં ? આહાહા..! આ અણુવ્રત ચાલે છે. અણુવ્રત કઈ ભૂમિકામાં હોય, કેવી ભૂમિકા થઈ હોય, એને આવા અણુવ્રત હોય એનો આ ઉપોદ્ઘાત ચાલે છે. સમજાણું કાંઈ ? આ..હા..! આ પરિમિત દોષ જે છે એમાં પણ સ્થિરતાનો અંશ પ્રગટ કરીને આવા વિકલ્પો હોય છે એ પણ એટલો હજી દોષ છે પણ તીવ્રતાનો કષાય ચડ્યો છે અને સ્થિરતા જરીક અંશ આવી છે એથી આવા વ્રતને સમ્યક્ચારિત્ર વ્યવહારે કહેવામાં આવે છે. આમ છે. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– ... આદરવા કરે ને!

ઉત્તર :– કહેવાય, આદરવા કરે, પાળે, વ્યવહારનયે બધું કહેવાય. પણ એનો પરમાર્થ શું ? એવા વિકલ્પોની મર્યાદાની હદ, મર્યાદિત દોષ સ્વરૂપના ભાન થયા પછી અમર્યાદિત દોષ તો રહ્યો નહિ, અપરિમિત દોષ તો રહ્યો નહિ, પરિમિત–મર્યાદિત દોષ–રાગ રહ્યો, એનું ફળ પણ સંસારનું મર્યાદિતપણું આવવું એટલું બસ ! હવે એમાં પણ જ્યારે સ્વરૂપ તરફની સ્થિરતા જ્યાં અંશ વિશેષ થયો એટલે એને આવા મર્યાદિત દોષમાં પણ મર્યાદિત રાગની હદ આવી થઈ જાય છે. સમજાણું કાંઈ ? દુનિયા માનો યા ન માનો સત્ય તો આ છે. સમજાણું કાંઈ ? સત્‌ને ક્યાંય આંચ છે નહિ.

અહીં ગ્રંથકાર પણ એમ કહે છે. સમ્યગ્જ્ઞાની હોય પછી સમ્યક્ચારિત્ર (થાય). એટલે કે પહેલો દોષ મહાન મિથ્યાત્વ અને અજ્ઞાન છે એ ટાળ, પછી સમ્યગ્દર્શન થયું, પછી આ ... એમ વાત કરે છે. તો ઇ પહેલો દોષ જે મહાન છે એ ટળ્યો નથી, ટાળવાની જરૂર માની નથી, ટળાય કેમ તેની રીત ખ્યાલમાં નથી અને આ અણુવ્રત ને મહાવ્રતના પરિણામ લે એનો અર્થ શું ? સમજાણું કાંઈ ? ભાઈ !

આહા..હા..! અરે..! અનંત નિગોદ ને નરકના ભવના અભાવસ્વભાવરૂપ ભગવાનઆત્મા, એની જ્યાં અંતરમાં સ્વસન્મુખની રુચિ કરી નથી અને જેનામાં અનંત નરક, નિગોદના ભવ (કરવાની શક્તિ છે તેને સેવે છે). અનંતાનુબંધી એટલે અનંત કષાય, એની સાથે અનંત મિથ્યાત્વ. અનંતાનુબંધી અનંત એટલે મિથ્યાત્વ એની સાથે સંબંધ કરનારો કષાય. એટલે સ્વરૂપનો અનાદર ને પુણ્ય-પાપ ને સંયોગનો એકત્વબુદ્ધિએ આદર એના પાપની હદ શું ? ભાઈ ! એમાં અનંત અનંત ભવ પડ્યા છે, ભાઈ ! એ મિથ્યાત્વ પોતે જ અનંત ભવરૂપ છે, અનંત ભવરૂપ છે. ભગવાનઆત્મા અનંતા ભવના અભાવસ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

આ ઓલું રાત્રે જરીક સાંભળ્યું હતું ને ? ભાઈ ! આ પણ શું કરે છે, પ્રભુ! આ શું કરે છે ? અરે..! ભાઈ ! એમ કે, એ તો શ્વેતાંબરમાંથી આવ્યા છે ને એટલે આ એને કહ્યું. વ્યવહારની ખબર ન મળે. આ પ્રભુ ! વ્યવહાર શું છે, કેમ છે, બાપા ! એના જ્ઞાનની કઈ વાત વિચિક્ષણ જુદી છે. આહા..!

અહીંયાં તો ગ્રંથકાર કહે છે કે, સમ્યગ્જ્ઞાની હોય એટલે સમ્યગ્દષ્ટિ હોય, એ તો પહેલું થઈ ગયું છે. પછી વ્રત હોય છે. કારણ કે સ્વરૂપમાં હજી સ્થિરતા ન જામે ત્યાં સુધી એને બાર વ્રતના વિકલ્પ ન હોય અને વિશેષ સ્થિરતા ન જામે ત્યાં સુધી એને પંચ મહાવ્રતના વિકલ્પ હોય નહિ. માટે એની ભૂમિકામાં સ્થિરતાની શાંતિ માટે જ્યાં વધે છે એને અંશે જ્યાં વધ્યો એને બાર વ્રતના, અણુવ્રતના ભાવ હોય છે. વિશેષ સ્થિર થયો એને મુનિના અઠ્ઠાવીસ મૂળગુણના વિકલ્પ હોય છે. આ એનું વર્ણન વ્યવહારનું જે સ્વરૂપ છે, છે, એમ હોય છે એનું વર્ણન કરે છે. કહો ! ઇ દોષ એટલે એ લાભ કરે એમ કહેશે. બધા વ્રતો શિક્ષા આપે છે ગુણને, ગુણ કરે છે ગુણને, ઇ અપેક્ષા છે ઇ એવી મંદતા જ્યાં રાગની છે ત્યાં અંદર લાભની સ્થિરતાનો અંશ જાગ્યો છે એમ (કહેવા માગે છે). નહિ તો વ્રતને તો એમ કહેશે, લ્યો ! ગુણવ્રત ને શિક્ષાવ્રત આવે છે ને ? એની વ્યાખ્યા સમજવી જોઈએ ને, બાપુ ! સમજાણું કાંઈ ?

એ ૧૧નો પૂર્વાર્ધ (થયો). એ પાંચ અણુવ્રતની વ્યાખ્યા થઈ ગઈ. સમજાય છે ?

છઠ્ઠા દિશાવ્રતની વ્યાખ્યા થઈ ગઈ. આ સાતમાની ચાલે છે, હોં ! દેશાવગાશિક. છઠ્ઠામાં જાવજીવ દિશાઓનું માણ કરવું કે, આટલા(થી) બહાર મારે ન જવું. એક રાગની મંદતાની નિમિત્તની વ્યાખ્યા છે આ બધી. રાગની ઉગ્રતા–બહુ આમ જાઉં, એ રાગને મંદ કરવાનો એક પ્રકાર છે. પણ એ રાગ જેમાં નથી એવા સન્મુખની દૃષ્ટિ વિના આવા રાગની મંદતાના વિકલ્પો વ્યવહાર તરીકે પણ યથાર્થ ન હોય. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– માથું બાંધીને આ વાત છે.

ઉત્તર :– માથું બાંધીને વાત છે. આહા..હા...! ત્યારે કોઈ કહે પણ એકલું ભલે કરે. કોણે ના પાડી ? હો તો ભલે હો, પણ ભાઈ! ત્યાં મિથ્યાત્વના પાપ જોડે પુણ્ય જરીક બંધાય. રાગની મંદતાના મિથ્યાત્વ સહિતમાં પંચ અણુવ્રત, બારવ્રત હો પણ એ મિથ્યાત્વનું જે અનંત પાપ (છે), જેની શક્તિમાં અનંત નિગોદના ભવ કરવાની તાકાત (છે), ભાઈ ! એમાં રાગની મંદતા શું કરશે એને ? એકાદ ભવ કોઈ સ્વર્ગાદિનો મળે એથી શું ? તેથી શું ? એ પછી પણ નિગોદ ને નરકમાં ભાઈ ! એની પીડાની અપરિમિતતા... અરે..! ભગવાનને જેણે જાણ્યો નહિ અને જેણે વિકાર–એના વિરોધી વિકારના આદર કર્યા એના ફળમાં કદાચીત રાગ મંદ હો, સ્વર્ગ મળે પણ એના પરંપરાએ બીજે, ત્રીજે ભવે એ નરક ને નિગોદ જ જશે. આહાહા..! અને ત્રસની સ્થિતિ કેટલી ? એક હજાર, બે હજાર સાગર. ત્રસમાં કેટલો રહે ? બે હજાર સાગરોપમ. ભાઈ ! એ બે હજાર સાગરોપમના ત્રસના કાળમાં ત્રસ ને સ્થાવરના ભવના ભાવ એવો મિથ્યાત્વ એનો જો અભાવ એમાં નહિ કરે (તો) ત્રસ કાળ પૂરો થઈને નિગોદમાં એકેન્દ્રિયમાં જાશે.

આ મિથ્યાત્વ ટાળીને માથું આત્મામાંથી ઊંચું કરવું છે, બહારની સાથે વાત નથી કે, આ દુનિયા આમ કહેશે ને દુનિયા આમ કહેશે. ઓ..હો..! ભારે વ્રત પાળ્યા, મહાવ્રત લીધા ને અણુવ્રત પાળ્યા. ભાઈ ! બહારના માણસો વખાણે એ ઉપર કાંઈ અંદરમાં ગુણનો લાભ ન થાય. અને દુનિયા કદાચ એની કિંમતમાં, ખ્યાલમાં એ સાચી ચીજ ન આવે એથી કાંઈ નુકસાન અહીં થઈ જાય છે (એમ નથી). સમજાણું

કાંઈ? દુનિયાની નજર કેટલી? એની દૃષ્ટિ કેટલી કે એની પાસે અભિનંદન લેવા ? આહાહા..! એની પાસે સારાપણું (લેવું) ? કોની પાસે સારાપણું? પણ ક્યો એ સારો છે તો સારાપણું તને મનાવે ? આહા..! કહો, ભાઈ ! (એમને) ઘણો પ્રેમ છે. કેમ ભાઈ ? આહાહા..! આજીવિકા થોડી હો, ઘણી હો, માન થોડું હો, ઘણું હો એની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. ભાઈ ! દીકરા-દીકરીયું હો, માનનારા હો, નહિ માનનારા હો, વેરીઓ હો, મિત્રો હોય એની સાથે ભગવાનઆત્માને કાંઈ સંબંધ નથી, હોં ! જરીએ સંબંધ નથી. આહાહા..! જ્યાં રાગ સાથે સંબંધ નથી તો પછી રાગના નિમિત્તો એની સાથે તો સંબંધ ક્યાં હતો ? સમજાણું કાંઈ ? આહા..! તત્ત્વજ્ઞાન કોને કહે ? બાપુ ! આહાહા..!

કહે છે, એવા તત્ત્વજ્ઞાનપૂર્વક આવા છ વ્રતો હોય છે એની વ્યાખ્યા થઈ ગઈ, હવે આ સાતમાની વ્યાખ્યા છે. સાતનો ઉપોદ્ઘાત થયો, લ્યો ! આ રાતને લઈને થઈ. અરે..! ભગવાન ! શું કરે છે કીધું આ ? ભાઈ ! તેં માર્ગ સાંભળ્યા નથી, બાપુ ! એ ભવના છેદના ભાવ સાંભળ્યા નથી, ભાઈ ! અને ભવના અભાવ કરવાની ચીજ શું છે અને ભવ અનંત કેમ થયા, કર્યા છે એ બેય વાત સાંભળી નથી, ભાઈ ! આહા..હા..! સમજાણું કાંઈ ? હવે ૧૧મું આવ્યું, લ્યો !

---

### ગાથા ૧૨ (પૂર્વાર્ધ)

### દેશવ્રત (દેશાવગાશિક) નામના ગુણવ્રતનું લક્ષણ

તાહૂમેં ફિર ગ્રામ, ગલી ગૃહ બાગ બજારા;
ગમનાગમન પ્રમાણ ઠાન, અન સકલ નિવારા.

અન્વયાર્થ :– (ફિર) પછી (તાહૂમેં) તેમાં [કોઇ પ્રસિદ્ધ-પ્રસિદ્ધ] (ગ્રામ) ગામ (ગલી) શેરી (ગૃહ) મકાન (બાગ) બગીચો અને (બજારા) બજાર સુધી (ગમનાગમન) જવા-આવવાનું (પ્રમાણ) માપ (ઠાન) રાખીને (અન) અન્ય-બીજા (સકલ) બધાનો (નિવારા)

ત્યાગ કરવો [તેને દેશવ્રત અથવા દેશાવગાશિકવ્રત કહે છે.]

ભાવાર્થ :– દિગ્વ્રતમાં જિંદગી સુધી કરવામાં આવેલી જવા-આવવાના ક્ષેત્રની મર્યાદામાં પણ (ઘડી, કલાક, દિવસ, મહિના વગેરે કાળના નિયમથી) કોઇ પ્રસિદ્ધ ગામ, રસ્તો, મકાન અને બજાર સુધી જવા-આવવાની મર્યાદા કરીને તેનાથી અધિક હદમાં ન જવું તે દેશવ્રત કહેવાય છે. (૧૨ પૂર્વાર્ધ.)

---

તાહૂમેં ફિર ગ્રામ, ગલી ગૃહ બાગ બજારા;
ગમનાગમન પ્રમાણ ઠાન, અન સકલ નિવારા.

જે કંઈ જાવજીવની મર્યાદા કરી હોય (કે) અમુક (હદની) બહાર ન જાવું એમાંય પણ દરરોજ થોડી થોડી હદ ઓછી કરે. એનું નામ આ સાતમું દેશાવગાશિક (અણુવ્રત) કહેવામાં આવે છે.

અન્વયાર્થ :– 'પછી તેમાં કોઈ પ્રસિદ્ધ ગામ...' કે, ભઈ આ ગામમાં મારે ન જાવું, 'મુંબઈ' કે, ફલાણા ફલાણા મોટા મોટા પ્રસિદ્ધ હોય. 'ગામ શેરી એનું મકાન બગીચા બજાર સુધી જવા-આવવાનું (પ્રમાણ) માપ રાખે...' કે, અહીં સુધી જાવું ને અહીં સુધી ન જાવું. એટલી અંદર રાગની મંદતાના કારણ છે આમાં. સમજાય છે ? જવા-આવવાની ક્રિયાનો અહીં સંબંધ નથી. એ ક્રિયા જવા-આવવા દે નહિ પણ એમાં આમ જે આમ જવા-આવવાની જે તૃષ્ણાનો તીવ્ર રાગ (છે તેને ઘટાડવાની વાત છે). સ્વરૂપની દૃષ્ટિ હોવા છતાં, સ્વરૂપ ક્યાંય જાતું નથી, આવતું નથી છતાં વિશેષ જે મમતાનો અંશ જે હતો (કે) આમ અહીં જાઉં, એટલો ઘટાડવા માટે હંમેશા આટલો પ્રત્યાખ્યાન કરે. 'અન્ય બીજા બધાનો ત્યાગ કરવો તેને દેશવ્રત અથવા દેશાવગાશિકવ્રત કહે છે.'

મુમુક્ષુ :– હંમેશા આ કરે ?

ઉત્તર :– હા, હંમેશાં.

ભાવાર્થ :– 'દિગ્વ્રતમાં જિંદગી સુધી કરવામાં આવેલી જવા-આવવાના ક્ષેત્રની મર્યાદામાં પણ (ઘડી, કલાક, દિવસ, મહિના વગેરે કાળના નિયમથી) કોઈ પ્રસિદ્ધ ગામ, રસ્તો,...' આ રસ્તો એમ, ફલાણો રસ્તો. રસ્તા હોય છે ને ચારેકોર ? આ મકરપરાનો રસ્તો, આ ફલાણો હાથીનો રસ્તો. 'મકાન અને બજાર સુધી જવા-આવવાની મર્યાદા કરીને તેનાથી અધિક હદમાં ન જવું તે દેશવ્રત કહેવાય છે. અહીં નીચે લખ્યું છે કે, હિંસાદિને લોકમાં પણ પાપ માનવામાં આવે છે તેનો આ વ્રતમાં એકદેશ ત્યાગ કરવામાં આવ્યો છે અને તેને લીધે તે અણુવ્રત કહેવાય છે. બાકી એ સમ્યગ્દર્શન વિના હોય નહિ એ ત્રણે ઠેકાણે એ જ ભાષા લખી છે. હવે ૧૨નો ઉત્તરાર્ધ અને ૧૩મી.

---

## ગાથા ૧૨ (ઉત્તરાર્ધ) અને ગાથા ૧૩
## અનર્થદંડવ્રતના ભેદ અને તેનું લક્ષણ

કાહૂકી ધનહાનિ, કિસી જય-હાર ન ચિંતૈં;
દેય ન સો ઉપદેશ, હોય અઘ વનજ-કૃષીતૈં. ૧૨.

કર પ્રમાદ જલ ભૂમિ, વૃક્ષ પાવક ન વિરાધૈ;
અસિ ધનુ હલ હિંસોંપકરણ નહિં દે યશ લાધૈ.
રાગ-દ્વેષ કરતાર, કથા કબહૂં ન સુનીજૈ;
ઔર હુ અનરથદંડ-હેતુ અઘ તિન્હૈં ન કીજૈ. ૧૩.

અન્વયાર્થ :– ૧. (કાહૂકી) કોઇની (ધનહાનિ) ધનના નાશનો, (કિસી) કોઇની (જય) જીતનો [અગર] (હાર) કોઇની હારનો (ન ચિન્તૈં) વિચાર ન કરવો [તેને અપધ્યાન અનર્થદંડવ્રત કહે છે.] ૨. (વનજ) વ્યાપાર અને (કૃષીતૈં) ખેતીથી (અઘ) આપ (હોય) થાય છે તેથી (સો) એનો (ઉપદેશ) ઉપદેશ (ન દેય) ન દેવો [તેને પાપોપદેશ અનર્થદંડવ્રત કહેવાય છે.] ૩. (પ્રમાદ કર) પ્રમાદથી [પ્રયોજન વગર] (જલ) જલકાયિક

(ભૂમિ) પૃથ્વીકાયિક (વૃક્ષ) વનસ્પતિકાયિક (પાવક) અગ્નિકાયિક [અને વાયુકાયિક] જીવોનો [ન વિરાધૈ] ઘાત ન કરવો [તે પ્રમાદચર્યા અનર્થદંડવ્રત કહેવાય છે.] ૪. (અસિ) તલવાર (ધનુ) ધનુષ્ય (હલ) હળ [વગેરે] (હિંસોપકરણ) હિંસા થવામાં કારણભૂત પદાર્થોને (દે) આપીને (યશ) જશ (નહિં લાધૈ) ન લેવો [તે હિંસાદાન અનર્થદંડવ્રત કહેવાય છે.] ૫. (રાગ-દ્વેષ કરતાર) રાગ અને દ્વેષ ઉત્પન્ન કરવાવાળી (કથા) કથાઓ (કબહૂં) કયારે પણ (ન સુનીજૈ) સાંભળવી નહિ [તે દુઃશ્રુતિ અનર્થદંડવ્રત કહેવાય છે.] (ઔર હુ) અને બીજા પણ (અઘ હેતુ) પાપના કારણો (અનરથદંડ) અનર્થદંડ છે (તિન્હેં) તેને પણ (ન કીજૈ) કરવાં નહિ.

ભાવાર્થ :– ૧. કોઇના ધનનો નાશ, હાર અથવા જીત વગેરેનો નિંદ્ય વિચાર ન કરવો તે પહેલું અપધ્યાન અનર્થદંડવ્રત કહેવાય છે.*

૨. હિંસારૂપ પાપજનક વ્યાપાર અને ખેતી વગેરેનો ઉપદેશ ન આપવો તે પાપોપદેશ અનર્થદંડવ્રત છે.

૩. પ્રમાદને વશ થઇને પાણી ઢોળવું, જમીન ખોદવી, ઝાડ કાપવા, આગ લગાડવી એ વગેરેનો ત્યાગ કરવો અર્થાત્ પાંચ સ્થાવરકાયના જીવોની હિંસા ન કરવી તેને પ્રમાદચર્યા અનર્થદંડવ્રત કહેવાય છે.

૪. જશ મેળવવા માટે તલવાર વગેરે હિંસાના કારણભૂત હથિયારોને બીજા કોઇ માગે તો ન આપવા તેને હિંસાદાન અનર્થદંડવ્રત કહેવાય છે.

૫. રાગ-દ્વેષ ઉત્પન્ન કરવાવાળી વિકથા, નવલકથા કે શૃંગારી વાર્તા વગેરે સાંભળવાનો ત્યાગ કરવો તે દુઃશ્રુતિ અનર્થદંડવ્રત કહેવાય છે. (ગા. ૧૨ ઉત્તરાર્ધ અને ગા. ૧૩)

---

* નોંધ :– આ પાંચ [અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને પરિગ્રહપરિમાણ] અણુવ્રત છે; જે હિંસાદિકને લોકમાં પણ પાપ માનવામાં આવે છે તેનો આ વ્રતોમાં એકદેશ (સ્થૂળપણે) ત્યાગ કરવામાં આવ્યો છે અને તેને લીધે જ તે અણુવ્રત કહેવાય છે.

કાહૂકી ધનહાનિ, કિસી જય-હાર ન ચિંતૈં;
દેય ન સો ઉપદેશ, હોય અઘ વનજ-કૃષીતૈં. ૧૨.

કર પ્રમાદ જલ ભૂમિ, વૃક્ષ પાવક ન વિરાધૈ;
અસિ ધનુ હલ હિંસોપકરણ નહિં દે યશ લાધૈ.
રાગ-દ્વેષ કરતાર, કથા કબહૂં ન સુનીજૈ;
ઔર હુ અનરથદંડ-હેતુ અઘ તિન્હેં ન કીજૈ. ૧૩.

આ આઠમો અનર્થદંડવ્રત છે. સમ્યગ્દષ્ટિને સ્વરૂપનો આશ્રય, દૃષ્ટિ હોવા છતાં જેટલી અસ્થિરતાનો ભાગ રહ્યો છે એમાં પણ ઘટાડવાના પ્રમાણનો આ અધિકાર છે. સમજાણું કાંઈ ? ધર્મીજીવ, અણુવ્રતધારી જીવ, સ્ત્રી હો કે પુરુષ હો એને (આવો ભાવ આવે છે).

અન્વયાર્થ :– ૧ 'કોઈના ધનના નાશનો,...' કે, આના ધનનો નાશ થજો, આને પચાસ લાખ-કરોડ છે, મારી પાસે પાંચ હજાર, દસ હજાર છે એનો નાશ થાય તો હું કાંઈ ગણતરીમાં આવું, એવો વિચાર શ્રાવક કરતો નથી. આહાહા..! સમજાણું કાંઈ ? 'કોઈના ધનના નાશનો,...' એના પુણ્ય પ્રમાણે હોય, અહીં પુણ્ય પ્રમાણે છે, છે તે આત્માને કાંઈ લાભકર્તા તો છે નહિ. કહો ભાઈ ! આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એનું આપણે કાંઈ નહિ. અહીં તો આપણે...

મુમુક્ષુ :– કોઈનું બગડેલું બનાવવું.

ઉત્તર :– કોઈનું બગડે બગડે નહિ. એનો વિચાર આ શું કરવા રાખે ?

મુમુક્ષુ :– પોતાનું સમજે છે ને ?

ઉત્તર :– પોતાનું કામ છે ને બીજાનું શું કામ છે અહીં ? એ..ઇ..! એના કાળા બજારના હતા ને તે લૂંટાણા તો સારું કર્યું. ભાઈ ! તારે શું કામ છે ? બાપા ! એને દુ:ખ થાય છે કે નહિ ? એને તો દુ:ખાય છે ને ? ભલે કાળા બજારના હતા

ને લઈ ગયો પણ એનું મન દુઃખાય કે નહિ ? મરી જાય કેટલાક હાય..! હાય..! એક તો ગયા અને આબરુ પાછી ખુલ્લી પડી ગઈ કે, આ તો કાળા બજારના હતા. ભાઈ ! એમાં લાભ શું છે ? ભાઈ ! આહાહા..!

ઓલા સત્યા શું ? આગ્રહક હતા ને ? શું કહેવાય ? સત્યાગ્રહ. દુકાનોમાં બેસતા. સત્યાગ્રહ (કરે). એટલે દુકાનના માણસો બિચારા કેટલાક વેપારી એવા હોય કે, પાંચ હજારની મૂડીથી બધું નભાવતા હોય. એમાં ને એમાંથી. ગણાતો હોય બહારમાં લાખ, બે લાખ પણ એમાં ને એમાં નભાતો ને પાંચસો, બે હજાર પેદા થતાં હોય. આવતા હોય. પેલા લાંઘીને બેસા હોય, પાંચ દિ' બેસે તો ઓલાને નુકસાન થાય. એ માંડ એના ઉપર હોય એટલે ઓલા એવા .. થાતા, એવા મેં જોયા છે, હોં ! અંદર બિચારા બહુ દુઃખી થાય. અર..ર..ર..! અમારું ઉઘાડુ પડી ગયું. અમારી મૂડી બહારમાં કહેવાય ... અમારી મૂડી તો છે એ અમારા ખ્યાલમાં છે પણ આ રીતે અમારો નભાવ (થાય છે). એમાં પેલા સામે જઈને બેસે, ધંધો ચાલવા ન દે. એવા સત્યાગ્રહીઓ હતા. સમજાય છે ? આ બધા અમે જોયા હોય ને એ વખતે વિચાર પણ આવ્યા હોય. પેલાનું ખુલ્લું પડી. જ્યાં છ મહિના, મહિનો, બે મહિના ન્યાં બેસે ત્યાં ખુલ્લું પડી જાય કે, આની પાસે મૂડી લાગતી નથી, આ તો આમાં ને આમાં બેસે તો નભે નહિતર આજીવિકા નથી. પૈસા-બૈસા ઝાઝા કહેવાતા એ નથી. એ બિચારા દુઃખી એને બહુ આર્તધ્યાન થાય, હોં ! સમજાણું કાંઈ ? એ.. ભાઈ ! આહાહા..! જગતની વિચિત્રતા ! ધર્મીને કોઈના ધનના નાશનો વિચાર શું કરવા ?

'કોઈની જીતનો, કોઈની હારનો...' જીતવું ને હારવું. આ જીતે તો ઠીક. ભાઈ ! તારે શું કામ છે ? જીતે કે હારે એ તો એના પુણ્ય પ્રમાણે થશે. એ ક્રિયા એના કાર્યકાળમાં થવાની એ થાય. તું જીત-હારમાં હરખ-શોક કરીને તને પાપ શું કરવા બાંધે છે ? ધર્મી એવા જીત-હારના (વિચાર કરતા નથી). બીજાની જીત થાય અને આની હાર થાય, આ પાપી છે એની હાર થાય અને આ પુણ્યવંત છે એની જીત થાય, એમ વિચાર કરવો નહિ. આહાહા..!

પરિમિત દોષમાં પણ કેટલી હદ છે એની. આ ઓછું થાય છે, આમ નહિ, આમ

નહિ, આમ ન હોય. આપણે કોઈને ખુલ્લા કરવા અને એની ઢાંકચાં લાજ-આબરું કાઢવી... સમજાણું ? આપણું કામ નહિ, આપણું કામ નહિ. એની પાસે ક્યાં મૂડી હતી ? જુઓ તો ખરા. એક આમ તપાસ તો કરાવ, મફતના મોટા મોટા ... ઘર કહેવાય છે, ઘરમાં કાંઈ નથી, એને આમ છે. બાપુ ! એવા વિચાર, એવા વિકલ્પો મર્યાદિત દોષવાળા પણ સમકિતી કરતા નથી. આહાહા..! સમજાણું કાંઈ ?

'તેને અપધ્યાન અનર્થદંડવ્રત કહે છે.' અપધ્યાન. એ પરિણામો આવ્યા ને એકલા ? 'વિચાર ન કરવો...' એટલે મન આવ્યું ને મન ? 'વ્યાપાર અને ખેતીથી પાપ થાય તેથી એનો ઉપદેશ ન દેવો...' આ વાણીનું આવ્યું, ઓલું મનનું આવ્યું. મનમાં ધ્યાન (કરે). આહાહા..! પછી આઘો હાલ્યો તે વાણી આવી. જુઓ ! અંદરમાં ઘૂંટાતો હોય તો પછી વાણી કહે છે. સમજાય છે ?

૨. 'વ્યાપાર અને ખેતીથી પાપ થાય છે તેથી એનો ઉપદેશ ન દેવો (તેને પાપોપદેશ અનર્થદંડવ્રત કહેવાય છે).' આહા..! અરે..! વીતરાગ માર્ગની હદે એને દોરે જાવું એ અલૌકિક માર્ગ છે. એ લૌકિકની સાથે મેળ ખાય એવું નથી. એવી વાત છે, ભાઈ ! સમજાણું કાંઈ ? આહા..! જુઓને 'ટોડરમલ્લ'ને ઓલું નુકસાન (થયું પણ) બોલ્યા નહિ હોં ! કે, આણે આમ કર્યું છે. નહિ તો રાજા માનત. મારે શું ? આયુષ્ય પૂરું થયું. આપણે એને ક્યાં દોષ દેવો (કે) એણે શિવની મૂર્તિ નાખી હતી. સમજાય છે ? જેમ થાવું હોય એમ થાવ, આપણે કોઈને નુકસાન થાય એ આપણે હોઈ નહિ. સમજાણું કાંઈ ?

૩. '(પ્રમાદ કર) પ્રમાદથી પ્રયોજન વગર...' એ પાણીનું ઢોળવું. ઓલા ધોવે છે ને ? જુઓને આ શું કહેવાય તમારે આ ? નવ ઉઘાડા (હોય). આ ફુવારો. એ મફતનો ફુવારો ઉઘાડો મૂકે. કેટલું (ચાલ્યું જાય). નળ ઉઘાડો મૂકે. પાણી જોતું હોય બે શેર, ઉઘાડુ મુકે તો પચાસ મણ હાલ્યું જાય સવાર થી સાંજ સુધીમાં. એવા વગર પ્રયોજને પાણી ન ઢોળે, બાપુ ! એ જીવ છે. ધર્મીને રાગની મંદતાના વ્રત પરિણામમાં આવા ભાવ ન હોય.

'પૃથ્વીકાયિક...' વગર કારણે પૃથ્વીને ન ખોદે. સમજાણું ? પત્થરના ટૂકડા પડ્યા

હોય ને બેઠો બેઠો ભાંગે ને ટૂકડા કરે ને રમે. જીવ છે, અસંખ્ય જીવ છે. વગર પ્રયોજને એ કરે નહિ. સમજાણું ? આમાં છે કે નહિ ? એવું કર્યું છે કે નહિ ? આમાં છે, ચિત્રમાં હશે બધું થોડું ઘણું, જુઓ ! છે અહીં હોં ! પાણી ઢોળે છે. જુઓ !




બહુ પાણી ઢોળે છે. ઓલો વનસ્પતિ કાપે છે, ઓલો અગ્નિ (કરે છે), પછી હિંસા-દાનના અધિકરણો એ પછી આવશે. કહો, સમજાણું ?

'વનસ્પતિકાયિક...' કેટલાક હોય છે ને ? વગર પ્રયોજને હાથમાં લાકડી હોય અને ઝાડ હોય તો આમ તોડતો જાય. ઝાડની ડાળીયું ને (તોડે). પણ પ્રયોજન કાંઈ છે ? હોશિયારી બતાવવી છે ? હાથમાં લાકડી ફરતી હોય તો એમ કરતો જાય. ઝાડના ઓલા હોય ઇ તૂટતા જાય એ તો કાંઈ ભાન ન મળે. વગર પ્રયોજને અનર્થદંડના એવા પરિણામ ધર્મી કરતો નથી.

'અગ્નિકાયિક...' એમ અગ્નિને વગર કારણે સળગાવી દે, દિવાસળી મુકી દે. મુકે છે ને ? કો'કના ઓઘા બળી જાય, તલ બળી જાય, ફલાણું થઈ જાય અથવા અમસ્તી દિવાસળી મફતની નાખીને ક્યાંક ઘાંસ પડ્યું હોય ત્યાં નાખી દે.

'વાયુકાયિક...' ન હણે 'એવા જીવોનો ઘાત ન કરવો તે પ્રમાદચર્યા અનર્થદંડવ્રત

કહેવાય છે.' અને




૪. 'તલવાર...' એવા ઉપકરણો આપણે રાખો, દુનિયા માંગે તો દેવાય તો જશ મળશે. એવા ભાવ સમકિતીને હોતા નથી. તલવાર રાખો તલવાર, જરૂર પડે તો એને આપે. જાઓ 'જુનાગઢ'માં લડાઈ છે. અમારી તલવાર લઈ જાવ. સમજાણું કાંઈ ? ખબર છે ને ? થયું હતું ને ભાઈ ? એક જણાએ એની તલવાર આપી એને, જાઓ. અરે..! ભાઈ ! ઓહો..! એણે તલવાર આપી, લ્યો ! લડાઈ કરવા જાય છે. જાઓ અમે અનુમોદન આપીએ છીએ. લ્યો ! અમે તલવાર આપીએ છીએ. તમે જાવ, લ્યો ! અમારી તલવાર લઈ જાઓ. શ્રાવકને આત્મામાં એક રાગનો કણ કરવા જેવો નથી એવું માન્યું છે ત્યાં અસ્થિરતા આવે છે એને એમાં અણુવ્રતધારીને તો પંચમ ગુણસ્થાન દશા છે, શાંતિ ઘણી છે એથી એને તો કષાયની મંદતા ઘણી થઈ ગઈ છે. એને એવા તલવાર આદિ (રાખવાના ભાવ ન હોય). સમજાય છે ?

'ધનુષ...' લ્યો ! જાઓ ધનુષ લઈ જાઓ, મારી પાસે દસ ધનુષ છે, લ્યો ! 'હળ...' ખોદવાના. 'હિંસા થવામાં કારણભૂત પદાર્થોને આપીને જશ ન લેવો...' સમજાણું કાંઈ ? એવું હોય છે ને ઘરમાં ? રાખો ખાંડણી પાંચ, દસ દસ. કોઈ ખાંડવા જાય છે, લીલોતરી ફલાણું છડીઓ રાખો જાજી, ફલાણી છડી રાખે. લીલોતરી કરવી હોય ને ? આ આથણા જેઠ મહિનામાં (કરે છે). માગે તો આપવા થાય. જેઠ મહિનામાં આથણા હોય ને ? કેરીના ને લીલા મરચા ને ફલાણાના આમ અધમણ-અધમણ, મણ-મણ, બબ્બે મણ કરે. લઈ જાઓ, મારે ત્યાં એક છરી લઈ જાઓ, સારી મોટી છે, મોટી આમ ફટ ફટ કામ કરે. ડાળા, ડાળા કાપે છે નહિ ? શું કહેવાય ? ગરમર. આ તો જુનું આવ્યું વળી લ્યો ! ડાળાને ગરમર ... બેસતા ને ઓલા કોથળો નાખીને ઊંધી ઓલી નાખીને પાલી, ઊંધી પાલી. આમ આમ કરે.

મુમુક્ષુ :– હોશિયાર હોય ને !

ઉત્તર :– હા, એવી કાપે. હોશિયાર હોય એ ન્યાં બેસે. બીજાને આપે, લ્યો! કરો. અરે..! ભાઈ ! શ્રાવક છે, અણુવ્રતધારી છે. મહાવ્રત ચારિત્ર લેવાનો તો અભિલાષી છે. સમજાય છે ? નથી લઈ શકતો એની મર્યાદામાં આવા એને અનર્થદંડના પરિણામ હોય નહિ. સમજાણું ? 'તે હિંસાદાન અનર્થદંડવ્રત કહેવાય છે.' લ્યો !

'રાગ-દ્વેષ કરતા રાગ અને દ્વેષ ઉત્પન્ન કરવાવાળી કથાઓ ક્યારે પણ સાંભળવી નહિ...' સમજાણું ? નવલકથાઓ ને શ્રૃંગારી (કથાઓ સાંભળવી નહિ). કરવા બેસે.. મોટો ઓલો પાઠ બેસે છે ને ? એવી વાર્તાઓ કરે ને આમ લડાવે, આમ જાણે અંદરથી. એ રાગ-દ્વેષની વાર્તાઓ (છે). સમકિતી વીતરાગ વાર્તા કરે કે રાગ-દ્વેષ કરે ? 'રાગ અને દ્વેષ કરવાવાળી કથાઓ ક્યારે પણ સાંભળવી નહિ (તે દુઃશ્રુતિ અનર્થદંડવ્રત કહેવાય છે).' ભૂંડુ સાંભળવું છોડી દેવું. 'અને બીજા પણ (અઘ હેતુ)...' અઘ એટલે 'પાપના કારણો (અનર્થદંડ) અનર્થદંડ છે તેને પણ કરવાં નહિ.' લ્યો ! એ ખુલાસો બધો આવી ગયો છે. સમજાણું ? અર્થમાં આવી ગયું આપણે.

નીચે (ફૂટનોટ છે). 'અનર્થદંડવ્રત બીજા પણ ઘણાં છે. પાંચ બતાવ્યા...' બનાવ્યા છે, બતાવ્યા જોઈએ. 'બતાવ્યા તે સ્થૂળતાની અપેક્ષાએ છે અથવા દિગ્દર્શન માત્ર છે.' દિગ એટલે કહેવામાં થોડું બતાવ્યું છે એટલું. 'આ સર્વે પાપજનક છે માટે તેનો ત્યાગ કરવો જોઈએ. પાપજનક નિષ્પ્રયોજન કાર્ય અનર્થદંડ કહેવાય છે.' એ પણ નિશ્ચય દર્શન સાથે આવ્યું ને અંદર ? એ નીચે ત્રણેયમાં એ વાત છે, ત્રણ ઠેકાણે એના એ શબ્દો છે. નિશ્ચય, સમ્યગ્દર્શન-જ્ઞાન પૂર્વક પહેલી વાત જે ઉપોદ્‌ઘાત કરી તે. પ્રથમના બે કષાયોનો અભાવ થયો હોય તે જીવને સાચા અણુવ્રત હોય છે. નિશ્ચય સમ્યગ્દર્શન ન હોય તેના વ્રતને સર્વજ્ઞદેવે અજ્ઞાનવ્રત કહ્યા છે. એ ત્રીજી વાર આવ્યું, એ ત્રીજી વાર આવ્યું. પહેલા નેવું પાને હતું, બાણું પાને હતું ને આ ત્રણ વાર આવ્યું. સમજાણું ? જ્યાં હોય ત્યાં આ નાખે છે કહે છે. સમજાણું ? ભાવાર્થમાં આવી ગયું હોય ઇ આપણે આવી ગયું છે.

ભાવાર્થ :– '૧. કોઈના ધનનો નાશ, હાર અથવા જીત વગેરેનો નિંદ્ય વિચાર

ન કરવો તે પહેલું અપધ્યાન અનર્થદંડવ્રત કહેવાય છે.

૨. હિંસારૂપ પાપજનક વ્યાપાર અને ખેતી વગેરેનો ઉપદેશ ન આપવો તે પાપોપદેશ અનર્થદંડવ્રત છે.

૩. પ્રમાદને વશ થઈને પાણી ઢોળવું, જમીન ખોદવી, ઝાડ કાપવા, આગ લગાડવી એ વગેરેનો ત્યાગ કરવો અર્થાત્ પાંચ સ્થાવરકાયના જીવોની હિંસા ન કરવી તેને પ્રમાદચર્યા અનર્થદંડવ્રત કહેવાય છે.

૪. જશ મેળવવા માટે તલવાર વગેરે હિંસાના કારણભૂત હથિયારોને બીજા કોઈ માગે તો ન આપવા તેને હિંસા-દાન અનર્થદંડવ્રત કહેવાય છે.

૫. રાગ-દ્વેષ ઉત્પન્ન કરવાવાળી વિકથા,' વગર (પ્રયોજને) સ્ત્રીની કથા માંડે, રાણીઓની કથા માંડે, એના કપડાની માંડે, એના અવયવોની માંડે. એ પાપ અનર્થદંડ છે, ભાઈ ! તારું પ્રયોજન કોઈ સિદ્ધ થતું નથી ને મફતનું પાપ બાંધે છે. 'નવલકથા કે શૃંગારી વાર્તા વગેરે સાંભળવાનો ત્યાગ કરવો તે દુઃશ્રુતિ અનર્થદંડવ્રત કહેવાય છે.'

મુમુક્ષુ :- નવલકથા છપાવે તો વાંધો નહિ ને ?

ઉત્તર :- આજીવિકા કરવા માટે કરે છે એ તો. એ આજીવિકા માટે કરે છે. એમાં અંદર ગપેગપ માર્યા હોય. એ તો આજીવિકા માટે કરે એ તો એને ખાતામાં છે ને એને. સમજાણું?

મુમુક્ષુ :- એટલે કરવા જેવું છે.

ઉત્તર :- કરવા જેવું તો કાંઈ નથી, ઠરી જવાનું છે. જુઓ ! આ વાંદરાના દાખલા આવ્યા છે ને ? ત્રણ. 'ગાંધીજી'ના વાંદરા. લખ્યું છે – 'મહાત્મા ગાંધીજીની ત્રિવાનર મૂર્તિ' છે ને ? આપણે અહીં છે, હોં ! અંદર. છે કાં તો. એક વાંદરો મોઢું બંધ રાખે છે આમ, બોલો નહિ. એક આંખો બંધ રાખે ને એક કાન (બંધ રાખે છે). ખોટી વાત સાંભળી નહિ, જૂઠું દેખવું નહિ અને જૂઠું બોલવું નહિ. એ છે, પથ્થરની આવે છે ને ? ઘણે ઠેકાણે છે, આમાં છે. આપણે અહીં છે અંદર. છે કે નહિ ઉપર ? ઉપર

હશે ક્યાંક. હતું ખરું. ત્રણ વાંદરા મુકી ગયા હતા. લ્યો! એ આઠ વ્રત થયા. અણુવ્રતધારી શ્રાવકને પંચમ ગુણસ્થાનમાં બે કષાયના અભાવની ભૂમિકામાં આવા આઠ વ્રતની વ્યાખ્યા ગ્રંથકારે કરી. હવે ચારની બાકી છે. બાર વ્રત છે ને ? બાર વ્રત.

## સામાયિક, પૌષધ, ભોગોપભોગપરિમાણ અને અતિથિસંવિભાગવ્રત

ધર ઉર સમતાભાવ, સદા સામાયિક કરિયે;
પરવ ચતુષ્ટયમાહિં, પાપ તજ પ્રોષધ ધરિયે.
ભોગ ઔર ઉપભોગ, નિયમ કરિ મમત નિવારૈ;
મુનિકો ભોજન દેય ફેર, નિજ કરહિ અહારૈ. ૧૪.

અન્વયાર્થ :– (ઉર) મનમાં (સમતાભાવ) નિર્વિકલ્પતા અર્થાત્ શલ્યના અભાવને (ધર) ધારણ કરીને (સદા) હમેશાં (સામાયિક) સામાયિક (કરિયે) કરવું [તે સામાયિક શિક્ષાવ્રત છે.] (પરવ ચતુષ્ટમહિં) ચાર પર્વના દિવસોમાં (પાપ) પાપકાર્યોને (તજ) છોડીને (પ્રોષધ) પૌષધ-ઉપવાસ (ધરિયે) કરવો [તે પૌષધ-ઉપવાસ શિક્ષાવ્રત છે.] (ભોગ) એકવાર ભોગવાય તેવી વસ્તુઓનું (ઔર) અને (ઉપભોગ) વારંવાર ભોગવાય તેવી વસ્તુઓનું (નિયમ કરિ) પરિમાણ કરી-માપ કરી (મમત) મોહ (નિવારૈ) કાઢી નાખે [તે ભોગ-ઉપભોગપરિમાણવ્રત છે.] (મુનિકો) વીતરાગી મુનિને (ભોજન) આહાર (દેય) દઇને (ફેર) પછી (નિજ અહારૈ) પોતે ભોજન (કરહિ) કરે [તે અતિથિસંવિભાગવ્રત કહેવાય છે.]

ભાવાર્થ :– સ્વસન્મુખતા વડે પોતાના પરિણામોને વિશેષ સ્થિર કરી, દરરોજ વિધિપૂર્વક સામાયિક કરવું તે સામાયિક શિક્ષાવ્રત છે. દરેક આઠમ તથા ચૌદશના રોજ કષાય અને વ્યાપાર વગેરે કાર્યોને છોડીને (ધર્મધ્યાનપૂર્વક) પૌષધસહિત ઉપવાસ કરવો તે પૌષધ-ઉપવાસ શિક્ષાવ્રત કહેવાય છે. પરિગ્રહપરિમાણ અણુવ્રતમાં મુકરર

કરેલ ભોગોપભોગની વસ્તુઓમાં જિંદગી સુધીના માટે અથવા કોઇ મુકરર કરેલા સમય સુધીના માટે નિયમ કરવો તેને ભોગોપભોગપરિમાણ શિક્ષાવ્રત કહેવાય છે. નિર્ગ્રંથમુનિ વગેરે સત્પાત્રોને આહાર કરાવ્યા પછી પોતે ભોજન કરે તે અતિથિસંવિભાગ શિક્ષાવ્રત છે.

---

'સામાયિક, પૌષધ, ભોગોપભોગપરિમાણ અને અતિથિસંવિભાગવ્રત' ચાર છે.

ધર ઉર સમતાભાવ, સદા સામાયિક કરિયે;
પરવ ચતુષ્ટયમાહિં, પાપ તજ પ્રોષધ ધરિયે.
ભોગ ઔર ઉપભોગ, નિયમ કરિ મમત નિવારૈ;
મુનિકો ભોજન દેય ફેર, નિજ કરહિ અહારૈ. ૧૪.

ચાર અણુવ્રત. 'મનમાં નિર્વિકલ્પતા અર્થાત્ શલ્યના અભાવને ધારણ કરીને...' સમતાભાવ ક્યારે થાય ? કે, જ્યારે પુણ્ય-પાપની રુચિ છૂટીને વીતરાગભાવ દૃષ્ટિમાં બેઠો છે એને સ્વભાવ સન્મુખમાં સમતાના પરિણામ પ્રગટ થાય. સમજાય છે કાંઈ ? એને સામાયિક કહીએ. સમ્યગ્દર્શન-જ્ઞાન વિના સામાયિક કેવી ? સામાયિક તો પાંચમાં ગુણસ્થાનની વાત છે.

શુદ્ધ ચૈતન્ય છે, વિકાર વિનાના સ્વભાવનો અંતર આદર નથી એને સમતાભાવ પ્રગટ કઈ રીતે થાય ? સમતાનો પિંડ જ આત્મા છે. આત્મા એકલો વીતરાગ રસકંદ છે. એવી રુચિ, દૃષ્ટિ થયા વિના વીતરાગતાનો પ્રવાહ સમતાનો પર્યાયમાં આવે ક્યાંથી ? સમજાણું કાંઈ ? સમકિત સામાયિક છે, સમ્યગ્જ્ઞાન સામાયિક છે, આ વ્રતની એક સામાયિક છે. દેશવ્રત ને સર્વવ્રત એમ ચાર પ્રકારની સામાયિક છે.

સમ્યગ્દર્શન સામાયિક, દર્શન સામાયિક. એ તો આમાં શ્વેતાંબરમાં આવે છે. અનુયોગ દ્વારમાં આવે છે, એ વાત થતી હતી. સમ્યગ્દર્શન સામાયિક – આખો આત્મા સમભાવે ભરેલો એક વિષમ રાગનો વિષમ અંશ જેમાં નથી, એવા આત્માની અંતર સમ્યક્ સત્ય પ્રતીતિનું ભાન એ જ આખા સમતાના પિંડને આદર કર્યો એવા

સમ્યક્ પરિણામને સમ્યગ્દર્શન સામાયિક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? અને એવો જે સમતા વીતરાગ સ્વભાવ આત્મા, નિર્દોષ આત્મા, એનું જ્ઞાન એટલે જ્ઞાન પણ સમતારૂપે થયું. એ સમ્યગ્જ્ઞાન સામાયિક છે, સમ્યગ્જ્ઞાન સામાયિક છે. એ ઉપરાંત આ દેશવ્રતની સામાયિક છે. સ્વરૂપમાં થોડી સ્થિરતા તો હતી, પંચમ ગુણસ્થાનવાળો છે ને ? પણ વિશેષ પ્રયોગ કરે છે. સામાયિકનો પ્રયોગ–અજમાઈશ કરે છે કે, હું સ્વરૂપમાં સ્થિરતા કેટલે અંશે રાખી શકું છું. એવો એક વિકલ્પ આવે છે એને વ્યવહાર સામાયિક કહે છે. સ્થિરતા થાય એને નિશ્ચય સામાયિક કહે છે. સમજાણું કાંઈ ? એક અંશે સ્થિરતા પણ છે ને એક અંશે વિકલ્પ પણ છે, અહીં બે પ્રકાર છે. અણુવ્રતની સાથે લેવું છે ને ? બાર વ્રત લેવા છે ને ? સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– પાંચમા ગુણસ્થાને પાંચ અણુવ્રત તો હોય જ ?

ઉત્તર :– હોય જ. પાંચ અણુવ્રત હોય એને ભેગું હોય કહો, સમજાણું ? પાંચ અણુવ્રત તો હોય જ તે.

મુમુક્ષુ :– બાર વ્રત અગિયાર પડિમામાં સમાઈ જાય ?

ઉત્તર :– સમાય જાય. આગળ વધે તો. નહિતર પાંચમે બાર વ્રત હોય. શું કહેવાય ? બીજી પડિમામાં. પછી વધતો જાય.

મુમુક્ષુ :– બીજી....

ઉત્તર :– આથી આગળ વધારે હોય. બીજી નથી લીધી. એનું કારણ છે આમાં આગળ વધી જાય. આ બાર વ્રતતો પાંચમામાં બીજી પડિમામાં પણ હોય છે. છે ને ? પહેલું દર્શન અને બીજી ... પડિમા એમાં હોય છે. પછી આગળ વધતા સામાયિક હંમેશાં કાયમ કરે. સામાયિક તો હોય. બહારમાં બધું (હોય) પણ કાયમ સામાયિક કરે એવો એક ત્રીજી પડિમા .. એમ. અહીં તો આટલી જ વાત લીધી છે.

'મનમાં શલ્યના અભાવે...' જુઓ ! સમતા કીધી છે ને ? શલ્ય એટલે વિષમતા, મિથ્યાત્વ. મિથ્યાત્વ આદિ શલ્યનો અભાવ છે અથવા નિશલ્ય વ્રતિ, વ્રતિ એવો હોય છે નિશલ્ય હોય છે. એને મિથ્યાત્વનું શલ્ય હોય નહિ, નિદાનનું શલ્ય હોય નહિ, આ કરું એનું ફળ (મળે) અને માયા શલ્ય હોય નહિ. ત્યારે એને વ્રતના પરિણામ

હોય છે. સમજાણું કાંઈ ? પાધરો વ્રતિ થઈ જાય ને હજી શલ્ય તો પડ્યા છે. વ્રતિ ક્યાંથી થઈ ગયો પણ ? શલ્ય તો પડ્યું છે કે, ઘુંટે છે અંદર, આ આત્મા આવો નહિ પણ આ રાગમાં, પુણ્યમાં, પુણ્યના ફળમાં પ્રેમ અને રુચિ (છે), એ તો મિથ્યાત્વનું શલ્ય તો પડ્યું છે અંદર. શલ્ય ટળ્યા વિના શાંતિ આવે ક્યાંથી ? શલ્ય નથી ગયું, અને ગુમડું રૂઝાય ક્યાંથી ? લોઢાનું અંદર પડ્યું છે પછી ઉપર કરે પાટાપીંડી. અંદર તો પણ સડો વધતો જાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, હા. ઉપર ચામડી આવી જાય, બહાર ચામડી આવી જાય, બહાર ચામડી આવી જાય. અંદર સડો રહે. ગંભીર ગુમડું (હોય). એમ આ રાગની મંદતાની બહાર ક્રિયા દેખાતી હોય, અંદર મિથ્યાત્વનું મોટું ગુમડું પડ્યું હોય. સમજાણું કાંઈ ? તેથી ડૉક્ટર ઊંડું ગુમડું હોય ને ? વાટ નાખીને ક્યાં સુધી છે ન્યાં સુધી (જોવે). ન્યાંથી રૂઝ શરૂ થાય છે કે નહિ ? ન્યાંથી રૂઝ શરૂ થાય છે કે નહિ ? એમ જોવે. એટલે આ ચાર પેઠું રૂઝ ન્યાંથી શરૂ થાય છે કે નહિ ? અહીંથી રૂજ નહિ. જ્યાંથી શરૂ થવી જોઈએ ન્યાંથી થઈ છે કે નહિ ? એમ તપાસે. રૂજવું પડશે, ભલે કાલે ત્રણ પેઠું છે રૂજ ઉપર. અહીં અંદરમાં રૂઝ ઉપર ન હોય ને બહારની ચામડી બધી સરખી દેખાય તે અંદર સડો છે મોટો.

એમ જેને મિથ્યાત્વના સડા પડ્યા છે અંદર, ઉપરથી રાગની મંદતાની સામાયિક ને પોષા દેખાય તો અંદર બધા સડા પડ્યા છે. ભાઈ ! શલ્ય આમ ખૂંચ્યા જ કરે. આહા..! બીજાનું કાંઈક અધિક દેખે ત્યાં આમ થાય, બીજાની આબરું દેખે તો આમ થાય, બીજાની નિંદા થાય તો આમ થાય, પોતાની નિંદા થાય તો આમ થાય, નિંદા એટલે ... કોણ નિંદા ને કોણ .. કરે ? હવે સાંભળને. જ્ઞાનસ્વરૂપ આત્મા છે એમ જાણ્યા વિના, એનું આ શલ્ય ટળ્યા વિના એને અંદર ખદબદ, ખદબદ થયા જ કરે. સમજાણું કાંઈ ? લ્યો ! આ ભાઈ ! તમારે એકના બાર વ્રત આવ્યા, હોં ! આવું પહેલું-વહેલું વ્યાખ્યાન આવે છે. આ 'છ ઢાળા'નું. જુના છે ને, જુના છે. કહો સમજાણું કાંઈ ?

'અને ચાર પર્વના દિવસોમાં પાપકાર્યોને છોડીને...' આઠમ, ચૌદશ બે, સુદ ને વદ. 'પૌષધ-ઉપવાસ કરવો...' પૌષધ ઉપવાસ, હોં ! એકલો ઉપવાસ નહિ, આત્માની સ્થિરતાપૂર્વક ઉપવાસ. આઠમ ચૌદશનો વધારે મુખ્ય, મુખ્ય ઇ છે. ગમે ત્યારે થઈ શકે. આટલું તો કરવું જ, એથી વધારે કરે, ભલે કરે. પણ એને પંચમ ગુણસ્થાનને યોગ એને નિવૃત્તિ એટલી હોય, વધારે હોય. કોઈ વધારે ત્યારે કરી શકે છે, સ્થિરતા કરે છે. ઇ વધારે ... તેથી મોટી છે. એ કાળે એને એવો પ્રકાર હોય છે. 'પૌષધ-ઉપવાસ કરવો તે પૌષધ-ઉપવાસ શિક્ષાવ્રત છે.' જોયું !

'એકવાર ભોગવાય તેવી વસ્તુઓનું અને વારંવાર ભોગવાય તેવી વસ્તુઓનું...' એકવાર ભોગવાય સમજ્યાને ? અનાજ આદિ. વારંવાર આ દાગીના, કપડા આદિ. એનું 'પરિમાણ કરી...' કે, ભાઈ આટલું જ અનાજ અથવા આટલા જ કપડા અથવા આ જ દાગીના..... 'માપ કરી મોહ કાઢી નાખે તે ભોગ-ઉપભોગપરિમાણવ્રત છે.' કહો સમજાણું ? 'મુનિકો વીતરાગી મુનિને...' અને આ જે શ્રાવક ગૃહસ્થ આદિ પાત્ર હોય, બધું લેવું એમાં, હોં! એકલું એમ નહિ. અર્થમાં આવશે, અર્થમાં આવશે. 'નિર્ગ્રંથમુનિ વગેરે સત્પાત્રોને આહાર...' બીજામાં પણ આવે છે, આમાં પણ આવે છે, બધે લીધું છે. મુનિની મુખ્ય વાત છે ને ?




'વીતરાગી મુનિને ભોજન આહાર દઈને...' આમાંય લખ્યું છે જૂના (પુસ્તકમાં પણ) લખ્યું છે. પોતે આહાર કરે છે એ રાગ છે ને ? શ્રાવકને ભાન છે પણ ... એટલે રાગ ઘટાડવામાં ઓહો..! મુનિનો જોગ, ધર્માત્મા ધર્મીનો જોગ, પાત્ર ધર્મપાત્રનો જોગ... સમજાય છે ? એણે લખ્યું છે, હોં! અર્થ છે ને ? 'મુનિ આ પાત્ર શ્રાવકકો આહાર દાન દેકર...' આ પુસ્તક છે ને એમાંય છે ને આમાંય છે. 'આદિ પાત્રોંકો આહાર કરાકર બાદ મેં સ્વયં ભોજન કરના.' પછી આપણેય લખ્યું છે, છેલ્લામાં થોડું (છે). 'નિર્ગ્રંથમુનિ વગેરે સત્પાત્રોને આહાર કરાવ્યા પછી...' પાછળ લખ્યું છે.

સમજાણું ? એટલે મુખ્ય મુનિની વાત કરી છે. પોતાના સાધર્મી ધર્માત્માને પણ આહાર દઈને પછી પોતે ભોજન કરે. લ્યો ! અહીં તો આવે, બધી ભાષા શું આવે ? આહાર કરે, આ દે. વ્યવહારની વાતમાં જે કથન આવે એવું આવે ને ! એક કોર કહે, આહાર-પાણી કરી શકે નહિ. સમજ તો ખરો પણ. ખાવું-પીવું કરે એ ક્રિયા કોણ કરે ? પણ આવો એને વિકલ્પ હોય છે કે, મુનિને આહાર દઈને મારે આહાર કરવો. એવા વિકલ્પની મર્યાદામાં એ વ્રત કહેવામાં આવે છે. એટલું જણાવે છે. 'તે અતિથિસંવિભાગવ્રત કહેવાય છે.' સમજાણું કાંઈ ? કથન તો એમ જ આવે ને ! એનો પરમાર્થ તો જેમ છે એમ છે.

ભાવાર્થ :– 'સ્વસન્મુખતા વડે પોતાના પરિણામોને વિશેષ સ્થિર કરી, દરરોજ વિધિપૂર્વક સામાયિક કરવું તે સામાયિક શિક્ષાવ્રત છે.' લ્યો ! 'દરેક આઠમ તથા ચૌદશના રોજ કષાય અને વ્યાપાર વગેરે કાર્યોને છોડીને (ધર્મધ્યાનપૂર્વક) પૌષધસહિત ઉપવાસ કરવો તે પૌષધ-ઉપવાસ શિક્ષાવ્રત કહેવાય છે. પરિગ્રહપરિણામ અણુવ્રતમાં મુકરર કરેલ ભોગોપભોગની વસ્તુઓમાં જિંદગી સુધીના...' તેનું કર્યું હતું જાવજીવનું. 'અથવા કોઈ મુકરર કરેલા સમય સુધીના માટે નિયમ કરવો તેને ભોગોપભોગપરિમાણ શિક્ષાવ્રત કહેવાય છે.' લ્યો ! 'નિર્ગ્રંથમુનિ વગેરે સત્પાત્રોને આહાર કરાવ્યા પછી પોતે ભોજન કરે તે અતિથિસંવિભાગ શિક્ષાવ્રત છે.' આ બાર વ્રત શ્રાવકને આત્માના સન્મુખની દૃષ્ટિમાં સ્થિરતાનો અંશ વિશેષ થયો એ ઠેકાણે એને આવા બાર વ્રત હોય છે, જેથી તે એકાવતારી થયાની મુક્તિ થાય એવી લાયકતા થાય વગેરે કહેશે, લ્યો! (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

### નિરતિચાર શ્રાવકવ્રત પાળવાનું ફળ

બારહ વ્રતકે અતીચાર, પન પન ન લગાવૈ;
મરણ સમય સંન્યાસ ધારિ, તસુ દોષ નશાવૈ.
યોં શ્રાવકવ્રત પાલ, સ્વર્ગ સોલમ ઉપજાવૈ;
તહઁતૈં ચય નરજન્મ પાય, મુનિ હ્વૈ શિવ જાવૈ. ૧૫.

**અન્વયાર્થ :–** જે જીવ (બારહ વ્રતકે) બાર વ્રતના (પન પન) પાંચ-પાંચ (અતીચાર) અતિચારોને (ન લગાવૈ) લગાડતો નથી, અને (મરણ સમય) મરણ વખતે (સંન્યાસ) સમાધિ (ધારિ) ધારણ કરીને (તસુ) તેના (દોષ) દોષોને (નશાવૈ) દૂર કરે છે તે (યોં) આ પ્રકારે (શ્રાવકવ્રત) શ્રાવકના વ્રતો (પાલ) પાળીને (સોલમ) સોળમા (સ્વર્ગ) સ્વર્ગ સુધી (ઉપજાવૈ) ઉપજે છે, [અને] (તહઁતૈં) ત્યાંથી (ચય) મરણ પામીને (નરજન્મ) મનુષ્યપર્યાય (પાય) પામીને (મુનિ) મુનિ (હ્વૈ) થઇને (શિવ) મોક્ષ (જાવૈ) જાય છે.

ભાવાર્થ :– જે જીવ શ્રાવકના ઉપર કહેલાં બાર વ્રતોને વિધિપૂર્વક જીવનપર્યંત પાળતાં તેના પાંચ-પાંચ અતિચારોને પણ ટાળે છે અને મૃત્યુ વખતે પૂર્વ અવસ્થામાં ઉપાર્જન કરેલાં દોષો નાશ કરવા માટે વિધિપૂર્વક સમાધિમરણ (સંલ્લેખના) * ધારણ કરીને તેના પાંચ અતિચારોને પણ દૂર કરે છે; તે આયુષ્ય પૂર્ણ થતાં મરીને સોળમા સ્વર્ગ સુધી ઊપજે છે, અને દેવનું આયુષ્ય પૂર્ણ થતાં મનુષ્ય-શરીર પામી, મુનિપદ અંગીકાર કરી મોક્ષ (પૂર્ણ શુદ્ધતા) પ્રાપ્ત કરે છે.

સમ્યક્ચારિત્રની ભૂમિકામાં રહેલા રાગના કારણે તે જીવ સ્વર્ગમાં દેવપદ પામે છે, ધર્મનું ફળ સંસારની ગતિ નથી પણ સંવર-નિર્જરારૂપી શુદ્ધભાવ છે; ધર્મની પૂર્ણતા તે મોક્ષ છે.

* જ્યાં ક્રોધ વગેરેને વશ થઇને ઝેર, શસ્ત્ર અથવા અન્નત્યાગ વગેરેથી પ્રાણ છોડવામાં આવે છે ત્યાં 'આપઘાત' કહેવાય છે; પણ 'સંલ્લેખના'માં સમ્યગ્દર્શન સહિત આત્મકલ્યાણ (ધર્મ)ના હેતુથી કાયા અને કષાયને કૃશ કરતાં થકાં સમ્યક્ આરાધનાપૂર્વક સમાધિ-મરણ થતું હોવાથી તે આપઘાત નથી પણ ધર્મધ્યાન છે.

## ચોથી ઢાળનો સારાંશ

સમ્યગ્દર્શનના અભાવમાં જે જ્ઞાન હોય છે તેને કુજ્ઞાન (મિથ્યાજ્ઞાન) કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન થયા પછી તે જ જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહેવાય છે. આ રીતે જોકે એ બન્ને (સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન) સાથે જ હોય છે, તોપણ તેનાં લક્ષણો જુદા જુદા છે અને કારણ-કાર્ય ભાવનો તફાવત છે અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનનું નિમિત્તકારણ છે.

પોતાને અને પરવસ્તુઓને જેવી રીતે છે તેવી રીતે સ્વ-સન્મુખતાપૂર્વક જાણે તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે, તેની વૃદ્ધિ થતાં છેવટે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. સમ્યગ્જ્ઞાન સિવાય સુખદાયક વસ્તુ બીજી કોઇ નથી અને તે જ જન્મ, જરા અને મરણનો નાશ કરે છે. મિથ્યાદૃષ્ટિ જીવને સમ્યગ્જ્ઞાન વિના કરોડો જન્મો સુધી તપ તપવાથી જેટલાં કર્મો નાશ પામે તેટલાં કર્મો સમ્યક્જ્ઞાની જીવને ત્રિગુપ્તિથી ક્ષણમાત્રમાં નાશ થઇ જાય છે. પૂર્વે જે જીવ મોક્ષમાં ગયા છે, ભવિષ્યમાં જશે અને હાલ મહાવિદેહ ક્ષેત્રથી જઇ રહ્યા છે તે બધો પ્રભાવ સમ્યગ્જ્ઞાનનો છે. જેવી રીતે મૂશળધાર વરસાદ વનના ભયંકર અગ્નિને ક્ષણમાત્રમાં નષ્ટ કરે છે તેવી રીતે આ સમ્યગ્જ્ઞાન વિષય-વાસનાઓને ક્ષણમાત્રમાં નાશ કરે છે.

પુણ્ય-પાપના ભાવ તે જીવના ચારિત્રગુણના વિકારી (અશુદ્ધ) પર્યાયો છે, તે રહેંટના ઘડાની માફક ઊલટપાલટ થયા કરે છે; તે પુણ્ય-પાપના ફળોમાં જે સંયોગો પ્રાપ્ત થાય તેમાં હર્ષ-શોક કરવો તે મૂર્ખતા છે. પ્રયોજનભૂત વાત તો એ છે કે પૂણ્ય-પાપ, વ્યવહાર અને નિમિત્તની રુચિ છોડીને સ્વસન્મુખ થઇ સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવું.

આત્મા અને પર વસ્તુઓનું ભેદવિજ્ઞાન થતાં સમ્યગ્જ્ઞાન થાય છે; તેથી સંશય, વિપર્યય અને અનધ્યવસાયનો ત્યાગ કરીને તત્ત્વના અભ્યાસ વડે સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ, કારણ કે મનુષ્યપર્યાય, ઉત્તમ શ્રાવકકુળ અને જિનવાણીનું સાંભળવું વગેરે સુયોગ-જેમ સમુદ્રમાં ડૂબેલું રત્ન ફરી હાથ આવતું નથી તેમ વારંવાર મળતો નથી. એવો દુર્લભ સુયોગ પામીને સમ્યગ્ધર્મ પ્રગટ ન કરવો તે મૂર્ખતા છે.

સમ્યગ્જ્ઞાનને પ્રાપ્ત કરીને * સમ્યક્ચારિત્ર પ્રગટ કરવું જોઇએ; ત્યાં સમ્યક્ચારિત્રની ભૂમિકામાં જે કંઇ રાગ રહે છે તે શ્રાવકને અણુવ્રત અને મુનિને મહાવ્રતના પ્રકારનો હોય છે, તેને સમ્યગ્દષ્ટિ પુણ્ય માને છે, ધર્મ માનતા નથી.

જે શ્રાવક નિરતિચાર સમાધિમરણને ધારણ કરે છે તે સમતાપૂર્વક આયુષ્ય પૂરું થવાથી યોગ્યતા પ્રમાણે સોળમા સ્વર્ગ સુધી ઉત્પન્ન થાય છે, અને ત્યાંથી આયુષ્ય પૂર્ણ થતાં મનુષ્ય પર્યાય પામે છે; પછી મુનિપદ પ્રગટ કરી મોક્ષ પામે છે. માટે સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક ચારિત્રનું પાલન કરવું તે દરેક આત્મહિતૈષી જીવનું કર્તવ્ય છે.

નિશ્ચયસમ્યક્ચારિત્ર તે જ ખરું ચારિત્ર છે-એમ શ્રદ્ધા કરવી અને તે ભૂમિકામાં જે શ્રાવક અને મુનિના વ્રતના વિકલ્પ ઊઠે છે તે ખરું ચારિત્ર નથી પણ ચારિત્રમાં થતો દોષ છે, પણ તે ભૂમિકામાં તેવો રાગ આવ્યા વિના રહેતો નથી અને તે સત્ક્ચારિત્રમાં એવા પ્રકારનો રાગ નિમિત્ત હોય તેને સહચર ગણીને તેને વ્યવહારસમ્યક્ચારિત્ર કહેવામાં આવે છે. વ્યવહાર સમ્યક્ચારિત્રને ખરું સમ્યક્ચારિત્ર માનવાની શ્રદ્ધા છોડવી જોઇએ.

---

* न हि सम्यग्व्यपदेशं चरित्रमज्ञानपूर्वकं लभते ।
ज्ञानानन्तरमुक्तं चारित्राराधनं तस्मात् ।।३८।।

અર્થ :– અજ્ઞાનપૂર્વક ચારિત્ર સમ્યક્ કહેવાતું નથી. તેથી ચારિત્રનું આરાધન જ્ઞાન થયા પછી કહેલ છે. [પુરુષાર્થસિદ્ધયુપાય ગા. ૩૮]

## વીર સંવત ૨૪૯૨, ફાગણ સુદ ૭, રવિવાર
## તા. ૨૭-૨-૧૯૬૬, ગાથા-૧૫. પ્રવચન નંબર-૩૮

'દૌલતરામજી' કૃત 'છ ઢાળા' ચાલે છે. એની ચોથી ઢાળ. એનો ૧૫મો શ્લોક છેલ્લો છે. ચોથી ઢાળ છે ને ? ૧૫મો શ્લોક, 'નિરતિચાર શ્રાવકવ્રત પાળવાનું ફળ.' એ છેલ્લો શ્લોક છે.

બારહ વ્રતકે અતીચાર, પન પન ન લગાવૈ;
મરણ સમય સન્યાસ ધારિ, તસુ દોષ નશાવૈ.
યોં શ્રાવકવ્રત પાલ, સ્વર્ગ સોલમ ઉપજાવૈ;
તહંતૈં ચય નરજન્મ પાય, મુનિ હ્વૈ શિવ જાવૈ. ૧૫.

જુઓ ! શું કહે છે ? અન્વયાર્થ :- 'જે જીવ બાર વ્રતના પાંચ-પાંચ અતિચારોને લગાડતો નથી,...' વ્રતને અતિચાર છે. એ વ્રત કોને હોય ? એ પહેલી વાત આવી ગઈ છે કે, સમ્યગ્જ્ઞાન હોય પછી ચારિત્રના બાર વ્રતના વિકલ્પ હોય. સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શન વિના ન હોય અને સમ્યગ્દર્શન એ આત્મા અખંડ શુદ્ધ આનંદના સ્વભાવના આશ્રય વિના સમ્યગ્દર્શન ન હોય. સમજાય છે કાંઈ ? નિમિત્તથી પણ સમ્યગ્દર્શ ન થાય, દયા, દાન, વ્રતના રાગ મંદ પરિણામથી સમ્યગ્દર્શન ન થાય, વર્તમાન પ્રગટ પર્યાય જેટલો ક્ષયોપશમ જ્ઞાન, દર્શન ને વિકાસ છે એને આશ્રયે સમ્યગ્દર્શન ન થાય. સમ્યગ્દર્શન એકરૂપ ચિદાનંદ સ્વરૂપ ભૂતાર્થ આત્મા ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... અનંત ગુણનો પિંડ આત્મા વસ્તુ ધ્રુવ, એના આશ્રયે, એના અનુભવમાં, એમાં એકાગ્ર થતાં સમ્યગ્દર્શનની પર્યાય પ્રથમ મોક્ષમાર્ગનો અવયવ પહેલો પ્રગટ થાય. કહો, સમજાય છે કાંઈ ? એ સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન હોય નહિ અને સમ્યગ્જ્ઞાન વિના વ્રત આદિ એને ચારિત્ર-ફારિત્ર હોય નહિ. કહો, સમજાય છે કાંઈ?

એ ચીજ શું છે ? શેમાં ઠરવાથી, ઠરવાથી ચારિત્ર થાય ? ચારિત્ર એટલે ઠરવું, રમવું. શેમાં ઠરવાથી પણ ? કઈ ચીજ છે ઇ ? એ ચીજ સેકન્ડના અસંખ્ય ભાગમાં

પૂર્ણ આનંદ ધ્રુવ અંતર્મુખ, અંતર્મુખ દૃષ્ટિ કરતાં નિર્વિકલ્પ આનંદના અનુભવ સહિત પૂર્ણ શુદ્ધની એકતા અંદર પ્રગટ થાય, એને સમ્યગ્દર્શન કહે છે. કહો ભાઈ ! એ સમ્યગ્દર્શન કારણ છે અને સાથે આત્માનું જ્ઞાન થાય તે કાર્ય છે. છે તો એકસાથે. દીવો ને પ્રકાશ એકસાથે (છે) છતાં દીવો એ કારણ છે ને પ્રકાશ તે કાર્ય છે. છે એકસાથે.

એમ આત્મા શુદ્ધ આનંદકંદનું ભાન અંતર્મુખમાં રાગ, વિકલ્પ જે દયા, દાન આદિ કષાયની મંદતાથી મારું કાર્ય થાય નહિ. શરીરની અનુકૂળતાની નિમિત્તતાથી પણ મારું કાર્ય થાય નહિ. મારું કાર્ય તો શુદ્ધ ચૈતન્યના અંતર અનુભવની દૃષ્ટિએ થાય એવું જાણીને, અનુભવીને સમ્યગ્દર્શન પ્રગટ થાય એને પ્રથમ નિર્વિકલ્પ આનંદનો અનુભવ થાય. એવા આનંદમાં એને પ્રતીત થાય કે, આ આખો આત્મા અતીન્દ્રિય આનંદમય છે. એ આનંદમય છે એમાં ઠરવાથી મને વધારે આનંદ શક્તિમાંથી પ્રગટ થશે. એવું સમ્યગ્દર્શન આ આત્માના આનંદના ભાનવાળું થાય ત્યારે તેને સમ્યગ્જ્ઞાન આત્માનું અને રાગ બાકી રહે એનું એને જ્ઞાન થાય. સમજાય છે કાંઈ ?

આત્માનું જ્ઞાન... દર્શનમાં તો એકલો આત્મા અખંડ શુદ્ધ એની પ્રતીતિનું ભાન ને અનુભવ. જ્ઞાન – આત્મા પવિત્ર છે ને સાથે અલ્પજ્ઞતા વર્તમાન વર્તે છે અને રાગાદિ જે ભાવ આવે એ બધાને જાણે તેને સ્વસન્મુખતાના જ્ઞાનવાળું તેને જ્ઞાન કહેવામાં આવે છે. ભારે શરતું ! એવા જ્ઞાન સહિત પંચમ ગુણસ્થાનમાં શ્રાવકને સ્વરૂપની શાંતિ અંદર વિશેષ પ્રગટે. સમ્યગ્દર્શન ઉપરાંત સ્વરૂપમાં બીજા કષાયનો અભાવ કરીને (વિશેષ શાંતિ પ્રગટી છે). સમ્યક્‌માં તો એક અનંતાનુબંધીનો અભાવ છે અને ભ્રાંતિનો અભાવ છે. શ્રાવકને... શ્રાવક એટલે આ વાડામાં રહેલાની વાત નથી. આ તો ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહેલા એની વાત છે. અંદરમાં આત્માના આનંદનું ભાન અને શાંતિની – અવિકારી શાંતિની વૃદ્ધિ પાંચમે ગુણસ્થાને થાય કે જે શાંતિ સર્વાર્થસિદ્ધિના સમકિતી દેવ કરતા પણ વધારે શાંતિ હોય. સમજાણું કાંઈ ? સર્વાર્થસિદ્ધિના દેવ સમ્યગ્દૃષ્ટિ અનુભવી છે પણ એને ચોથું ગુણસ્થાન (છે), પાંચમું નથી.

પાંચમાં ગુણસ્થાનમાં મનુષ્યને સમ્યગ્દૃષ્ટિ સર્વાર્થસિદ્ધિના દેવ કરતા પણ અંતરનો શાંતભાવ, અવિકારી પરિણમન ચોથા ગુણસ્થાનવાળા એકાવતારી સર્વાર્થસિદ્ધિ દેવ કરતા વધી ગયેલી શાંતિ હોય છે. એવી ભૂમિકામાં આવા બાર વ્રતના વિકલ્પો હોય છે. ભાઈ! લોકોને એકેય તત્ત્વની ખબર ન મળે. આ બહારથી માને કે, આ વ્રત છે ને આ અતિચાર ટાળો ને આ કરો. નિયમ ન મળે ત્યાં વ્રત ક્યાંથી આવ્યા પણ ? 'મૂલં નાસ્તિ કુતઃ શાખા' મૂળ જ ન મળે એને શાખાઓ ક્યાંથી આવી ગઈ ? કોણ જાણે ? પૂછો આ ડાહ્યા માણસને. કોઈ ઠેકાણે મૂળ વિના કદાચ ઝાડ થાતા હોય.

કહે છે, એવા બાર વ્રતના વિકલ્પ અહિંસા અણુવ્રત. એવા પંચમ ગુણસ્થાનમાં બીજા ત્રસને તો સંકલ્પથી મારવાનો ભાવ હોય નહિ. વિરોધિની હિંસા આદિનો ભાવ હોય.

મુમુક્ષુ :– હિન્દી મેં..

ઉત્તર :– હિન્દી પ્રવચન વળી ક્યાંથી આવ્યું પાછું ?

મુમુક્ષુ :– કહાં સે આયે ? (શ્રોતા :– પંજાબ સે).

ચોથી ઢાલ હૈ ઉસમેં હિન્દી મેં ૧૫ વાં શ્લોક હૈ, ગુજરાતી મેં ૧૪ વાં હૈ, હિન્દી મેં ૧૫ વાં હૈ. હૈ ના આખિર કા ? હિન્દી મેં ૧૫ વાં હૈ. 'જો જીવ બારહ વ્રતોં કે પાંચ-પાંચ અતિચારોં કો નહીં લગાતા,...' યે વ્યાખ્યા ચલતી હૈ. કિસકો વ્રત હૈ વહ બાત પહલે ચલી. ક્યા ચલી ? કિ, યહ આત્મા શુદ્ધ આનંદ જ્ઞાતા-દૃષ્ટા હૈ, ઐસી અંતર મેં પુણ્ય-પાપ કે ભાવ કી રુચિ છોડકર ઔર સંયોગી નિમિત્ત કી રુચિ છોડકર, જ્ઞાનાનંદ સ્વભાવ કી અંતર્મુખ કી અનુભવ દૃષ્ટિ હો ઉસકા નામ સમ્યગ્દર્શન પહલે કહને મેં આતા હૈ. ભૈયા ! સમજે ? સમ્યગ્દર્શન.

'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' આતા હૈ ના ? 'ઉમાસ્વામી'. 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' તો સમ્યગ્દર્શન કિસકો કહતે હૈં ? 'તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનં.' તત્ત્વાર્થ કિસકો કહતે હૈં ? કિ, જીવ જ્ઞાયક ચૈતન્યમૂર્તિ ભગવાન શુદ્ધ પૂર્ણ હૈ, ઐસી અંતર્મુખ હોકર (નિર્વિકલ્પ પ્રતીતિ કરના). પુણ્ય-પાપ કા ભાવ

આસ્રવતત્ત્વ હૈ. શરીર, કર્મ અજીવતત્ત્વ હૈ. અજીવતત્ત્વ કી રુચિ છોડકર ઔર શુભ-અશુભભાવ જો હોતા હૈ વહ આસ્રવતત્ત્વ હૈ. ઉસકી ભી રુચિ છોડકર. આસ્રવ ઔર અજીવ સે ભિન્ન અકેલા જ્ઞાયક તત્ત્વ ચિદાનંદ ભગવાનઆત્મા હૈ, ઐસી સ્વસન્મુખ, રાગ સે વિમુખ હોકર, નિમિત્ત સે વિમુખ હોકર પૂર્ણ સ્વભાવ કે સન્મુખ હોકર અંતર મેં દૃષ્ટિ હોના ઉસકા નામ સમ્યગ્દર્શન કહને મેં આતા હૈ. સમજે કે નહીં ? યહાં તો સાદી હિન્દી હૈ. હમેં બહુત હિન્દી આતી નહીં. સાધારણ હિન્દી હૈ. હમ તો કાઠિયાવાડી હૈ ના ! સમજ મેં આયા ?

ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, જિન્હોંને એક સમયમેં તીનકાલ તીનલોક દેખા. ભગવાન કે મુખ જો સમ્યગ્દર્શન કી વ્યાખ્યા આયી, વહી વ્યાખ્યા ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' ને કી હૈ. સમજ મેં આયા ? દો હજાર વર્ષ પહલે સંવત ૪૯ મેં ભરતક્ષેત્ર મેં 'કુંદકુંદાચાર્યદેવ' નગ્ન દિગંબર મુનિ થે, જો ભગવાન કે પાસ ગયે થે, 'સીમંધર' પરમાત્મા કે પાસ આઠ દિન રહે થે. વહાં સે આકર 'સમયસાર' આદિ યહાં બનાયે. ઉસી કે અનુસાર 'દૌલતરામજી' ને ભી 'છહ ઢાલા' મેં સંતોં, મુનિ, તીર્થંકરોં કહતે હૈં ઉસી પ્રકાર સે હિન્દી મેં 'છહ ઢાલા' બનાઈ. અપને ઘર કી કોઈ બાત હૈ નહીં. સમજ મેં આયા ?

કહતે હૈં કિ, બારહ વ્રત કિસકો હોતા હૈ ? બારહ વ્રત પંચમ ગુણસ્થાન મેં હોતા હૈ. સમજ મેં આયા ? પંચમ ગુણસ્થાન કિસકો કહતે હૈં ? સર્વાર્થસિદ્ધિ કે એકભવતારી દેવ હૈં, ઉસકો સમ્યગ્દર્શન હૈ. સમ્યગ્દર્શન મેં ઉસકો જિતની આત્મા કે અનુભવ કી શાંતિ મિલી ઔર ઉસે રાગાદિ દૂસરે તીન કષાય કા ભાવ હૈ, ઉસસે પંચમ ગુણસ્થાન મેં ઉસસે અધિક શાંતિ હોતી હૈ. વહ ચૌથે ગુણસ્થાન મેં હૈ. ઔર પંચમ ગુણસ્થાન કે શ્રાવક, સચ્ચે શ્રાવક કી બાત ચલતી હૈ, હાં ! સંપ્રદાય કી બાત યહાં નહીં હૈ. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ કી વાણી મેં આયા કિ, પંચમ ગુણસ્થાન કા શ્રાવક ઐસા હૈ કિ, સર્વાર્થસિદ્ધિ સે ભી ઉસકો આત્મા કી શાંતિ, અકષાયભાવ (વિશેષ પ્રગટ હુઆ હૈ). દો કષાય ટલ ગયા હૈ–અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની. પ્રત્યાખ્યાની ઔર સંજ્વલન દો (કષાય) રહે હૈં. પંચમ ગુણસ્થાન મેં શ્રાવક કો અપને અનુભવ મેં આત્મા આનંદકંદ શુદ્ધ જ્ઞાતા-દૃષ્ટા હૈ, ઐસા આ

ગયા હૈ. ઇસકે અલાવા દૂસરે કષાય કે અભાવ સે શાંતિ ભી બઢ ગઈ હૈ. ઐસે પંચમ ગુણસ્થાન મેં ઐસે બારહ વ્રત કા વિકલ્પ આતા હૈ, જો પુણ્યબંધ કા કારણ વ્યવહારચારિત્ર કહને મેં આતા હૈ. સમજ મેં આયા ? ભૈયા ! સૂક્ષ્મ બાત હૈ. ઉસને અનંતકાલ મેં ચૈતન્ય કા પત્તા હી લિયા નહીં.

નૌંવી ગ્રૈવેયક અનંતબાર ગયા. ઇસમેં પહલે આ ગયા ના ?

મુનિવ્રત ધાર અનંતબાર, ગ્રીવક ઉપજાયો;
પૈ નિજ આતમજ્ઞાન બિના, સુખ લેશ ન પાયો.

આતા હૈ ના ઉસમેં ? પહલે આ ગયા હૈ, 'છહ ઢાલા' મેં આ ગયા હૈ. ક્યા પંક્તિ હૈ ? કૌન-સી હૈ ? 'મુનિવ્રત ધાર' આતા હૈ કિ નહીં ? ચૌથી ઢાલ કી પાંચવીં. યે ચૌથી ચલતી હૈ ઉસકી ના ? આતા હૈ, દેખો ! પાંચવીં (ગાથા) હૈ. ચૌથી ઢાલ કા પાંચવાં શ્લોક હૈ. ૯૯ પન્ના હૈ. ૧૦૦ મેં ૧ કમ.

કોટિ જન્મ તપ તપૈં, જ્ઞાન બિન કર્મ ઝરૈં જે;
જ્ઞાનીકે છિનમેં ત્રિગુપ્તિ તૈં સહજ ટરૈં તે.

કરોડોં ભવ મેં, કરોડોં મનુષ્યભવ મેં, કરોડોં મનુષ્ય ભવ જબ મિલા તબ. મનુષ્યભવ ભી અનંતકાલ મેં મિલતા હૈ. ઉસમેં ભી મનુષ્ય ભવ મેં કરોડોં ભવ મેં, કરોડોં વર્ષ તપ કરે પરંતુ આત્મા કે જ્ઞાન બિના ઉસમેં કુછ લાભ હૈ નહીં. 'મુનિવ્રત ધાર અનંતબાર, ગ્રીવક ઉપજાયો;' મુનિવ્રત ધાર. અટ્ઠાઈસ મૂલગુણ, પંચ મહાવ્રત અનંતબાર લિયે, અનંતબાર લિયા. 'પૈ નિજ આતમજ્ઞાન બિના, સુખ લેશ ન પાયો.' ક્યા કહતે હૈં ? પંચ મહાવ્રત ઔર અટ્ઠાઈસ મૂલગુણ કા વિકલ્પ ભી દુઃખરૂપ હૈ, રાગ હૈ, આસ્રવ હૈ. સમજ મેં આયા ? ક્યા કહા ? દેખો !

'મુનિવ્રત ધાર અનંતબાર, ગ્રીવક ઉપજાયો; પૈ નિજ આતમજ્ઞાન...' વિકલ્પ પુણ્ય કા પરિણામ હૈ, પંચ મહાવ્રત કા, અટ્ઠાઈસ મૂલ ગુણ કા મહાવ્રત કા વિકલ્પ જો રાગ હૈ વહ વિકાર હૈ, દુઃખ હૈ, આસ્રવ હૈ. ઉસકા પાલન કિયા તો સ્વર્ગ મેં ગયા. પરંતુ રાગ રહિત મેરી ચીજ (હૈ ઉસકા) 'આતમજ્ઞાન બિના, સુખ લેશ ન પાયો.' બરાબર હૈ ? આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ હૈ. મહાવ્રત કા, વ્રત કા વિકલ્પ સે ભિન્ન

હૈ, ઐસે આત્મા કી અનુભવ કી દૃષ્ટિ કિયે બિના ઉસકો અંશ ભી આત્મા કા આનંદ આયા નહીં. પંચ મહાવ્રત પાલા ઔર આનંદ નહીં આયા. ક્યોંકિ પંચ મહાવ્રત તો રાગ હૈ, પુણ્ય હૈ, દુઃખ હૈ. આહા..હા..! ભાઈ ! દુનિયા ને વીતરાગમાર્ગ સુના હી નહીં.

સચ્ચે મહાવ્રત, હાં ! સમ્યગ્દર્શન બિના કે. અઠ્ઠાઈસ મૂલગુણ, ખડે-ખડે આહાર, એકબાર આહાર, ઇન્દ્રિયદમન, ષટ્ આવશ્યક, સામાયિક આદિ બરાબર (પાલે), હાં ! સમ્યગ્દર્શન બિના કે. સમ્યગ્દર્શન હો તો ભી વહ હૈ તો રાગ હી. બંધ કા કારણ હૈ. સમ્યગ્દર્શન મુનિ કો હૈ, સચ્ચે મુનિ કો ભી પંચ મહાવ્રત કા વિકલ્પ આતા હૈ વહ રાગ હૈ, આસ્રવ હૈ, દુઃખ હૈ, વિકાર હૈ, બંધ કા કારણ હૈ. ઐસા જ્ઞાની જાનતે હૈં. સમજ મેં આયા ? સૂક્ષ્મ બાત હૈ, ભાઈ ! અનંતકાલ મેં ઉસને તત્ત્વ કો સુના હી નહીં.

યહાં તો કહતે હૈં કિ, આત્મદૃષ્ટિ બિના, અનુભવ બિના, આત્મજ્ઞાન કે બિના અઠ્ઠાઈસ મૂલગુણ ઉસને અનંતબાર પાલે. નગ્ન દિગંબર (હુઆ), હજારોં રાનિયોં કા ત્યાગ (કરકે) મુનિ હુઆ, આનંદ લેશ ન પાયા. ક્યોંકિ આનંદ તો આત્મા મેં હૈ. મહાવ્રત કા પરિણામ તો શુભ હૈ, રાગ હૈ, દુઃખ હૈ. ઉસમેં આનંદ નહીં. ભાઈ ! બહુત ચિલ્લાતે હૈં. હમ પાલતે હૈં ના ! તૂ ધૂલ પાલતા હૈ. સુન તો સહી, તુજે માલૂમ નહીં. શ્રદ્ધા કી ખબર નહીં, જ્ઞાન કી ખબર નહીં.

યહાં તો કહતે હૈં, નિજ આત્મજ્ઞાન. ભગવાન કા જ્ઞાન નહીં, ભગવાન પરદ્રવ્ય હૈં, સિદ્ધ પરદ્રવ્ય હૈં. અપના નિજ, શબ્દ હૈ ના ? 'પૈ નિજ આતમજ્ઞાન'. બડા શબ્દ હૈ. ઉસમેં ગાગર મેં સાગર ભર દિયા હૈ. 'દૌલતરામજી' મેં સારે શાસ્ત્ર કા હિન્દી મેં થોડા સાર ભર દિયા હૈ. લોગોં કો અર્થ કા પતા નહીં ઔર કંઠસ્થ કર લે, બોલ લે. 'નિજ આતમજ્ઞાન' અપના આત્મા. વ્રતાદિ કા જો વિકલ્પ હૈ, રાગ હૈ (ઉસસે) ભિન્ન હૈ, ઐસા અંતર કા આત્મજ્ઞાન, આત્મ અનુભવ બિના, અંશ માત્ર ભી અતીન્દ્રિય આનંદ કા સુખ પાયા નહીં. ઉસકા અર્થ કિ, આત્મા કે જ્ઞાન બિના ઐસે પંચ મહાવ્રત અનંતબાર પાલે તો ભી દુઃખ પાયા. ઐસા અર્થ હુઆ કિ નહીં ? ભૈયા ! દુઃખ પાયા, ઐસા અર્થ હૈ ના ? આત્મા કા આનંદ ન પાયા. આનંદ ન પાયા તો દુઃખ

પાયા. ઐસા અર્થ હોતા હૈ ઉસમેં ? આહા..હા...! સમજે કુછ નહીં ઔર ઐસા માન લે કિ, હમ સમજતે હૈં, સમજતે હૈં. બફમ્ મેં હી બફમ્ મેં જિંદગી ચલી ગઈ. બફમ્ મેં યાની અંધાપે મેં. અજ્ઞાન મેં ઔર અજ્ઞાન મેં અનંતકાલ ચલા ગયા, પરંતુ વાસ્તવિક તત્ત્વ કી ક્યા દૃષ્ટિ હૈ ઔર વાસ્તવિક તત્ત્વ કા જ્ઞાન ક્યા હૈ ઔર વાસ્તવિક તત્ત્વપૂર્વક બારહ વ્રત કા વિકલ્પ કા ક્યા સ્વરૂપ હૈ ઉસકા ભી ઉસને બોધ કિયા નહીં. યહાં તો વહ કહતે હૈં. યહ ચૌથી ઢાલ કી પાંચવીં ગાથા હૈ. પંદ્રહવી ચલતી હૈ. સમજ મેં આયા ? ચલતી હૈ વહ પ્રંદહવીં હૈ, વહ પાંચવીં થી.

આત્મજ્ઞાન, જો આત્મા કા અતીન્દ્રિય આનંદ, આત્મા મેં બેહદ આનંદ ઔર જ્ઞાન હૈ, ઐસા અનંતગુણ કા પિંડ પ્રભુ (જીવતત્ત્વ હૈ). પુણ્ય-પાપ તો આસ્રવતત્ત્વ હૈ, શરીર, વાણી અજીવતત્ત્વ હૈં. કહતે હૈં, સમ્યગ્દૃષ્ટિ જીવ અપને જ્ઞાન કે અનુભવ કી આનંદ કી ભૂમિકા મેં સ્વરૂપ મેં સ્થિર નહીં રહ સકતા તો ઉસે બારહ વ્રત કા વિકલ્પ, શુભરાગ આયે બિના રહતા નહીં. સમજ મેં આયા ? બારહ વ્રત કા વિકલ્પ હૈ વહ પુણ્યબંધ કા કારણ હૈ. આસ્રવ હૈ કિ નહીં ? ભૈયા ! કહતે હૈં, સ્વર્ગ મિલેગા, ઉસસે સ્વર્ગ મિલેગા. ઔર જિતના સ્વરૂપ કી દૃષ્ટિ ઔર અનુભવ હુઆ હૈ, ઉસસે સંવર, નિર્જરા હોગી. ભૈયા ! સૂક્ષ્મ બાત હૈ, ભૈયા !

લોગોં મેં વર્તમાન મેં બહુત ગડબડ ચલી હૈ. ઉસ બાત કે સામને યહ બાત આતી હૈ તો ઐસા લગતા હૈ કિ, એકાંત હૈ. ભગવાન ! સુન તો સહી, પ્રભુ ! તેરી ચીજ નિરાલી હૈ, સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ ને જો ફરમાયા હૈ ઐસા માર્ગ દૂસરે મેં કહીં હૈ નહીં. વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવ એક સમય મેં તીનકાલ તીનલોક જિન્હોં ને દેખા ઉન્હોંને સમ્યગ્દર્શન-જ્ઞાન કા ઐસા સ્વરૂપ કહા હૈ. સમજ મેં આયા ? સર્વજ્ઞ કે અલાવા દૂસરે મેં તો કોઈ માર્ગ હૈ નહીં.

કહતે હૈં, ઐસે પંચમ ગુણસ્થાનવાલા જીવ બારહ વ્રત કા પાલન કરે, શુભરાગ હૈ, પરંતુ પીછે સ્વરૂપ કી દૃષ્ટિ ઔર સ્વરૂપ કે આનંદ કી શાંતિ હૈ ઉતના ધર્મ હૈ. સમજ મેં આયા ? ઔર જિતના બારહ વ્રત કા વિકલ્પ આતા હૈ વહ પુણ્યબંધ હૈ. કહતે હૈં કિ, 'પાંચ-પાંચ અતિચારોં કો નહીં લગાતા...' પીછે 'મૃત્યુ-કાલ મેં...' જબ

મૃત્યુ-કાલ આતા હૈ તબ 'સમાધિ ધારણ કરકે...' દેખો ! શાંત.. શાંત.. શાંત.. અંતર સમાધિ આનંદ સ્થિર હોકર સન્યાસ ધારણ કરે. 'ઉનકે દોષોં કો દૂર કરતા હૈ...' શ્રાવક સમાધિમરણ મેં આત્મા કે આનંદ મેં અતીન્દ્રિય આનંદ મેં દૃષ્ટિ દેકર શાંતિ મેં રહતે હૈં, તબ ઉન્હેં સમાધિમરણ હોતા હૈ. અંતર મેં શાંતિ હોતી હૈ તો સમાધિમરણ હોતા હૈ.

'ઇસપ્રકાર શ્રાવક કે વ્રત પાલન કરકે સોલહવેં સ્વર્ગ તક ઉત્પન્ન હોતા હૈ,...' સોલહવેં સ્વર્ગ (તક જાતા હૈ). રાગ હૈ ના ! ઇતના પુણ્યબંધ હો જાયેગા. મુનિ કો ભી જબ તક પૂર્ણ વીતરાગતા ન હો તબ તક આત્મા કે અનુભવ મેં તીન કષાય કા અભાવ હૈ, ઇતની તો સંવર, નિર્જરા હૈ. ઉનકો ભી જિતના પંચ મહાવ્રત કા પરિણામ આતા હૈ વહ ભી શુભરાગ આસ્રવ હૈ. ઉસસે બંધ હો જાયેગા, સ્વર્ગ મેં જાયેગા, (વહ) સંવર, નિર્જરા નહીં (હૈ). સમજ મેં આયા ? ભૈયા ! સમજ મેં આયા કિ નહીં ? 'ઉત્પન્ન હોતા હૈ,...'

'વહાં સે મૃત્યુ પ્રાપ્ત કરકે...' દેખો ! સમ્યગ્દૃષ્ટિ શ્રાવક અપને સ્વરૂપ કી દૃષ્ટિ અંતર મેં રખકર, શાંતિ કા વેદન કરકે આખિર મેં સમાધિમરણ કરકે સ્વર્ગ મેં જાતે હૈં. બારહવાં અચ્યુત સ્વર્ગ હૈ ના ? અચ્યુત દેવલોક મેં જાતે હૈં. 'વહાં સે મૃત્યુ પ્રાપ્ત કરકે...' વહાં કી સ્થિતિ પૂરી હોકર 'મનુષ્યપર્યાય પાકર...' વહાં સે મનુષ્ય હોતા હૈ. અપના અપૂર્વ કામ બાકી રહ ગયા વહ 'મુનિ હોકર મોક્ષ જાતા હૈ.' શ્રાવકપને મેં કભી મોક્ષ હોતા નહીં. સમજ મેં આયા ? ભલે પંચમ ગુણસ્થાન મેં અનુભવ દૃષ્ટિ, એકાવતારી હુઆ પરંતુ જબ મુનિ હો, દિગંબર સંત આત્મા કે આનંદ મેં ઝુલતે-ઝુલતે, ઝુલતે ઇતના અતીન્દ્રિ આનંદ, તીન કષાય કે અભાવ મેં આતે હૈં તબ નગ્ન દિગંબર દશા હો જાતી હૈ. દિગંબર દશા, વસ્ત્ર-પાત્ર લેને કા ઉનકો વિકલ્પ હોતા નહીં. ઐસી દિગંબર મુનિ દશા હુએ બિના મોક્ષ કભી હોતા નહીં. સમજ મેં આયા ? ગૃહસ્થાશ્રમ મેં વસ્ત્ર-પાત્ર સહિત હો તો સમ્યગ્દૃષ્ટિ હો સકતા હૈ, પંચમ ગુણસ્થાન હો સકતા હૈ, મુનિ નહીં હો સકતા. ઔર મુનિ (હુએ) બિના મુક્તિ કભી હોતી નહીં.

યહ કહતે હૈં, દેખો ! 'મનુષ્યપર્યાય પકર મુનિ હોકર મોક્ષ જાતા હૈ.' સ્વર્ગમેં

સે નિકલકર ઉત્તમ કુલ મેં પુણ્ય કે કારણ ઉત્પન્ન હોતા હૈ. વહાં અલ્પકાલ મેં ગૃહસ્થાશ્રમ છોડ દેતે હૈં. મુનિપના આત્મા કે આનંદ મેં, અતીન્દ્રિય આનંદ મેં ઝુલતે ઉગ્ર પુરુષાર્થ સે શાંતિ કા વેદન કરતે-કરતે પંચ મહાવ્રત કા પહલે વિકલ્પ આતા હૈ, ફિર ઉસે ભી છોડકર સ્વરૂપ મેં સ્થિર હોકર કેવલજ્ઞાન કો પ્રાપ્ત કરતે હૈં. સમજ મેં આયા ? નીચે નોટ હૈ ના ? સંલ્લેખના કી વ્યાખ્યા કરેંગે.

'ક્રોધિદિકે વશ હોકર વિષ, શસ્ત્ર અથવા અન્નત્યાગ આદિસે પ્રાણત્યાગ કિયા જાતા હૈ ઉસે આત્મઘાત કહતે હૈં. સંલેખના મેં સમ્યગ્દર્શન સહિત...' હૈ. સંલેખના આત્મઘાત નહીં, વહ આપઘાત નહીં. સંલેખના મેં આનંદકંદ કી ભૂમિ કા ભાસ હૈ અંદર. 'સમ્યગ્દર્શન સહિત આત્મકલ્યાણ કે હેતુ...' અંતર મેં આનંદ મેં રહને કે કારણ, અતીન્દ્રિય આનંદ મેં ઝુલને કે કારણ 'કાયા ઔર કષાય કો કૃષ કરતે હુએ..' કાયા ભી કૃષ પડતી હૈ ઔર કષાય ભી પતલા હો જાતા હૈ. 'સમ્યક્ આરાધનાપૂર્વક...' આત્મા કી શાંતિ, નિર્વિકલ્પ આનંદ કી આરાધનાપૂર્વક 'સમાધિમરણ હોતા હૈ ઇસલિયે વહ આત્મઘાત નહીં...' વહ તો 'ધર્મધ્યાન હૈ.' વહ આત્મઘાત નહીં. લોગ કહતે હૈં, વહ મર ગયા. ઐસા નહીં હૈ.

સમ્યક્ આત્મા કે અનુભવ મેં આનંદકંદ મેં ઝુલતે (હુએ) શરીર કા કૃશ હોના ઔર કષાય થોડા પતલા હૈ ઉસે ભી કૃશ કરતે હૈં, ઔર આત્મા કા અકષાયભાવ ઉગ્ર કરતે હૈં. ઐસે મેં દેહ છૂટ જાના વહ તો આત્મધ્યાન સહિત ધર્મધ્યાન હૈ, ઉસકો સમાધિમરણ કહતે હૈં. સમજ મેં આયા ? દેખો, ભાવાર્થ.

'જો જીવ શ્રાવક કે ઉપર કહે હુએ બારહ વ્રતોં કા વિધિપૂર્વક જીવપર્યંત પાલન કરતે હુએ ઉનકે પાંચ-પાંચ અતિચારોં કો ભી ટાલતા હૈ...' શાસ્ત્ર મેં સબ અધિકાર હૈં. 'મૃત્યુકાલ મેં દોષોં કા નાશ કરને કે લિયે વિધિપૂર્વક સમાધિમરણ (સંલેખના) ઉનકે પાંચ અતિચારોં કો ભી દૂર કરતા હૈ વહ આયુ પૂર્ણ હોને પર મૃત્યુ પ્રાપ્ત કર...' દેખો ! આયુ પૂર્ણ હોને પર ઉસકી મૃત્યુ હોતી હૈ, આગે-પીછે મૃત્યુ હોતા નહીં. જિસ સમય જહાં આયુ પૂર્ણ હોનેવાલા હૈ વહાં હોતા હૈ. 'સોલહવેં સ્વર્ગ તક ઉત્પન્ન હોતા હૈ.' યહ તો ઉત્કૃષ્ટ બાત કહી હૈ, હાં ! કોઈ આઠવેં, પાંચવેં, દસવેં

સ્વર્ગ તક ભી જાયે, કોઈ સુધર્મ મેં ભી જાયે. પહલા સુધર્મ દેવલોક હૈ વહાં ભી ઉત્પન્ન હો. પરંતુ ઉત્કૃષ્ટ જાયે તો શ્રાવક સોલહવેં તક જાયે.

'ફિર દેવાયુ પૂર્ણ હોને પર મનુષ્ય આયુ પાકર,...' મનુષ્યભવ બિના મુનિપના હોતા નહીં. દેવ મેં મુનિપના નહીં, સમ્યગ્દર્શન હૈ, નારકી મેં સમ્યગ્દર્શન હૈ, પશુ મેં પંચમ ગુણસ્થાન હૈ. સમજ મેં આયા ? પશુ હૈ ના ? પશુ. ઉસે પાંચવા ગુણસ્થાન શ્રાવક હોતા હૈ. અઢાઈ દ્વિપ કે બાહર અસંખ્ય શ્રાવક હૈં. યે અઢાઈ દ્વિપ હૈ ના ? અઢાઈ દ્વિપ કે બાહર અસંખ્ય દ્વિપ, સમુદ્ર હૈં. સ્વયંભૂરમણ સમુદ્ર મેં અસંખ્ય શ્રાવક હૈં. સુના હૈ કિ નહીં ? અઢાઈ દ્વિપ કે બાહર. યે અઢાઈ દ્વીપ તો મનુષ્ય કા હૈ, ઉસમેં તો સંખ્યાત મનુષ્ય હૈં. અઢાઈ દ્વિપ કે બાહર અસંખ્ય સમુદ્ર હૈં. બાહર અસંખ્ય સમુદ્ર ઔર દ્વિપ હૈં. ઉસમેં એક સ્વયંભૂરમણ સમુદ્ર મેં અસંખ્યાત સમકિતી પંચમ ગુણસ્થાનવાલે પશુ હૈં. કિસી કો અવધિજ્ઞાન હૈ, કિસી કો જાતિસ્મરણ હૈ. ઐસા સમ્યક્ અનુભવાલા, હાં ! આત્મદર્શનવાલે. ઐસે અસંખ્ય શ્રાવક સ્વયંભૂરમણ સમુદ્ર મેં હૈં. લેકિન ઉસમેં મુનિપના નહીં આતા. નારકી ઔર દેવ મેં ચૌથા ગુણસ્થાન હોતા હૈ, પશુ મેં પંચમ હોતા હૈ, મનુષ્ય કો તો ચૌથે સે કેવલજ્ઞાન તક પ્રાપ્ત હોતા હૈ. સમજ મેં આયા ?

પશુ કા નહીં સુના હોગા. અઢાઈ દ્વિપ કે બાહર હૈ, ભૈયા ! સ્વયંભૂરમણ સમુદ્ર હૈ, દ્વિપ હૈં, મગરમચ્છ હૈં, મચ્છી હૈં. સમકિતી, આત્મજ્ઞાની, હાં ! આત્મા કા અનુભવ કરનેવાલા, આનંદ કા અનુભવ કરતે-કરતે પંચમ ગુણસ્થાનવાલે. પંચમ ગુણસ્થાનવાલે અસંખ્ય શ્રાવક બાહર હૈં, પશુ ! ભાઈ ! કૌન જાને ભગવાન જાને કૌન હોંગે ? મનુષ્ય મેં તો મનુષ્ય થોડે હૈં. ભગવાન ને અસંખ્ય શ્રાવક કહે હૈં. પરમાત્મા કેવલજ્ઞાની ત્રિલોકનાથ તીર્થંકર દેવ ને પંચમ ગુણસ્થાનવાલે અસંખ્ય શ્રાવક કહે હૈં. સમજ મેં આયા ? તો મનુષ્યપને મેં તો અસંખ્ય હૈ નહીં. બાહર પશુ મેં હૈં. સમજ મેં આયા ?

કહતે હૈં, પૂર્ણ શુદ્ધતા પ્રાપ્ત કરને કા એક મનુષ્યપના હી હૈ, દૂસરે મેં હૈ નહીં. સમજ મેં આયા ? આત્મા કા આનંદ, સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સમાન, જૈસા સર્વજ્ઞ પરમેશ્વર ને દેખા હૈ, ઐસે આત્મા કા આનંદ અનુભવ હો તબ ઉસે સમ્યગ્દર્શન

હોતા હૈ. સમજ મેં આયા ? આહા..હા..!

મુમુક્ષુ :– અઘરું બહુ છે....

ઉત્તર :– હૈ, ઐસા હૈ. અનાદિ હૈ. દુનિયા કુછ માની લેતી હૈ. દુનિયા નીંબુ કો નીલમણિ માન લે તો ક્યા નીલમણિ હો જાતી હૈ ? ઐસે સમ્યગ્દર્શન માન લે કિ, હમેં દેવ-ગુરુ-શાસ્ત્ર કી શ્રદ્ધા હૈ, નૌં તત્ત્વ કી શ્રદ્ધા હૈ તો સમકિત હૈ. વહ સમકિત હૈ હી નહીં. સમજ મેં આયા ? વહ તો અનંતબાર નૌંવી ગ્રૈવેયક ગયા તબ ઐસા તો અનંતબાર માના થા. અનંતબાર નૌંવી ગ્રૈવેયક ગયા. સમજ મેં આયા ? દિગંબર લિંગ ધારણ કરકે, અઠ્ઠાઈસ મૂલગુણ (કા) પાલન કરકે, હજારોં રાનિયોં કા ત્યાગ કરકે (ગયા). વહ પહલે આયા ના ? સમજ મેં આયા ?

સમ્યગ્દર્શન ભગવાન ઇસકો કહતે હૈં, 'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो।।' ભગવાનઆત્મા... 'સમયસાર' કી ૧૧ વીં ગાથા મેં હૈ. 'भूदत्थमस्सिदो' ભગવાનઆત્મા શુદ્ધ આનંદસ્વરૂપ પૂર્ણાનંદ અનંત ગુણ કા પિંડ, નિર્વિકલ્પ આનંદ (સ્વરૂપ મેં) અંતર સન્મુખ હોકર, પુણ્ય-પાપ કા વિકલ્પ, રાગ સે વિમુખ હોકર, નિમિત્ત સે વિમુખતા હોકર અંતર આનંદ સ્વરૂપ મેં સન્મુખ હોકર અતીન્દ્રિય આનંદ કે વેદન સહિત પ્રતીતિ હો ઉસકા નામ સર્વજ્ઞ પરમાત્મા સમ્યગ્દર્શન કહતે હૈં. ભૈયા ! સમજ મેં આયા ? ઉસકે બિના સબ મિથ્યાદૃષ્ટિ હૈ. ચાહે તો નૌં તત્ત્વ કો વિકલ્પ સહિત માને, ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર કો માને. ઉનકો માને બિના તો શુક્લલેશ્યા તો હોતી નહીં. નૌંવી ગ્રૈવેયક ગયા તો શુક્લલેશ્યા લેકર ગયા. સુના હૈ ના ? ભૈયા ! નૌંવી ગ્રૈવેયક આયા ના પહલે ? 'મુનિવ્રત ધાર અનંતબાર ગ્રૈવેયક' શુક્લલેશ્યા, હાં ! અનંતબાર શુક્લલેશ્યા હુઈ.

શુક્લધ્યાન દૂસરી ચીજ (હૈ), શુક્લલેશ્યા દૂસરી ચીજ (હૈ). શુક્લલેશ્યા તો અભવિ કો ભી હોતી હૈ. શુક્લધ્યાન દૂસરી ચીજ (હૈ). વહ તો આત્મા કા અનુભવ (હોને કે બાદ) આઠવેં ગુણસ્થાન મેં શુક્લધ્યાન હોતા હૈ. શુક્લલેશ્યા અનંતબાર પ્રત્યેક પ્રાણી કો આ ગઈ. નૌંવી ગ્રૈવેયક અનંતબાર ગયે. સુના ના નૌંવી ગ્રૈવેયક ? ગ્રૈવેયક. ચૌદ રાજ પુરુષપ્રમાણ હૈ. ગ્રૈવેયક યહાં સર પર હૈ. ભગવાન કેવલજ્ઞાની પરમાત્મા

ને લોક કો પુરુષાકાર દેખા હૈ. વહાં ગ્રૈવેયક કે સ્થાન મેં ગ્રૈવેયક કી નવ પૃથ્વિ હૈં. વહાં ૩૧ સાગરોપમ કી સ્થિતિ મેં અનંતબાર જીવ (ગયા હૈ). પંચ મહાવ્રત કા પરિણામ, અટ્ઠાઈસ મૂલગુણ કા પરિણામ, હજારોં રાનિયોં કા ત્યાગ, બારહ-બારહ મહિને કા ઉપવાસ, ઐસી શુક્લલેશ્યા કરકે નૌંવી ગ્રૈવેયક અનંતબાર ગયા. સમજ મેં આયા ? આત્મા કા કોઈ કાર્ય હુઆ નહીં. શુભભાવ.. શુભભાવ.. શુક્લલેશ્યા કા શુભભાવ. ઐસા શુભભાવ કિ, દૂસરે દેવલોક કી ઇન્દ્રાણી ચલાને આયે તો ચલે નહીં, ઐસા ઉસકા શુક્લલેશ્યા કા શુભભાવ હોતા હૈ. સમજ મેં આયા ? ઉસકે લિયે આહાર બનાને મેં એકેન્દ્રિય કા એક પત્તા ભી મરા હો તો આહાર ન લે. ઉસકે લિયે બના હુઆ આહાર હો તો પ્રાણ જાયે તો ભી ન લે. ઐસી શુક્લલેશ્યા અનંતાબાર કી. સમજ મેં આયા ? પરંતુ આત્મા કે સમ્યગ્દર્શન બિના ઉસકા કુછ લાભ હુઆ નહીં. આહા..હા...! કહો, સમજ મેં આયા ? વહ યહાં કહતે હૈં, દેખો !

'સમ્યક્ચારિત્ર કી ભૂમિકા મેં રહનેવાલે રાગ કે કારણ વહ જીવ સ્વર્ગ મેં દેવપદ પ્રાપ્ત કરતા હૈ;...' શ્રાવક સમકિતી આત્મા કા અનુભવ કરનેવાલા, અતીન્દ્રિય આનંદ કા અનુભવ હુઆ હૈ, ઉસકો શ્રાવક કહતે હૈં. સંપ્રદાય મેં હૈં ઉસે શ્રાવક નહીં કહતે હૈં. સમજ મેં આયા ? બોરી મેં કડવાહટ ભરી હો ઔર ઉપર સે શક્કર નામ રખે તો વહ કડવાહટ મીઠી નહીં હોતી. મીઠી હો જાયે ? ઉપર શક્કર લિખતે હૈં ના ? ઐસે નામ રખે કિ, હમ શ્રાવક હૈં, મુનિ હૈં. રખો નામ. બોરી રખો, અંદર મેં ક્યા ? મિથ્યાત્વભાવ પડા હૈ, ઝહર તો પડા હૈ. સમજ મેં આયા ? રાગ કા કણ ભી દયા, દાન, વ્રત કા વિકલ્પ ઉઠતા હૈ વહ રાગ હૈ. ઉસ રાગ સે અપને કો લાભ માનના વહ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની હૈ. ઉસકે હૃદય મેં ઝહર ભરા હૈ. ભગવાન ત્રિલોકનાથ ઉસકો મિથ્યાદૃષ્ટિ કહતે હૈં. ઉસકો સમકિતી તો નહીં (કહતે), તો શ્રાવક તો હૈ હી નહીં. સમજ મેં આયા ? ભાઈ ! કઠિન બાત હૈ, ભાઈ ! યહ કહતે હૈં.

શ્રાવક કો અપને સ્વરૂપ કી દૃષ્ટિ અનુભવ કી હુઈ હૈ. મૈં આનંદ, શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ હૂં. રાગ આતા હૈ વહ ભી આસ્રવતત્ત્વ હૈ. સાત તત્ત્વ મેં શરીર, કર્મ અજીવતત્ત્વ હૈ. સાત તત્ત્વ હૈં ના ? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ઔર મોક્ષ. યે શરીર, કર્મ, વાણી યે સબ અજીવ તત્ત્વ હૈં. અજીવતત્ત્વ કે દ્રવ્ય-ગુણ-પર્યાય અજીવ

में है. अજીव की पर्याय अજીव से होती है, मेरे से नहीं. और अंदर में पुण्य-पाप का भाव शुभ-अशुभ होता है, वह आस्रवतत्त्व है. आस्रवतत्त्व अજીव से भिन्न है और अજીव से आस्रव से भिन्न है और पुण्य-पाप का भाव आस्रव से भगवानआत्मा भिन्न है. ज्ञानानंद भगवानआत्मा का, आस्रवतत्त्व से भिन्न होकर अपने स्वरूप की अंतर अनुभव दृष्टि करना उसका नाम सम्यग्दर्शन और उसका नाम सम्यग्ज्ञान है.

ऐसे सम्यग्दर्शन-ज्ञान पूर्वक श्रावक को अंतर में शांति बहुत बढती है. वह तो पहले कहा. सर्वार्थसिद्धि में एकभवतारी सम्यग्दृष्टि हैं, उससे भी पंचम गुणस्थानवाले श्रावक को शांति बढ गई है. उसको (देव को) एक अनंतानुबंधी कषाय का त्याग है. सच्चा श्रावक होता है उसे दो कषाय का त्याग है. अनंतानुबंधी का और अप्रत्याख्यानावरणीय का. तो अंदर में शांत... शांत.. शांति का वेदन श्रावक को है. अनंतगुणी शांति अंदर में बढ गई है. आहा..हा...! ऐसी भूमिका में जो बारह व्रत का विकल्प होता है उसका पुण्यबंध होकर स्वर्ग में चले जाते हैं. समज में आया ? इतना पुण्य बाकी है तो स्वर्ग में चले जाते हैं.

મુમુક્ષુ :– .. પછી ખ્યાલમાં આવે છે, પહેલાં ખ્યાલ નથી આવતો.

उत्तर :– तो फीर उसका ख्याल कहां से आया ? पहले आत्मा जाने बिना पर का ख्याल आया कहां से ? एक का भान नहीं और दो का भान होता है, ऐसा कहते हैं. आहा..हा..! अरे.. भगवान ! प्रभु !

तेरी चीज में तो अनंत अनंत शांति आदि पडी है. अनंत गुण भरे हैं, अनंत गुण ! भैया ! कितने गुण हैं ? सुना है कभी ? कितने अनंत ? दस-बीस नहीं. शास्त्र में है, अनंत की गिनती कितनी ? कि, अभी तक जितने सिद्ध हुए, छ मास और आठ समय में, भगवान सर्वज्ञ परमात्मा त्रिलोकनाथ ने देखा है कि, छ मास और आठ समय में ६०८ मुक्ति को पाते हैं. समजे ? छ मास और आठ समय में ६०८ मुक्ति को पाते हैं. तो अभी तक जो सिद्ध हुए, अभी तक अनादि से सिद्ध होते आये हैं, अभी यहां नहीं है तो महाविदेह क्षेत्र में भगवान बिराजते

હૈં. ત્રિલોકનાથ 'સીમંધર' પ્રભુ મનુષ્યદેહ મેં બિરાજતે હૈં. વહાં ભી અભી સાધુ, સંત, આત્મજ્ઞાની, ધ્યાની કેવલજ્ઞાન પાકર મોક્ષ જાતે હૈં. તો છ માસ ઔર આઠ સમય મેં ૬૦૮ મોક્ષ પાતે હૈં. ઇતને અનંત પુદ્‌ગલ પરાવર્તન હો ગયે, ઉન સિદ્ધ કી સંખ્યા સે એક શરીર.. આલુ.. આલુ હોતા હૈ ના ? બટાટા નહીં કહતે ? આલુ, કાઈ, લીલ-ફૂગ હોતી હૈ ના ? પાની કે ઉપર હોતી હૈ ઉસે ક્યા કહતે હૈં ? કાઈ કહતે હૈં ના ? કાઈ કા ઇતના ટુકડા લો, એક ટુકડા મેં અસંખ્ય ઔદારિક શરીર હૈં. એક શરીર મેં અભી તક સિદ્ધ હુએ ઉસસે અનંતગુને જીવ હૈં. સમજ મેં આયા ? જિતને સિદ્ધ હુએ ઉસસે, કાઈ કા એક ઇતના ટુકડા લો ઉસમેં અસંખ્ય તો ઔદારિક શરીર હૈં. અસંખ્ય ઔદારિક શરીર ઇતને મેં, હાં ! હંમબ નહીં, યથાર્થ હૈ. સુના નહીં તો ક્યા હુઆ ? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ ને કહા હૈ, ઐસા હૈ. એક શરીર ઉસમેં સે લો, અસંખ્ય મેં સે, તો એક શરીર મેં ઇતને આત્મા હૈં કિ, સિદ્ધ સે ભી અનંતગુને. ઔર ઉસસે યે શરીર કે રજકણ, દુનિયા કે પરમાણુ હૈં ઉસસે અનંત ગુને હૈં, જીવ કી સંખ્યા સે પુદ્‌ગલ કી પરમાણુ કી સંખ્યા અનંતગુની હૈં. સમજ મેં આયા ? ઔર ઉસસે આકાશ સર્વવ્યાપક હૈ, આકાશ સર્વવ્યાપક હૈ ના ? અલોક હૈ ના ? અલોક. યહ તો ચૌદ બ્રહ્માંડ લોક હૈ. ખાલી અલોક (હૈ). ચલા જાયે, ચલા જાયે આકાશ ચલા જાતા હૈ, કહીં અંત નહીં, કહીં અંત નહીં, અંત નહીં. ઉતના આકાશ, ઉસકે ઇતને ટુકડે કો પ્રદેશ કહતે હૈં. ઐસા અનંત આકાશ, જિતને આકાશ કે પ્રદેશ હૈં વે પરમાણુ કી સંખ્યા સે અનંતગુને હૈં.

ઇસ અનંતગુને સે એક જીવ મેં ઉસસે અનંતગુને ગુણ હૈં. સમજ મેં આયા ? આહા..હા...! કુછ માલૂમ નહીં. ઘર કે બર્તન માલૂમ હૈ, કિતની થાલી ઔર કિતને બર્તન હૈ ? ધૂલ મેં ભી માલૂમ નહીં. આત્મા કૌન હૈ ? દેહ મેં બિરાજમાન પ્રભુ આત્મા, આકાશ કે પ્રદેશ કી સંખ્યા અમાપ અનંત, ઉસસે અનંતગુને ગુણ હૈં. અનંત ગુણ કા પિંડ ભગવાન, પુણ્ય ઔર પાપ કે શુભ-અશુભ રાગ કી રુચિ છોડકર ઐસે અનંત ગુણ ભગવાન કી અંતર અનુભવ મેં દૃષ્ટિ હોના, જિસમેં અતીન્દ્રિય આનંદ કા સ્વાદ આના, ઉસકા નામ ભગવાન સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન કહતે હૈં.

ઐસે સમ્યગ્દર્શન, જ્ઞાન પૂર્વક શ્રાવક કો બારહ વ્રત કા શુભરાગ આતા હૈ.

ઇસ શુભરાગ સે તો સ્વર્ગ મેં જાતે હૈં. જિતની અંતર મેં નિર્મલતા પ્રગટ હુઈ હૈ, ઉતની તો સંવર ઔર નિર્જરા પ્રગટ હુઈ. સમજ મેં આયા ? સચ્ચે શ્રાવક કી બાત કરતે હૈં. વૈસે તો સબ અપને કો શ્રાવક કહતે હૈં, હમ શ્રાવક હૈં, જન્મ લે તબ સે કહતે હૈં, હમ શ્રાવક હૈં, શ્રાવક હૈં. કૌન ના કહે ? પૈસે દેને પડતે હૈં ? સમજ મેં આયા ?

'કિન્તુ સંવર, નિર્જરારૂપ શુદ્ધભાવ હૈ;...' દેખો ! ક્યા કહા ? શ્રાવક કો આત્મા કે અનુભવપૂર્વક જિતના બારહ વ્રત કા રાગ રહા ઉસકા પુણ્યબંધ હુઆ ઔર સંવર, નિર્જરા તો શુદ્ધભાવ હૈ. અંદર મેં જિતના પુણ્ય-પાપ સે રહિત, બારહ વ્રત કે વિકલ્પ સે રહિત, અંતર કે અનુભવ મેં સ્થિરતા શાંતિ કી, આનંદ કી હુઈ વહ શુદ્ધભાવ હૈ. શુદ્ધભાવ સંવર, નિર્જરા હૈ. ઔર શુભભાવ જો બારહ વ્રત કા હૈ વહ આસ્રવ હૈ. સમજ મેં આયા ? ભૈયા !

શુભ, અશુભ ઔર શુદ્ધ. ભાવ કી તીન જાતિ હૈં. આત્મા મેં હિંસા, જૂઠ, ચોરી, વિષયભોગ વાસના અશુભભાવ હૈં. ઔર ઇસ હિંસા મેં મીઠાસ આના ઔર દયા, દાન, વ્રત કા પરિણામ શુભ હૈ વહ ઠીક હૈ, ઐસા ભાવ આના વહ મિથ્યાદૃષ્ટિ કા અશુભભાવ હૈ. ઔર મિથ્યાદૃષ્ટિ જાને કે બાદ ભી જિતના હિંસા, જૂઠ, ચોરી, વિષય કા ભાવ (આતા હૈ વહ) પાપ (હૈ), ઔર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, યાત્રા કા ભાવ પુણ્ય (હૈ). પુણ્ય ઔર પાપ દોનોં આસ્રવતત્ત્વ હૈ. યે શુભભાવ ભી આસ્રવ હૈ. ઔર ઉસસે રહિત જિતને નિર્વિકલ્પ આત્મા કે આશ્રય શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પ્રગટ હુએ વહ શુદ્ધભાવ હૈ. વહ શુદ્ધભાવ સંવર, નિર્જરા હૈ. સમજ મેં આયા ? સાતોં તત્ત્વ આ ગયે, દેખો !

શરીર, અજીવ આદિ. યે શરીર ઔર કર્મ અજીવતત્ત્વ હૈં, અજીવ હૈ. યે મિટ્ટી હૈ ના ? અજીવ હૈ. જડ કર્મ અજીવતત્ત્વ હૈ. યે વાણી અજીવતત્ત્વ જડતત્ત્વ હૈ. વહ અજીવ હુઆ. હિંસા, જૂઠ આદિ કે પરિણામ હોતે હૈં વે પાપરૂપી અશુભ આસ્રવ પરિણામ (હૈં). દયા, દાન, વ્રત કે (પરિણામ) પુણ્યરૂપી આસ્રવતત્ત્વ (હૈ). ઉસસે ભિન્ન ભગવાન જ્ઞાનમૂર્તિ ચિદાનંદ આત્મતત્ત્વ (હૈ). ઉસકી અંદર મેં શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન પ્રગટ

કરના વહ સંવર, નિર્જરા તત્ત્વ (હૈ) ઔર પૂર્ણ શુદ્ધિ પ્રગટ હોના વહ મોક્ષતત્ત્વ (હૈ). સમજ મેં આયા ?

મુમુક્ષુ :– પહલે ક્યા કરના ?

ઉત્તર :– યે ક્યા કહતે હૈં ? ધર્મ કે લિયે પહલે આત્મા રાગ સે ભિન્ન હૈ ઉસકી અનુભવ દૃષ્ટિ કરની. વહ ધર્મ કે લિયે પહલે હૈ. પહલે એક કે બિના શૂન્ય કહાં સે આયે ? આહા..હા..! સમજ મેં આયા ? 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ' વીતરાગ પરમેશ્વર ને કહા હુઆ, ભરત, ઐરાવત યા મહાવિદેહ મેં સભી ભૂમિ મેં 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ' પરમાર્થ કા પંથ દો, તીન, ચાર હોતા નહીં. કહો, સમજ મેં આયા ?

મુમુક્ષુ :– પુરુષાર્થ કિયે જા.

ઉત્તર :– કૌન-સે પ્રકાર કા ? કિસ પ્રકાર કા ? પુરુષાર્થ – પુણ્ય-પાપ કે વિકલ્પ સે આત્મા પર હૈ ઉસકા પુરુષાર્થ કિયે જા, ઐસા હૈ. સમજ મેં આયા ? ઐસા કહતે હૈં કિ, પુરુષાર્થ કિયે જા. કિસ પ્રકાર કા ? ક્યા જડ કા પુરુષાર્થ આત્મા કર સકતા હૈ ? આત્મા શરીર કો હિલા સકતા હૈ ? યે તો મિટ્ટી હૈ, અજીવ હૈ. ઉસમેં ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ હૈ. ઉસમેં પર્યાય કા ઉત્પાદ હોતા હૈ, જડ મેં જડ સે હોતા હૈ. ક્યા આત્મા ઉસકા ઉત્પાદ પુરુષાર્થ સે કર સકતા હૈ ? માનનેવાલા મૂઢ હૈ. જડ કી પર્યાય મેરે સે હોતી હૈ, વાણી મેરે સે હોતી હૈ, જડ કી પર્યાય કા ઉત્પાદ જડ સે હોતા હૈ. પૂર્વ કી પર્યાય કા વ્યય, નયી પર્યાય કા ઉત્પાદ, સદૃશપના ધ્રુવ (હૈ). યહ તો પ્રત્યેક પરમાણુ કા ઉત્પાદવ્યયધ્રુવયુક્ત સત્ ઉસકા ધર્મ હૈ. વહ માને કિ, મેરે સે જડ કી પર્યાય હુઈ, મૈં બોલતા હૂં. મૂઢ હૈ. જડ કી પર્યાય કો, અજીવ કો જીવ માના. અજીવ કો જીવ માને વહ મિથ્યાદૃષ્ટિ (હૈ). રટ તો લે. વિચાર કરને કી કુછ ખબર નહીં. 'વાંચે પણ નહીં કરે વિચાર' 'દલપતરામ' કા આતા થા ના ? 'એ સમજે નહીં સઘળો સાર'. 'દલપતરામ'માં આવતું. 'દલપત' કવિમાં (આવતું).

યહાં તો કહતે હૈં, જડ કર્મ, શરીર, વાણી જગત કે સ્વતંત્ર પદાર્થ હૈં. ઉસકી પર્યાય કા મૈં આત્મા કર્તા નહીં, જૈસે ઈશ્વર કોઈ જગત કા કર્તા નહીં. જગત સ્વયંસિદ્ધ

તત્ત્વ હૈ. ઐસે સમ્યગ્દષ્ટિ ધર્મી જાનતે હૈં. જડ અજીવતત્ત્વ કા કુછ કરના આત્મા (કા કાર્ય) નહીં. અજીવ કી પર્યાય અજીવ સે હોતી હૈ, અજીવ કા ગુણ અજીવ મેં હૈ, અજીવ કા દ્રવ્ય અજીવ મેં હૈ, અજીવ કા દ્રવ્ય-ગુણ કા પરિણમન અજીવ સે હોતા હૈ. સમજ મેં આયા ? ભૈયા ! અજીવ કી પર્યાય અજીવ સે હોતી હૈ, આત્મા સે નહીં. કઠિન બાત હૈ, ભાઈ !

ઐસા હાથ ચલતા હૈ ઉસકા આત્મા કર્તા નહીં હૈ. યે હાથ ચલતા હૈ ઉસકા આત્મા કર્તા હૈ ઐસા માનનેવાલા અજીવ કો જીવ માનતા હૈ. મૂઢ મિથ્યાદષ્ટિ અજ્ઞાની હૈ, વીતરાગ કી આજ્ઞા કી ઉસે ખબર નહીં. સમજ મેં આયા ? અજીવ સે ભિન્ન પુણ્ય-પાપ કા શુભ-અશુભ પરિણામ દોનોં આસ્રવ હૈં. દોનોં સે બંધ હૈ, શુભ હો યા અશુભ હો, દોનોં સે બંધ હૈ. અબંધ નહીં, અબંધ નામ સમ્યગ્દર્શન નહીં. અબંધ સ્વભાવ ભગવાનઆત્મા ચિદાનંદ કી મૂર્તિ, ઉસકે સન્મુખ હોકર સમ્યક્ પ્રાપ્તિ હોના વહ શુદ્ધભાવ હૈ. યહ શુદ્ધભાવ સંવર, નિર્જરા હૈ. આત્મા જીવદ્રવ્ય હૈ, વહ સંવર, નિર્જરા હૈ, પૂર્ણ શુદ્ધિ મુક્તિ હૈ, પુણ્ય-પાપ આસ્રવ હૈ, ઉસસે બંધ હોતા હૈ. જડ કી પર્યાય જડ બંધ હૈ, વહ અજીવ હૈ. ઐસા ભિન્ન-ભિન્ન સાત તત્ત્વ કા યથાર્થ અતંર અનુભવપૂર્વક શ્રદ્ધા હોની ઉસકા નામ સમ્યગ્દર્શન–'તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્' કહતે હૈં. સમજ મેં આયા ? ભૈયા ! અરે...! ભગવાન કે માર્ગ સબ લૂટ ચલ રહી હૈ. માર્ગ કહાં રહા ઔર કહાં માનકર ચલતે હૈં. સમજ મેં આયા ? યહ કહતે હૈં, દેખો !

શ્રાવક કો જિતના શુભભાવ હૈ (ઉસસે) વહ સ્વર્ગ કો પ્રાપ્ત કરતા હૈ. ધર્મ કા ફલ સંસાર કી ગતિ નહીં. કોઈ કહતા હૈ કિ, અપને ધર્મ કરતે હૈં તો સ્વર્ગ મિલેગા. સ્વર્ગ કા તો બંધ હૈ. ધર્મ સે બંધ હોતા હૈ ? જિસ ભાવ સે બંધ હો વહ ધર્મ હૈ ? સમજ મેં આયા ? જિસ ભાવ સે બંધ હો વહ ભાવ ધર્મ નહીં. ધર્મ સે બંધ હોતા હી નહીં. ધર્મ તો સંવર, નિર્જરા હૈ. સમજે ? નહીં સમજે. ધર્મ સે આત્મા કા સ્વભાવ મિલે. પુણ્ય પરિણામ ધર્મ નહીં. ઉસસે બંધ (હોતા હૈ), બંધ સે સ્વર્ગાદિ મિલે. ધર્મ સે સ્વર્ગ મિલે ? ઔર સ્વર્ગ કા જો ભાવ હૈ વહ ધર્મ હૈ ? ધર્મ સે બંધ હો તો ફિર છૂટને કા ક્યા ઉપાય ? સમજ મેં આયા ? આહા..હા...! (અજ્ઞાની) ચિલ્લાતે હૈં. જિસ ભાવ સે તીર્થંકરગોત્ર બંધતા હૈ વહ ભાવ ભી ધર્મ

નહીં. બંધ પડા હૈ ના ? બંધ હૈ, શુભભાવ હૈ. ષોડશકારણ ભાવના શુભભાવ હૈ. સમ્યગ્દષ્ટિ જાનતે હૈં કિ, યે ભાવ આતે હૈં, લેકિન હૈ બંધ. મેરી ચીજ તો રાગ સે ભિન્ન હૈ, ઉસકો મૈં સમ્યગ્દર્શન-જ્ઞાન જાનતા હૂં, ઐસા માને. આહા..હા...! સમજ મેં આયા ? કુછ ભાન નહીં ઔર (કહે કિ), હમ જૈન હૈં. જૈન કિસકો કહના ? જૈના કા સરપર સિક્કા મારા હૈ તો જૈન હો ગયા ?

ભગવાન સર્વજ્ઞદેવ પરમેશ્વર ત્રિલોકનાથ કહતે હૈં કિ, શ્રાવક કો જો શુભભાવ રહા ઉસસે તો સ્વર્ગ મિલા ઔર સંવર, નિર્જરારૂપ શુદ્ધભાવ હૈ, ઇસ ધર્મ કી પૂર્ણતા વહ મોક્ષ હૈ. તીનોં આ ગયે, દેખો ! શ્રાવક કો જિતના શુભભાવ રહા ઉસસે પુણ્યબંધ હુઆ, બંધ મિલા. ઔર આત્મા કા સ્વભાવ કા અનુભવ કરકે જિતના નિર્વિકારી અકષાય પરિણામ હુઆ ઉસકા નામ સંવર, નિર્જરા (હૈ). પૂર્ણ શુદ્ધિ હુઈ ઉસકા નામ મુક્તિ. સમજ મેં આયા ? ચૌથી ઢાલ પૂરી હુઈ, લો !

નીચે લિખા હૈ વહ સબ આ ગયા હૈ. ઇસ ઓર (ફૂટનોટ) હૈ. ૧૧૯ પન્ના. 'અજ્ઞાનપૂર્વક ચારિત્ર સમ્યક્ નહીં કહલાતા,...' હૈ ઉસમેં ? હૈ ? 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' કા શ્લોક હૈ.

न हि सम्यग्व्यपदेशं चरित्रमज्ञानपूर्वकं लभते ।
ज्ञानानन्तरमुक्तं चारित्राराधनं तस्मात्।।३८।।

અજ્ઞાન નામ આત્મા કા ચિદાનંદ જ્ઞાતા-દૃષ્ટા કે અનુભવ કે ભાન બિના ચારિત્ર સમ્યક્ નહીં કહલાતા. ચારિત્ર કો સમ્યક્ લાગૂ નહીં પડતા. મિથ્યાચારિત્ર હૈ. મિથ્યાચારિત્ર નામ રાગ કી ક્રિયા હૈ. 'ઇસલિયે ચારિત્ર કા આરાધન જ્ઞાન હોને કે પશ્ચાત્ કહા હૈ.' અપના અનુભવ, દૃષ્ટિ કરના, બાદ મેં અંતર સ્વરૂપ કા ચારિત્ર–સ્વરૂપ મેં સ્થિરતા બાદ મેં હોતી હૈ. દર્શન, જ્ઞાન બિના ચારિત્ર હોતા નહીં. લો, ચાર ઢાલ પૂરી હુઈ.

નોંધ :– પાંચમી તથા છઠ્ઠી ઢાળ પરના પ્રવચનો ત્રીજા ભાગમાં લેવામાં આવશે.